અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ 'મનુષ્ય' કહે છે.

સ્વામી વિવેકાનંદ

# વલોણું

૩૦ વર્ષ

## સેવા રૂરલ

આ વિકાસલક્ષી સ્વૈચ્છિક સંસ્થા દક્ષિણ ગુજરાતના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારમાં આરોગ્ય અને અન્ય વિકાસનાં કાર્યોમાં ૧૯૮૦થી કાર્યરત છે. દેશ પરદેશમાં અભ્યાસ તથા અનુભવ બાદ, સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના શક્ય તેટલા વિચારો અને આદર્શોને આધારિત કાર્યની નાની શરૂઆત કેટલાક મિત્રો દ્વારા કરવામાં આવી હતી જેમાં સમાન વિચારસરણી ધરાવતા અન્ય વ્યક્તિઓ સમયાંતરે જોડાયા.

સેવારૂરલનો પ્રયત્ન છેવાડાના ગરીબ અને વંચિતોને આરોગ્ય અને વિકાસનાં કાર્યો દ્વારા, જે તે સમાજની જરૂરિયાત અને પ્રાપ્ય માનવબળને ધ્યાનમાં રાખીને, મદદરૂપ થવાનો છે. સાથે સાથે કાર્યમાં મૂલ્યોની જાળવણી અને કાર્યરત વ્યક્તિઓનો વ્યાપક અર્થમાં વિકાસ પણ થાય તેવો પ્રયાસ છે. બધા જ કાર્યક્રમોના કેન્દ્રમાં કુટુંબના વંચિત સભ્યો, જેમ કે મહિલાઓ, બાળકો અને વૃધ્ધો તેમજ સમાજનો વંચિત વર્ગ, એટલે કે ગરીબો રહ્યાં છે.

સંસ્થાની પ્રવૃત્તિઓમા **સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણ** આ ત્રણ પાયાની બાબતોનો સમાવેશ કરી એ ત્રણેના સમુચિત સમન્વય થતો રહે એ માટે વિશેષ પ્રયત્ન કરવામાં આવે છે.

સંસ્થાનાં વિવિધ કાર્યોમાં સમાવેશ થાય છે : ૧૦૦ પથારીની **કસ્તુરબા હોસ્પિટલ** કે જેના દ્વારા આજુબાજુનાં ૧૫૦૦થી પણ વધારે ગામોના લોકોને ગુણવત્તાસભર તબીબી સેવાઓ રાહતદરે મળી રહી છે. **કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટ** જે હેઠળ ૧,૭૧,૦૦૦ વસ્તી ધરાવતા ઝઘડિયા તાલુકાના દરેક ગામોની સગર્ભા બહેનો અને નવજાત શિશુઓને ઘર બેઠાં અપાતી ઘનિષ્ઠ સેવાઓ અને સુરક્ષિત સુવાવડોને પરિણામે માતા અને નવજાત શિશુનો મૃત્યુદર ઓછો કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. **આરોગ્ય તાલીમ કેન્દ્ર** કે જેમાં ગુજરાત અને અન્ય રાજ્યોની ૫૦ જેટલી સ્વૈચ્છીક સંસ્થા અને સરકારી માળખાના કાર્યકરો અને દેશવિદેશની કોલેજના વિદ્યાર્થીઓ મળી દર વર્ષે ૧૦૦૦થી પણ વધારે તાલીમાર્થીઓ આરોગ્ય સંદર્ભમાં તાલીમ લઈ રહ્યા છે, **નેત્રરક્ષા કાર્યક્રમ** હેઠળ ભરૂચ અને આજુબાજુના જિલ્લાઓને આવરી લેતી ૨૦ લાખની વસ્તીને આંખની અદ્યતન સારવાર પૂરી પાડવામાં આવી રહી છે, **અંધજન પુનઃવસન કાર્યક્રમ** હેઠળ પાંચ તાલુકાઓના ૬૦૦ અંધજનોને વિવિધ રીતે સ્વાવલંબી બનાવાઈ રહ્યાં છે, વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રમાં દર વર્ષે લગભગ ૧૦૦ જેટલા ગરીબ અર્ધશિક્ષિત આદિવાસી અને ગ્રામીણ યુવાનોને પધ્ધતિસરની અને પ્રેકટીકલ આધારિત એક વર્ષની વ્યવસાયિક તાલીમ બાદ ઉદ્યોગોમાં નોકરી અને સ્વરોજગાર દ્વારા પગભર બનાવાઈ રહ્યાં છે. છેલ્લા પંદર વર્ષોથી હાથ ધરેલ મહિલા વિકાસને લગતાં વિવિધ જાગૃતિ, સશક્તિકરણ અને આર્થિક રોજગારીના કાર્યક્રમોની જવાબદારી હવે જુલાઈ ૨૦૦૨થી **સેવા રૂરલ પ્રેરિત શારદા મહિલા વિકાસ સોસાયટી** અંતર્ગત સ્વતંત્ર રીતે બહેનોએ જ ઉપાડી લીધી છે.

સેવારૂરલની અત્યાર સુધીની કેટલીક નોંધનીય સિધ્ધિઓમાં સમાવેશ થાય છે : ગુજરાત રાજ્ય દ્વારા સોંપાયેલ ઝઘડિયા સ્થિત **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું** દશકાથી વધારે મુદત સુધીનું સફળતાપૂર્વક સંચાલન, જે હેઠળ Health for All by 2000 AD ના લક્ષ્યાંકો તેના ઘણાં વર્ષો પહેલાં હાંસલ કરાયા, ગુજરાત રાજ્ય અને યુનીસેફ દ્વારા માન્ય સેવા રૂરલનું First Referral Unit, જેમાં ઝઘડિયા અને આસપાસના તાલુકામાંથી સુવાવડ અને નવજાત શિશુના ગંભીર દર્દીઓ વિશેષ સારવાર માટે આવે છે. ઝઘડિયા અને વાલિયા તાલુકાઓની ૨.૬ લાખ વસ્તીના વિસ્તારને WHOની વ્યાખ્યા પ્રમાણે ૧૯૯૮માં મોતિયામુક્ત કરવામા આવ્યો, ૧૬૫૦થી પણ વધારે યુવાનો અને મહિલાઓને વિવિધ કાર્યક્રમો અને તાલીમો દ્વારા વિશેષ આર્થિક તકો અને સ્વાવલંબન હેઠળ આવરી લેવામાં આવ્યા.

સેવારૂરલ વ્યાપક સમાજના બધા જ અંગો અને વિભાગો જોડે સાથે રહીને કામ કરવામા માને છે જેમ કે સ્થાનિક લોકો, અન્ય દેશ–વિદેશની સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકાર, ખાનગી ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ વિગેરે. પરિણામે વિકાસના લાભો અને તેની દૂરગામી હકારાત્મક અસરોને સમાજના વંચિત વર્ગો મહિલાઓ, આદિવાસીઓ અને ગરીબો સુધી પહોંચાડવાના સેવારૂરલના ધ્યેયને ઉત્તરોત્તર બળ મળતું રહે છે.

**સેવા રૂરલનાં ૩૦ વર્ષના**
**વાર્ષિક કાર્યક્રમ પાસંગો સૌહ**

## ગરીબોનાં
## સેવા રૂરલના કામોમાં મદદરૂપ થનાર
## સૌને અર્પણ

## ૧૯ ડીસેમ્બર ૨૦૧૦

# પ્રસ્તાવના

અમારા કામને શરૂ કર્યે જોતજોતામાં ૩૦ વર્ષ પુરા થઈ ગયા. સ્વામી વિવેકાનંદની શીખ – કાર્યક્ષેત્રમાં ઝુકાવીશું એટલે સહાય અવશ્ય પ્રાપ્ત થશે** જ માં શ્રધ્ધા રાખીને ઝઘડિયામાં અમે થોડા મિત્રોએ અમારા કામની નાની શી શરૂઆત ૨૬ ઓક્ટોબર ૧૯૮૦માં કરી હતી. ઈશ્વરકૃપા અને વ્યાપક સમાજનો સરાહનીય ટેકો તથા એક પછી એક સંનિષ્ઠ અને ગરીબો પ્રત્યે અનુકંપા ધરાવતા યુવાનો સમયાંતરે મળતા રહ્યા જેને પરિણામે સેવા રૂરલનું સ્વરૂપ વર્તમાન આકાર પામ્યું.

કામ કરતાં કરતાં થયેલા વિવિધ અનુભવો તથા સંસ્થાના વિવિધ સમાચારો સેવા સુવાસ દ્વારા લગભગ દર ત્રણ મહિને પ્રકાશિત કરતા આવ્યા છીએ. આપ સૌમાંથી ઘણાને 'સેવા સુવાસ' લગભગ દર ત્રણ મહિને મળતું હશે. એમાં 'વલોણું' નામે એક નાનો લેખ દરેક અંકની શરૂઆતમાં હોય છે. જે તે સમયે છેલ્લા મહિનાઓમાં સેવા રૂરલના કાર્યક્ષેત્રમાં બની ગયેલ ઘટના જેણે અમારા પર કંઈક અસર છોડી હોય તે ઘટનાની વિગતો અને તે અંગેનું થોડું અમારૂં ચિંતન અને મંથન લખતા હોઈએ છીએ. નવેમ્બર ૧૯૮૬થી શરૂ કરેલા સેવા સુવાસ કુલ્લે લગભગ ૧૦૦ જેટલા વલોણાના લખાણોમાંથી ૬૦ જેટલા પસંદ કરી આ પુસ્તક બનાવેલ છે. એનું નામ પણ વલોણું જ રાખ્યુ છે. એમાં અમારા ત્રણ દાયકાઓના કામના અનુભવો તો છે જ. તે ઉપરાંત કામ કરતાં કરતાં અમે સૌએ અનુભવેલી ક્યારેક ધન્યતા યા અસહાયતા, અસરકારકતા કે નિષ્ફળતા જે તે ઘટના સાથે જોડાયેલ સંજોગો સાથે લખાઈ છે. તે ઉપરાંત ગરીબ ગ્રામ્ય સમાજનો આર્થિક, સામાજીક અને આરોગ્ય વિષયક ચિતારનો સમાવેશ છે. અમારા કાર્યકરોનાં મહેનત, ઉત્સાહ અને સંસ્થાના કામ માટે ઘણા પોતાપણું અનુભવવા લાગ્યા છે તેવી ઘણી ઘટનાઓ ડોકિયા કરતી લાગશે. સમાજના જુદાજુદા અંગો અમારા કામને એક યા બીજી રીતે પ્રોત્સાહન આપી રહ્યા છે તે પણ કેટલાક વલોણામાં જોવા મળશે. અમને કહેતા આનંદ થાય છે કે મૂલ્ય આધારિત ગરીબોના કામ માટે સ્થાનિક સમાજનો વિશ્વાસ પ્રાપ્ત કરવામાં અમે મહદ્અંશે સફળ થયા છીએ.

શ્રધ્ધાના ભાથા સાથે શરૂ કરેલ નાનું કામ આજે પ્રમાણમાં ઘણું વિકાસ પામ્યું છે. આ કાર્યે અમને અપાર આનંદ આપ્યો છે. આજે ત્રણ દાયકા પછી કહી શકાય કે થોડી તકલીફો વેઠીને પણ ગામડામાં ગરીબોનું કામ કરવા જેવું છે, મૂલ્ય જાળવીને કરવું શક્ય છે અને સમાજ પણ આ કામ માટે જરૂરી ટેકો આપતો રહે છે.

જુદા જુદા સમયે સેવા રૂરલના વિવિધ કાર્યકરોએ લખેલ લખાણમાં ખાસ મોટો ફેરફાર કરવામાં આવ્યો નથી. અમારા પાયાના કાર્યકરોના વિચારો, લાગણી અને મંથન વ્યકત કરતા આ પુસ્તકમાં સેવા રૂરલના કાર્યમાં રસ ધરાવતા તમને સૌને ગમશે એવી આશા છે.

**સેવા રૂરલના પાયાના કાર્યકરો**

# આમુખ

## પ્રગટ ચિંતનની સરવાણી

શબ્દ જ્યારે અનુભૂતિ અને પ્રતિતિથી રસાઈને આકાર ધારણ કરે છે ત્યારે તે અર્થસભર બની જાય છે. વળી તેમાં જ્યારે નખશીખ સચ્ચાઈ હોય છે ત્યારે શબ્દનો રણકો ઔર વધી જાય છે અને આંતરિક ભાવ સ્ફૂટ થાય છે. તેમાં પાછાં સ્પંદનો અને સ્વપ્નાં ભળે છે ત્યારે શબ્દ અદકેરું પરિમાણ ધારણ કરે છે. 'વલોણું'ની અનુભવ–યાત્રામાં પાને–પાને આ સઘળું નીતરે છે. પરિણામે આથી સૌ વાચકો માટે એની સાર્થકતા વધી જાય છે અને આગળ વધીને તે પ્રેરણાદાઈ બની રહે છે.

તળ ગામિસ્તરે કામ કરતા નાના, અદીઠ અને અલ્પશિક્ષિત સેવક–સેવિકાઓ 'વલોણું'માં એક અનોખા મિજાજમાં પ્રગટ થાય છે. તેમને જાણે સ્વયંભૂ વાચા ફૂટી છે, જે કહેવાતા શિક્ષિતોને પણ પાઠો ભણાવે એવી છે. આવા કાર્યકરોની હૈયા ઉકલતને 'વલોણું'માં જે ઉઠાવ મળેલો છે તે ધ્યાન ખેંચે એવો છે. અહીં ગણતરની કિંમત ભણતર કરતાં વિશેષ છે.

છેવટે તો અનુભવ એ જ જીવનનું નવનીત છે. સત્ય ઘટનાઓને નિમિત્ત બનાવી. અનામી વ્યકિતએ સરસ મૂલ્યમંડિત વિશ્લેષણ પણ કર્યું છે. (પ્રશ્નો પૂછી–પૂછીને છેવટે તો ઈશારા કર્યા છે) તેથી સોનામાં સુગંધ ભળી છે.

સેવા રૂરલની ૩૦ વર્ષની યાત્રાને અંતે થતાં આ પ્રકાશનમાં પ્રચારનો ભાવ નથી. મુદ્દે એક પ્રકારનું સ્વશિક્ષણ માટેનું પ્રગટ ચિંતન છે. 'વલોણું'નું દસ્તાવેજી મૂલ્ય તો છે જ, પણ પ્રધાનતઃ આ આત્મખોજ છે. નિરંતર અહીં એકમેવ મૂલ્ય જાપ છે. સાથે–સાથે લાંબા પટમાં વિસ્તરેલી વિકાસયાત્રાનું અહીં સુરેખ દર્શન પણ થાય છે. પાને–પાને જે–તે સમયખંડના ઉપક્રમો પ્રતિબિંબિત થવાને કારણે વાચક તરબોળ થઈ જાય એવું ભાથું અહીં પિરસાયલું છે. સૌથી મોટી વાત તે સીધેસીધા ઉપદેશાત્મક થયા વિના, અછડતી રીતે, વાચકને વિવિધ પ્રસંગોમાંથી કશોક સંદેશો (message) મળી જાય છે. પ્રસંગોની ભરમાર સાથે 'વલોણું'માં એટલું જ વૈવિધ્ય હોવાથી આવું આ સંકલન રોચક બની જાય છે. ઊંડા ઊતરીને 'વલોણું' માંથી પસાર થતાં એક પ્રકારની સાત્વિકતા અને માનવ–ધર્મની મહેંકના ધાગામાં આ બધી પ્રસંગ કણિકાઓ ગૂંથાઈ હોય એવું ચિત્ર ઉપસે છે.

વિચારસરણીના લાંબા પીંજણમાં પડયા વિના એક શબ્દમાં કહેવું હોય તો આપણી સામે એકમાત્ર 'સામાજિક ન્યાય'નું લક્ષ્ય છે. બધા આદર્શો તેમાં સમાઈ જાય છે. મુદ્દે ઘટના પ્રવાહમાં આ વિચાર સારી રીતે ઉજાગર થાય છે. દરેક સંગઠનની વિકાસ વિષેની સ્વકીય અવધારણા રહેવાની. તેની છાંટ 'વલોણું'માં અવશ્ય વરતાય છે, 'જે છે તે અને જેવા છીએ તેવા આ અમે છીએ' આ ગૂઢયાર્થમાં જે પારદર્શકતા છે તે સૌથી મહત્વની છે. કયાંક લંબાણ જરૂર વરતાય છે. પણ સેવા રૂરલના સૌ કાર્યકરો (અને અન્ય વાચકો પણ) ના વ્યાપક શિક્ષણનો અને તે સૌને સજાગ રાખવાનો પણ જયારે–ત્યારે આ લખાણો પાછળ ઉદ્દેશ છે. આથી આમ બનવું સ્વાભાવિક છે.

મૂળભૂત સેવા રૂરલ આરોગ્ય કેન્દ્રિત મંડળી છે. આથી પ્રસંગોમાં સહજ રીતે તે પ્રકારની ઘટનાઓની પ્રચુરતા રહેવાની. અલબત્ત અહીં સાવ એકાંગિતા પણ નથી, કારણ કયાંક–કયાંક બીજાં પાસાંઓ પણ ડોકિયાં કરી લે છે ખરા. આમ જોઈએ તો ક્રમશઃ 'સેવા રૂરલ'નું સમગ્રતા (Holistic) તરફનું પ્રયાણ છે. 'વલોણું' માં આ અભિક્રમ નીખરી આવે છે.

'સેવા રૂરલ' એ પ્રચલિત અર્થમાં સંઘર્ષને વરેલું જૂથ નથી. આરોગ્યને કેન્દ્રમાં રાખી સમાજ પુનરૂત્થાન તેની દિશા છે તો પણ, સંઘર્ષ અનિવાર્ય બની જાય ત્યાં તેને ટાળવાનું નહિ; પણ મૂલ્યોને જાળવી, તેમાંથી સુપેરે પસાર થવાની ભરચક કોશિષ પણ નજર–અંદાજ કરી શકાય એવી નથી. તે જ રીતે સંઘર્ષ આવી પડયો છે તો ભલે આવતો તેને પણ વ્યાપક શિક્ષણનું માધ્યમ બનાવી, સલુકાઈપૂર્વક કાર્યકરો અને બહોળા સમાજમાં જાગૃતિ ફેલાવવી એ પણ અહીં નિસબત (Concern) નો વિષય બન્યો છે. પ્રસંગ–માળામાં આ સઘળું સુપેરે સુગ્રથિત થયું છે. કેટલાક પ્રસંગો ઊંઘ (Disturbing our sleep) ઉડાડે એવા પણ બન્યા છે તે 'વલોણું' પોકારે છે. તેવા આક્ષેપોમાં કયાંક સત્યા–સત્યની શેળભેળ પણ થઈ જતી હોય છે. પણ તેને નકારાત્મક કે ટીકાત્મક અભિગમ લેવાને બદલે, તેમાંથી પણ શિક્ષણ અને જાગૃતિ રળી લેવાનું વલણ, તંદુરસ્તીનું દ્યોતક છે. તે કારણે તે સવિશેષ અભિનંદનીય છે. સાચુકલા સામાજિક કાર્યકરોનું આ તો નસીબ છે. આવી ઘટનાઓને ટાળવા કે સંતાડવાને બદલે કે તેમાં ગોળગોળ ભૂમિકા લેવાને બદલે ત્યાં: 'ભલે પધારો'નું વલણ દષ્ટિગોચર થાય છે.

સ્વૈચ્છિક સંગઠનો જે સાહિત્ય પ્રગટ કરે છે, તેમાં 'વલોણું' ખસૂસ એક નવી ભાત પાડે છે. તે કારણે આ નાનકડું પ્રકાશન સવિશેષ ઉપયોગી અને પથપ્રદર્શક બની રહેશે. ૩૦ વર્ષની સળંગ યાત્રાને આ રીતે અક્ષરદેહ આપવાનો વિચાર જેમને સ્ફૂર્યો તે સૌને અભિનંદન ઘટે છે.

ભીખુ વ્યાસ
પ્રમુખ
સ્વરાજ આશ્રમ, વેડછી

# ૧. ઈન્ટર્ન ડોકટરના પ્રતિભાવ

''પહેલાં સાંભળ્યું હતું, પછી ત્યાં જવું કે ના જવું ના વિચારો શરૂ થયા... શું કરવુ – ના કરવું તે નક્કી કરીએ તે પહેલાં અચાનક એ સંસ્થા દ્વારા ગામડાના આરોગ્યના સર્વેનું કામ હાથ લીધુ. ....થોડા દિવસના એ સહવાસે અનિર્ણિત દશા દૂર કરી... નિર્ણય લઈ જ લીધો કે ઈન્ટર્નશીપ માટે ઝઘડિયા જઈશું જ." જે દિવસે જોડાયા તે દિવસથી તાલીમ પૂરી કરી. પણ અનુભવોનું મસમોટું ભાથું બંધાવી ગયા એ દિવસો.

અનુભવો પણ કેવા....'' કામ પ્રત્યેની લગન–ધગશ, સેવા કરવાની નમ્રતા, શીખવાની અને શીખવવાની તત્પરતા... કુટુંબીપણાની ભાવના.... આમ આ જાત–ભાતના અનુભવોના એ છ મહિના તાલીમના ક્યારે પૂરા થઈ ગયા તે પણ ખ્યાલ ન રહ્યો...સંસ્થા છોડતી વખત દુઃખ થયુ પણ અમારે તો જવું જ રહ્યું અહિંયાની જેમ અન્ય જગ્યાએ ઈન્ટર્નશીપની તાલીમ માટે....."

આ શબ્દો હતા અત્રે તાલીમ માટે આવેલ એક ઈન્ટર્ન ડોકટરના..... અહીંથી તાલીમ પૂરી કરી પાછા ફર્યા બાદ એમનો એક પત્ર આવ્યો. ઈન્ટર્ન વિષે એક છાપ પ્રચલિત છે કે તેઓને તાલીમ દરમ્યાન કામ કરવું ગમતું નથી, તેઓ કામ પ્રતિ નિષ્ઠાવાન કે મહેનતું નથી હોતા, તેવી જ રીતે સામા પક્ષે પણ ઈન્ટર્ન પ્રત્યે બહુ સારો વર્તાવ થતો નથી. ઈન્ટર્નને સખ્ત સારી તાલીમ અપાતી નથી, ઓછી જવાબદારીવાળી જ કામગીરી કરવા દેવામાં આવે વગેરે વગેરે.

પણ આ પત્રના શબ્દો દ્વારા એ ઊઠતી ભાવનાને ઓળખીએ.

'....ત્યાંથી પાછા ફર્યા બાદ નવા કામમાં જોડાતાં જ અમને શરૂઆતના બે–ત્રણ દિવસમાં જ ખબર પડી ગઈ કે અમને અહિંયા કશું જ શીખવા મળવાનું નથી... ઓ.પી.ડી.માં ઝડપથી કેસ જોઈ લેવામાં આવે, નિયમિત ઈન્ડોરમાં રાઉન્ડ ના લેવાય....ઓપરેશનમાં અમને ન ઊભા રહેવા દેવામાં આવે, કશું જ શીખવવામાં ન આવે. અરે, ડીલીવરી પણ કરાવવાની છૂટ નહી.... આ જોતાં જ લાગ્યું કે સેવા રૂરલમાં રહીને જે છ મહિનામાં શીખ્યા હતા તે અહિંયા ભૂલી જવાના.

મને યાદ છે એક વખત અમને પૂછવામાં આવેલ કે 'સેવા રૂરલમાં કેવું લાગે છે?'' ત્યારે જવાબ આપ્યો હતો કે ''સેવા રૂરલમાં ઈન્ટર્નશીપ પૂરી કરી વડોદરા જઈને ત્યાં બાકીની ઈન્ટર્નશીપ પૂરી કર્યા પછી જ આનો જવાબ આપી શકાય".

પણ વડોદરાની હોસ્પિટલમાં કામ કર્યાના થોડા દિવસમાં જ ખબર પડી ગઈ. જો ઈન્ટર્ન ડોકટર ખરેખર સારી તાલીમ લેવા ઈચ્છતો હોય, તો તેના માટે સેવા રૂરલ અન્ય જગાઓ કરતાં ૧૦૦૦ ઘણું સારું છે.



આથી જ અમે અમારા જુનીયર મિત્રોને સમજાવવાનું શરૂ કર્યુ છે કે તમે ઝઘડિયા જાવ. ઘણાંને ઝઘડિયાના નામથી, ગ્રામિણ વિસ્તાર હોવાથી, ત્યાં કેવીય હોસ્પિટલ હશે વિ. અનેક જાણ્યે અજાણ્યે સાંભળેલી વાતોને આધારે ઉપરાંત શહેરનું આકર્ષણ પણ છૂટતું ના હોય તેથી ઝઘડિયા જવાનું પસંદ ના પડે પરંતુ અમારા છ મહિનાના અનુભવોએ અમને પ્રેરણા આપી કે આપણાં મિત્રોને સમજાવીએ ઝઘડિયા જવાના લાભ કેવા છે

હા, સેવા રૂરલમાં અમને એક ડોકટર તરીકેનું માન મળતું હતું. અમને ઈન્ડોરનું કાર્ય સોંપી દેવામાં આવતું હતું. ડીલીવરી વિ. પણ સ્વતંત્રપણે અમને હેન્ડલ કરવા દેતાં, નાના ઓપરેશનો પણ અમારી પાસે કરાવવામાં આવતાં, હા, એ ખરું કે આ બધા કામો પર અમારા સીનીયર તબીબોની સીધી દેખરેખ રહેતી... મોટા ઓપરેશનોમાં અમે મદદ કરતાં હતા પણ આ બધું કરવા દેવા પાછળ શરત હતી નિષ્ઠાથી કામ કરો, મહેનત કરો, શીખવાની તત્પરતા રાખો. અમને આનંદ છે કે અમે એ શરત પૂરી કરવા શકિત પ્રમાણે પ્રયત્નો કર્યા છે. હોસ્પિટલમાં સૌએ અમને શીખવવામાં કોઈ કચાશ રહેવા દીધી નથી. એ જ રીતે કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટના ફિલ્ડ વર્કમાં, વેકસીનેશન કાર્યક્રમ, પ્રસુતિ પૂર્વે અને પછીની તપાસ અંગેની વિઝીટ, ફેમીલી પ્લાનીંગ, કલોરીનેશન, ટી. બી. ના દર્દીઓની ફોલોઅપ વીઝીટ વિ. કાર્યો અમને કોઈપણ જાતની ખોટી રોકટોક વગર રોજરોજ જુદાજુદા ગામડાઓમાં કામ કરવાની ખરેખર મઝા આવતી હતી.

અહિંયા કયાંય–કયારેય ઔપચારિક વ્યવહાર જોવા મળતો નહી, મિત્રની જેમ છતાં કામ બાબત એટલી જ નિષ્ઠા સહિતનો વ્યવહાર થતો.

સેવા રૂરલમાં અમને તમામ ભાઈ–બહેનો તરફથી પ્રેમ મળ્યો હતો, અમારા રહેવા–જમવાની પણ સારી સગવડ મળી હતી. કોઈ તકલીફ ન હતી. રમતગમત હોય કે સાંસ્કૃતિક પ્રવૃત્તિ હોય અમને પણ ખભે–ખભા મિલાવી ભાગ લેવાની, સૌના પ્રોત્સાહનથી મઝા આવતી.

આવું અહિંયા (વડોદરા) તો નથી જ, સેવા રૂરલ છોડવાનો અફસોસ છે પણ શું થાય? એ દિવસો યાદ આવે છે. ઈન્ટર્ન ડોકટરની વેલ્યુ (કિંમત) વડોદરામાં કેવી છે અને ત્યાં કેવી સરસ હતી તે વિચારતા.....

તો આવા હતા ઈન્ટર્ન ડોકટરના પ્રતિભાવો મનના વલોણામાંથી બહાર આવેલા એ વિચારો હતા.

(નવેમ્બર ૧૯૮૬)

## ૨. ભૂલનો સ્વીકાર : મૂલ્યનું જતન

સરકારની કરજણ નહેર યોજનામાં કામ કરતા અને ઝઘડિયામાં રહેતા શ્રી કૈલાશચંદ્ર જૈનની બેબી શિવાનીને તાવ આવ્યો હોવાને કારણે દવાખાને લઈ આવ્યા. ઘણા સમયથી આમ તો શિવાની અવારનવાર આવતી જતી હતી. તેથી પરિચિત ડોક્ટરે તપાસ કરી દવા લખી આપીને કમ્પાઉન્ડર પાસેથી દવા લઈ ઘરે ગયા. દવા પીવડાવતાં જ શિવાનીના મ્હોમાં બળતરા થઈ... દવા મ્હોમાથી જ કાઢી નાંખી...ને ખૂબ રડવા લાગી. મ્હોની આસપાસની ચામડી બળી ગઈ હોય એવા ડાઘ પડી ગયા. તરત જ તેને દવાખાનામાં લઈ આવ્યા. ઉપચાર શરૂ થયા. તપાસ કરતાં જણાયું કે એને આપવામાં આવેલી દવા ક્લોરોકવીન સીરપ નહી પણ લાયસોલ નામની જલદ દવા હતી. તેથી આમ બન્યું. શિવાનીની સઘન સારવાર શરૂ થઈ.

આ ઘટના માટે સ્ટોરકીપર, કમ્પાઉન્ડર સાથે આર. એમ. ઓ. અને સુપ્રિટેન્ડન્ટ પણ જવાબદાર હતા. સંસ્થા પણ જવાબદાર બની. આ ઘટના વિવિધ દૈનિકોમાં પણ ચમકી ગઈ શિવાનીના માતાપિતાને હૈયાધારણ પણ આપ્યું.

આ બનાવ અર્થે સંસ્થાની પાસે બે વિકલ્પ હતા. એક સાચું છે તે કહેવાનો, ભૂલની સ્વીકારનો અને તેના કારણે બાળકી, માતાપિતા, સગાસંબંધી, સમાજ તથા કાનૂન પ્રત્યે જે કિંમત ચૂકવવી પડે તે ચૂકવવાનો. વિશ્વાસ ધરાવતા હિતેચ્છુઓ આ ઘટનામાં સાચા અર્થમાં મદદરૂપ થાય તેવા પ્રયત્નો કરવા અને ભવિષ્યમાં આવું ન બને તે માટે પગલાં ભરવા.

બીજો વિકલ્પ હતો. સમગ્ર ઘટનાના સત્યને અડધું–પડધું સ્વીકારવું, ગોળગોળ વાત કરવી. ઢાંકપીછોડો કરવા પ્રયત્ન કરવો– ભીનું સંકેલવું – ખોટા પ્રયત્નો કરવા, જરૂર પડે પૈસા વેરવા.

સંસ્થાએ પહેલો વિકલ્પ સ્વીકાર્યો. સેવા રૂરલના પાયાથી જ ઉચ્ચતમ મૂલ્યોથી જ સેવા શરૂ કરી હતી એ સાચા મૂલ્યોની કસોટીની આ ક્ષણ હતી.

સંસ્થાએ ભૂલને સ્વીકારી અને મૂલ્યોનું જતન કર્યું. એક તરફ બાળકી પ્રત્યે હૈયામાં ભારોભાર અનુકંપા હતી. એના માતા–પિતા માટે, સગાસંબંધી માટે દુઃખ અને બીજી તરફ મૂલ્યોનું જતન કરવાનો આનંદ હતો. ભારોભાર દુઃખની વચ્ચે પણ ક્ષતિનો સ્વીકાર કરવાને લીધે બોજ ઓછો વર્તાયો.

શિવાનીને ધીરેધીરે સારું થવા લાગ્યું. દવાખાનામાં સ્ટાફની તે જ દિવસે મીટીંગ કરવામાં આવી. ભૂલનું કારણ કલોરોકવીન સીરપ અને લાયસોલની બોટલ એકસરખા રંગ અને કદની હતી. ભવિષ્યમાં આવું કદી ન બને તે માટે તકેદારીના પગલાં લઈ તેનો અમલ તે દિવસથી શરૂ કરાવ્યો.



આ સમગ્ર ઘટનામાં સંસ્થાની કસોટીમાં હૈયાધારણ આપતા ગાંધીજીના શબ્દો યાદ આવ્યા વિના નથી રહેતા કે 'હું એ માર્ગ જાણું છું જે માર્ગ તલવારની ધાર જેવો તીક્ષ્ણ અને સાંકડો છે, એના પર ચાલતાં હું આનંદ અનુભવું છું. જ્યારે એ માર્ગથી ચલિત થાઉં છું ત્યારે હું રોઉં છું. ઈશ્વરનું વચન છે ' જે શુભનિષ્ઠાથી પ્રયત્ન કરે છે તેનો કદી નાશ થતો નથી'. મને એ વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા છે. તેથી હું મારી નબળાઈને લીધે ભલે હજારોવાર ચલિત થાઉં પરંતુ હું શ્રદ્ધા ગુમાવીશ નહિ, અને મને આશા છે કે એક દિવસ એવો જરૂર આવશે જ્યારે મને આ દિશામાં પ્રકાશ લાધશે.

◈

(જુલાઈ ૧૯૮૭)

**નોંધ :** બે દાયકાથી વધારે સમય પહેલાં આ દુઃખદ બનાવ બન્યો હતો. એ જ બાળકી વર્ષો બાદ પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ (કરમસદ) માંથી ડોકટર થયા બાદ સેવા રૂરલમાં એપ્રિલ ૨૦૦૮માં ઈન્ટર્ન ડોક્ટર તરીકે આવી હતી.

## ૩. વાત્સલ્યની સીમા કે ચરમસીમા

''મા'' એ જોતાં જ હૈયેથી સહેજે ઉદ્ગાર નીકળી પડે ''મા તે મા'' પણ કદાચ કોઈકને આ પ્રકારની ઘટના જોતાં આઘાત લાગે, સૂગ ચઢે તો વળી કોઈ આરોગ્યના નામે નાકનું ટેરવું ચઢાવે, ક્યાંક વળી કોઈ 'લેક્ચર' પણ આપી દે પરંતુ આ સમગ્ર ઘટનાને બુધ્ધિના વિવિધ ખ્યાલોના ચશ્મા ઉતારી, નરી નીતરી આંખે જોઈએ તો વાત્સલ્યનો અનુભવ થશે.

ઝઘડિયાથી ભરૂચના રસ્તે ગોવાલી ગામ આવે. સેવા રૂરલના કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટના ચાલીસ ગામો પૈકીનું આ ગામ. આજના સમયમાં અકલ્પિત લાગે એવી આ ઘટના નજરે નિહાળનાર સંસ્થાના આરોગ્ય સુપરવાઈઝર શાંતાબહેનના શબ્દોમાં જોઈએ...''હું તથા નિતિના ગોવાલીમાં દરેક ઘરોની મુલાકાત લેવા ગયા હતા, જે સ્ત્રીઓ બાળકોને સ્તનપાન કરાવતી હોય એવી સ્ત્રીઓને ધાત્રીમાતા (લેક્ટેટીંગ મધર) તરીકે ઓળખીએ, તેઓને શક્તિની ગોળીઓ (ટેબ્લેટ આયર્ન ફોલિક એસિડ) આપવામાં આવે છે. આ માટે અમે દરેક ઘરોની મુલાકાત લેતા હતાં. નોરતીબેન વસાવા પણ આવા 'લેક્ટેટીંગ મધર' હોવાથી એમને ઘરે ટેબ્લેટ આપવા ગયા. ઘરમાંથી પાછા ફરતા હતાં ત્યારે નોરતીબહેન એમના સ્તન પર હાથ ફેરવવા લાગ્યા. મેં પૂછ્યું, 'કેમ, કંઈ તકલીફ છે?' નોરતીબહેન તરત જવાબ આપ્યો', ના..ના, પણ આ કૂતરીનું બચ્ચુ મારી ચોગરદમ ફરે છે માટે

હાથ ફેરવવા લાગ્યા. મેં પૂછ્યું, 'કેમ, કંઈ તકલીફ છે?' નોરતીબહેન તરત જવાબ આપ્યો', ના..ના, પણ આ કૂતરીનું બચ્ચુ મારી ચોગરદમ ફરે છે માટે સ્તનમાંથી દૂધ નીકળવા માંડ્યું છે '' અમે આશ્ચર્યચકિત થઈ ગયા એક સુઃખદ આંચકો લાગ્યો અમે પૂછ્યું, 'કેમ?' અને જવાબમાં અમને જાણવા મળ્યું એક માનું હૈયું

''મારી સુવાવડ થઈ એ સમયે આ કૂતરાની મા એકદમ નાના બચ્ચાને મૂકીને મરી ગઈ. મને દયા આવી કે આવડા નાના બચ્ચાને ધાવણ નહી મળે તો મરી જશે, અને એ કરુણાથી પ્રેરાઈ નક્કી કર્યું કે હું એને ધવડાવી મોટું કરીશ.... આમ હું એને રોજ ધવડાવું છું''.

''નોરતીબહેન, બચ્ચાના નખ તમને વાગે નહીં? બચકું ના ભરે?''

''ના, કશું જ ના કરે, તમારે જોવું હોય તો હમણાં જ ધવડાવું'' એમ કહેતાં જ નોરતીબહેને એક તરફ પોતાના બાળકને ને બીજી બાજુ કૂતરાના બચ્ચાને ધવડાવવા માંડ્યું એમના હાથ પોતાના બાળક તથા કૂતરાના બચ્ચાને પસવારતા ફરતા હતા અને આ બન્ને માસૂમ જીવોની જનેતાના મુખ પર ચમકતું વાત્સલ્ય જોઈ અમારા હૈયે અપાર આનંદ અનુભવ્યો. પેલા કવિ બોટાદકરે પણ આવી જ ભાવ–લાગણીઓ અનુભવીને ગાયું હશે ને કે "જનનીની જોડ સખી નહિં જડે રે લોલ''.

પણ અમે રહ્યા આરોગ્ય કાર્યકર છેવટે પૂછી જ બેઠાં કે 'નોરતીબહેન, તમારા સ્તન પર કૂતરાની લાળ ચોંટી રહે વળી તમારું બાળક અને ઉપરથી આ બચ્ચું બન્નેનું પોષણ માત્ર ધાવણથી કેવી રીતે થઈ શકે?"

નોરતીબહેને – એક માએ હસતાં હસતાં કહ્યું, 'કૂતરાના બચ્ચાના નસીબે તો ભગવાન મારા માટે ગામમાંથી ઘણું ખાવાનું મેળવે છે ''

ગોવાલીથી પાછા ફરતાં મનમાં સતત એક જ વાત ઘુમરાતી રહી કે આ આદિવાસી અભણ બહેનઃ કદાચ એણે ''પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતા સમ સહુને'' પ્રાર્થના સાંભળી પણ નહી હોય છતાં એ પ્રાર્થના એટલે શું એનું પ્રેરક ઉદાહરણ તો એ જ આપે છે. અમે ઘણીયવાર આ પ્રાર્થના ગાતા હોઈશું – બીજાઓ પણ ગાતા હશે પણ એ પ્રાર્થનાના અંતરના સાદને કોણે પિછાણ્યો? ખરેખર, ''મા" એ "મા'' છે.

◈

(સપ્ટેમ્બર ૧૯૯૭)



## ૪. આવું ક્યાં સુધી ?

ઘટનાનું કારુણ્ય તો જુઓ સૌ લાચાર બની જોઈ રહ્યા ને મૃત્યુ એને ભરખી ગયું

મૃત્યુની આગોશમાં સુતેલી એ બહેનની મૂંગી નિઃસહાય આખોમાં 'બચાવો' ની ચીસ વેદના બની થીજી ગઈ હતી એ થીજી ગયેલી વેદનામાંથી ટપકતું હતું ગામડાની પરિસ્થિતિનું અરણ્યરુદન વાત કંઈક આમ બની હતી. આપણા કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટ હેઠળ લીધેલું, આ દૂરનું કપાઈ ગયેલા જંગલો વચ્ચે આવેલું ગામ ભીમપોર.

લગભગ દિવાળીના દિવસોની વાત. દિવાળી વળી કેવી ઓછા વરસાદને કારણે દુષ્કાળની પરિસ્થિતિ દિવસે દિવસે વધુને વધુ વિકટ થતી જાય છે. ત્યાં પ્રભુ ને તો પ્રાર્થના જ કરવી રહી ને કે ''પ્રભુ ધીમા પગલે આવી મારા દીવાની વાટ સંકોરી આપજો.''

એ દિવસોની એક બપોરે, ગામની એક ઝુંપડીમાં એ યુવાન બહેન પ્રસવની વેદના સહન કરતી બૂમો પાડી ઊઠી હતી. એની આ બીજી સુવાવડ હતી.... ના છૂટકે દાયણબહેનો એ એની સુવાવડ 'ત્યાં કલ્લા કરી (પેટ પર જોરથી દબાવી) કરાવી. જોડીયા બાળકો, જન્મ્યા હતા એક તરફ આનંદની અવધિ હૈયે સમાતી ન હતી, જ્યારે બીજી તરફ વેદનાથી કણસતી હતી. સુવાવડ પછી લોહી વધુ વહેવા લાગ્યું. શું કરીએ? કેમ કરીએ? મૂંઝવણનો પાર ન હતો. મૃત્યુ દ્વારે આવીને બેઠું હતું અંતે વધુ લોહી વહી જવાથી એ બહેન–એ માતા મૃત્યુ પામી

બન્ને જોડીયા બાળકો ને સેવા રૂરલની હોસ્પિટલમાં લવાયા, ચારેક દિવસ ઉપરથી દૂધ આપવામાં આવ્યું. આ તરફ ગામમાં મીટીંગ કરવામાં આવી. દરેક માતાઓને વારાફરતી આ બાળકોને ધવડાવવા માટે સમજાવવામાં આવ્યું. મૃત્યુની કાલિમા સામે મ્હેંક પ્રસરી તો અહિંયા પ્રસરી તેઓએ આનંદથી તૈયારી બતાવી. બાળકોને ગામમાં લાવવામાં આવ્યા, એના પિતાથી, એના દાદીમાંથી એમની કાળજી લઈ શકાઈ નહી અને...આયુષ્યની ડાળીએથી બે પાન ખીલી ઉઠે તે પહેલાં જ ખરી પડ્યા મા અને બાળકો બન્ને મોટા ગામતરે જવા ચાલી નીકળ્યા

મનમાં ઘણની માફક સતત આ પ્રશ્ન અથડાય છે. આમ કેમ? આમ કેમ? પ્રભુ, આ તે કેવી લીલા........ ઘટનાના સીલસીલાને જરા પાછળના દિવસોમાં લઈ જઈને જોઈએ. આ બહેનની સુવાવડ પહેલાં એમની તપાસ આપણા નર્સબહેને તથા

મોબાઈલના ડોક્ટરે કરી હતી. હોસ્પિટલમાં જવા સલાહ પણ આપી હતી...અરે જ્યારે સુવાવડનું દર્દ ઉપડયું હતું ત્યારે આકસ્મિક જ ત્યાંઆવી ચઢેલ ખડોલીની દાયણબહેને પણ તપાસીને કહ્યું હતું કે ''જોડીયા બાળક લાગે છે, તાત્કાલિક ગાડી દવાખાને લઈ જાવ'

પણ સલાહ કોણ જાણે કેમ નિરર્થક નિવડી. અંતે ના છુટકે ગામની દાયણબહેનોએ હિંમત કરી, સુવાવડ કરાવી પણ....?????? માતમ છવાઈ ગયો.

નવ નવ માસ સુધી ગર્ભમાં બાળકને પોષનાર મા એના આ પરમપદને પામે એ જ વેળાએ મૃત્યુ દરવાજે આવીને ખટખટાવે ત્યારે એના હૈયા પર શીશી વીતતી હશે? ભીમપોરથી ૧૦–૧૨ માઈલના અંતરે જ બે હોસ્પિટલ જેમાંની એક તો સેવા રૂરલની, છતાંએ યુવાન માતાને મૃત્યુ ભરખી ગયું દુઃખ એ વાતનું છે કે એ મૃત્યુને સહેલાઈથી અટકાવી શકાય એમ હતું

આરોગ્ય સેવાઓનો આટલો વિસ્તાર થયો હોવા છતાં, ગામડે ગામડે જઈને આરોગ્ય શિક્ષણ આપતાં હોઈએ છતાં, આમ કેમ બને છે?

શું, તેઓ ગરીબ છે માટે? અભણ છે માટે ? દિવાલોવાળી હોસ્પિટલને ઓળંગી અંદર પહોંચવું એમને દુષ્કર લાગતું હશે માટે ? કે પછી નાની નાની સમસ્યાઓ જેમ કે બસની સગવડ નથી, ઘરમાં કોઈ નથી, અમને કોણ મદદ કરે ? ને કારણે કે સુવાવડ તો ઘરે જ કરવી પડે, ઘણી સુવાવડો કરાવી, દવા–ઈન્જેકશન તો ના લેવાય, ગરમ પડે એમ માની દવાખાના વિશેના ભ્રામક ખ્યાલો બાંધેલા હોવાને કારણે કે પછી એમનાં પેઢી દર પેઢી ચાલતાં આવેલ શોષણમાંથી જન્મેલી પરિસ્થિતિ, એમની લાચારી, એમની નિષ્ક્રિયતા મૃત્યુ તરફ દોરી જતી હશે

આવી તો અનેક માતાઓ સુવાવડના રોગ સમયે ભોગ બનતી હશે. શા માટે આપણે હજુ આ અટકાવી શકતા નથી ? શું કરીએ ને શું ના કરીએ? શિક્ષણ આપીએ? આપીએ તો કોને આપીએ? એમને હજુ પૂરતા વિશ્વાસમાં નથી લીધા? પણ સદાના હડધૂત થતાં આવેલાં, આ ઉપેક્ષિત લોકો સુધી હજુ આપણે બરોબર નથી પહોંચ્યા ? આટઆટલી વ્યવસ્થા છતાં, આટઆટલા પ્રયત્નો છતાં, આટઆટલી તત્પરતા છતાં આમ બનતું રહે છે જુઓને આપણે, એવી કેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યુ છે કે આ ગરીબ –ગ્રામીણ યુવાન માતા–નિઃસહાય થઈ મૃત્યુને મૂંગા–મૂંગા સ્વીકારી લે છે આવું શા માટે ? અને કયાં સુધી ? આવુ શા માટે? અને કયા સુધી? ક્યાં સુધી ??

(ઓકટોબર ૧૯૮૭)



# ૫. ઈન્ટર્ન ડોકટરની ભીતરની ભીનાશ

ડેડિયાપાડા તાલુકા નેત્રંગ તરફના ઊંડાણના ગામના આદિવાસી બહેન સેવા રૂરલમાં સારવાર માટે દાખલ થયા ત્યારે શરીરમાં માત્ર ચાર ગ્રામ હિમોગ્લોબીન. એમને રકતદાન દ્વારા લોહી આપવામાં આવ્યું. ઓપરેશન દ્વારા બાયોપ્સી કરવામાં આવી નિદાન થયું કે, એમને કીડનીનું કેન્સર – નેફ્રોબ્લાસ્ટોમાં હતું. એ આદિવાસી બહેનને સૂરતના લાયન્સ ડીટેકશન સેન્ટરમાં રીફર કરવામાં આવી પણ એ જાય કેવી રીતે? અભણ, આદિવાસી અને ખૂબ જ ગરીબ, વળી દૂરના ખૂબ ઊંડાણના ગામડામાંથી આવેલી. સુરત જવા સમજાવીને તૈયાર કરી પણ પૈસાનું શું? હોસ્પિટલના ડોકટરોએ ભેગા મળી ફાળો એકઠો કરી, સેવા રૂરલમાંથી બાકીની રકમ આપી. ઈન્ટર્નશીપ કરવા આવેલી માધુરીને માનવતાની તક મળી.... દર્દીઓ પ્રત્યે અનુકંપા, હમદર્દી ખૂબ.... નામ પ્રમાણે ગુણ.... દર્દીઓ સાથે તરત જ હળી જાય.

આ દરમ્યાન માધુરી પેલા બહેનને સતત મળતી રહે... સુરત મોકલતાં પહેલાં માધુરી સુરત જઈને ડો. ભાગવતને મળી વાતચીત કરી આવી... દર્દી સાથે ભણેલી ગણેલી શહેરમાં રહેલી અપટુડેટ ડોક્ટર સુરત ગઈ. કયાં મેલાંઘેલાં કપડાંવાળી આદિવાસી અભણ બહેન ને સાથે સેવાની સુવાસવાળી માધુરી બસમાં દર્દીને અગવડ ન પડે તેની કાળજી લીધી... એટલું જ નહી ત્યાં જઈ કેસ કઢાવી લાગતા વળગતાને મળી એની તપાસ કરાવી, એને ત્યાં દાખલ કરી, સતત સાથે રહીને હૂંફ આપી... ફરી થોડા વખત પછી જઈને દર્દીને મળી આવી.

બીજો હૃદયસ્પર્શી સ્વાનુભવ ડો. જયનો. સેવા રૂરલમાં ઈન્ટર્નશીપ કર્યા પછી બીજે ઈન્ટર્નશીપમાં છે. આ બીજી જગ્યાનો એનો અનુભવ સાંભળ્યો – 'રવિવારનો દિવસ. મને ઈન્ડોરની કામગીરી સોંપેલી દવાખાનાના ઉપરના માળે આવેલ વોર્ડનો રાઉન્ડ લઈ પાછા ફરતાં સહેજે ત્રણેક કલાક થઈ ગયાં. તે પતાવી હું ત્યાંના મેડિકલ ઓફિસરને મળ્યો. તેમણે કહ્યું : કેમ આટલી બધી વાર લાગી? કયાં હતા? નવા છો? આ છેલ્લી ઈન્ટર્નશીપ હોવા છતાં આગળના નવ મહિનામાં કશું જ નથી શીખ્યા? આવા પ્રશ્નોથી હું ડઘાઈ ગયો, એમને સમજાવવા પ્રયત્ન કર્યો પણ બધું વ્યર્થ. મને કહે, ચાલો, મારી સાથે, તમને બતાવું રાઉન્ડ કેવી રીતે લેવાય. એક વોર્ડમાં ગયા, નર્સને બોલાવી પૂછયું, 'કોઈ સીરીયસ દર્દી છે? જવાબ નામાં મળ્યો. તેઓ વોર્ડના ટેબલ પર બેસી ગયા. નર્સે બધા દર્દીઓના કેસપેપર લાવી આપ્યા. ઘડીભરમાં તો બધા કેસ પેપરમાં લખી નાંખ્યું. આગળ મુજબ (CT ચાલુ)ના તો દર્દીને તપાસ્યા કે મળ્યા બેઠા બેઠા જ જોયા મૂકયા વગર

ત્રીજો સ્વાનુભવ વંદનાનો. ડો. વંદના ઈન્ટર્નશીપ માટે સેવા રૂરલમાં આવી હતી. થોડા સમય બાદ તેનો પત્ર આવેલો, જેમાં લખ્યું હતું, ''સેવારૂરલ''માં મારા છ મહિના અદ્‌ભૂત રીતે પસાર થઈ ગયા. આ છ મહિનામાં જે શીખવા મળ્યું તે જોતાં એમ લાગે છે કે જાણે છ વર્ષ મેં સેવારૂરલમાં નાખ્યા હતા. મને માત્ર મેડીકલ બાબતો જ શીખવા મળી એવું નથી પણ બીજું ઘણું ઘણું શીખવા મળ્યું જે જીવનમાં ખૂબ જ ઉપયોગી બની રહેશે''.

આ કોઈ એક ડો. માધુરી, ડો. જય કે ડો. વંદનાની વાત નથી. પણ ઘણા બધાની વાત છે સામાન્ય રીતે ઈન્ટર્ન ડોકટર વિશે મોટાભાગના ખરાબ ચીલાચાલુ અભિપ્રાય ધરાવતા હોય છે. તો સામે પક્ષે ઈન્ટર્ન ડોકટર પણ પણ કોઈ સારી રીતે વર્તતું નથી. એ પણ હકીકત છે આજે મોટેભાગે બધા યુવાનો ને જ દોષ દેતા હોય છે યુવાનો આવા છે ને તેવા છે પણ એમના હૃદયની વાત સાંભળવા કેટલા તૈયાર છે? માધુરીમાં સારપ તો છે જ પણ એને એ સારપનો આવિર્ભાવ થઈ શકે તેવું વાતાવરણ મળી ગયું નહિંતર તે ડો. જોયની જગાએ હોત તો ? પેલા ડોકટરના વર્તાવથી એની સારપ ગુંગળાઈ જાત, હબુરાઈ જાત. યુવાનોમાં રહેલી અનુકંપા એને માણસ– માનવ–મનુષ્ય બનાવવા માટે હોય છે પરંતુ એ માટેના સાનુકૂળ પતિભાવના અભાવે તે ત્રસ્ત છે –ગ્રસ્ત છે, વિષાદયુક્ત અવસ્થામાં છે, માટે આજે જરૂર છે સૌને માટે અનુકૂળ અને પેરક વાતાવરણ પૂરું પાડવાની, આદર્શ અને વ્યવહાર વચ્ચેનો ભેદ દૂર કરવા માટેની શ્રધ્ધા તથા વિશ્વાસ ઊભો કરવાની છે.

સેવા રૂરલમાં અનેકવિધ પવૃત્તિઓ કરીએ છીએ, એમાં એકાદ પવૃત્તિ વધારે કરીએ કે ઓછી કરીએ, પવૃત્તિઓ એક ગામમાં કરીએ કે ચાળીસ ગામમાં, ચાળીસ ગામમાં કે આખા ય દેશમાં કરીએ... હા એનાથી પરિસ્થિતિમાં ફેરફાર જરૂર આવશે એ ખરું પરંતુ એમાં વધારે અગત્યનું તે એ કે તે માટેનું પેરક વાતાવરણ ઊભું કરીને પૂરું પાડવાનું છે. ફાધર વાલેસે કહ્યું છે: ''તમે દીવા કરો અને એ જોઈ બીજા પણ દીવા કરવા પેરાય."

◈

( જુન ૧૯૮૮ )



## ૬. પણ.....એ મા બિમાર પડે છે ત્યારે ?

સમાજમાં ચાલતી અનેક માન્યતાઓ અંધશ્રધ્ધા, કુરિવાજોની પરંપરામાં મોટેભાગે સ્ત્રીઓએ જ વધુ શોષાવાનું આવે છે એવો જ એક સ્વાનુભવ થયો.

કોમ્યુનીટી હેલ્થ પોજેક્ટ હેઠળ આવરી લેવાયેલા ગામના બહેનનો છે. બહેનનું નામ મંજુલા. પંદરેક વર્ષની ઉંમર અચાનક એક દિવસ આ વિશાળ દુનિયા છોડી ચાલી ગઈ એને સખત ખાંસી થયેલી, ખૂબ કફ પડે, શ્વાસ ચઢે – દવા કરાવવા ઘણી ઘણી સમજાવી... થોડો સમય દવા કરી ને દવા પછી છોડી દીધી. શા માટે? તો ખબર પડી મંજુલાને ટી. બી. થયો છે એવું જો લોકો જાણે તો એના લગ્ન કરવામાં તકલીફ પડે. સમાજની માન્યતાઓનો ભોગ બની. તે સ્ત્રી હતી માટે કશું ના કહી શકી, મુંગા મુંગા મોતને સ્વીકારી લીધું.... જરા વિચારો તેના મનમાં કેટલી વેદના ઘૂંટાઈ હશે એના માનસ પર સમાજની કેવી તાસીર ઉપસી હશે એ સ્ત્રી તરીકે જન્મી તે એની ભૂલ ગણવાની? સદીઓથી ચાલ્યા આવતા શોષણમાં આવો એકાદ ભોગનો બનાવ વધુ ઉમેરાય તેનાથી કોઈ ફેર પડતો નથી ?

આજે ય સમાજમાં દહેજ, સતી થવાનો કુરીવાજ, વિધવા, ત્યકતાપણું– સ્ત્રી અંગેની માન્યતાઓ ટૂંકમાં એ બધાની અસરો માત્ર સ્ત્રીને જ લાગુ પડે સતી સ્ત્રીએ જ થવું પડે. પુરુષે નહી....? દહેજ સ્ત્રીએ જ આપવું પડે પુરુષે નહી. આ તે કેવી વ્યવસ્થા અન્યાયપૂર્ણ મૂળભૂત રીતે સ્ત્રી અને પુરુષ એ અલગ નથી.... ઈશ્વરનું જ સર્જન... છતાંય ભેદભાવ.

બીજી એક ઘટના... ઝઘડિયા નજીક ભીમપોર ગામની એક બહેન સુવાવડી હતી... સુવાવડમાં તકલીફ થાય એમ હતી પણ તેને દવાખાને ન લાવ્યા.....' આવી તો કેટલીય સુવવાડ કરાવી, તારી કંઈ નવાઈની નથી...' અને એ બહેનને મૃત્યુ ભરખી ગયું. બીજા એક ગામમાં ત્રીસ–બત્રીસ વર્ષની ઉંમરના બહેનને જંગલમાં લાકડા વીણવા જતાં પગમાં કાંટો વાગ્યો શરૂઆતમાં દરકાર ન કરી, મજૂરીએ જવાનું ચાલુ રાખ્યું. મજૂરીના કેટલા પૈસા મળે? દવાખાને જવા પૈસા જોઈએ એવું માને. પતિ પણ મજુરી કરે અને તેના પૈસા તો દારૂ પીવામાં જાય.... પત્નીની સારવાર ન કરાવે.... અને માનશો એ બહેનથી પછી તો ચલાય નહિ, મજૂરીએ જવાય નહિ... એટલે ભૂખ્યા રહેવું પડે છેવટે આ સ્થિતિ એમને મૃત્યુની સમીપ લઈ ગઈ કેવી કેવી વ્યથાઓ સ્ત્રીના જીવન સાથે જોડાયેલી

છે  પુરુષ માંદો હોય તો કામ પર ન જાય, ઘરે રહીને આરામ કરે.. જ્યારે સ્ત્રી માંદી હોય તો ...ઘરના હસરકા તો કરવાના જ  શકય હોય ત્યાં સુધી અણસાર પણ ન આવવા દે કે તે માંદી છે એને પોષણક્ષમ ખોરાક ન મળે તો ચાલે પરંતુ એના બાળકોને, પતિને કે કુટુંબને તો મળવો જ જોઈએ... એની આ કરૂણતાને આપણે માતા તરીકે તેનામાં ત્યાગની કેવી ઉદાત્તભાવના રહેલી છે એમ કહી, એના આરોગ્ય પત્યે બેદરકારી દાખવીએ છીએ. સ્ત્રી સહજ શરમ–લજ્જાને કારણે સમાજની મર્યાદા બંધનને કારણે તે પોતાની માંદગીની, રોગની વાત મુક્તપણે કહી શકતી નથી, છુપાવી રાખે છે.

આજે જરૂર છે સ્ત્રીના આરોગ્ય પત્યેની સભાનતા કેળવવાની, સ્ત્રીની સમસ્યાઓને સમજવાની...સ્ત્રીને હીન ન સમજતાં તેને પણ પુરુષ જેવું જ ગૌરવ મળે તેવા સમાજની ...સ્ત્રી પત્યેની દષ્ટિ બદલવાની ...અને એ માત્ર પુરુષે નહિ પરંતુ સ્ત્રીએ પણ બદલવી રહી.....

અંત ન પામે તેવું વલોણું અહિં અટકાવીએ સ્વામી રામતીર્થના સુવિચારથી...' બિમાર પડતો કોઈપણ માણસ સૌથી પહેલો અને વારંવાર જે શબ્દ બોલે છે તે 'મા' છે. પણ ...એ મા બિમાર પડે છે ત્યારે ?

◈ (ઓક્ટોબર ૧૯૮૮)

## ૭. ડોકટર અને દર્દી વચ્ચેના અસરકારક સેતુ પોસ્ટકાર્ડ

એક પોસ્ટકાર્ડ.... 'મારી પાસે પૈસા ન હોવાથી હું દવાખાને આવી શકું તેમ નથી'... મારા છોકરા મજુરીએથી મજુરી લઈને આવશે પછી દવા લેવા આવીશ'. બચુ વાઘજી બારીઆ.

બીજો પોસ્ટકાર્ડ... સાહેબ, કમુબેન અંબાલાલનો કેસ હવે રદ કરશો. કારણ તા. ૫–૮–૮૮ના રોજ અવસાન પામ્યા છે. મફત દવા આપવા છતાં આપે પત્ર લખ્યો તે બદલ મારી આંખોમાં આંસુ આવ્યા... કારણ પત્રમાં નિસ્વાર્થતા હતી...

એક ઘટના.... એક વિદ્યાર્થી... દૂરના ગામથી દવા લેવા આવ્યો... વિદ્યાર્થી સાથે ડોકટરે ચાર–પાંચ મિનિટ નિરાંતે વાત કરીને ટી. બી. અંગેની સમજણ આપી, લક્ષણો જણાવ્યા... રોગના કારણો જણાવ્યા.... અને ક્ષયરોગ અંગે સમજણ તારી શાળામાં જઈ અન્ય વિદ્યાર્થીઓને, પણ સમજાવજે એમ કહીને એક પોસ્ટકાર્ડ પણ આપ્યો... થોડા વખત પછી એ વિદ્યાર્થીનો જવાબ આવ્યો: ડો. રાજેશભાઈ સાહેબ,



મેં અમારી શાળામાં ટી. બી. ના લક્ષણો, અટકાવવાના ઉપાય તેના કારણો, તેમાં શું શું થાય તેનો બધો અનુભવ, પીસ્તાળીસ મિનિટ સુધી સમજ આપી... આ સાંભળી શિક્ષકે પણ ... વીસ મિનિટ સંભાષણ આપ્યું... આમ દર્દીને કીધેલી વાત અમલમાં મૂકી કે કેમ તેની જાણનું માધ્યમ પોસ્ટકાર્ડ....

ઉપરની ત્રણેય હકીકત દ્વારા નાનકડા પોસ્ટકાર્ડના પ્રયોગની વાત કરવી છે. દર્દી અને ડોકટર વચ્ચેના સંબંધનું, વિશ્વાસનું, દર્દીની જાગૃતિનું, સભાનતાનું ? દર્દીને માત્ર દવા આપી દીધી તેથી વાત પૂરી થતી નથી... દર્દીને આપવામાં આવેલ સલાહ–સમજ કે દવાનો તે બરાબર અમલ કરે છે કે કેમ ? તેને અન્ય મુશ્કેલી તો નથી ને ? તે ફરી સારવાર માટે કેમ નથી આવ્યો? તેના કારણો ક્યા ? દર્દી ન બોલે, મનમાં મુંઝાય ત્યારે શું કરવું? આ બાબતોનો ઉત્તર એટલે પોસ્ટકાર્ડ. સામાન્ય રીતે આપણા સમાજમાં જોવા મળે છે. ઘણાંખરાંને પત્ર વ્યવહાર કરવાનો કંટાળો આવે તો નિયમિત પત્ર લખવાની વાત જ ક્યાં રહી? આ પરિસ્થિતિમાં દર્દીઓ પોસ્ટકાર્ડ લખીને મોકલાવે એ ઘટના કંઈક નોખી તરી આવતી નથી ? આ પત્રો પણ લખે છે ગામડાના આદિવાસી ગ્રામીણ લોકો જેને આપણે અબૂધ–અભણ ગામડિયા તરીકે નવાજીએ છીએ તેવા લોકો પત્ર લખે કે લખાવે છે.

સામાન્ય રીતે દવા માટે, સારવાર માટે આવતા દર્દીઓ એકવાર બતાવી જાય. પછી આગળ શું થયુ તેની ચિંતા થતી નથી એણે બતાવવાનું છે તો એ આવે એવા વલણમાં આ પોસ્ટકાર્ડની વાત અલગ તરી આવે છે આ પોસ્ટકાર્ડ દર્દીને સારવાર પતિ અભિમુખ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે... સભાનતા કેળવે છે.

આજે જે સંશોધનો થાય છે તેમાંના ઘણાખરા વીસમી સદીમાંથી એકવીસમી સદી તરફ લઈ જવાના થાય છે. જે આધુનિક છે તેને વધુ આધુનિક બનાવવામાં થાય છે. જેનો વિકાસ થઈ ગયો છે તેનો જ વધુ વિકાસ. પણ જેનું સંશોધન થઈ ગયું છે તેને છેક્છેવાડાના માણસસુધી પહોંચાડવા માટે સંશોધન થતું નથી. સમાજના છેકછેવાડાના માણસ સુધી ટેકનોલોજી પહોંચે તેના માટે આજે આપણે આ પોસ્ટકાર્ડનું નાનુ શું માધ્યમ પર સફળ મનન કર્યું.

◈ (ફેબ્રુઆરી ૧૯૮૯)

## ૮. અમારી ઊંઘમાં ખલેલ પહોંચાડનારને

થોડા દિવસ પહેલાં અમદાવાદથી આપણા વડીલ –શુભેચ્છકનો પત્ર આવ્યો : ''સેવારૂરલના નવા વાર્ષિક અહેવાલમાં દાતાઓની યાદી આપી છે. તેમાં અમે મોકલાવેલ દાનની માહિતી નથી. ''સાથે ચેકની તથા ક્યારે દાન આપ્યું હતું તેની વિગત મોકલી હતી. પત્ર લખવા પાછળનો આશય શુભ હતો, ફરિયાદ ન હતી પરંતુ આ બાબત ધ્યાન પર લેવાનું સૂચન હતું.

શું ખરેખર નામ રહી ગયું? આમ કેવી રીતે થયું? ભૂલ થઈ ગઈ?... આ રીતે અન્ય નામ પણ રહી તો નહી ગયા હોય ને ? તપાસ કરી... ના. ભૂલ નોહતી થઈ... આ નવો વાર્ષિક અહેવાલ ૧૯૮૮–૮૯ના વર્ષનો અને તેમાં દાતાઓની યાદી પણ તે જ વર્ષની પ્રિન્ટ કરી હતી, જ્યારે દાન માટે પત્ર આવ્યો તે ૧૯૮૫–૮૬ના વર્ષનું હતું.... ૧૯૮૫–૮૬નો વાર્ષિક અહેવાલ કાઢીને જોયું... એમાં નામ હતું... સારું થયું. હા, સારું તો હતું જ પણ વાત અહિંયા પૂરી થતી નથી. એ વડીલને મળી એ બાબત તો સ્પષ્ટ કરી, એમને પણ સંતોષ થયો, પરંતુ તે જ વખતે આપણા ઓડીટેડ એકાઉન્ટ બતાવી, કેટલાક ઘટિત કાયદા તથા નિયમો ટાંકી બે–ત્રણ બાબતો પરત્વે ધ્યાન દોર્યું... આવતા વર્ષથી તે પ્રમાણે ફેરફાર કરવા સૂચન કર્યું.

આ પત્રએ વલોણાની પણ તક પૂરી પાડી, સંસ્થાના વ્યવહાર, અભિગમ તથા કાર્યકરોના વલણને સમજવા–જાણવા આવા પ્રસંગો ઉપયોગી બનતા હોય છે.

શું આવા પત્રો આવે તે આપણને ગમે છે ? નથી ગમતા ? આવી વાત સૂચન કે પછી કોઈ ફરિયાદ આવે ત્યારે આપણે કેવું વલણ લઈએ છીએ? આપણો અભિગમ શું હોવો જોઈએ? આ પત્ર આવ્યો તે આપણને ગમ્યું. આપણને આપણી અંદર જોવાનો મોકો પૂરો પાડ્યો... ઘણાં બધા કામની વચ્ચે ભૂલ થાય... ભૂલનો સહજતાથી સ્વીકાર કરવાનું આપણું હંમેશનું વલણ રહ્યું છે. આપણે જે કામ કરી રહ્યા છીએ તે બરાબર ચાલી રહ્યું છે કે કેમ... જે દિશા વિચારી છે તે તરફ જ આગળ વધી રહ્યા છે કે કેમ ... ક્યાંક ચીલો તો ચાતરી નથી ગયાને..તે જાણવા માટે, મૂલ્યાંકન કરવા માટે આવી ટકોર કેટલી ઉપયોગી છે? એનું મૂલ્ય આપણે સમજવા હંમેશા પ્રયત્નશીલ રહ્યા છીએ. ભૂલનો સ્વીકાર કરવો અને તેના કારણે 'કિંમત' ચૂકવવી પડે તો તે ચૂકવવાનો અભિગમ કેળવ્યો છે. આ એક વિલ્કપની વાત થઈ, બીજો વિકલ્પ પણ છે.. સમગ્ર વાતમાંની હકીકતને અડધીપડધી સ્વીકારવી, ગોળગોળ જવાબ આપવો. ઢાંકપિછોડો



કરવો, દોષનો ટોપલો અન્યના શિરે ચઢાવી દેવો... મૂલ્યોનો ભોગ આપવો. શું આ બીજો વિકલ્પ યોગ્ય છે ? જાહેર જીવનમાં પડેલાં સૌને માટે, સમાજ માટે કંઈક કરી છૂટવા મથતી દરેક સંસ્થાઓ માટે આ વાત અત્યંત મહત્વની છે. ક્ષતિનો સ્વીકાર કરી મૂલ્યોનું જતન કરવું.

નાણાંકીય અને સામાજિક બંને દ્રષ્ટિએ સંસ્થાની કામગીરી અને નિષ્ઠા ખૂબ જ મહત્વના છે. સમાજે આપણામાં વિશ્વાસ મૂક્યો છે ત્યારે દરેક પ્રવૃત્તિઓનું ''સામાજિક ઓડિટિંગ'' થાય એવો આપણો હંમેશા અભિગમ રહ્યો છે.

સંસ્થાના રોજબરોજના નાણાંકીય હિસાબોની વાત હોય, કામગીરીની વાત હોય આપણે ભૂલને સ્વીકારતા અચકાયા નથી. હિસાબ દરમ્યાન તાળો ના મળે તો જવાબદાર સૌ પોતાના ખિસ્સામાંથી પૈસા ભરી દે પણ ખોટું વાઉચર ના બનાવે, દર વર્ષે ઓડિટ થયેલા હિસાબો પ્રિન્ટ કરીને સમયસર પ્રસિધ્ધ કરવા એવી તંદુરસ્ત પ્રણાલિકા વિકસાવી શક્યા છીએ.

કોઈ સૂચન, કોઈ ટકોર, કોઈ ટીકા કે ભૂલ તરફનો નિર્દેશ હોય એને આવકારવી જ રહી, આપણે તેને તપાસી હકીકત તારવી, જરૂર પડે તે પ્રમાણે ફેરફાર કરવો કે ખોટી હોય તો તેની સ્પષ્ટતા કરી હકીકતોથી વાકેફ કરવા જરૂરી છે.

આપણા મિત્રો–શુભેચ્છકો કેવા હોવા જોઈએ? કેન્નેથ વોકર નામના લેખક મહાશયે એમના એક પુસ્તકની અર્પણ નોંધમાં લખ્યું છે. : To the disturber of my sleep ( મારી ઊંઘમાં ખલેલ પહોંચાડનારને ) આ ખલેલ એટલે જાગરૂકતાની છે. ઊંઘી જનારની કે પછી એમાં ખલેલ પહોંચાડનારની ટીકા નથી. બન્ને પક્ષના હકારાત્મક અભિગમ માટે છે. આપણા કાર્યમાં ક્યાંક આળસી જવાય, ક્યાંક ભૂલ થાય. ક્યાંક ગાડી પાટા પરથી ઉતરી પડે. ક્યાંક ગુણવત્તા ન જળવાય ત્યારે આપણા મિત્રો–સહયોગીઓ આપણને સંભાળી લે છે, ટકોર કરીને સભાન કરે છે. આવા જાગરૂક ખલેલ પહોંચાડનારાઓને કેન્નેથ વોકરે પોતાનું પુસ્તક અર્પણ કર્યુ છે. આપણને આવા મિત્રો–શુભેચ્છકોની જરૂર છે... જે આપણને વિવિધ પ્રકારે મદદ કરે, માર્ગદર્શન આપે, સમમિત્ર બની રહે, પ્રહરી બની રહે, ટકોરતા રહે એવા મિત્રો–શુભેચ્છકો સંસ્થાની મૂડી છે આપણને આનંદ છે કે આવા મિત્રો આપણને મળી રહ્યા છે.

( એપ્રિલ ૧૯૮૯ )

## ૯. પથિક, તારા વિસામાના દૂર દૂર, આરા....

ગામડા ગામમાં શેઠ શાહુકારોના વ્યાજના દૂષણમાંથી લોકો છૂટે પોતાની જાતે બચત કરતાં થાય તેમજ એ બચતમાંથી જરૂરિયાતવાળાને પૈસા લોન પર મળે અને એના પૈસામાંથી સ્વરોજગારીનું સાધન લાવી સ્વવાલંબી બને એ માટે બચત ધિરાણની પ્રવૃત્તિ ગામની બહેનોની મંડળી બનાવી આપણે કરીએ છીએ. આ ઉપરાંત સામાજીક વનીકરણની પ્રવૃત્તિ પણ સેવા રૂરલ સંસ્થા કરે છે.

આ સામાજીક વનીકરણની પ્રવૃત્તિમાં કામ કરતા ભાઈ–બહેનોને સરકારે ઠરાવ્યા મુજબ રોજ ચૂકવાય પરંતુ તેમાં સરકારે સુધારો કરતાં ઓક્ટો. ૮૮ થી માર્ચ ૮૯ એમ છ મહિનાના સમયગાળા દરમ્યાન સૌને સુધારા મુજબના રોજના રૂા. ૮.૪૦ પ્રમાણેનો વધારો ચૂકવવાનો હતો, પરિણામે લગભગ દરેકની પાસે મોટી રકમ આવે તેમ હતું. અને મોટી રકમ બચત તરીકે એકત્ર કરવાની વિશેષ સંભાવના હતી. આ એક તક હતી... બચત મંડળીમાં આ રકમ મૂકવાનું વિચાર્યું... થોડી ચર્ચા વિચારણા પછી ગામમાં જઈને ભાઈઓ બહેનોની બેઠક કરવામાં આવી. બેઠકમાં બચતના ફાયદા સમજાવ્યા. બહેનોમાં મતમતાંતર હતા છતાં પણ છેવટે સમજાવટથી સૌ સહમત થઈ. ઘણી બહેનોએ બચતમાં રકમ મૂકવાની તો કેટલીક બહેનો પોતાની લોન ભરપાઈ કરવા માટે વિચાર્યું. ભાઈઓએ પણ ઉપરોક્ત નીતિ અપનાવી. કેટલાક નવા સભ્યો પણ બન્યા.

આ સમય દરમ્યાન જવાહર રોજગાર યોજના આવી, સરકારે એન.આર.ઈ.પી. ની યોજના જવાહર રોજગાર યોજના જોડે જોડી દીધી પરિણામે વનીકરણની પ્રવૃત્તિ માટે નાણાંકીય મુશ્કેલીઓ ઊભી થઈ, ના છૂટકે આ પ્રવૃત્તિ જે સંસ્થા દ્વારા ચાલતી હતી તે બંધ કરવાનું વિચાર્યું. જેથી તાત્કાલિક રોજગારીનો પ્રશ્ન ઊભો થયો. આથી કેટલીક બહેનોને આ રકમમાંથી લોન આપવાનું વિચાર્યું કે જેથી તેઓ શાકભાજીનો કે અન્ય ધંધો કરી શકે... આ દરમ્યાન મોટાભાગની બહેનો બચત મંડળીમાં મૂકેલા પૈસા ઉપાડી લેવાનું વિચારતી હતી, ગામમાં મુલાકાત લેતાં અસંતોષ જણાયો. આ રકમ બેંકમાં મૂકી હોય તો વ્યાજ પણ મળે એવો વિચાર ગામલોકોને આવ્યો. જ્યારે બચત મંડળીમાં તો 'બચત પર વ્યાજ આપવું નહીં ને લોન પર વ્યાજ લેવું નહિ' એવો નિયમ હતો. બેંક વ્યાજની વાત પણ વિચારવા જેવી લાગી. ગામમાં બેઠક યોજી. બેંકમાં ફિક્સ ડીપોઝીટ અથવા ઈન્દિરા વિકાસપત્રો ખરીદવા એવા બે વિકલ્પો મૂક્યા. જેમની પાસે રૂા. ૧૦૦ થી વધારે રકમ છે તેઓને માટે ઈન્દિરા વિકાસપત્રો ખરીદવાનું નક્કી કર્યું. વિકાસપત્રો એમની પાસે હોય તો વિશ્વાસ પણ રહે ને ખોવાઈ જાય તેનો ડર પણ ચર્ચવામાં આવ્યો. બીજા દિવસે આ બધું આપવાનું નક્કી થયું.



બીજા દિવસે સવારે પોસ્ટ ઓફિસમાંથી રૂા. ૬૬૦૦/–ના વિકાસપત્રો લીધા. લોનની ગણત્રી કરી. બેંકમાંથી તેના ખાતામાંથી પૈસા ઉપાડયા, આમ કરતા બપોર થઈ. ગામમાં બહેનોને સવારે આપીશું એમ કહ્યું હતું. મોડું તો થઈ જ ગયું હતું... ત્યાં આંગણવાડી બંધ હતી, ચાવી ન મળી એટલે ગામમાં જ એક બહેનને ઘરે જઈને બેઠા, એનો ઘરવાળો સામાજીક વનીકરણમાં ઘણા સમયથી જોડાયો હતો. એક બે કરતાં ગામની બહેનોને સમાચાર મળ્યા કે ગાયત્રીબેન ત્યા દક્ષાબહેન આવ્યા છે એટલે સૌ પેલા બહેનને ઘરે ભેગા થયા.

આજની બેઠક કેટલીક બહેનોને ઈન્દીરા વિકાસ પત્રો આપવા માટે તથા કેટલીક બહેનોને લોન આપવા માટે ગોઠવેલી. કામગીરીની શરૂઆત જેમના ઘરે બેઠા હતા એ બહેનને જ ઈન્દીરા વિકાસપત્રો આપીને કરી. કામ આગળ ચાલતું હતું ત્યાં પેલા બહેનનો ઘરવાળો આવ્યો, આવીને કહેવા લાગ્યો, બહેન તમે મારા પૈસા લાવ્યા? લાવો મારા બધા પૈસા મને આપી દો...' 'પણ તારે તો ઈન્દીરા વિકાસપત્રો લેવાના છે તેં તો હા પાડી હતી.'

'મારે તો પૈસા જ જોઈએ... હવે તો વનીકરણનું કામ બંધ થઈ ગયું છે... મારા વિકાસપત્રો ક્યાં છે?'' 'જો તારી ઘરવાળીને આપ્યા છે.'

ઘરવાળી પાસેથી વિકાસપત્રો લઈ પાછા આપતાં ફરી ફરી જોર જોરથી કહેવા લાગ્યો, આ વિકાસપત્રો લઈ લો અને મારા પૈસા આપી દો એના વર્તન પરથી તો એમ જ લાગે કે હમણાં ફાડી નાંખશે. 'બધા પૈસાનો હું દારૂ પી જઈશ, જુગાર રમીશ, એક પૈસાની બચત નહી કરું.''

પછી તો એકનું જોઈને બીજા ભાઈઓ પણ ગમે તેમ બોલવા લાગ્યા. ગામની બહેનો કંઈ બોલે નહિ અને જે બોલે તે ભાઈઓનો જ પક્ષ લે વાતાવરણ તંગ થઈ ગયું.

કાર્યકર ગાયત્રીબહેન અને દક્ષાબહેન મુંઝાયા. ડર લાગ્યો છતા કામગીરી ચાલુ રાખી... પૈસા ઝૂંટવી લેશે... બહેનોના ચંપલ લઈ લીધા... ક્યાંક ચંપલ તો નહી મારે ને ? જેમ તેમ કરી કામ પતાવ્યું.... વિકાસપત્રો આપ્યા... લોન આપી.... સાંજ પડી ગઈ... લગભગ પોણા આઠ વાગ્યા... ગાયત્રીબહેને ઝઘડિયા આવવા લ્યુના ચાલુ કર્યું તો પેલા ભાઈએ પકડી લીધું.... માંડ ત્યાંથી નીકળ્યા.

આવો માઠો અનુભવ, પણ કેવો.... ગામમાં એકલી બહેનો.... પાસે પૈસા.... ઈન્દીરા વિકાસપત્રો.... દારૂ પીધેલ પેલો ભાઈ.... અન્ય ભાઈઓ ગમે તેમ બોલે ભય લાગે તેવું વાતાવરણ... અંધારાની વેળા... ઝઘડિયા આવવાનું... સાથે કોઈ મળે નહિ

આ ઘટનામાં બંને બહેનો હિંમત ન હારી તે ઘણું મહત્વનું છે... વિષમ પરિસ્થિતિમાં મક્કમ રહ્યા. દુઃખ થયું પણ નાસીપાસ ના થયા. વિકાસનું કામ છે... વિકાસ સતત ચાલતી પ્રક્રિયા છે એ માટે ધીરજ રાખવી જરૂરી છે. શ્રધ્ધા રાખી હિંમતથી કામ કર્યું. સદીઓથી જેનું શોષણ થતું આવ્યું છે એવા લોકોને જાગૃત થતાં સમય જશે, જાગૃતિ કંઈ રાતોરાત આવતી નથી. આવા કેટલાય પ્રસંગો આવશે, અનેક કસોટીની એરણ પર ચઢવું પડશે. આપણા કવિ રાજેન્દ્ર શાહે ગાયું છે ને કે:

"ભારનું વાહન કોણ બની રહે, નહિ અલુણનું કામ
આપણે તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન."

આવા વાતાવરણ વચ્ચે પણ અગિયાર જેટલી બહેનોએ ઈન્દીરા વિકાસપત્રોના રૂપમાં બચત કરી એમને તો અભિનંદન આપીએ એટલા ઓછા છે... હા આ પ્રસંગ પછી પણ એ ગામમાં ફરીવાર જવાનું થયું ત્યારે પ્રેમથી બધા આવકારતા હતા. ક્યાંય આ ઘટનાની પ્રતિક્રિયા જોવા ન મળી ગામડાના લોકોના હૈયામાં ક્યાંય કટુતા નથી... એ જ તો આપણને આ વિકાસની કેડીએ આગળ વધવા પ્રેરણા આપે છે... અને એ પણ એટલું જ સાચું છે :

'પથિક તારા વિસામાના દૂર દૂર આરા'...

◈

(જુલાઈ ૧૯૮૯)

## ૧૦. રાષ્ટ્રીય ઉત્થાન માટે નારીની સાચી પ્રતિષ્ઠાની ઓળખાણી

કમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ હેઠળ આવરી લીધેલા એક ગામની ઘટના – આંગણવાડીમાં કાર્યકર તરીકે એક બહેન કામ કરે.... અચાનક એક દિવસ એમના પિયર જતા રહ્યા. આંગણવાડીમાં રજા પડી ગઈ. આમ કેમ થયું ? સુપરવાઈઝરે તપાસ કરતાં જાણવા મળ્યું કે એનો પતિ બહેનને મારઝૂડ કરે ? બહેન મૂંગા મ્હોંએ કેટલી વખત સહન કરે ? બહેન આંગણવાડીનું કામ કરે, કૌટુંબિક જવાબદારીઓ સંભાળે, ખેતીકામમાં મદદ કરે અને છતાં તેના પતિએ મારઝૂડ કરી.. પાછા એ ભાઈ ગામના આગેવાન.... બહેને રાજીનામું આપ્યું. તેમની જગ્યાએ અન્ય બહેનને મૂકવાને ને કામ શરૂ થયું પરંતુ અહિંયા પ્રશ્ન પૂરો થતો નથી.

ઉપરોકત ઘટનામાંથી ઊભો થતો પ્રશ્ન આજના સમાજનો ખૂબ જ અગત્યનો પ્રશ્ન છે. આજના સમાજનો નારી પ્રત્યે અભિગમ કેવો છે ? આજે શિક્ષિત જગતમાં પણ બહેનોની પરિસ્થિતિ કેવી છે?



આ વલોણું સમાજનો નારી પ્રત્યેનો દ્રષ્ટિકોણ દર્શાવે છે. સમાજમાં બહેનોનું શોષણ એક યા બીજી રીતે થતું રહ્યું છે. પરંતુ આજે ય એનું પ્રમાણ વિશેષ જોવા મળી રહ્યું છે. ચાર દિવાલોની વચ્ચેનું એ શોષણ, સમસ્યા ઘરનો પ્રશ્ન, વ્યકિતગત પ્રશ્ન, એવા રૂપને કારણે બહાર એ દેખાતો નથી. નારીના આ પ્રશ્નોને વ્યકિતગત માની લેવા એ સામાજિક અજ્ઞાનતાનું આકસ્મિક પરિણામ નથી પરંતુ વાસ્તવમાં આપણા સામાજિક ઢાંચાનું –મૂલ્યોનું પરિણામ છે.

આપણા સમાજમાં દરેક પરિવારમાં વત્તા ઓછા પ્રમાણમાં જોવા મળે છે કે જન્મથી જ બહેનોને મહત્વપૂર્ણ એવા આર્થિક, સામાજિક તથા કાનૂની અધિકારોથી વંચિત રાખવામાં આવે છે જ્યારે એ બધા અધિકારો પુરૂષો જન્મથી જ મેળવી લે છે લિંગ ભેદ આધારિત આ વ્યવસ્થાને સામાજિક માન્યતા, રીતરિવાજ, પ્રચલિત ધાર્મિક–સાંસ્કૃતિક પરંપરાઓ દ્વારા સતત પુષ્ટિ મળતી રહે છે. કુટુંબમાં હંમેશા બહેનોને દિકરી, પત્ની, માતા તથા વંશ આગળ વધારનારના સ્વરૂપમાં જ જોવામાં આવે છે, નારીનું કોઈ સ્વ વ્યકિતત્વ જ જાણે નથી શું કરવું ? કેમ કરવું ? પોતાનો શોખ ? શું ભણવું ? કઈ નોકરી કરવી? ઉન્નતિ, પ્રગતિ? બધા માટે જ પરતંત્ર? દરેકે દરેક બાબતમાં પરિવાર નિયત કરે તે જ ધોરણોને અનુસરવું રહ્યું ? આ પરિસ્થિતિ આજે અભણ કે પછાત વર્ગમાં જ છે એવું નથી ભણેલા–ગણેલા કહેવાતા સમાજમાં પણ આ જોવા મળે છે.

સંસ્થાના દાન અર્થે એક તબીબી દંપતિને મળવાનું થયું. બન્ને તબીબી વ્યવસાયની પ્રેકટીસ કરે, અમે મળવા ગયા ત્યારે બહેન મળ્યા. તેમના પતિ બહાર ગયા હતા. દાન અંગેની વાત થઈ ત્યારે બહેને જવાબ આપ્યો, "આ માટે મારે એમને પૂછવુ પડે, એ કહે તો આપી શકીશ" પોતાની સ્વતંત્ર પ્રેકટીસથી કમાય પણ આ કમાણી પર બહેનનો હક નહીં પતિ કહે તો જ તેનાથી વપરાય એકમેકને પૂછે ત્યાં સુધી તો બરાબર પણ પત્ની સારા હેતુ માટે દાન પણ ના કરી શકે ? પત્ની કરે તે બરાબર હોય એટલો વિશ્વાસ પણ નહીં?

આમ આપણી સામાજીક પરિસ્થિતિ પ્રચલિત ધાર્મિક રીતરીવાજો કે પુરાણ કથાઓ, સાહિત્ય, સિનેમા, વિજ્ઞાપન કે અન્ય માધ્યમો દ્વારા પરિવારમાં તથા પરિવારની બહાર બહેનોના સ્વતંત્ર વ્યકિતત્વ વિશે સ્વીકૃતિ જ નહિ પરંતુ સતત સમર્થન એ રીતે કરવામાં આવે છે કે જેથી પુરુષો અને સ્ત્રીઓ વચ્ચેની અસમાનતાની ખાઈ વધુને વધુ વિશાળ થતી જાય છે.

જો કે આજે બહેનો વિવિધ ક્ષેત્રોમાં પદાર્પણ કરી પોતાનું આગવું સ્થાન–મહત્વ ઊભુ કરી શકી છે. જેથી કંઈક આશાવાદ પણ વધ્યો છે, બહેનોના અધિકાર

પ્રત્યેની સભાનતા પણ વધતી જોવા મળી રહી છે, પણ હજુ માંડ શરૂઆત થઈ છે.

સ્ત્રી અને પુરુષ એકબીજાને સાનુકુળ થઈ, પૂરક બની, ખભેખભા મિલાવી જીવન જીવવું જોઈએ. કુટુંબના સમાજના વિકાસમાં બહેનો ખૂબ જ મહત્વનું પ્રદાન કરી શકે તેમ છે. ત્યારે પરિવાર તથા પરિવારની બહાર તેઓનું સ્થાન સુદ્રઢ બને. સ્વાતંત્ર્યની સાથોસાથ અધિકારોને ભોગવી શકે એવી પરિસ્થિતિનું નિર્માણ થાય એ ખૂબ જરૂરી છે. તંદુરસ્ત સમાજની સંકલ્પનાને પરિપૂર્ણ કરવા માટે બહેનોનો વિકાસ પૂર્વ શરત છે.

આ વાતની અગત્યતાને ધ્યાનમાં રાખી સેવા રૂરલમાં બહેનો માટેની વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે. જેનું સંચાલન અને અમલીકરણ બહેનો જ સંભાળે છે. આ બહેનોની તરફ દ્રષ્ટિપાત કરીએ છીએ તો આનંદ થાય છે, એક તંદુરસ્ત અભિગમની પરંપરાને વિકસતી અનુભવી શકાય છે. આજે સંસ્થામાં એવા કેટલાક દંપતીઓ છે જે એકબીજાને સાનુકૂળ તથા પૂરક બની, ખભેખભા મિલાવી કાર્ય કરી રહ્યા છે. સેવા રૂરલમાં શકય હોય ત્યાં સુધી એવો પ્રયત્ન કરવામાં આવે છે કે કોઈ ભાઈ જોડાઈ તો તેમની પત્નીની ઈચ્છા હોય, રસ હોય અને એવી જગ્યા હોય તો તેમને પણ કામ કરવાની તક આપવામાં આવે છે.

પુરુષ કરતા કામ કરતી બહેનોની મુશ્કેલીઓ –પ્રશ્નો ઘણા હોય એ સ્વાભાવિક છે. કુટુંબની દેખભાળની જવાબદારી, બાળકોના ઉછેર, અભ્યાસની જવાબદારી, ભોજનની જવાબદારી વિગેરે અનેક પ્રકારના કામોને લીધે ઘણી અગવડ પડતી હોય છે ત્યારે તેના કુટુંબે, તેના પતિએ વ્યવહારુ બની સાનુકુળ થવાની જરૂર છે. બાળઉછેર કે અભ્યાસમાં મદદરૂપ થવું, પત્નિ મોડા આવે તો રસોઈ વિગેરે કામમાં મદદ કરવી. દરેક બાબતમાં જરૂરી ચીજવસ્તુમાં સ્ત્રી પર જ આધારિત ન રહેતાં પોતે જાતે મેળવીને કામનું ભારણ ઓછું કરી શકાય. આજે સ્ત્રીને ઉપકારની ભાવનાથી નહિ પણ પોતાની ફરજ છે એ સભાનતા સાથે મદદરૂપ થવું ખૂબ જરૂરી છે. આમ આવા વ્યવહારુ અભિગમની સાથે જો બહેનોને કામ કરવાની તક આપવામાં આવે તો જરૂરથી તેઓ આગળ આવશે.

આપણા રાષ્ટ્રીય પતનના કારણો અંગે સ્વામી વિવેકાનંદે કહ્યું : "આપણા સમાજ અને રાષ્ટ્રની અવનતિના મૂળમાં નારીની ઉપેક્ષા જ કારણભૂત છે" રાષ્ટ્રીય ઉત્થાનના કાર્યમાં નારીની સાચી પ્રતિષ્ઠાને ઉજાગર કરવાની તાતી જરૂરિયાત છે, આ મહત્વની વાત તરફ સૌનું ધ્યાન દોરતા સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે : "પ્રથમ સ્ત્રીઓને શિક્ષણ આપો અને પછી તેમને તેમના પર છોડી દો, એટલે તેમને



કયા સુધારા આવશ્યક છે તે તમને કહેશે... સ્વાતંત્ર્ય, એ વિકાસની પ્રથમ આવશ્યકતા છે, તેમના પ્રશ્નો તેઓ જ ઉકેલશે."

यत्र नार्यस्तु पूज्यन्ते
रमन्ते तत्र देवता ।

( માર્ચ ૧૯૯૦ )

## ૧૧. સૌને જરૂર છે, એક ધક્કાની

"જીવનમાં આપણી મુખ્ય જરૂરિયાત છે કોઈ એવી વ્યક્તિની કે જે આપણે કરી શકીએ તેમ હોઈએ તે આપણી પાસે કરાવે." રાલ્ફ વાલ્ડો એમરસનનું આ વાક્ય વાંચ્યુ. વાંચતાની સાથે જ આ વાત ગળે ઉતરી ગઈ. આપણી પાસે શક્તિ છે, સામર્થ્ય છે, એની પ્રતીતિ પણ થાય છે છતાં આપણે કયારેક અને કયાંક અધવચ્ચે જ અટકી જતા હોઈએ છીએ. ગાડી પાટા પરથી ઉતરી જતી હોય છે સાતત્યનો અભાવ તરી આવે છે. ગુજરાતી કહેવત છે ને કે "આરંભે શૂરા...." કંઈક એવું જ થતું હોય છે. શરૂઆતનો ઉત્સાહ કે રસ સમય જતાં પાછળથી ખબર નથી કયાંક ઊડી જતા હોય છે. અને ત્યારે જ આપણને જરૂર પડે છે ધક્કાની એ ધક્કો– થતાં ફરી આપણામાંનું એન્જિન ધમધમી ઊઠતું હોય છે. વ્યકિતગત જીવનમાં આવું ઘણીવાર થતું હોય છે પણ તેની નોંધ જાત સિવાય ભાગ્યે જ કોઈ લેતું હોય છે, જયારે જાહેર જીવનમાં આવું બનતાં જ તેની નોંધ લેવાય છે, પણ એ નોંધ લેવાવા પૂરતી જ લેવાતી હોય છે, ધક્કો વાગતા નથી પણ જો ધક્કો લાગી જાય તો આગળ કહ્યું તેમ ગાડી સવળા પાટા પર ફરી દોડતી થઈ જતી હોય છે.

આ પ્રકારના કેટલાય પ્રસંગો અહિંયા બન્યા છે, સંસ્થાની પ્રવૃત્તિના સંદર્ભમાં હોય કે તે સિવાયની ઈતર પ્રવૃત્તિ માટે હોય. હમણાં જ નજીકના ભૂતકાળની વાત કરીએ તો લગભગ ત્રણેક વર્ષ પૂર્વે ૨૬ જાન્યુઆરી નિમિત્તે સ્ટાફના ભાઈ–બહેનોની રમતગમત સ્પર્ધા હતી, સ્પર્ધામાં સૌએ ઉત્સાહથી નામ લખાવ્યા પણ શરૂ થવાના સમયે બધા સમયસર આવે નહી સ્પર્ધાનું આયોજન કરનારા ભાઈ–બહેનો અકળાયા– કંટાળ્યા, થયું આ રમતગમત સ્પર્ધા તો યોજો જ, એમ કરવા એ ભાઈ–બહેનોને Push કરવામાં આવ્યા, નિરાશા આપણને ના શોભે અને આટલી અમથી વાતમાં નિરાશ થવાનું એ તો બને જ નહી અને આ ધક્કો વાગ્યો તો સ્પર્ધાઓ થઈ. સૌને મઝા આવી ગઈ હતી. સંસ્થાના ભાઈ–બહેનોમાંથી ઘણાં કદાચ આ વાત ભૂલી ગયા હશે. ઝઘડિયામાં પાપડ કેન્દ્ર શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું. ગામની બહેનોને વાત કરી, ઘણાંએ ઉત્સાહ

બતાવ્યો. દિવસ નક્કી થયો નાનકડો કાર્યક્રમ ઉદ્ઘાટનનો. એક જ બહેન આવેલા જ્યારે સંસ્થાના કાર્યકરો અને મહેમાનો જ ઘણા હતા નિરાશા થઈ આવે પણ ના, ભલે થોડા તો થોડા એ પ્રવૃત્તિને સતત પકડી રાખી તો ઝબકિયાનું કેન્દ્ર સ્થિર થતું ગયું, આજે નિયમિત બહેનો આવતી થઈ. આપણા અંગ્રેજી શીખવાના વર્ગોની વાત કરીએ. અગાઉ ત્રણ–ચાર વખત શરૂ કરેલા, થોડો સમય ચાલે અને બંધ થઈ જાય આમ કેમ? શીખવાની ઈચ્છા તો ખરી જ, રસ પણ ખરો, એનાથી આપણો વિકાસ થવાનો છે એ વાત પણ સમજાય છતાં બંધ થઈ જાય, પણ ફરી ફરી પ્રયાસો ચાલુ જ રાખ્યા. હમણાં આ વર્ગો નિયમિત થઈ ગયા છે. પણ આ ૧૧ નવેમ્બર રવિવારના દિવસની વાત. સુરતથી અંગ્રેજી શીખવાડવા માટે પ્રો. જોશી સાહેબ એમના નિયત સમયે આવ્યા, પણ શીખનારા ક્યાં? તરત જ શક્ય હોય એટલાનો સંપર્ક કર્યો. સાત–આઠ જણ ભેગા થઈ ગયા, વર્ગો ચાલ્યા. આવું કેમ થયું? જોશી સાહેબનો ઉત્સાહ ખૂબ, એ તો કહે જ કે ભલેને શીખનાર એકાદ જણ રહી જશે તો પણ હું આવીને શીખવાડીશ.'થોડાને Push કર્યા ધક્કો લગાવ્યો તો વર્ગમાં આવ્યા... સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારી ચાલતી હોય, જુદા જુદા પ્રકારની પ્રેક્ટીસ એના માટે કરવાની હોય, કોઈ સમયસર આવે, કોઈ મોડા મોડાય આવે તો વળી કોઈ આવે જ નહીં; આજે એક ન હોય તો કાલે બીજો ન હોય એમ ગેરહાજર રહે... પ્રેક્ટીસ કરાવનાર કંટાળે થાકે, ઘડીભર તો એમ જ થઈ જાય કે જવા દો, કાર્યક્રમ જ નથી કરવો પણ તે જ વેળાએ ધક્કો વાગે નિરાશાને ખંખેરી દેવડાવે અને પ્રેક્ટીસ ચાલે, કાર્યક્રમ સારી રીતે યોજાય, સફળ થાય ત્યારે પ્રેક્ટીસ કરાવનારના આનંદનો પાર ના રહે પણ જો પેલો ધક્કો જ ના વાગ્યો હોત તો એ આનંદ મળે ખરો

ગામડાઓમાં વિવિધ રોગ પ્રતિકારક રસીઓ મૂકવા જઈએ અને બાળકો જ ના આવે, કોઈ ગંભીર દર્દી ગામડામાં મળી જાય એને દવાખાને આવવા સમજાવીએ છતાં ના માને અને જતા રહે... કે પછી રમતગમતની પ્રવૃત્તિ ચાલે, બંધ થાય, ફરી ચાલુ થાય કે પછી અન્ય કંઈ હોય પણ આ દરેક વેળાએ જો નિરાશ થઈને બેસી જઈએ તો એ નિરાશામાં જ ફરી આગળ વધવા માટે પ્રોત્સાહનનો ધક્કો વાગે અને....

આવું કેમ બને છે ? આપણને સૌને ધક્કાની, કોઈ Push કરે તેની જરૂર શા માટે પડે છે? શું આ મનુષ્યનું સ્વભાવગત્ લક્ષણ નથી? અને આ ધક્કો Pushing એટલે શું ? કેન્નેથ વોકર નામના એક લેખક મહાશયે એમનું એક પુસ્તક કોને અર્પણ કર્યું છે તે ખબર છે? ''To the Disturber of my sleep'' (મારી ઊંઘમાં ખલેલ પહોંચાડનારને) આ ખલેલ એટલે જ ધક્કો–Pushing. આપણા કાર્યમાં ક્યારેક આળસી જવાય, ક્યાંક ગાડી પાટા પરથી ઊતરી પડે, ક્યાંક નિરાશ થઈ



જવાય ત્યારે આપણા સહયોગીઓ – મિત્રો–સ્વજનો – કુટુંબના વડા આપણને સંભાળી લે છે. ટકોર કરીને, ટીકા કરીને, પ્રોત્સાહિત કરીને, સહાનુભૂતિ દર્શાવીને, હૂંફ આપીને સભાન કરે છે. પાટા પરથી ઉતરી ગયેલી ગાડીને ફરી પાટે ચઢાવી દે છે. આપણામાં રહેલી શક્તિને ધક્કો મારી બહાર લાવે છે, આમ ''ધક્કો'' દરેકના જીવનમાં મહત્વનો છે આ Pushing કરવાનું કામ, ધક્કો લગાવવાનું કામ મિત્રએ મિત્ર માટે, સ્વજને સ્વજન માટે, સહકાર્યકરે પોતાના સાથી માટે, ઉપરીએ પોતાના હાથ નીચેની વ્યક્તિ માટે કરવું જોઈએ. જીવનના બધા જ ક્ષેત્રોમાં કોઈ Push કરનાર હોવું જોઈએ ગાડીને સતત સીધા પાટે રાખવા માટે ઠેકઠેકાણે સીગ્નલ આપનાર, પાટાની ફેરબદલી કરાવનાર આપણા માટે જરૂરી છે.

◈

( જુલાઈ ૧૯૯૦ )

## ૧૨. સેવા રૂરલ સંસ્થા સાથે તાદાત્મ્ય સાધવા ઉદ્ભવેલું મનોમંથન

૨૬મી ઓક્ટોબર ૧૯૮૦થી આરંભાયેલી પ્રવૃત્તિઓ જોતજોતામાં દસ વર્ષ પૂરા કરી વૃક્ષની જેમ ફૂલી ફાલી રહી છે. એક બાજુ લાગે છે કે જાણે આ સેવાયજ્ઞના સ્થળની શોધની વાત હજુ ગઈકાલની જ ના હોય અને બીજી બાજુ દસ વર્ષમાં સેવા રૂરલને સમાજનો અપાર વિશ્વાસ પ્રાપ્ત થયો છે સમર્પણની ભાવનાવાળા અનેક નિષ્ઠાવાન કાર્યકરોના અને જાણ્યા–અજાણ્યા, દીઠા–અણદીઠા અનેક મૂક સહયોગીઓના સથવારે વિકાસયાત્રા અવિરત આગળ ધપી રહી છે. સંસ્થાની એક આભા, નામ – શાખ વિસ્તરી ચૂકી છે. અસૂર્યલોક નવલકથાના ભાગીરથીબાના સક્ષમ પાત્રએ જ મને મારામાં જ –અંદરને અંદર વાત કરવાનો એક સેતુ રચી આપ્યો અહિં સંસ્થાના વખાણ કરવાનો ઉપક્રમ નથી પણ તેજને જોવાનો, પારખવાનો, તરાસવાનો, પામવાનો અને એ રીતે સંસ્થા સાથે તાદાત્મ્ય સાધવામાં કંઈ કંઈ મર્યાદાઓ નડે તે વિશે અનુભવેલા મનોમંથનને જ શબ્દોમાં મૂકવાનો માત્ર પ્રયત્ન છે.

અસૂર્યલોકની પ્રસ્તાવનામાં શ્રી હરીન્દ્ર દવેએ ડબલ્યુ યીટસનું એક વિધાન ટાંક્યું છે : As I altered my syntex, I altered my intellect એટલે કે મેં જેમ મારી પ્રક્રિયાને બદલી એમ મારી પ્રજ્ઞાને પણ નવો ઘાટ આપ્યો. આમ આ વલોણું – મથામણ મને મારી જાતને સમજવામાં ઉપયોગી થઈ રહ્યું છે.

સેવા રૂરલ શરૂ કરતાં પૂર્વે સ્વૈચ્છિક સંસ્થામાં કામ કરવાનું એટલે ગામડામાં જઈને રહેવાનું, સેવા તો ગામડામાં જ કરવાની મળે, આ તે અભણ – ગમાર ગામડીયાઓને સુધારવાનું કામ કરવાનું છે. સરકારી કે અન્ય નોકરી કરતાં

સવલતો ઓછી હોય, પગાર થોડા ઘણા ઓછા હશે, કંઈક ગુમાવીને, ત્યાગ કરીને જોડાઈ રહ્યો છું... મનમાં કંઈક આવા ખ્યાલો જડ ઘાલી ગયેલ એમ કહેવું ખોટું નથી. આ પૂર્વગ્રહોથી પ્રેરિત મન સતત દરેક વાતમાં સરખામણી કર્યા કરે, કંઈક છોડીને આવેલા એટલે બદલાની અપેક્ષા રહ્યા કરે, સરકારી નોકરી – શહેરનું આકર્ષણ અન્ય વિકલ્પ મન સતત ખેંચાયા કરે કોણ જાણે કેમ? આને કારણે સંતોષકારક વ્યવસ્થા હોવા છતાં મનમાં આ ખ્યાલો જંપ વાળીને બેસવા ન દે અસંતોષ રહ્યા કરે, હું આટલું બધું કામ કરું ને તેની સામે મને... સરખામણી કર્યા કરવાનું આ વલણ કોણ જાણે કેમ છૂટતું નથી.

અનુભવી શકું છું, સમજી શકું છું કે સંસ્થાના વિકાસની સાથોસાથ વ્યક્તિગત વિકાસના એક પછી એક ઘણાં પગલાંઓ લેવાતા હોય છે છતાં લાગ્યા કરે કે કંઈક ખૂટે છે, આમ કેમ? શું આત્મવિશ્વાસનો અભાવ હશે? જે તે સમયે.... જે તે પ્રસંગે... જે તે વાતને ધ્યાનમાં રાખી પ્રત્યાઘાત અપાઈ જતા હોય પણ તે વખતે મનમાં રહેલી પેલી વૃત્તિ... જડતા ભરેલા પેલા વિચારોને કારણે આ પ્રત્યાઘાતો હશે.. તેવું સમજી શકાતો નથી માટે દુઃખ અનુભવું છું એટલે જ હવે લાગે છે કે મારે આત્મવિશ્વાસ કેળવવાની જરૂર છે. પણ શું આ જ કારણોને લીધે આત્મવિશ્વાસ કેળવી શકતો નથી ?.... ના, અન્ય ઘણા કારણો છે.

કામને માત્ર કામની દષ્ટિએ જ જોઉં છું એની સાથે ભાવનાત્મક સ્તરે હજુ જોડાઈ શકાતું નથી. મારું અમારું કામ છે તેવું સતત અનુભવી શકાતું નથી. કોઈએ કીધું એટલે મેં કામ કર્યું એના કરતાં મારે કરી લેવું જોઈએ. એ પ્રકારની ફરજની સભાનતા સતત રહી શકતી નથી.

ભાવનાત્મક સ્તરે કામમાં જોડાવું એટલે 'મારાપણા'નો ભાવ અનુભવવો. વ્યક્તિગત બાબતમાં, ઘરના કામમાં, સંદર્ભમાં આમ જ હોવું જોઈએ... આમ જ કરવું રહ્યું... મારું પોતાનું છે એટલે સરસ બનાવજો એવું કહીએ છીએ તેવું સંસ્થાના કામમાં નથી થતું  આ તે કેવી વિચિત્રતા

ઘણા સમયે પહેલાં આપણા ભૂપેનભાઈએ સ્વરચિત એક નાનું શું કાવ્ય મને સંભળાવેલું તેમાંની એક બે પક્તિઓ યાદ આવે છે:

મન કોનું કોણે જાણ્યું છે? – રહેવા દો
ખોટી–મોટીવાતો કરવી – રહેવા દો.

હા, સાવ સાચું છે કે મન કોનું, કોણે જાણ્યું છે, અને એટલે જ હું ઘણીવાર આસપાસના વાતાવરણને દબાણને મનમાં ઊઠતા તરંગોને આધીન થઈ ન કરવાનું કરી બેસતો હોઉં છું અને તેનું કારણ પેલા, પ્રેરાયેલા વિચારોને લીધે, માની લીધેલી હકીકતોને લીધે, ખોટી મોટી મનમાં ઘર કરી ગયેલી વાતો, ઘટનાની કડવાશ વગેરે બાબતો જાણ્યે–અજાણ્યે દોરતી હોય છે.



વધુ સ્પષ્ટતા માટે આંખના નંબર કઢાવવાનું ઉદાહરણ સચોટ રહેશે. આંખના નંબર કઢાવવા માટે તબીબ જુદાજુદા નંબરના કાચ મૂકે છે ત્યારે ક્યારેક, ધૂંધળું, ક્યારેક મોટું, ક્યારેક નાનું, તો ક્યારેક પૂરું ન પણ વંચાય... એમ કરતાં કરતાં અમુક ચોક્કસ નંબરના કાચ મૂકે ત્યારે સ્પષ્ટતાથી બધું જ વંચાય...ને, સાચો નંબર મળે... મારું પણ એવું જ છે. મારામાં એટલી ધીરજ નથી કે બીજો, ત્રીજો, ચોથો નંબર મૂકી સ્પષ્ટ વાંચવાનો પ્રયત્ન કરું. ખરેખર તો મારે મારા અંતરને તપાસી – પિછાણીને સાચી વાતને સમજવાની સ્વીકારવાની જરૂર છે. પેલા સ્વરચિત કાવ્યની બીજી પંક્તિ કંઈક આવી છે:

'તરતી હિમશિલાને દેખો – સમજી લો
ના દેખાતા ભાગની ચર્ચા – રહેવા દો.'

સાતત્યનો અભાવ એ પણ એક મારી મર્યાદા છે એટલે પેલી કહેવત – આરંભે શૂરા... આમ તો વિચારોની આ મથામણમાં હું ઘણું બધું નિહાળી શકું છું...

આજે જ્યારે સેવા રૂરલની એક આભા, શાખ સમાજમાં છે, તેનામાં વિશ્વાસ મૂક્યો છે, સતત મદદ મળતી રહી છે અને આમ એક ઉદાહરણીય ભૂમિકાનું પ્રદાન થઈ રહ્યું છે ત્યારે મને મારી જાતને તપાસવી–તરાસવી યોગ્ય લાગે છે કે જેથી મર્યાદાઓને ઓળખું, તેને દૂર કરવા સતત પ્રયત્નશીલ રહું અને વિશેષ જવાબદારી નિભાવવા. વધુ નિષ્ઠાવાન બનું, વધુ સક્રિય રહું, અહર્નિશ પ્રયત્નશીલ બનું. આ મનોમંથનના અંતે પુનઃ ડબલ્યુ યીટસના વિધાનના પ્રત્યુત્તરરૂપે મારી પ્રક્રિયાને બદલી એમ મારી પ્રજ્ઞાને નવો ઘાટ આપ્યો... 'અંધારું હટતાં અજવાળાને હું જોઈ શક્યો... એ અજવાળુ વધુ ને વધુ પ્રકાશતું જાય એ દિશામાં મને મારી પ્રજ્ઞાને નવો ઘાટ આપવા વધુ પ્રયત્નશીલ રહું એ જ અભ્યર્થના...

(જાન્યુઆરી ૧૯૯૧)

## ૧૩. એક અખબારી ઘટનાની સત્યતા

એક દૈનિક સમાચાર પત્રમાં સેવા રૂરલના તબીબો દ્વારા દર્દીની ઉપેક્ષા  આવા મથાળા સાથે સમાચાર છપાયા – ઝઘડિયાની સેવા રૂરલની હોસ્પિટલમાં.... ગામના.... બહેનનું કુટુંબ કલ્યાણનું ઓપરેશન ....ના રોજ દવાખાનાના એક કર્મચારીએ..... ગામે ટાંકા તોડ્યા.... ટાંકામાં દુઃખાવો.... સેવા રૂરલમાં ડો. ને બતાવ્યું... તપાસ કર્યા સિવાય ખાનગી દવાખાનામાં જવાની સલાહ... તપાસ વગર ફી લીધી...ના રોજ ખાનગી ડોકટરને ત્યાં તપાસ કરાવતાં ટાકાં પાકી ગયા.... એક કીલો જેટલું પરૂ  – હાલ દવા ચાલુ – દર્દીની તબિયત ઘણી જ

ખરાબ – દર્દીને સેવા રૂરલના દવાખાનેથી રજા આપતી વખત ટાંકા કેમ ન તોડાયા ? તેમના બીનઆવડતવાળા કર્મચારીએ એ પરુ થયું કે નહિ તે જોવાની દરકાર કેમ ન કરી? આ બધી વાતો જવા દઈએ પણ સેવા રૂરલ દવાખાનામાં બતાવવા ગઈ ત્યારે સારવાર કેમ ન કરી એ બહુ મોટો પ્રશ્ન છે.

એક બાજુ સમાચારપત્રમાં આ રીતના સમાચાર છપાયા ને બીજી બાજુ દર્દીના વકીલ દ્વારા સંસ્થાને નોટીસ મળી. દર્દીને થયેલ માનસિક પરેશાની અને સારવાર માટે થયેલ ખર્ચ અંગે નુકશાનીનું વળતર ચૂકવવું. કોર્ટમાં કેસ દાખલ થયો.

વલોણામાં આજે આ અંગે વાત કરવી છે. આ વાતને જરા માંડીને તપાસીએ. આ ઘટના અંગે સંબંધિત સર્વ સ્ટાફના ભાઈ–બહેનોને બોલાવી વાત કરી જેથી હકીકત તાદૃશ્ય થાય. ઓપરેશનને કારણે પાક્યું? ટાંકાને લીધે પરુ થયું ? કે ટાંકા તોડવામાં બેદરકારી થઈ ? શું ખરેખર સ્ટાફે ખરાબ વ્યવહાર કર્યો હતો? શું ખરેખર આપણી ભૂલ હતી ? આમ ઘટનાના અંકોડાં મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

હકીકતમાં તે બહેન અહીં કુટુંબકલ્યાણ કાર્યક્રમ હેઠળ પોતાની મરજીથી સ્ત્રી વંધ્યીકરણનું ઓપરેશન (એબ્ડોમીનલ ટીએલ) કરાવ્યું હતું. સરકારના કુટુંબ કલ્યાણ કાર્યક્રમની નીતિ પ્રમાણે ત્રણ દિવસ પછી રજા આપી. ઓપરેશનના સાતમા દિવસે તેના ઘરે જઈને સરકાર માન્ય તાલીમ પામેલ સ્ત્રી આરોગ્ય કાર્યકર દ્વારા ટાંકા તોડવામાં આવ્યા કારણ દર્દી સંસ્થાના પ્રોજેક્ટ ગામની હતી. જેથી દર્દીને હોસ્પિટલમાં લાંબો સમય રહેવું ન પડે તે કારણથી સરકારી નીતિ પ્રમાણે રજા આપવામાં આવી હતી. ટાંકા તોડ્યા પછી દર્દીની તબિયત સારી હતી.

ત્યારબાદ એ ગામમાં વેક્સીનેશનના કાર્યક્રમ દરમ્યાન વિવિધલક્ષી આરોગ્ય કાર્યકર, આંગણવાડીના સુપરવાઈઝર વગેરે પણ દર્દીને મળ્યા હતા. ટાંકામાં રુઝ પણ આવી ગઈ હતી. પણ પેટમાં દુઃખાવાની ફરિયાદ કરતા હતા.... દુઃખાવો વધ્યો.... વેકસીનેશનના બીજા દિવસે ફરી મુલકાત લીધી. મેલેરિયાના તાવ જેવું લાગ્યું લોહી તપાસવા સ્લાઈડ લીધી ને તપાસતાં મેલેરિયા જણાતાં સારવાર માટે દવા આપી – જો કે પેટનો દુઃખાવો ચાલુ હતો. જેથી દર્દી બહેનને ચારેક દિવસ પછી દવાખાનામાં બતાવવા માટે રીફર સ્લીપ લખી આપી. ચાર દિવસ પછી દવાખાનામાં બતાવવા તે દર્દી બહેન આવી. લેડી મેડીકલ ઓફિસર, રેસીડેન્ટ મેડીકલ ઓફિસર તથા સર્જને તપાસ કરી. તપાસતાં યોનિમાર્ગેથી (પરુ)



પાક જતો હતો. તેથી તેમને દવાખાનામાં દાખલ થવા જણાવ્યું. બહેને કહ્યું 'મારી બેબી નાની છે અને ઘરે તો જવું પડશે. હું બપોર પાછી આવીશ.' આમ કહીને તે ગયા. પછી દર્દી બહેન આવ્યા નહિ. દર્દીને PYOMETERA નિદાન થયું હતું. દવાખાનાની તપાસ ફી રૂા. અઢાર હતી પણ તેમની પાસે પૈસા ન હોવાથી ચાર્જ લેવામાં આવ્યો ન હતો. વધારાની દવા પેટે સંસ્થાની સહકારી દવાની દુકાનમાંથી રૂા. પાંચ આપ્યા હતા. આમ દર્દીના ટાંકાની સાથે કે કુટુંબ કલ્યાણના ઓપરેશન સાથે કોઈ સંબંધ નહતો. ત્યારબાદ ખબર પડી કે દર્દીએ અન્ય ખાનગી ડોકટર પાસે જઈને સારવાર લીધી હતી. ટૂંકમાં આ બધી હકીકત તથા ઘટનાના બધા સાચા અંકોડા દર્દી અને તેના સગા સંબંધી સાથે કરવામાં આવી.

તો પછી શું દર્દીએ માંગેલ નુકશાનીનું વળતર ચૂકવવું કે દાવો થતો અટકાવવો? કે પછી આગળની કોર્ટ કાર્યવાહી કરવી કે સમાધાન કરવું ? ન કરવું – મૂલ્યોની કસોટી હતી. આદર્શ અને વ્યવહાર વચ્ચેની કસોટી હતી શું આ ઘટનામાં ભીનું સંકેલવું? આપણા મૂલ્યો ક્યા? આપણી ફરજ શું? આપણી નૈતિકતા કઈ? જાતજાતના પ્રશ્નો હતા. સંસ્થાની પ્રતિષ્ઠાને આંચ આવે તો પણ આપણે આ વિસ્તારના લોકો માટે કંઈક કરી છૂટવાની ભાવના સાથે કાર્ય કરી રહ્યા છીએ. કોઈ સ્વાર્થ નથી, નૈતિકતાનું સમાધાન ક્યારેય ન કરવાનો દૃઢ નિર્ધાર કરેલો... આ નિર્ધારની આજે કસોટી હતી. ભૂલ હોય તો કાન પકડવાની પણ તૈયારી હતી પરંતુ સાચી હકીકતનો લોપ થવા દેવો નહતો.

દિવસો વીતતા ગયા. ગામલોકોએ આ વાત જાણી લોકોને સેવા રૂરલ પર પૂરો વિશ્વાસ. ખરેખર શું આવું બન્યું હતું ? લોકોએ પણ આ વાતનો તાગ મેળવ્યો. સંસ્થાના ફિલ્ડ કાર્યકરો ગામમાં જાય, લોકોને મળે, વાતો થાય, ચર્ચા થાય, હકીકતો રજૂ થાય, ક્યાંય ભૂલ નથી, ખોટી ગેરસમજ છે. ગામના સમજુ શિક્ષિત લોકોને સમજાયું કે જે જગ્યાએ પરુ થયું છે અને તેનો કુટુંબ કલ્યાણના ઓપરેશનના ટાંકા સાથે કોઈ સંબંધ નથી.

ગામલોકોએ દર્દીને અને તેના ઘરવાળાને સમજાવ્યા. અંદરોઅંદર સંવાદ શરૂ થયો. દર્દી તથા તેના ઘરવાળાને પણ લાગ્યું કે કંઈક ખોટું થયું છે પરંતુ વાતને જરા વળ વધુ ચઢેલા તે સહેલાઈથી થોડા ઊતરે ? કોર્ટમાં કેસ ચાલે તેનાથી આપણે તો કંઈ ગુમાવવાનું હતું જ નહિ. સંવાદ ચાલતો રહ્યો. દર્દીને આ કેસ પાછળ જે ખર્ચ થયો તે મળી જાય તો કેસ પાછો ખેંચવા તૈયાર છે એ વાતની જાણ થઈ... આમ જોવા જઈએ તો ખર્ચ મામૂલી હતો.

દર્દી ગરીબ એટલે તેને માટે હમદર્દી ભારોભાર પણ ગરીબ દર્દી ગેરમાર્ગે દોરવાઈ ખર્ચ કર્યો તે ખર્ચના પૈસા ન જ અપાય, ભલે કોર્ટમાં કેસ ચાલે.....

ગામના સમજુ લોકોએ ભેગા થઈ દર્દીને મદદરૂપ થવાના હેતુથી આ કેસના કારણે જે ખર્ચ થયેલો તેના પચાસ ટકા જેટલી રકમનો ફાળો ઉઘરાવી આપ્યો. આ સમગ્ર પ્રક્રિયા અત્યંત ધીરજથી ચાલતી રહી... આખરે દર્દીને અને તેના ઘરવાળાની ગેરસમજ દૂર થતાં તેમને પણ વાત સમજાઈ અને પોતાની જાતે કેસ પાછો ખેંચી લીધો.

(એપ્રિલ ૧૯૯૨)

◈

## ૧૪. અધવચ્ચે તાલિમ છોડી દેતા યુવાનોનો સંઘર્ષ

સેવા રૂરલ સંસ્થાના સહયોગથી ગ્રામીણ તકનિકી કેન્દ્ર પાંચેક વરસથી શરૂ કરવામાં આવ્યું છે. આ સંસ્થા ગુમાનદેવ પાસે બાર એકર જેટલી જમીન પર સુંદર વિશાળ સંકુલ વિકાસ પામ્યું છે. કેન્દ્રનો શુભ આશય ઝઘડિયાની આસપાસના આદિવાસી અને પછાત લોકોના યુવાનોને રોજગારી મેળવવા તાલીમ આપવાનો છે, સંસ્થાને સુદૃઢ બનાવતાં બનાવતાં તો અનેક સમસ્યા ઉદ્‌ભવે તો ખરી જ. આ સંસ્થાની સમસ્યા ડ્રોપ આઉટની છે.

આમ તો ટર્નર, ફીટર, મોટર મીકેનીક, સુથારીકામ વગેરે અભ્યાસક્રમ અહિં ચાલે છે. દાખલ થવા માટે ઘણા ફોર્મ જાય. ઈન્ટરવ્યુ દ્વારા, એપ્ટીટયુડ ટેસ્ટ દ્વારા ટ્રેડ નક્કી થાય. દાખલ થાય. થોડા દિવસ તાલીમ પણ લે. પરંતુ તેમાંના કેટલાક એક યા બીજા કારણોસર તાલીમ છોડી જતા કેમ રહે ? આવું અવારનવાર શા માટે બને? આવું થવાના અનેક કારણો, પરિબળો છે જે નીચે મુજબ છે.

અભ્યાસક્રમમાં દાખલ થતાં પૂર્વેની ભાવિની ભ્રામક કલ્પનાઓ – સ્ટેટસયુકત ખ્યાલ – સાંભળેલી વાતોના આધારે અભ્યાસક્રમની પસંદગી – પોતાના વિકાસ ગામડાના મુકત વાતાવરણમાં, નિયમિતતા, શિસ્ત માટે ભારોભાર અજ્ઞાનતા–પોતાની સામાજીક, રૂઢિગત વ્યવસ્થા – ઘરથી દૂર જવાના પ્રસંગોનો અભાવ–ખેતરમાં કામ કરવાને કારણે ટ્રેડની વારંવાર અદલાબદલી– કલ્પનામાં વિક્ષેપ, સતત કામ અને અભ્યાસ– રજાઓ ઓછી મળે, હોસ્ટેલમાં રહેવું પડે, રખડવા ન મળે– પોતાના કામ જાતે કરવા પડે – સફાઈ કરવી પડે – મનમાં તીવ્ર ઘમસાણ...... તો વળી કેટલાક તાલીમ પામેલાને નોકરી મળે તો તેનાય વળી કેટલાય પ્રશ્નો – ઓછો પગાર – સાહેબ દ્વારા સખ્તાઈના બે શબ્દો કડકાઈથી કહેવાય તો રીસાઈને બધું છોડી જતા રહે. અપડાઉનની મુશ્કેલી – વાહન વ્યવહારની અગવડ – ભરૂચ, અંકલેશ્વર નોકરી મળે તો ઘરભાડું ન પોસાય – બસ ટ્રેનનું ભાડું ન પોસાય – ફેકટરીઓના વાતાવરણ સાથે ઓતપ્રોત થવાનો સંઘર્ષમય સમયગાળો – નોકરી છોડી જતા રહે.

આવા તો કેટલાય પરિબળો છે તો શું કરીએ કે જેથી આ યુવાનો તાલીમ છોડતા અટકે? આના અનુસંધાને મનમાં અનેક તર્કવિતર્ક ઊઠે છે : શું ઔદ્યોગિક તાલીમી સંસ્થા એટલે ટર્નર, ફીટર કે વેલ્ડર ઉત્પન્ન કરનારી જ સંસ્થા છે? સ્થાનિક વિસ્તારનો જે સમાજ છે તેના રોજબરોજના જીવન સાથે આ અભ્યાસક્રમોની સુસંગતતા કેટલી ? જે રીતે તાલીમ કે અભ્યાસ કરાવાય છે તેના ઢાંચામાં પરિવર્તનો જરૂરી નથી ? તાલીમમાં જોડાતા યુવાનો માટે બહુ કડક નિયમો ન રાખતાં તેમની સામાજીક વ્યવસ્થાને અનુરૂપ થાય તેવા નિયમો રાખવા ? પ્રસંગોપાત રજાઓ આપવી? હોસ્ટેલના વાતાવરણને તેના ઘર જેવું બનાવવું ? તાલીમની અગત્યતા માત્ર યુવાનને જ નહિ. પણ તેના મા–બાપને પણ સમજાય તેવા સઘન પ્રયત્નો કરવા? રાત્રે ભજન કીર્તન, રમતગમત, વાંચન, હરવા–ફરવાની પ્રક્રિયાને હોસ્ટેલના રોજબરોજના જીવનમાં સંકલિત કરવી એવું નથી લાગતું ?

ઔદ્યોગિક એકમોને પણ તાલીમ પામેલ વ્યકિતઓની ખૂબ જરૂર હોય છે. આ અંગેની તકલીફ પણ અનુભવવી પડતી હોય છે. ઔદ્યોગિક એકમોએ પણ સમાજના રૂઢિગત માળખાને, વાતાવરણને સમજવું શું જરૂરી નથી? કોઈપણ વ્યકિતને પોતાનું ઘર, કુટુંબ, સમાજ, ધર્મ પ્રથમ સ્થાન પર છે જયારે શ્રમ, કાર્ય વધુ મહત્વનું છે તેવું શિક્ષણ પણ જરૂરી છે. આ સમાજે પણ સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી એ વાતની અગત્યતાને ઓળખવી પડશે.

આમ ચિંતન કરતાં કરતાં જાણે એવું અનુભવાયું કે લોકો ઉદ્યોગો સુધી જાય તેના કરતાં ઉદ્યોગો લોકો સુધી જાય– પહોંચે તેવું આયોજન ગોઠવવાનું ન જોઈએ? અર્થાત્ આ ઉદ્યોગો કોઈ એકાદ જગ્યાએ વિકસે તેના કરતાં તાલુકાઓના મુખ્ય મથકો સુધી વિસ્તરે તો લોકોની ઘણી મુશ્કેલીઓ હાડમારી દૂર થઈ શકે એવું નથી લાગતું ? આમ આવા પ્રશ્નો અંગે અમે પણ કોઈ સર્વે હાથ ધર્યો છે.

◈

(ઓકટોબર ૧૯૯૨)

## ૧૫. રખેને અમે ભુલીએ

સેવા રૂરલના વાર્ષિકોત્સવ પ્રસંગે લખનૌના રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ પૂ. સ્વામી શ્રીધરાનંદજી આવ્યા હતા. એમની સાથે સંસ્થાના કાર્યકરોની ગોષ્ઠિ ગોઠવેલી. આ ગોષ્ઠિમાં સ્વામીજીએ એક પ્રશ્નના જવાબમાં બહુ જ સરસ વાત કરી કે સેવા કામ કરતાં કરતાં તેના ભાવ–વલણના ભોગે તેમજ "સેવાની કામની ગુણવત્તાના ભોગે વિસ્તાર કરવો નહી." આ વાત સૌને સ્પર્શી ગઈ. કંઈક આવા જ ભાવવાળો પત્ર, વાર્ષિકોત્સવના શુભેચ્છા પત્રરૂપે વેડછીથી મુ. શ્રી નારાયણભાઈ દેસાઈનો પત્ર આવ્યો. પત્રમાં જણાવેલું કે :

(૧) તંત્ર વધારશો નહી.

(૨) તત્વ ચૂકશો નહી.

(૩) સમત્વ ખોશો નહી.

આ માર્મિક ટકોરમાં ઊંડે ઉતરતાં પૂર્વે જરા સંસ્થાની વિકાસયાત્રા પર એક નજર કરી લઈએ. ઓક્ટોબર ૧૯૮૦માં હોસ્પિટલ સેવાથી કરેલી પ્રવૃત્તિઓની શરૂઆત એક દાયકામાં અનેકવિધ પ્રવૃત્તિઓના વટવૃક્ષરૂપે વિસ્તરી ચૂકી છે. આજે આઠેક નાની–મોટી પ્રવૃત્તિઓમાં થઈને લગભગ ૧૫૦ કાર્યકરો અહિંયા કાર્ય કરી રહ્યાં છે. આ મુદ્દા તરફ જો કે ઘણીવાર ધ્યાન જતું. અમે અંદરો અંદર વિચાર પણ કરીએ. પ્રવૃત્તિઓનો વ્યાપ અને વિસ્તાર જોતાં નક્કી પણ કરીએ કે હવે નવી પ્રવૃત્તિ શરૂ નથી કરવી પણ... કયારેક લોકોની જરૂરીયાતને લીધે કે પછી કોઈ ચાલી રહેલ પ્રવૃત્તિને વધુ સઘન બનાવવા તેને પૂરક પ્રવૃત્તિ કરવાની જરૂરિયાત ઊભી થતાં વિસ્તાર થઈ જાય છે. આમ, અમારા પ્રયત્નો છતાં સારી એવી પ્રવૃત્તિઓ અને તેનો વિસ્તાર વધ્યો છે, વધી રહ્યો છે. એક તરફ થાય કે હાલ જે પ્રવૃત્તિઓ છે તેને જ વધુ મજબૂત બનાવીએ, તેને જ વધુ અસરકારક બનાવીએ અને નવી પ્રવૃત્તિઓ શરૂ ના કરીએ. તો બીજી તરફ એવું પણ લાગે કે આપણે તો ૪૦ ગામનો નાનકડો વિસ્તાર લઈને જ બેઠા છીએ ઘણી વખત આપણા મિત્રો શુભેચ્છકો ટકોર પણ કરે છે કે તમે તો આટલા નાના વિસ્તારમાં કામ કરો છો તો તેની કેટલી અસર સમાજ પર ઊભી થઈ શકે? આ પ્રશ્નના અનેકવિધ નાના–મોટા અનેક પાસાંઓ છે. અનેક દલીલો થઈ શકે તેમ છે. પણ આપણે આ બધામાં સૌથી અગત્યના એવા મુદ્દા તરફ પાછા વળીએ, આપણા આ 'વલોણા''ને એ મુદ્દા પર જ કેન્દ્રિત કરીએ. આપ સૌ પણ આ વલોણામાં અમારી સાથે જોડાઓ. આપના વિચારો જરૂરથી જણાવશો.



પૂ. સ્વામીજીએ તથા શ્રી નારાયણભાઈએ ખૂબ જ મહત્વની વાત કહી છે ''તંત્ર વધારશો નહી, તત્વ ચૂકશો નહી, સમત્વ ખોશો નહી.'' લોકોનું, સમાજનું કામ કરવા નીકળેલાઓ માટે આ ટકોર ખૂબ જ મહત્વની છે, અને એટલે જ કેટલાક પાયાના પ્રશ્નો ઉદ્‌ભવે છે. આ પ્રશ્નો પર જ સમગ્ર સમાજ વિકાસના કાર્યોની પરિસ્થિતિનું અવલંબન થયેલું છે. વસંતભાઈ પરીખે એક કાવ્યમાં બહુ જ સરસ રીતે આ પ્રશ્નોને આપણી સામે મૂકી આપ્યા છે.

આપણે જે કરીએ છીએ.
તે ધંધો છે કે ધર્મ?
આપણે જેમાંથી રળીએ છીએ.
તેમાં "ફિટ", "મિસફીટ"
કે "અનફિટ" છીએ?
એ વળગણ છે કે વ્રત?
એ લાચારી છે કે વફાદારી?
એ સમજણનું સગપણ છે?
કે પૈસાનું વળગણ?
એ કર્તવ્યની યાત્રા છે કે
વેઠ ગઠિરિયાંની ચાલ?
ભીતર પડેલું છે તેને પોષીએ
છીએ કે શોધીએ છીએ?
આપણી શૈલીને શીલના લગ્ન
થયેલાં છે કે થેલીને દિલનાં?

***

મૂળે સવાલ "દિલ" નો છે
દિલ દઈને કામ કરવાનો.

(જુલાઈ ૧૯૯૩)

## ૧૬. પરિવર્તનની શકયતા ખરી ?....

ગયા વર્ષે ઉનાળાની લગ્નસરામાં ઢોલ ધબૂક્યાં અને શરણાઈના સૂરો વચ્ચે જશોદાનાં લગ્ન લેવાયાં. આ વર્ષે જશોદાને આંગણે સીમંતનાં ઢોલ ધબૂક્યાં. સગર્ભા જશોદા સામાજિક રિવાજ પ્રમાણે સુવાવડ માટે પિયર આવી. સુશીલાબેન, આ ગામનાં આરોગ્ય કાર્યકર, ઘેરઘેર ફરે. માતાઓ, બાળકોને મળે. સુખદુઃખ પૂછે. આરોગ્યની વાતો કરે. સગર્ભા બહેનોની નોંધ કરે. સારસંભાળ રાખે.

સુશીલાબેનને જશોદાના આગમનની ખબર પડી. બસ, સુશીલાબેન તો પહોંચ્યા જશોદાને આંગણે. જશોદાનું નામ નોંધ્યું. પેટ પરથી તપાસ કરી, કેટલા મહિનાનો ગર્ભ છે તેનો અંદાજ મેળવ્યો. જશોદાને તપાસતાં તપાસતાં સુશીલાબેન વિચારે ચઢ યાં. અરે જશોદાને હાથે પગે સોજા છે, શરીરમાં ફીક્કાશ પણ છે. લોહીનું દબાણ પણ ઊંચું છે.' તેમને થયું જશોદાને 'પ્રીકલેમ્પશિયા' છે. જો તાત્કાલિક સારવાર નહી મળે તો શક્ય છે કે જશોદાને સુવાવડ વખતે ખેંચ પણ આવે, બેભાન પણ થઈ જાય. શક્ય છે કે બાળકના જીવનું જોખમ ઊભું થાય. શક્ય છે કે માતાનો જીવ પણ જોખમમાં મૂકાય.

સુશીલાબેને જશોદાને 'સેવા રૂરલ'હોસ્પિટલમાં દાખલ થવા આગ્રહ કર્યો. પણ માને તો જશોદા શાની? એ તો એક જ રટણ કરે. "બાયતીયામ કા? બધી હુવાવડે વાલી ન આય બધોન વયજ કઈ આયા મ ચિંતા કહાના કહ. અન આયામ દવા નેના કા જરૂર છય?" (બેન તમેય શું ? બધી જ સુવાવડની આ બધું થાય જ એમા ચિંતા શાની ? અને સારવાર શું લેવાની?)

સુશીલાબહેને આરોગ્ય કાર્યકર ભાઈ અને સુપરવાઈઝરને મદદે બોલાવ્યા. ત્રણેયની સમજાવટ છતાં જશોદા તૈયાર ન થઈ તે ન જ થઈ. છેવટે ત્રણેય કાર્યકરોએ ધરણાં કર્યા. 'તું દવાખાને નહી આવે તો અમે તારા ઘેરથી જવાના નથી. અહી જ બેઠા છીએ.'ફળિયાનાં પડોશી આવ્યાં. સૌએ જશોદાને ખૂબ સમજાવી.

કોઈક વૃધ્ધા બોલી ઊઠયા, "જત આવ ઈયામ કા પૈસા ખરચના શૈ ? તાં ય થોડાક આરામ ભી મિલય."(જઈ આવને તારે કયાં પૈસો ખર્ચવાનો છે ? થોડોક આરામ પણ મળશે.)

આખરે જશોદાએ નમતું જોખ્યું અને સેવા રૂરલ હોસ્પિટલમા પગ મૂક્યો. સારવાર શરૂ થઈ. ત્રણ બાટલા લોહી આપ્યું. શરીરની ફિકકાશ દૂર થઈ. લોહીનું દબાણ કાબૂમાં આવ્યું. સોજા ઓછા થયા. થોડી શકિત પણ આવી. ડોકટરે જશોદાને થોડા વધુ આરામની જરૂર છે માટે થોડા વધુ દિવસ દવાખાનામાં રહેવા આગ્રહ કર્યો. પણ જશોદાએ ન જ માન્યું. તેના હઠાગ્રહ આગળ સૌએ નમતું જોખ્યું. ઘેર જવા રજા



આપી. સાથે લોહીનું દબાણ સામાન્ય રહે તે માટે ગોળી આપી. જશોદાએ શરૂઆતમાં તો ગોળી લીધી પણ 'શેઠની શિખામણ ઝાંપા સુધી.' ગોળી લેવાની બંધ કરી. તપાસ કરાવવાની ના પાડી. એક જ જીદ પકડી રાખી. 'મને કાંઈ જ થયું નથી. હું સાજી સમીછું. નકામો મારા મનમાં વ્હેમ ન ઘાલો.'

સુશીલાબેનને ખબર હતી કે સુવાવડમાં જોખમ ઊભુ થવાની શકયતા છે. દાયણબહેન માકુદાદીને ચેતવી દીધા. જશોદાની સુવાવડ ઘરે કરવામાં બબ્બે જીવનું જોખમ છે. માકુ દાદી પણ પરિસ્થિતિ સમજી ગયેલાં તેમણે પોતે પણ મનોમન નિશ્ચય કરી લીધો હતો.

જશોદાને સુવાવડનું દરદ ઉપડયું. માકુ દાદીએ તપાસ કરી. જશોદાને કહ્યું "જશોદા, તો બચવું વય તો ચાલ માં હાતી દવાખાન. ની ત તો પયરો બી મત જાય ન તુ બી મત જહાન ઉપર પહોંચી જાહ" (અલી જશોદા, બચુ હોય તો દવાખાને ચાલ. તારું બાળક તો નહી જીવે પણ તુંય ઉપર પહોંચી જઈશ ) હવે જશોદાને જોખમ સમજાયું. સેવા રૂરલ હોસ્પિટલ પર માકુ દાદી જશોદાને લઈ આવ્યાં. દાકતરે જોયું, લોહીનં દબાણ ૨૪૦/૧૫૦ સારવાર ચાલુ કરી. ગર્ભાશયમાં જોડકું હતું. પ્રથમ બાળક મૃતપ્રાય અવતર્યું. બીજા બાળકનો વિકાસ ગર્ભાશયમાં જ રૂંધાયેલો હતો. તેનું વજન ફકત ૧ કિલો ૧૦૦ ગ્રામ જ હતું. તે બાળક જીવતું તો જન્મ્યું. પણ તે દિવસની સાંજ જોવા જીવતું રહ્યું નહી. સદ્દભાગ્યે જશોદા બચી ગઈ.

આ વિસ્તારના લોકો માટે આ તો એક સામાન્ય ઘટના જ ગણાય. પણ કેટલીય જશોદાઓ રીબાતી હશે નાનીઉંમરે પરણી જાય. ઝટપટ સારા દિવસો રહે પણ ગર્ભાધાન, સગર્ભાવસ્થાના પ્રશ્નો, નિયમિત તબીબી તપાસ સારવારની આવશ્યકતા વગેરે બાબતોની સમજ નહિવત્. પરિણામે કાં બાળકનું, કાં માતાનું. કાં બન્નેનું મૃત્યુ

આવી કેટલી જશોદાઓને રીબાવા દેવી, રીબાતી જોયા કરવી, કેટલાં બાળકોને અકાળે કરમાતાં જોવાં ? પણ જો નાની સરખી સાવધાની જાગૃતતા લોકો કેળવે. જેમ કે યોગ્યવયે–ઉંમરે લગ્ન કરે. લગન પહેલાં જ કે લગ્ન થયા પછી તરત જ ગર્ભાધાન ન થવા દે. ગર્ભાવસ્થા કુદરતી વસ્તુ છે. પણ તે વિશેષ સારસંભાળ માંગી લે છે. ગર્ભાવસ્થાને લગતા પ્રશ્નો–બાળ ઉછેર વગેરે અંગેની સમજ ખાસ કરીને પતિ–પત્ની તેમજ તેના કુટુંબીજનો મેળવે અને જો તેનો અમલ થાય તો કેટલીય જશોદાને આવી રીબામણીમાંથી ઉગારી શકીશું કેટલીય જશોદાઓ માતૃત્વનું પરમ સુખ પામી ધન્ય બનશે

( જાન્યુઆરી ૧૯૯૪)

# ૧૭. દાયણબહેનોની તાલીમ

દાયણબહેનોનું એક જૂથ વડોદરા જિલ્લામાંથી અમારે ત્યાં તાલીમ માટે આવેલું હતું. તાલીમનો પહેલો દિવસ હતો. જેમાંનવી આવેલી દાયણબેનો સંદર્ભે વ્યક્તિ તરીકે આવેલી અમારી તાલીમ પામેલી ત્રણ દાયણબેનો અને અમે તાલીમકારો ગોળાકાર બેઠા હતા. આ દાયણબહેનો કેવી રીતે સુવાવડ કરાવે છે? તેમની શું માન્યતાઓ છે તે જાણવા અંગે અમે વાત શરૂ કરી. તેથી તાલીમમાં શું આવરી લેવું. ક્યાં કેટલો ભાર મુકવો તે જાણી શકીએ.

બહેનોએ વારાફરતી પોતાના અનુભવની વાત કરવાનું શરૂ કર્યું. એમ કરતાં 'કસ્તુરીબહેન' નો વારો આવ્યો. સામાન્ય રીતે દાયણબહેનનું નામ આવે એટલે સફેદ વાળ, કરચલીવાળો ચહેરો, સ્મિત કરતું બોખું મોઢું અને ઉભડક પગે બેઠેલી બહેનની છબી ઉપસે. ત્યારે 'કસ્તુરીબહેન' માંડ ત્રીસનાંલાગે. કદ નાનું, દૂબળું–પાતળું શરીર પણ આંખમાં ચમક જબરી દાયણબહેને વાત શરૂ કરી; 'છાજલી ગામમાં મારા મામાની વહુ મધુ ( દીકરાની પત્ની)ને બે દિવસથી લઈને પડી રહ્યાં બહેન છૂટી ના થઈ (સુવાવડ ના થઈ) એટલે સાયકલ લઈને મને તેડવા આવ્યા. હું ગઈ, જઈને જોયું તો બહેનને જોર કરાવી કરાવીને એકદમ થકવી નાંખેલી, આખું ગામ ભેગું થઈ ગયેલું. મેં હાથ મેલ્યો–પારખી લીધું કે છોકરું આડું છે. તેમના ગામની દાયણો હતી જે બેનને લઈને બેઠેલી તેમને પરખાયુ ( તપાસ કરાવડાવી) બધીયો કેય સીધુ છે. ( બહેનના પેટમાં ગર્ભની સ્થિતિ ) મેં તે દાયણોને ઝલાયું કે આ માથું, આ ઢગરા ( હિપ્સ) પછી એવા એ હા કીધી." કસ્તુરી કહે: "બેન છોકરું વાંકુ તે કંઈ હુવાવડ થાય? આમને આમ બેનોને ખોટું જોર કરાવીને મારી નાંખે. મેં ઢગરા આમ ઊંચા ચઢાવ્યા ને માથું નીચું દબાવ્યું. પેઢુંમાં છોકરું લીધુ ને કલ્લા દીધો એટલે છોકરું બહાર પડયું. છોકરું તો જાણે બહાર પડી ગયું પણ કચરું (પ્લેસન્ટા) ઉપર ચઢી ગયું. પેલી દાયણ આંગળી નાંખે, કેય, 'કચરું ઉપર છે.' મે એને બાજુએ ખસાડી. પછી મેં આટલો હાથ નાંખ્યો પણ કચરુ (પ્લેસન્ટા) હાથ ના લાગે. કચરું તે કાળજે ચોંટી ગયેલું. મેં બેનને હરખી કરી. પગ ખુલ્લા કર્યા, પછી બેનની કાયાની બન્ને બાજુ સાથળમાં મારા પગ ટેકવ્યા. હાથ નાંખી જેટલું જોર હતું તેનાથી કચરું પકડીને ખેંચી કાઢયું. હું તો આખી જ લોહીથી ખેડઈ (ખરડાઈ) ગઈ." આટલું સાંભળતાં તો અમારી દાયણબેનો ધની–કેસરી–રતન દાદીના મોઢેથી સીસકારો નીકળી ગયો. અમને પણ અમારા વિસ્તારની 'કાળી'નો આવો કિસ્સો યાદ આવ્યો. દાયણબેનો કસ્તુરીને કંઈ કહે તે પહેલાંઈશારાથી તેમને ચૂપ રાખ્યાં. કસ્તુરીએ વાત આગળ ચલાવી. "તંઈ ઉભેલા



બધાને થયું કે આ બેન ના આવી હોત તો? મધુબેન મરી જાત બધાંજ જોતાં રહી ગયા." 'કસ્તુરી' ના મોઢા ઉપર એક વિજય સ્મિત હતું. એક બહેનને મરતાં બચાવ્યાનો સંતોષ આંખમાંછલકાતો હતો.

અમારાં રૂંવાડા ઊભા થઈ ગયાં હતાં. આટલી કફોડી પરિસ્થિતિમાંપસૈવ પામેલી બહેન જીવતી બચી તેને ભગવાનનો ચમત્કાર જ માન્યો... મૃત્યુ દરવાજે આવી અટકી ગયું. પરંતુ આ આખો પસંગ અમારી સંવેદનશીલતાને ઢંઢોળી ગયો. તાલીમનો દોર અમે સંભાળ્યો. વર્ષ દરમ્યાન જુદાજુદા ચાર તબક્કામાં રહીને આ જૂથની તાલીમ પૂરી કરી. દરેક તાલીમના વિશે આ પસંગ અમારા માનસપટ પર તાજો રહેતો. દાયણબેનોને ખૂબ સારી રીતે તાલીમ આપી શક્યાનો અમને સંતોષ હતો. છેલ્લી તાલીમ વખતે કસ્તુરીબેન મળવા આવ્યાં. ખૂબ જ ધીમા અવાજે કહી ગયેલાં: 'બહેન અમે એવું માનતાં કે સુવાવડ તો અમે કરાવીએ જ છીએ ને તેમાં વળી શું શીખવાનું? પણ જો અમે આવું પહેલાંથી જ શીખ્યાં હોત તો મધુની સુવાવડમાં જે બન્યું તે કોઈ દિવસ પણ ના બનત " પાસે ઊભેલી કેસરી બોલી પડી 'બેન અમે બી પહેલાંઆવાંજ હતાં ને આ છેવા ( સેવા ) રૂરલમાં જોડાયાંને બધું શીખ્યાં, તો દાકતરોની જોડે ચાલતાં થયાં પણ વડોદરાથી આ દાયણબેનો આવી. બીજે બધે? શેરોમાં (શહેરોમાં) તો જાણે સગવડ છે પણ ગામડાંઓનું શું? કંઈ ઊંધુ–ચત્તું થાય ત લોકો દાયણનોનો વાંક કાઢે. ફલાણીએ બેનને મારી નાખી. પણ દાયણ હું કરે? એ કંઈ ભણેલી છે? એની પાહે કંઈ દવાખાનાં જેવા સાધન છે? એક બીજાનું જોઈ જોઈને અમે શીખેલાં. આ તો અવે બધુ ટેનીગ–બેનીગ નીહરયું "

તાલીમ પૂરી થઈ. બહેનો પોતાના ગામે પાછી ફરી પણ વાત આટલેથી અટકતી નથી. કેસરીબેને પૂછેલા પશ્નનો કંઈક જવાબ ખરો? દાયણબહેનોનો પત્ર આવેલો. "તમે સુવાવડ કરાવવાનું બતાવ્યું હતું તે પ્રમાણે કરીએ છીએ. સેવલોન, રૂ વગેરે ખલાસ થયાં છે મળતું નથી. શું કરીએ?" એક સુવાવડ દીઠ માંડ ૧૦ રૂા. મેળવતી દાયણને કયે મોઢે કહીએ કે ખરીદી લો ? પરંપરાગત રીતે કામ કરતી દાયણબેનોને જરૂર છે તાલીમની, સતત સાધનસામગ્રી તેમજ નાણાંકીય પ્રોત્સાહનની. આપણે આ પરત્વે સજાગ છીએ ખરા? જો સમયસર આ બાબતોનું ધ્યાન ન આપી શકાય તો દહેશત રહે છે કે દાયણબહેનો નિરાશ થઈને પાછી જૂની ઘરેડમાં તો નહી ધકેલાઈ જાય ને? વળી આજે એક એવો પણ મત પ્રવર્તે છે કે આ દાયણબહેનો જ નાબૂદ કરી દેવી જોઈએ. આ તર્કને મૂલવતા ગાંધીજીના જીવનનો એક પસંગ યાદ આવે છે. તેમને એક વ્યક્તિએ પૂછેલું "બાપુ, તમને તમારા જીવનકાળ દરમિયાન કઈ વાતનું વિશેષ દુ:ખ છે ?" ત્યારે ગાંધીજીએ જવાબ આપ્યો, "ભણેલાંની

નિષ્ઠુરતા'' આજે આપણા દેશમાં ૭૦ થી ૮૦% જેટલી સુવાવડો ગામડામાં થાય છે. બીજી તરફ તબીબી શિક્ષણની બલિહારી ગણો કે પછી પૂ. ગાંધીજીના તર્કને આગળ લઈએ તો આજે ગામડામાં જઈ કામ કરનારા તબીબો કેટલાં? તેમજ પૂરતી સંખ્યામાં નર્સબેનો ખરી? આ બધી વાસ્તવિકતાઓ જોતાં પ્રશ્ન થાય છે, સરકારે આરોગ્યનું વ્યાપક વ્યવસ્થાતંત્ર તો ગોઠવ્યું જ છે, પરંતુ દેખરેખ, કર્મચારીઓ પાસેથી યોગ્ય અને પૂરતું કામ લેવાની કાળજીનો અભાવ અને સમયસર જરૂરી સાધનો પૂરાં પાડવામાં ઢીલાશ શું જવાબદાર નથી? ...આ સંજોગોમાં શું સમાજ પોતે જ પોતાનું વ્યવસ્થાતંત્ર ન ગોઠવી શકે? આરોગ્ય અને જનસમુદાય વચ્ચે સેતું સમાન દાયણબેનોનું જ્ઞાન વધે, બીનચેપી સલામત રીતે સુવાવડ કરાવવાનું કૌશલ્ય મેળવે તેવી વ્યવસ્થા સ્થાનિક આગેવાનો, સ્વૈચ્છિકસંસ્થાઓ અને સરકારીતંત્ર ભેગા મળી ગોઠવી શકે ખરાં? બાળમૃત્યુ અને માતામૃત્યુ અટકાવવામાં ચાવીરૂપ આ દાયણબહેનોને સામાજિક મોભ્ભો પ્રાપ્ત થાય. તેઓ આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરે તે માટે કંઈ કરી શકાય ખરૂં? પ્રસૂતા તેમજ નવજાત શિશુને વધુ સારી સેવાઓ આપી શકે તે માટે આપણે સૌ સાથે મળી તેમને સક્ષમ બનાવી શકીએ ખરા કે એ વાત ફરી કોઈ વાર

◈ (એપ્રિલ ૧૯૯૪)

## ૧૮. સત્યના પૂજારીએ તો ખબરદાર રહેવું જોઈએ

'સેવા સુવાસ' દ્વારા અમે અમારા સારા–નરસા અનુભવો અને તેમાંથી નિપજતા મનોમંથનની વાતો કરતા રહ્યા છીએ. આ વખતે થોડા વખત પહેલાં બનેલી એક દુ:ખદ ઘટનાની વાત તમારી સાથે કરીએ.

સેવા રૂરલ સંસ્થાએ છેલ્લાં ચૌદ વર્ષમાં વિવિધ પ્રકારે વિકાસ સાધ્યો છે. હોસ્પિટલથી થયેલ શરૂઆતમાં કેટલીય નવી પ્રવૃત્તિઓ ઉમેરાઈ છે અને તે માટે જુદા જુદા વિભાગો અને નવા માણસો સંસ્થામાં જોડાયા છે, જોડાઈ રહ્યા છે. આવા જ એક કાર્યકર છે જે છેલ્લા પાંચ–છ વર્ષથી નાણાંકીય વહીવટ સંભાળતા હતા. ભારતના દૂરના રાજયના એ વતની, શરૂઆતમાં ગામમાં એકલાં રહેતા. પછી થોડાક સમય કુટુંબીજનો સાથે પણ રહ્યા અને વળી પાછા તેઓ એકલા રહેવા લાગ્યા. તેમને કૌટુંબિક પ્રશ્નો પણ ખરા. પરંતુ લાંબાગાળાથી સાથે કામ કરતાં કરતાં વિશ્વાસ અને લાગણીના તંતુથી એકબીજા સાથે જોડાયેલાં.



અચાનક 'મા બિમાર છે જલ્દી આવો' તેવો તાર મળતાં અમારા એ સહકાર્યકર વતનમાં ગયા. પણ ગયા તે ગયા. રજાઓ પૂરી થઈ, પાછા ફર્યા નહી, કોઈ ખર–ખબર નહીં'. તેમને માટે આમ તો આ ઘણું અસ્વાભાવિક હતું. જયારે જયારે એ રજા પર જતા ત્યારે સમયસર પાછા આવી જતા શરૂઆતમાં બધાંએ માન્યું કે મા બિમાર છે, કદાચ વધારે મુશ્કેલી આવી હશે, થોડીક વધુ રાહ જોઈ. અમે એમના કૌટુંબિક પ્રશ્નોથી વાકેફ, એટલે સૌને ચિંતા થવા લાગી. સૌનાં મન, જાતજાતનાં અનુમાન કરવા લાગ્યાં. 'ઘરેથી નીકળ્યા' તો હશે જ ને? 'રસ્તામાં કાંઈ થઈ ગયું હશે', 'કોઈએ કાંઈ કરી દીધું હશે.' આવી જાતજાતની અને ભાતભાતની અટકળો થવા લાગી. આ ભાઈ અમારા એકાઉન્ટન્ટ, સંસ્થાની આવકજાવકના હિસાબનીશ, તેથી કોઈકને વિચાર આવ્યો. હિસાબોમાં ગરબડ તો નથીને? સૌ પ્રથમ તો આવી આશંકા જ રાખવી અસ્થાને લાગી. આપણા પરિવારના સભ્ય શું આવું કરે? અમારો વિશ્વાસ હતો કે અમારામાંથી કોઈ આવું તો ન કરે. વ્યકિતગત લાભ માટે કોઈ આવું કરે તે વિચાર જ અમારી કલ્પના બહારનો હતો. તપાસ કરતાં સત્ય બહાર આવ્યું. હિસાબોમાં ચાર લાખનો ગોટાળો હતો. ખૂબ ઊંડો આઘાત લાગ્યો. અમારામાંનું કોઈ આવું કરી શકે એ વાસ્તવિકતા સ્વીકારવી અઘરી હતી. પરંતુ એક ઉર્દૂ પંકિતની યાદ તાજી થઈ. 'અય બલા, તું આ જીસમેં ખુદાકી રહેમત છીપી હૈ' અર્થાત ખુદાનો બંદો, ઈશ્વરમાં આસ્થા રાખનાર મુશ્કેલીને સામેથી આવકારે છે. તે માને છે કે તેમાં પણ ઈશ્વરની કંઈક કૃપા રહેલી છે. આ પરિસ્થિતિમાં અમને પણ એમ જ લાગ્યું કે અમને કંઈક પાઠ શીખવવા ઈશ્વરે આ પરિસ્થિતિનું નિર્માણ કર્યું હશે. અને યાદ આવી પૂ. ગાંધીજીની ટકોર ''સત્યના પૂજારીએ તો ખબરદાર રહેવું જોઈએ.''

સત્યના આગ્રહની સાથે સાથે સંસ્થાના વહીવટ માટે અમારે ખબરદાર રહેવું જોઈતું હતું. અમે કયાંક ચૂકયા હતા, એનું અમને ભાન થયું. અમે સફાળા જાગ્યા. આ દુ:ખદ ઘટનાની વાત સ્ટાફ મીટીંગમાં કરી. સૌને આઘાત લાગ્યો. દુ:ખ થયું. અમારી નબળાઈ–મર્યાદાનો સ્વીકાર કર્યો. મિત્રો અને શુભેચ્છકોને પત્રો લખ્યા. વર્તમાનપત્રોમાં પણ સમાચાર આપ્યા. 'સુખમાં સાથે અનેક, દુ:ખમાં આવે ન કોઈ' પરંતુ એ કહેવતને ખોટી ઠેરવતા સુખદ પ્રતિભાવો સાંપડયા. જેણે જેણે જાણ્યું તે સૌ અમારી પડખે રહ્યાં. વિવિધ રીતે તેમની ઉષ્મા મળી. કેટલાકે લાગણી પ્રદર્શિત કરી, કેટલાકે નાણાંકીય સહાય આપવાની તૈયારી બતાવી તો કેટલાંકે કહ્યું કે સંસ્થા છે આવું તો ચાલ્યા કરે તમે લોકો વધારે પડતા ચીકણા છો ગોટાળાની રકમને 'રાઈટ ઓફ 'કરી દો. આ તો જીવનની ઘટમાળ છે અને સંસારમાં તો આવું ચાલ્યા જ કરે, પણ....

અમારું મન માનતું નહોતું. પૂ. ગાંધીજીનો ટ્રસ્ટીશીપના સિધ્ધાંત "ટ્રસ્ટીએ સંસ્થાની સંપત્તિ એ સમાજની સંપત્તિ છે. એમ સમજી વહીવટ કરવો જોઈએ. તેનો પાઈ પાઈનો હિસાબ રાખવો..."ની યાદ ફરી તાજી થઈ. આ સિધ્ધાંતના અમલમાં કંઈક ચુકાઈ જવાયું – હિસાબો નિયમિત લખવા, ખોટાં વાઉચર ન મૂકવાં, કાળાબજાર – બે નંબરનું નાણું ન સ્વીકારવું વગેરે વાતોનું ધ્યાન રાખતા હતા. પણ ખબરદારી... ચોક્કસાઈમાં ઢીલા પડયા.

પ્રત્યેક સારું કામ કરનારને અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડે છે. આવી પરીક્ષાથી પરિશુધ્ધ થવાય છે એ વાંચેલું પણ આ ઘટનામાંથી એની પ્રતીતિ અનુભવી. અમારી જાતને તપાસવાની એક વધુ તક મળી. સંસ્થામાં બીજા 'એકાઉન્ટન્ટ' હતા, ઓડીટર હતા, કન્સલટન્ટ હતા, છતાંય આવું થયું....રહી ગયેલી ત્રુટિઓ, ઢીલાશ થયેલ ભૂલો વિવિધ બાબતો ઉપર નિષ્ણાંતો સાથે વિચારવિમર્શ કર્યા અને વિવિધ સુધારાઓ કરીને, હિસાબો જાળવવાની નવી વહીવટી વ્યવસ્થા શરૂ કરી.

અમને મદદરૂપ થવાનો કોલ આપનાર સૌ મિત્રો અને શુભેચ્છકોનો અમે અંતરથી આભાર માન્યો. પણ આ રકમ અમે સૌએ અમારી સામૂહિક જવાબદારી સ્વીકારી ભરપાઈ કરવાનું નક્કી કર્યું. સૌ કાર્યકરોએ પોતાનો એક દિવસનો પગાર આપ્યો, કોઈક આખા વર્ષનું ઈન્ક્રીમેન્ટ આપ્યું તો કેટલાકે સામટા નાણાં આપ્યાં. કેટલાકે દર માસે નિયમિત પણે ચોક્કસ રકમ પગારમાંથી કપાવી. બધી ખોટ ચાર–પાંચ વર્ષમાં ભરપાઈ કરવાનું નક્કી કર્યું. પૂ. ગાંધીજીનું કથન "હું એ માર્ગ જાણું છું. એ માર્ગ તલવારની ધાર જેવો તીક્ષ્ણ અને સાંકડો છે. એના પર ચાલતાં હું આનંદ અનુભવું છું. જ્યારે ચલિત થાઉં છું. ત્યારે રોઉં છું. ઈશ્વરનું વચન છે. જે શુભનિષ્ઠાથી પ્રયત્ન કરે છે. તેનો કદી નાશ થતો નથી..."યાદ આવ્યું. અમને અમારા મિત્રો અને શુભેચ્છકો તરફથી જે ઉષ્મા–હૂંફ મળ્યાં તેણે અમારી શ્રધ્ધાને દઢ બનાવી અને સેવાના આ બેધારી તલવાર જેવા માર્ગ પર ચાલતા રહેવાનું બળ આપ્યું.

આ અનુભવમાંથી અનેક પ્રશ્નો ઉઠયા છે. (૧) મૂલ્યો આધારિત ચાલતી સંસ્થાઓના વ્યાપની આંકણી કરવાનાં કોઈ ધારાધોરણ હોઈ શકે ? (૨) વિકેન્દ્રીકરણ આવકારદાયક છે જો એનું ઔચિત્ય જળવાઈ રહે. પણ એના અતિરેકમાં તપાઈ ન જવાય તે માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો કઈ કઈ? (૩) છેવાડાના માણસોની સાથે રહીને કાર્ય કરતી સંસ્થાઓમાં અનુભવી, ટેકનિકલ–નિષ્ણાંત માણસોની અછત પૂરી કરવા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી શકાય....?

(ઓક્ટોબર ૧૯૯૪)



## ૧૯. હોંકારા, દેકારા અને પડકારો

સેવા રૂરલ હોસ્પિટલ અંગે થોડા મહિનાઓ પહેલાં વર્તમાનપત્રોમાં આવેલ વિરોધાભાસી સમાચાર આપ સુધી પણ પહોંચ્યા જ હશે. સેવા રૂરલના એક હિતચિંતક તરીકે આપને સાચી હકીકતો અને ઘટનાઓથી વાકેફ રાખવાનો આ એક પ્રયત્ન છે.

તા. ૩૧મી મે ની મધરાતે સેવા રૂરલની એક નર્સબેન જ્યારે નાઈટ ડયુટી પર હતી ત્યારે તેના પતિએ હોસ્પિટલમાં આવી જ્યાં અન્ય એક બહેનની ડીલીવરી થઈ રહી હતી તે લેબર રૂમમાં દાખલ થવાનો આગ્રહ રાખ્યો હતો. આથી ફરજ પરના જે તે ડોકટરોએ તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેને કારણે તેણે ડોકટરો સાથે ઉગ્ર ભાષામાં બોલાચાલી અને ગાળાગાળી કરી "બીજા દિવસે જોઈ લઈશું" એવી ધમકી આપી તે ભાઈ ચાલી ગયા હતા.

બીજા દિવસે એટલે કે પહેલી જૂનની સવારે જ્યારે ઓ.પી.ડી. માં દર્દીઓને તપાસવામાં આવી રહ્યા હતા ત્યારે તે ભાઈએ હોકી લઈ તેમના સાગરીતો સાથે હોસ્પિટલમાં આવી દર્દીઓની હાજરીમાં સેવા રૂરલના છ જેટલા ડોકટરોને માર માર્યો હતો, તેમનાં કપડાં ફાડી નાંખ્યાં હતાં અને લોહીલુહાણ કરી ડોકટરોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ કારણે સ્વાભાવિક રીતે દર્દીઓમાં ગભરાટ અને ભય તેમજ સેવા રૂરલના સ્ટાફમાં પણ ઉત્તેજના અને ઉશ્કેરાટ વ્યાપી ગયાં હતા. પરંતુ સંસ્થાએ ખૂબ જ સંયમથી કામ લીધું હતું અને સ્થાનિક પોલીસને મદદે બોલાવતાં મામલો શાંત પડયો હતો.

આ જ વ્યકિત દ્વારા અગાઉ પણ હોસ્પિટલમાં સ્ટાફને ધાકધમકી આપવાના બનાવો બનેલા હતાં. પરંતુ ત્યારે અરસપરસ સમજાવટથી તેણે માફી માગી લેતાં વાત આગળ વધી ન હતી, પરંતુ જ્યારે એ જ વ્યકિત ( જે રાજકીય રીતે હાલ કાર્યશીલ છે અને જિલ્લા પંચાયતના સભ્ય તરીકે હમણાં જ થઈ ગયેલ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી ) દ્વારા આ રીતે જાહેરમાં ડોકટરોને માર મારવાના પ્રસંગ બન્યો ત્યારે તો એવું લાગ્યું કે હવે તો એ હદ ઓળંગી રહ્યા છે. આથી સેવા રૂરલ માટે તો કાનૂની રીતે જરૂરી કાર્યવાહી થઈ શકે તે માટે તે જ દિવસે પોલીસ ફરિયાદ નોંધાવવા સિવાય બીજો કોઈ માર્ગ રહ્યો નહીં. સાથોસાથ સ્ટાફ માટે પોલીસ રક્ષણ પણ મેળવવામાં આવ્યું. ગામ લોકોમાં પણ આ બનાવના ઉગ્ર પ્રત્યાઘાતો પડયા અને એમાંથી કેટલાકે સેવા રૂરલની પડખે ઊભા રહી જરૂરી હૈયાધારણ પણ આપી.

સંસ્થા દ્વારા આ બનાવની પોલીસમાં ફરીયાદ નોંધાતાં અને સમાજમાં પોતાની છાપ ખરાબ પડતી દેખાતાં એ તત્વોએ સંસ્થાને બદનામ કરવાના ઈરાદાથી બીજા દિવસે

ડોકટરો વિરુધ્ધ તે નર્સની છેડતી કરવાની તદ્દન ખોટી, બેબુનિયાદ ફરિયાદ નોંધાવી. આમ જે યુવાન ડોકટરો એક તરફ આ હોસ્પિટલમાં માનવસેવાનું ઉમદા કાર્ય કરવા માટે દૂરદૂરથી પોતાનાં સગા સંબંધીઓ છોડીને અહીંના ગરીબ, આદિવાસી અને ગ્રામીણ સમાજની શુશ્રૂષા માટે સતત જહેમત ઉઠાવી રહ્યા છે. ત્યારે બીજી તરફ એ સમાજના લોકોમાંથી જ આવો અમાનવીય વર્તાવ બદલામાં મળે, તેમની ઉપર હોસ્પિટલની નર્સબેન દ્વારા જ પાયાહીન ઉપજાવી કાઢેલ અને હળાહળ જૂઠા આક્ષેપો થાય અને તેની વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાય ત્યારે આ બધાંને કારણે ઉદ્ભવતા માનસિક ત્રાસને કારણે ડોકટરો માટે એવી તનાવપૂર્ણ પરિસ્થિતિમાં દર્દીઓની શુશ્રૂષા ચાલુ રાખવાનું અતિવિકટ બનતું જાય તે સ્વાભાવિક છે.

સેવા રૂરલ છેલ્લાં ૧૫ વર્ષથી ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના ગ્રામીણ, ગરીબ અને આદિવાસી જનતાના વિકાસ માટે હોસ્પિટલ, કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટ, બહેનો માટે રોજગારી, યુવાનો માટે ટેકનિકલ તાલીમ કેન્દ્ર, ગ્રામોદ્યોગો વિગેરે પ્રવૃત્તિઓ શાંતિપૂર્વક, બીનરાજકીય રીતે વિકસાવી રહ્યું છે એનાથી તો આપ સતત માહિતગાર રહ્યા જ છો.

આથી સેવા રૂરલમાં અત્યારે જે અનિચ્છનીય બનાવો ઉદ્ભવ્યા છે તેના વિશે પણ આપને સાચી હકીકત અને માહિતી આપવાનું અમે મુનાસિબ માન્યું છે. આવા ઉમદા સેવાભાવના કાર્યો કરતી વિવિધ સ્વૈચ્છિક સંસ્થાની સામે તો આવા પડકારો આવતા જ રહેવાના. અને એવા પડકારોનો સામનો સેવા રૂરલ નિર્ભયતાથી કરી શકે એ માટે આપનો પ્રત્યક્ષ અને પરોક્ષ બન્ને રીતે જરૂરી સાથ સહકાર અને હૂંફ મળતાં જ રહેશે એવી અમારી શ્રદ્ધા અને વિશ્વાસ છે.

◈

(એપ્રિલ ૧૯૯૫ )

## ૨૦. લાંબો પંથ, અથાગ પરિશ્રમ

અમારા વિસ્તારનું એક ગામ મોતીપરા, જવા માટે પાકો રસ્તો ન મળે. ગાડું જવા માટેનો ચીલો. વચમાં ખાડી કોતર આવે. ઊંડાણનું ગામ. મોતીપરા ગામની મુલાકાતે અમારા આરોગ્ય કાર્યકર જીતુભાઈ ગયા. ગામમાં પહોંચ્યા. ત્યાં તો તેમણે એક બાળકની ચીચીયારીઓ સાંભળી. જીતુભાઈના પગ થંભી ગયા. એક નાનકડી બાળા. નામ એનુ ચંપા. ''હાથપગ દોરડી ને પેટ ગાગરડી." છાતીમાં પાંસળીઓ દેખાય. હાથપગ લાકડી જેવા પાતળા અને પેટનો ભાર લઈને જાણે ચંપા જીવન–મરણ વચ્ચે ઝોલા ખાતી હતી. દાદીને પૂછતાં દાદીએ કહ્યું : ચંપાને ''મોબારખી'' થઈ.



અહીંના લોકો બાળકોમાં આવુ કુપોષણ થાય તેને ''મોબારખી" નામથી ઓળખે, કોઈ સુકતાન કહે. દાદીમાને પૂછ્યું, 'દાદી, કઈ દવા કરાવી'? જવાબ મળ્યો 'દવા કેવીને વાત કેવી? મોબારખી કઈ દવાથી મટે ? દાદીમાને ચંપા પ્રત્યે લાગણી તો ખરી જ. દાદીમાએ સાત દિવસ સુધી એને માખી ખવડાવેલી પહેલા દિવસે એક, બીજા દિવસે બે, ત્રીજા દિવસે ત્રણ.... એમ સાતમા દિવસે એવી જ રીતે પાછા ઊતરતા ક્રમે ખવડાવવાની. છેલ્લા દિવસે એક માખીને સાવરણીની ઝાપટ મારી માખ પકડી ગોળની અંદર ધોળીને ખવડાવે. બાળક ઉલ્ટી કરે તો સમજવું કે એને 'મોબારખી' થઈ નથી.

સાથે સાથે બાળકને ડામ આપે, બાળકની પીઠ પર છાણ ઘસે અને રુંવાટી ખેંચે, રુંવાટી ખેંચાતી જાય ને બાળક ચીસ પાડતું જાય....

જીતુભાઈને આવાં કરૂણ દ્રશ્યો રોજે રોજ ગામડાઓમાં જોવા મળતાં. અને આંખમાંથી આંસુ ટપકતાં. અને મનમાં વિચારતા, "શું અંધશ્રદ્ધાઓ અને માન્યતાઓ દૂર ના કરી શકાય?..... આવું ક્યાં સુધી ?''

હોસ્પિટલની ઘટના. સગર્ભા સવિતાબેનને ગાડીમાં નાંખી દવાખાને લઈ આવ્યા. સવિતાથી ચલાતું નહોતું. શ્વાસ ચડે, મોં પર ફિક્કાશ, પેટમાંના બાળકની તો વાત બાજુ પર પણ એને તો જાણે પોતાના જ શરીરનો ભાર લાગે. એના સગાંઓએ કહ્યુ 'એને તો કમળો થયો છે.'

ડોકટરે તપાસ કરી.... લેબોરેટરીમાં લોહીનું પરીક્ષણ થયું. પરિણામે નિદાન થયું. ગંભીર પાંડુરોગ, ''બેન, તારા શરીરમાં લોહી ખૂબ ઓછું છે''. ડોકટરે આવીને કહ્યું : ''માતા અને બાળકને બચાવવું હોય તો લોહી આપવું પડશે.'' સવિતાના પતિ શનાભાઈ કહે : 'સાહેબ, હું તો મજૂરીઓ, મારામાં લોહી ક્યાંથી હોય તે આપું ?' ત્યાં જ સવિતા બોલી, 'સાહેબ, હું ભલે મરી જાઊં પણ મારા ઘરવાળાનું લોહી ના લો.'

સવિતાની પરિસ્થિતિ ગંભીર હતી, તાત્કાલિક લોહી આપવું પડે તેમ હતું. પતિ ના પાડે, પાસે પૈસા નથી, સવિતાને બચાવવી જ પડે. શું કરવું? માનવતા મ્હેંકી. ડોકટરે જ પોતાનું લોહી આપ્યું.

આવી અનેક સવિતાઓ અહીં આવે છે. કેટલીય સવિતાઓ ગંભીર પાંડુરોગથી પીડાતી હશે ? શું આ ગંભીર પાંડુરોગ ના થાય તે માટે ગ્રામ્ય સ્તરે જ સારવાર ના થઈ શકે? શું શનાને લોહી આપવાથી નુકશાન ન થાય તેની સમજ ન આપી શકાય ? સવિતા જેવી બેનો છેલ્લી વખતે મરણ પથારી પર હોય ત્યારે દવાખાને આવે તો ડોકટર શું મદદ કરી શકે ? આવા તો ઘણાય અનુભવો થાય. ઓરી રોગ

થાય તો નવમા દિવસે માતાજીને પગે લગાડે તે પછી જ સારવાર કરાવે. ઓરી રોગની આડ અસરથી થતા ન્યૂમોનિયા, ઝાડા–ઉલટી, મેનીન્જાયટીસના બાળકોથી દવાખાનાનો વોર્ડ ભરાતો કેટલાંક બાળકો તો મરી જતાં. માતા થવાનાં સ્વપ્ન સેવતી કંઈક માતાઓ સુવાવડમાં મરી જતી. ધનુરની રસીથી અટકાવી શકાય તેવા ધનુર રોગથી નવજાત શિશુઓ મરી જતાં. ઝાડા–ઉલ્ટી થાય ત્યારે તીવ્ર! જળશુષ્કતાથી બાળક દવાખાને આવે ને બોટલ ચઢાવવા પડે પણ તે પહેલાં ઘરે જ ઉપલબ્ધ એવાં પ્રવાહી તેમજ ખાંડમીઠાના શરબતની સલાહ કેમ ન મળે? સગર્ભાવસ્થામાં દૂધ ન ખવાય જેવી કેટલીય માન્યતાઓ પ્રવર્તે છે. ચંપાને માખી નહી પણ સીંગચણા ખવડાવવાની જરૂર છે. એ તેના દાદીમાને ન સમજાવી શકાય? ઓરી જેવા રોગોને બાળકોને રસીકરણ દ્વારા રક્ષિત કરી શકાય છે. એ શું એના મા–બાપના હૃદયમાં ના ઉતારી શકાય? જરૂર કરી શકાય, એ આત્મવિશ્વાસ અને શ્રદ્ધા સાથે વંચિત અને શોષિત ગ્રામ્ય સમાજને આરોગ્ય વિષયક માહિતી પપેટ–શો, સ્લાઈડ–શો જેવા જુદાજુદા માધ્યમો દ્વારા આપવાની સાથે સાથે ગામમાંથી સાચી સલાહ અને સારવાર મજૂરીનો રોજ ગુમાવ્યા વગર મળી રહે તે માટે ગામના જ પોતાના જ દાક્તર બનાવ્યા. છેક છેવાડાના ગામોમાં ઘણું કામ છે ત્યાં પહોંચવું છે...જાગરુકતા લાવવી છે... સતત મંડ્યા રહેવું છે.... કે જેથી દૂર હોસ્પિટલમાં મળતા મોંઘીદાટ દવાઓના અને હોસ્પિટલે પહોંચાડવાના ભાડાના ખર્ચામાંથી જ ગરીબ ગ્રામ્યજનો બચી શકે. એક દાયકા સુધી લોકોની વચ્ચે રહીને તેમની સાથે ખભેખભા મીલાવીને સતત મથામણો અને પ્રયત્નોને અંતે જરૂર ઉજાશ દેખાવા માંડ્યો છે. પણ પંથ ઘણો લાંબો, વિકટ અને કપરો દેખાય છે. અને આ સાથે ઘણાં સવાલો ઉદ્ભવે છે. શું આર્થિક, સામાજિક અને વ્યાપક લોક શિક્ષણ વગર ગામડાઓ સ્વાસ્થ્ય માટે પગભર થઈ શકશે ખરાં? તેની જવાબદારી કોણ લઈ શકશે? સરકાર...? સ્વૈચ્છિક સંસ્થાઓ..? ગામના જ લોકો..? કે પછી બધાં સાથે મળીને...? આ કેટલે અંશે શક્ય બનશે? તેના માટે કેટલી રાહ જોવી પડશે....?

(સપ્ટેમ્બર ૧૯૯૫)

◈

## ૨૧. હજુ તો સહકાર મળે તો ઘણું ઘણું કરવું છે...મંડયા રહેવું છે....

સાંજનો સમય હતો. ઝઘડિયાથી પચ્ચીસ કી.મી. દૂર આવેલ, ઉમલ્લા નજીક ટેમ્પો અથડાતાં તાત્કાલિક સારવાર માટે સેવા રૂરલ દવાખાનામાં દાખલ થયા. બધા લોહીથી ખરડાયેલાં, કોઈને પાટાપીંડી, કોઈને ટાંકા, તો કોઈ ગંભીર



પરિસ્થિતિમાં...એક તરફ ચારે બાજુ દર્દીઓની ચીસાચીસ તો બીજી તરફ લોકોનો ધસારો... ટોળેટોળાં... દવાખાનાના આયાથી માંડી ડોકટરો સુધીનો બધો જ સ્ટાફ બીજું બધું કામ પડતું મૂકી ઘવાયેલાઓની સારવારમાં વ્યસ્ત થઈ ગયા. જ્યારે બીજી બાજુ દવાખાના વોર્ડમાં ત્રણ બહેનો પ્રસૂતિની પ્રસવપીડાથી કણસી રહેલી...પણ આ બહેનોનો કોણ બેલી? સેવા રૂરલમાં આવ્યા છતાં પણ જાણે અસુરક્ષિત... પણ કોણ કોને સમજાવે ...? દૈનિકપત્રોમાં ઘણીવાર આવા સમાચાર મોટા હેડીંગમાં જોવા મળતા હોય કે 'ગોવાલી' ગામ નજીક જીપ અને ટેમ્પો અથડાતા, અગિયાર માણસોના મૃત્યુ... સાત ગંભીર હાલતમાં....'

'ઝઘડિયા ચાર રસ્તા પર બસની રાહ, જોતાં મુસાફરો પર ટ્રક ફરી વળતાં નવ વ્યક્તિનાં મૃત્યુ...

'ઉમલ્લા નજીક ટ્રક –ટેમ્પો અથડાતાં ચાલીસ જખ્મી બન્યા, નજીકના દવાખાનામાં તેમને તાત્કાલિક સારવાર અપાઈ રહી છે.'

જ્યારે બીજી બાજુ આપણા ગુજરાતમાં રોજ પાંચથી દસ બહેનો સુવાવડ દરમ્યાન અકાળે મોતને ભેટે છે... દરરોજ પંચોતેર થી સો જેટલા બાળકો પોતાનો પહેલો જન્મદિન ઊજવ્યા વગર પરલોક સિધાવે છે. આ તે કંઈ સમાચાર કહેવાય? .... પણ આ બધું તો રોજનું થયું... આવા સમાચારોથી વાંચકોનું હૃદય દ્રવી ઊઠશે ખરું?

જો કે અમારામાંથી ઘણાને બાળપણથી જ આ બધા લોકો માટે કંઈક કરી છૂટવાની તમન્ના હતી તેથી જ તો અહી ઝઘડિયા ભેગા થયા છીએ. અમે અમારા કાર્યકરો, શુભેચ્છક મિત્રો, તેમજ સ્થાનિક ગ્રામ આગેવાનોએ ભેગા થઈ સહચિંતન કર્યું વળી અનેકોની સાથે પત્રથી કે રૂબરૂ મળી ચર્ચા કરી. સેવા રૂરલની મુંઝવણ, દ્વિધા પણ જણાવી. બધાના અભિપ્રાય પણ જાણ્યા... બધા એ હકીકત સાથે સંમત હતા. જ્યારે સેવા યાત્રાના ડગ માંડેલા ત્યારની અને અત્યારની સ્થાનિક, સામાજીક, આર્થિક અને પર્યાવરણની પરિસ્થિતિમાં બહુ મોટું પરિવર્તન જણાઈ રહ્યું છે તેમાં વળી ઝઘડિયાની નજીકમાં એક મોટી ઔદ્યોગિક વસાહત સ્થપાઈ રહી છે તો આવી બદલાતી પરિસ્થિતિમાં સેવા રૂરલે હવે આરોગ્ય ક્ષેત્ર શું કરવું? એક વિકલ્પ એ હતો સેવા રૂરલમાં જ ઉદ્યોગલક્ષી સુવિધાઓ ઊભી કરવી, વધારવી. પરંતુ મોટો પ્રશ્ન એ હતો કે ગ્રામ્ય વિસ્તારમાં કામ કરવા માટે અમને પ્રતિબદ્ધ અને સમર્પિત નિષ્ણાત સર્જન, એનેસ્થેટિસ્ટ જેવા ડોકટરની મેળવવામાં પડતી મુશ્કેલી. કોઈક મળે તો તેમની લાંબા સમય અહી કામ કરવાની તૈયારી પણ ન હોય. વળી ડોકટર માટે તો પ્રાયવેટ પ્રેક્ટીસનું કે શહેરનું આકર્ષણ હોય એ સ્વાભાવિક છે.

જ્યારે બીજી બાજુ સેવા રૂરલમાં જે સમર્પિત ડોક્ટરો અને પાયાના કાર્યકરો કે જેમણે જીવનમાં ગામડાઓના વંચિતો માટે કંઈકકરી છૂટવું છે તેઓનો મોટાભાગનો સમય મેડિકો લીગલ કેસો, ઔદ્યોગિક વસાહતોના દર્દીઓની સારવાર તેમજ ઔદ્યોગિક મેનેજમેન્ટ તેમજ ત્યાંના મુકાદમોની અસંવેદનશીલતા અને વ્યાપાર મનોવૃત્તિનો સામનો કરવામાં જ જવા માંડ્યો. આ કારણે સ્વાભાવિક રીતે તેમને પણ પ્રશ્ન થાય કે શું અમે ફક્ત આ કામ માટે જ અહિં આવ્યા છીએ? આ ઉપરાંત નર્સિંગ સ્ટાફ, સાધનો તેમજ દવાખાનામાં જગ્યાનો અભાવ તો હતો જ. આથી બીજો વિકલ્પ એ દેખાયો કે ગ્રામ્ય વિસ્તારની નિઃસહાય અને છેવાડાના માણસને ધ્યાનમાં રાખીને તે માટેની હાલમાં જે સેવા આપવામાં આવે છે, તેને વધારે ઘનિષ્ઠ બનાવવી અને એ માટે હોસ્પિટલમાં જરૂરી ફેરફાર કરવા.

દિવસો.... મહિનાઓની આમ ઘનિષ્ઠ ચર્ચા વિચારણા મતમતાંતરો અને સૌનો અભિપ્રાયના અંતે એવો નિર્ણય લેવામાં આવ્યો કે હાલમાં અપાતી કેટલીક સેવાઓ જેવી કે સર્જરી, અકસ્માત, મારામારીને લીધે થતી ઈજાઓ તેમજ અન્ય મેડીકો લીગલ કેસની ઘનિષ્ઠ સારવાર સેવા રૂરલમાં આપવાને બદલે તેઓને પ્રાથમિક સારવાર આપી ભરૂચ કે અંકલેશ્વરની હોસ્પીટલોમાં રીફર કરવા સરકારશ્રી સાથે પણ આ બાબતે ચર્ચા કરી. વળી ઝઘડિયામાં જ આવેલ રેફરલ હોસ્પિટલને કારણે મેડીકો લીગલકેસને સારવાર આપવામાંથી સેવા રૂરલને મુક્તિ મળે એ માટેની સરકારશ્રી તરફથી મંજૂરી પણ મેળવી.

સેવા રૂરલમાં માતૃબાળ કલ્યાણ સેવાઓ, ટી.બી., આંખ, મોતિયો જેવા રોગોની સંભાળને વધુ ઘનિષ્ઠ બનાવવા માટે જરૂરી વિશેષ સગવડો ઊભી કરવાનું નક્કી થયું કે જેથી ઉપરોક્ત વિભાગોમાં શહેરમાં મળી રહે તેવી આધુનિક સાધનોની ઉચ્ચ પ્રકારની ગુણવત્તાવાળી સારવાર ગામડાના વંચિતોને પણ પ્રાપ્ય થઈ શકે. તેથી બાળરોગ નિષ્ણાંત, સ્ત્રીરોગ નિષ્ણાત તેમજ આંખના તબીબોની સેવા ચોવીસ કલાક માટે વધુ સુદ્રઢ બનાવી.

ભવિષ્યમાં વંધત્વ નિવારણ કેન્દ્ર, સુવાવડ બાદની સંભાળ–સાવચેતી કેન્દ્ર તેમજ વેલબેબી કલીનીક માટેની નિષ્ણાંત સેવાઓ ઊભી કરવાનું આયોજન થયું છે. ટી. બી. ના વધતા પ્રમાણને લીધે ટી. બી. કેન્દ્રની સેવાઓને પણ વધુ ઘનિષ્ઠ બનાવાઈ રહી છે. સારવારની સાથે સાથે જરૂરી આરોગ્ય શિક્ષણ અપાય, દર્દીઓ નિયમિત સારવાર પૂરી કરે તે પર વધુ ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે. આંખનો મોતિયા અને બાળઅંધાપો નિવારવા માટે, આંખના અન્ય રોગો માટે આંખ વિભાગને પણ અત્યંત આધુનિક સાધનો વડે સુસજ્જ કરાઈ રહ્યો છે.



અઠવાડિયામાં એકવાર ઓપરેશનોની સગવડ તથા સર્જીકલ કેમ્પ, નાક–કાન–ગળાના કેમ્પ, ગાયનેક કેમ્પ, બાળરોગ નિદાન કેમ્પ જેવા વિવિધ કેમ્પોનું આયોજન પણ વિચારવામાં આવ્યું છે.

ટૂંકમાં અંતે સેવા રૂરલમાં સમર્પિત ડોક્ટર્સ ને પાયાના કાર્યકરો કે જેમને ગામડાઓના વંચિતો માટે ગરીબો માટે કંઈક કરી છૂટવું છે તે જ ધ્યેયને વધુ અને પાયાનું મહત્વ આપવાનું નક્કી કર્યું. શું વિકાસના નામે વંચિત વધારે ને વધારે વંચિત તો નથી રહી જતો ને?

કોઈકે તો સમાજના વંચિત માણસોય ઉપર ધ્યાન તો આપવું જોઈએ ને?

અને એ અમારી મર્યાદાઓને ધ્યાનમાં લઈને વંચિતો માટે વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું... આશા છે અમારી દ્વિધા અને મનોમંથનમાં આપ પણ સહભાગી હશો જ. મિત્રો અમારા આ મનોમંથન પછીના નિર્ણયો અંગેના તમારા વિચારો પણ જણાવશો તો ગમશે....

(ઓક્ટોબર ૧૯૯૫)

◈

## ૨૨. લોકો જાગે તો પ્રશ્ન ઉકેલાય

અમારી આંગણવાડીના અનુભવની વાત આ વખતે કરીએ છીએ. આ અનુભવોમાંથી ઉદ્ભવતા વિચારો તેમજ પ્રશ્નોનો ઉકેલ મળી શકે ખરો? વિચાર મંથનમાંથી યોગ્ય માર્ગદર્શન વડે માર્ગ મોકળો કરવાનો પ્રયત્ન અહીં કરીએ.

મોટાસાંજા ગામની વાત છે. ઝઘડીયાથી ઉત્તરે ૪ કિ. મી. ના અંતરે આવેલું ગામ. વસ્તી નવસોની આસપાસ. ગામમાં મુખ્યત્વે આદિવાસી, બ્રાહ્મણ, રાજપૂત, તેમ જ હરિજનોના કુટુંબોની વસતિ. ગામમાં સુખી સંપન્ન લોકો ય રહે અને ગરીબ પણ. આ ગામમાં સેવા રૂરલ સંસ્થા દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ ચાલે જેવી કે આરોગ્ય, આંગણવાડી કેન્દ્ર, વિગેરે.

આંગણવાડી કેન્દ્ર માટે ગામની ભાગોળમાં જ જનસહયોગથી પાકું મકાન (હેલ્થ પોસ્ટ) બનાવવામાં આવેલું છે. આ મકાનમાં આંગણવાડીની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. પૂરક પોષણ આપવા માટે 'કેર' સંસ્થા દ્વારા પૂરો પડાતો મકાઈ, સોયાબીનના લોટની ગુણ અને તેલનો ડબ્બો, નાસ્તો બનાવવાનાં વાસણો, રમકડાં વગેરે આ મકાનમાં રાખવામાં આવે. એક દિવસ આ મકાનનું તાળું તૂટ્યું. કોઈક નાસ્તો બનાવવાના વાસણો, લોટ, તેલ વગેરે ઊઠાવી ગયું. આંગણવાડી કાર્યકરે તુરત સેવા રૂરલમાં જાણ કરી. સેવા રૂરલે પોલીસ કેસ કરી કાયદેસરની કાર્યવાહી કરી.

આ પ્રસંગે કેટલાય પ્રશ્નો અમારા મનમાં ઉદ્‌ભવ્યા. ગામની જ આંગણવાડી, ગામનાં જ બાળકો માટેની આંગણવાડી અને તેમાં જ ચોરી સેવા રૂરલના કાર્યકરોએ ચર્ચા કરી. ચોરીની કાયદેસર કાર્યવાહી તો થશે જ. પણ આવા પ્રસંગો અટકાવવાનો કોઈ બીજો વિકલ્પ ખરો ? આંગણવાડીનું મકાન એ જાહેર મિલકત, આખા ગામની મિલકત, સામાજિક મિલકત, એમાં રાખેલી વસ્તુઓ – લોટ, તેલ, રમકડાં, નાસ્તો બનાવવાનાં વાસણો, વગેરે તો ગામની જ મિલકત કહેવાય ને તો ગામનાં જ બહેનો – બાળકો માટેની આ મિલકત સાચવવાની જવાબદારી કોની ? માત્ર સેવા રૂરલની ? ગામના લોકોનો એમાં કાંઈ ફાળો ખરો કે નહી ? ગામના જ લોકો માટે ચાલતા કાર્યક્રમોમાં ગામલોકોનો જ સહકાર ન મળે તો કાર્યક્રમો ચાલે જ કેવી રીતે ? શું સેવા રૂરલે એકલે હાથે જ બધા કાર્યક્રમો ચલાવવા જોઈએ? આ પ્રશ્નો લઈને અમે આગેવાનો અને ગ્રામજનોને મળ્યાં. ખાસ પ્રતિભાવ ન સાંપડયો. અંતે, અમે નક્કી કર્યું કે આ પ્રશ્નો પરત્વે ગામલોકોનો સાનુકૂળ પ્રતિભાવ ન સાંપડે ત્યાં સુધી આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ તેમજ આંગણવાડી પ્રવૃત્તિઓ બંધ કરી દેવી.

આ નિર્ણયની જાણ થતાં ગ્રામજનોમાં ચર્ચા ચાલી. આંગણવાડી બંધ થઈ. હવે આ બાળકોનું શું થશે ? આંગણવાડી ચાલતી હતી ત્યારે સારું હતું. બાળકો આંગણવાડીમાં જતાં. આપણે તેમને તૈયાર કરીને મોકલતાં, અને ત્યાં નાસ્તો મળતો, નવું નવું શીખતાં અને રમતગમતમાં પરોવાયેલાં રહેતાં. અને હવે ? છોકરાઓ ગામમાં નાગાંપૂગાં રખડયાં કરે છે

આંગણવાડી કાર્યકરબેન ઘેર ઘેર ફર્યા. આ અંગે કંઈક કરવા સૌને પ્રોત્સાહિત કર્યા. ગામલોકો ભેગા થયા, ફાળો કર્યો અને ચોરાયેલાં વાસણો ફરી ખરીદયાં અને આંગણવાડીની પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી. સાથે સાથે ચોરી ન થાય તે માટે આંગણવાડીના મેદાનને બરાબર વાડ બનાવી. લોખંડનો દરવાજો પણ બનાવ્યો. આમ, ગામની આંગણવાડીનો પ્રશ્ન ગામલોકોએ જ સાથે મળીને ઉકેલ્યો. ધન્ય છે મોટાસાંજાના ગ્રામજનોને....

એક બીજો પ્રસંગ. મોટાસાંજા ગામ જેવો જ. ઝઘડિયાથી દક્ષિણમાં ત્રણ કિ.મી. ના અંતરે આવેલું ગામ ખારીયા. ગામની વસતિ આશરે ત્રણસોની. ફકત આદિવાસી જ કુટુંબો. સેવા રૂરલની વિવિધ પ્રવૃત્તિઓ અહીં પણ ચાલે. ગામમાં ભણતરનું પ્રમાણ ખૂબ ઓછું. આ ગામની ભાગોળે આંગણવાડી કેન્દ્ર માટે જનસહયોગથી પાકું મકાન બનાવવામાં આવેલ છે. આ મકાનમાં પૂરક આર્થિક ઉપાર્જન માટે બહેનો પાપડ વણે, બાળકો માટે આંગણવાડી કેન્દ્ર ચાલે, લાયબ્રેરી પણ ખરી. મોટાસાંજા ગામની આંગણવાડીમાં ચોરીના ઉપરોકત પ્રસંગ પછી અહીંની આંગણવાડીમાં પણ



ચોરી થઈ. વાસણો, નાસ્તાનો સામાન વગેરે કોઈ લઈ ગયું. ગામમાંથી સેવા રૂરલને જાણ કરી અને સેવા રૂરલે કાયદેસરની કાર્યવાહી પણ કરી.

બંને ઘટના સાથે સાથે થોડાક દિવસોના ગાળામાં જ બની. ફરી એ જ પ્રશ્નો ઉદ્‌ભવ્યા. મોટાસાંજાનો અનુભવ અહીં પણ ધ્યાનમાં લીધો. આંગણવાડી કેન્દ્ર, તેમાંની વસ્તુઓ વગેરે સાર્વજનિક મિલકત છે. તેને જાળવવાની, તેનું રક્ષણ કરવાની જવાબદારી ગામલોકોની પણ છે. ચોરાયેલી વસ્તુઓ ખરીદવા માટે ગામલોકોએ પણ જવાબદારી ઉપાડવી જોઈએ. આ બાબતમાં જયાં સુધી ગામ લોકોનો સાનુકૂળ પ્રતિભાવ ન સાંપડે, ગ્રામજનો પોતે એનો ઉકેલ ન લાવે ત્યાંસુધી પ્રવૃત્તિ બંધ.

મોટાસાંજા ગામની જેમ જ અહીં પણ શરૂઆતમાં સાનુકૂળ પ્રતિભાવ ન જ સાંપડયો. લોકોને કાંઈ લાગે જ નહી. દિવસો વીતવા લાગ્યા. આ ગામના લોકોની જ પોતાની જ જરૂરિયાત છે એવું સામૂહિક રીતે ન લાગે ગામની જ બહેનોને પાપડ પ્રવૃત્તિઓથી પૂરક રોજી રોટી મળે છે માટે ગ્રામજનોએ ભેગા મળી કાંઈક કરવું જોઈએ એવું ગ્રામજનોને, આગેવાનોને ન લાગે આ કામ મારું પણ છે, સૌનું પણ છે. આ સૌની સહિયારી જવાબદારી છે. શું એવી લાગણી સૌ ગ્રામજનોમાં ન જન્મે

પ્રવૃત્તિ બંધ થતાં કાર્યક્રમો પર અસર થવા લાગી. પાપડનું ઉત્પાદન ઘટયું. બજારની માંગને પહોંચી વળવું મુશ્કેલ બનવા લાગ્યું. રસી કાર્યક્રમ, કુટુંબનિયોજન કાર્યક્રમ વગેરેમાં અસર દેખાવા લાગી. ગામમાં મીટીંગ કરી, સૌની સમક્ષ વાત મૂકી. આ ગામમાં મજબૂત બાબત એ હતી કે ગામની બહેનો સંગઠિત હતી. બહેનોને લાગતું, આ માટે કાંઈક કરીએ ગામના સરપંચને મળીએ, લોકફાળો કરીએ વગેરે ઉકેલ વિચાર્યો. ગામની ૪–૫ બહેનો તૈયાર થઈ. શરૂઆત થઈ લોકફાળો કરવાની. શરૂઆતમાં ગામમાંથી પ્રતિસાદ ઓછો મળ્યો પણ બહેનો નિરાશ ન થઈ. બસ, મંડી પડી. સરપંચ ગામમા ન મળે. 'કયાં મળશે ?' 'અમુક જગ્યાએ' તો પહોંચીને બહેનોએ સરપંચને સમજાવ્યું. ગામ નાનું લોકફાળો આટલો જ થશે, તેથી ગ્રામ પંચાયતે પણ ફાળો આપવો જોઈએ એવી રજૂઆત કરતાં, ધીરજ ગુમાવ્યા વગર ધક્કા ખાવા માંડયા. અંતે સફળ થયાં. ફાળો એકત્ર કર્યો. ચોરાયેલી વસ્તુઓ ફરીથી ખરીદી. પ્રશ્ન ઉકલી ગયો.

આ બંને પ્રસંગોએ કાર્યકરોના મનમાં કેટલાક પ્રશ્નો પેદા કર્યા. વિચારો જાગ્યા, મનોમંથન થયું. કેટલાક દિવસ કાર્યક્રમો બંધ રહ્યા, સેવાઓ ન અપાઈ તેનું શું ? આંગણવાડી યોજના માટે સરકારે આપેલા લક્ષ્યાંકનું શું ? કાર્યક્રમના ભોગે

લોકસહકાર મેળવ્યો તે બરાબર હતું? કાર્યક્રમ મહત્વનો કે લોકસહકાર ? જેટલા દિવસો પ્રવૃત્તિ બંધ રહી તેટલા દિવસો બાળકોને પૂરકપોષણ ન મળ્યું તેનું શું? પાપડ વણીને પૂરક રોજી મેળવતી બહેનોએ રોજી ગુમાવી તેનું શું ? રોજગારીના ભોગે ચોરીની કિંમતની સરખામણી થઈ શકે ? આ પ્રકારનો ભોગ લઈ લોકસહકાર મેળવી શકાય? આવી યોજના માટે બસ સરકાર પર જ આધાર રાખી બેસી રહેવું યોગ્ય છે ? કે ખરેખર તો લાંબા ગાળે લોકશિક્ષણ દ્વારા એવી સમજ, એવી લોકજાગૃતિ કેળવાય કે આ કાર્યક્રમોમાં ગ્રામલોકો સામૂહિક જવાબદારી લેતા થાય એ થવું ના જોઈએ ?

આ ઉપાય દરેક ગામે લાગુ પાડી શકાય કાર્યક્રમો બંધ કરવાનો નિર્ણય લઈએ અને પછી કોઈ ગામે જલ્દી ગામલોકોનો પ્રતિસાદ ન મળે ત્યારે ક્યાં સુધી તે પ્રવૃત્તિ કે સેવા બંધ રાખવી? આવા સમયે આપણો વિશ્વાસ ન ડગે તો બીજું થાય પણ શું ? અને આવા સંજોગોમાં આપણે શું કરી શકીએ?

આવી સામાજિક પ્રવૃત્તિઓમાં, ગ્રામવિકાસની પ્રવૃત્તિઓમાં 'સર્વજન હિતાય' ના જોરે ચાલતી પ્રવૃત્તિઓમાં વારંવાર આવા પ્રસંગો બને, દૂષણો પ્રવેશે તો તેનો કોઈ લાંબાગાળાનો ઉપાય ખરો ?

◈

(એપ્રિલ ૧૯૯૬)

## ૨૩. ગરીબ પ્રસૂતા માટે કાયમી ફંડની વ્યવસ્થા

તા. ૧૬–૭–૧૯૯૬ રાતના સાડા દસનો સમય. સેવા રૂરલના પ્રાંગણમાં એક વાહન થોભ્યું. વાહનમાંથી સ્ટ્રેચર પર લેવામાં આવી એક આદિવાસી મહિલા સુકલી. હાલત ખૂબ જ ગંભીર તેને તાત્કાલિક સુવાવડ રૂમમાં લીધી. સ્ત્રી રોગના નિષ્ણાંત ડોકટરે તપાસીને તેની સારવાર કરવામાં લાગી ગયા. લોહી ખૂબ વહી રહ્યું હતું. પેટમાં અસહ્ય ધક્કા (કલ્લા) મારવાને કારણે પેટ પર મોટાં છાલાં પડી ગયા હતા. ગર્ભાશય આખું ફાટી ગયું હતું. પેશાબની કોથળી પણ ફાટી ગઈ હતી. હૃદય અને નાડીના ધબકારા અનિયમિત હતા. અર્થાત્ સુકલી મરણ પથારીએ છેલ્લી ઘડીઓ ગણી રહી હતી. બાળક તો મરી જ ગયું હતું. પણ સુકલીને બચાવવાની હતી. લોહીની જરૂર હતી. લોહીની તપાસથી બ્લડગ્રુપ નક્કી થયું. લોહીની વ્યવસ્થા કરવાની હતી. સુકલી સાથે પતિ તથા અન્ય પચ્ચીસ માણસો આવ્યા હતા. કુલ છ બાટલા લોહી જોઈએ પણ હમદર્દી દેખાડનાર ગામ લોકમાંથી કોઈ જ લોહી આપવા તૈયાર નહિ. ખૂબ સમજાવટને અંતે પતિ, ભાઈ–બહેન, પિતાએ ચાર બોટલ લોહી આપ્યું. છેવટે સારવાર કરનાર બે ડોકટરોએ લોહી આપ્યું..... ઓપરેશન.....મૃત બાળકને કાઢી લેવામાં આવ્યું..... ફાટી ગયેલ



ગર્ભાશયને કાઢી નાંખ્યું. ફાટી ગયેલી પેશાબની કોથળીને ઓપરેશનથી સરખી કરી. આમ સઘન પ્રયત્નોથી અંતે સુકલી મોતના મ્હોંમાંથી બહાર આવી. ઘનિષ્ઠ સારવાર કેન્દ્રમાં તેર દિવસ તથા જનરલ વોર્ડમાં એક મહિના બાદ રજા આપી.

સ્વસ્થ થયેલી, મૃત્યુના મુખમાંથી પાછી ફરેલી સુકલીને તેની સુવાવડોની માહિતી પૂછી....સાંભળી સૌને આઘાત લાગ્યો. પરિચિત યુવક વિજય સાથે લગ્ન, પ્રથમ વર્ષમા જ મૃત બાળકીનો જન્મ – બીજીવારની સુવાવડ રૂપે સગુણા અવતરી.... ત્રીજીવારે મૃતપુત્રનો જન્મ..... સુકલી વિજયને ખૂબ ખૂબ આઘાત, ચોથી પ્રસૂતિએ પૂરા માસે મૃતપુત્રનો જન્મ....મનોમન ભાંગી પડેલ દંપતિએ સગુણાનો સારો ઉછેર કરવા વિચાર્યું પોતાનું વતન જાંબુડા છોડી અંકલેશ્વર નજીક કોસંબા ગામે એક ભાડૂતી ખોલીમાં સંસાર માંડયો.... હજુ તેઓ કુટુંબ નિયોજનના સાધનોથી અજાણ હતા. પણ પાંચમી પ્રસૂતિ હેમખેમ પાર ઉતરે તેવી ઈચ્છા... કોસંબામાં કોણ? એમ વિચારી પાછા જાંબુડા આવ્યા....

યોગ્ય સમયે પાંચમી પ્રસૂતિએ દર્દ ઉપડયું... ગામની દાયણ.... અણઘડ દાયણની–બહેનની તપાસ કે બાળકની સ્થિતિ જાણવામાં, સમજવામાં નિરસતા... રસ માત્ર બાળકને પેટમાંથી બહાર કાઢવામાં....દાયણે સુકલીની સાસુ તથા બે કાકીઓએ પેટ પર કલ્લા (ધક્કા) કરવા માંડયા...સુકલીની ચીસાચીસ ...અન્ય ઘરડી દાદીઓએ પણ કલ્લા કરવાની જ સલાહ આપી... દાયણને તો વધુ પ્રોત્સાહન... આમ એક રાત અને બપોર સુધી ચાલુ રહ્યું... બાળક તો બહાર આવ્યું જ નહિ, પણ બાળકનો એક હાથ સુકલીની કાયામાંથી બહાર આવ્યો... નજીકના ગામના ડોકટર ન મળતાં સરકારી નર્સને બોલાવ્યા. સલાહ મળી દવાખાને દાખલ કરવાની... ક્યા વાહનમાં ? ઘણાં પ્રયત્ને જમાદારનું અંગત વાહન... નેત્રંગના ડોકટરને બતાવ્યું.... અંતે સેવા રૂરલનું પ્રાંગણ આવ્યું.... સુકલી બચી ગઈ....બીલ પાંચ–છ હજાર.... કોણ ભરે ? કેવી રીતે ભરે ? સુકલીની ગરીબ અવસ્થાને લીધે સો ટકા માફી આપી.

આ આખી ઘટનામાં ગામડામાં થતી પ્રસૂતા, પ્રસૂતિ, દાયણની અણસમજ, લોહી આપવાની અણસમજ, વાહનની અછત વગેરેની અસહાયતામાં ગ્રસ્ત સુકલીની સ્થિતિથી અમ સર્વમાં એક આશાનું કિરણ જાગ્યું.... નાણાંનાં અભાવે એક જિન્દગી, જોખમમાં ન મૂકાય તે માટે કાયમી ફંડની વ્યવસ્થા ન કરી શકાય ? સુકલીની સુવાવડ એ માત્ર વ્યક્તિગત પડકાર નથી. સામૂહિક પડકાર છે. આપણી સામાજીક વ્યવસ્થાને પડકાર છે. આ પડકાર વચ્ચે પણ આપણી માનવતા મરી પરવારી નથી એ મોટી હૈયાધારણ છે.

◈

(ઓકટોબર ૧૯૯૬)

## ૨૪. અનેરા સંતોષનું કામ....

કુદરતના ખોળે રમતું મોટામાલપોર ગામ. આંખ ઠરે તેવું કુદરતી સૌંદર્ય. પાકથી ઝૂલતાં ખેતરો, ફળફૂલથી લચી પડતાં વૃક્ષો. પક્ષીઓના કલરવ અને વહેતાં ઝરણાનો કલકલ નાદ ગામને છેડે એક નાનું ઘર– ઘરની અંદરનો અંધારો ઓરડો – ઓરડાને ખૂણે તૂટેલા ખાટલામાં લાચાર એક જીવન. ભાવવિહોણું મોં, આશા વિહોણી આંખો અને કરમાયેલું મન. આ કોઈ વૃદ્ધ દાદાની વાત નથી. આ વાત છે પંદર વર્ષના યુવાનની. નામ રામુ.

રામુ જન્મથી જ અંધ. મા–બાપની આર્થિક સ્થિતિ નબળી તેથી અંધપુત્રને ઘેરે એકલો મૂકીને પણ મજૂરીએ જવું પડે. રામુ નાનો હતો ત્યાં સુધી તો પારણામાં સૂતો રહેતો. પણ ધીમે ધીમે મોટો થતાં તેને પણ મિત્રોની જોડે ફળિયામાં રમવાનું મન થાય. હરવા ફરવાનું, નાચવા કુદવાનું મન થાય પણ રામુ તો જન્મથી અંધ. હંમેશા કોણ તેની સાથે રહે ? થોડો મોટો થતાં રામુને મિત્રોની વાતો સાંભળી સ્કુલે જવાનું પણ મન થાય. મા–બાપને પણ કોઈપણ એક જ જવાબ મળે, '' આંધળા છોકરાને તે વળી નિશાળે શું જવાનું ? તું નિશાળે જાય તો પણ વાંચતાં લખતાં કેવી રીતે શીખવાનો ?''

રામુની આશાઓ મુરઝાઈ જતી. મનોમન વિચારતો, મારી આખી જીંદગી આમ લાચાર પરાવલંબી જ બની રહેવાની? કોઈ જમવાનું આપે ત્યારે જમવાનું, કોઈ નવડાવે ત્યારે ન્હાવાનું અને હાથ ઝાલીને જ્યાં લઈ જાય ત્યાં જવાનું '' જાણે પાંખો તૂટેલું પક્ષી

એક દિવસ 'સેવા રૂરલ' સંસ્થા સંચાલિત અંધજન પુનર્વસન કાર્યક્રમના ઉત્સાહી કાર્યકર શ્રી મહેશભાઈ મોટામાલપોર ગામે જઈ પહોંચ્યા. તેમની રામુની સાથે મુલાકાત થઈ. મહેશભાઈએ ખૂબ શાંતિથી તેની વાતો સાંભળી અને પછી પોતાના કામ વિશે સમજૂતી આપી. તેમણે કહ્યું, ''હવે તો અંધજનો માટે જાતજાતની સુવિધાઓ ઉપલબ્ધ છે. હેલન કેલરનો જમાનો જુદો હતો. આજે તો અંધજનો માટે સ્કૂલો કોલેજો છે. તેમને વાંચવાના છાપા–મેગેઝિનો છે. અરે, તેમને સ્વાવલંબી– સ્વનિર્ભર બનાવવા અનેક નાના–મોટા કામ ધંધા પણ છે. જરૂર છે ફક્ત તાલીમની. રામુને તો જાણે સાંભળવા છતાં વાત સાચી નહોતી લાગતી. તો બીજી બાજુ પોતાના સ્વનિર્ભર જીવન વિશેના રંગીન સ્વપ્નો રચવાનું શરૂ થઈ ગયું

જો કે કામ અઘરું હતું પણ રામુનો ઉત્સાહ અનેરો હતો. સાથે ભળ્યું મહેશભાઈનું આત્મીયતાભર્યું પ્રોત્સાહન, મહેશભાઈ તેને ફરવા લઈ જાય. કેસેટ પ્લેયર દ્વારા ગીતો સંભળાવે. સાથે સાથે રોજીંદા કામો જેવા કે ચાલવું ઘરમાં સારી રીતે હરવું ફરવું, ન્હાવું, કપડાં ધોવાં, નખ કાપવા, હજામત કરવી. વાળ ઓળવા વગેરેની તાલીમ પણ ખૂબ ચીવટપૂર્વક–ધીરજપૂર્વક આપતા રહ્યા.



ધીમે ધીમે રામુનો આત્મવિશ્વાસ પણ વધ્યો. હવે તો તે એકલો માત્ર લાકડીની મદદથી બે–ત્રણ કિલોમીટર ફરવા પણ જઈ શકે છે. પોતાના કામો જાતે કરે છે અને ઘરમાં પણ નાનાંમોટાં કામોમાં પોતાનાથી શક્ય તેટલી મદદ કરતો થયો છે.

એક દિવસ મહેશભાઈ પોતાની સાથે બીજા થોડા કાર્યકરોને લઈને રામુની મુલાકાતે ગયા તો રામુને જોઈને કોઈ માનવા તૈયાર જ નહી કે રામુ અંધ છે રામુ નાહી, વાળ જાતે ઓળાવી સ્વચ્છ કપડામાં સુઘડ લાગતો હતો. હાથ જોડી હસતાં મુખે 'નમસ્તે' કહી તેણે સૌનું સ્વાગત કર્યું. તેનો આત્મવિશ્વાસ જોઈ બધા તો આનંદાશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા પછી તે બધાને પોતાના ખેતરે લઈ ગયો. રસ્તામાં ગામ વિશે, ખેતર વિશે, કુટુંબ વિશે, રસપ્રદ વાતો કરતો રહ્યો. ખેતરે જઈ તેણે ઓરડીનું તાળુ ખોલ્યું. બધાને ખાટલા પાથરી બેસાડયા, પાણી પીવડાવીને બધાની તરસ છીપાવી.

ઘરના અંધારા ઓરડામાં, તૂટેલા ખાટલામાં લાચાર જીવન જીવતો રામુ સ્વનિર્ભર બની બીજા માટે કાંઈક પણ કરી શકયાનો સંતોષ અનુભવે છે.

આ તો વાત છે મોટા માલપોર ગામના ૧૫ વર્ષના રામુની પણ આવા તો અનેક રામુઓ યોગ્ય તકોના અભાવે મરવાના વાંકે જીવી રહ્યાં છે. એ બધાને માટે સ્વનિર્ભરતાની વાત શક્ય છે ખરી? જો કે આજે સરકાર આ માટે ઘણા પ્રયત્નો કરી રહી છે. અંધજનો માટે ખાસ સ્કુલો અને વ્યવસાયી તાલીમની વ્યવસ્થા શરૂ કરાઈ છે.

તેમને માટે રોજગારીની તકો જેવી કે ટેલીફોન ઓપરેટ કરવા, ઝેરોક્ષ મશીન ઓપરેટ કરવા, દુકાન ચલાવવી, શાકની લારી ફેરવવી, પ્લાસ્ટીકની પટ્ટીઓ, વાંસની પટ્ટીઓ તથા કાથીથી ગુંથીને જુદી જુદી વસ્તુઓ બનાવવી વગેરે તકો ઊભી થઈ છે. પણ પ્રશ્ન એ છે કે ગામડાના સંદર્ભમાં આ તકો કેટલી ઉપયોગી બની શકે? આવા તાલીમ પામેલા અંધજનોને નોકરી કે કામમાં સહભાગી બનાવવા કેટલા લોકો તૈયાર થશે?

અંધજનો માટે સરકારે ઊભી કરેલી વિશિષ્ટ વ્યવસ્થાઓ સગવડોની માહિતી કોણ તેમના સુધી પહોંચાડશે? આવા સેવાના કામને વરેલા મહેશ જેવા ઉત્સાહી કેટલા યુવાનો આગળ આવશે? આપણા સૌની હમદર્દી કેટલા અંશે આ પ્રયત્નોમાં ભળશે?

(એપ્રિલ ૧૯૯૭)

## ૨૫. એક રજકણ સૂરજ થવાને શમણે

"મને પણ બીજાબધાં બાળકોની જેમ નિશાળે જવાનું, ભણવાનું મન ન થાય ? મારે પણ ભણીગણી આગળ નહી વધવાનું ? ગાવાનું, વાંચવાનું, કૂદવાનું, પ્રવાસમાં જવાનું, ચિત્રો દોરવાનું મારે કેમ નહી?"

ભણવાનું અધૂરું છોડી, ઘર સંભાળતી, રસોઈ બનાવવાથી માંડીને નાના ભાઈ–બહેનોની બધી જ સારસંભાળ રાખવાનું કામ કશીજ ફરિયાદ વગર હસતા મોએ કરતી નીરૂની આ આંતરવેદના છે

નીરૂ એક ગરીબ રબારી કુટુંબમાં જન્મી. મા–બાપ વચ્ચે કાંઈ મનભેદ થયો અને તેના બાપે માને ઘરમાંથી કાઢી મૂકી. મા નાની નીરૂને આંગળીએ લઈ ઘર છોડી ચાલી નીકળી. નવું ઘર માંડયું. પતિ ઉદાર તેથી આગલા ઘરની દીકરીને પણ પ્રેમથી આવકારી–સ્વીકારી અને જતનથી ઉછેરીને મોટી કરી.

પછી તો બીજા ત્રણ ભાઈ–બહેનોની મોટીબહેન બનવાનું ગૌરવ પણ નીરૂને પ્રાપ્ત થયું.

નીરૂ છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરે. અમારે ત્યાં ટ્યુટોરિયલ વર્ગોમાં પણ આવે. ભણવામાં હોશિયાર, બીજી બધી પ્રવૃત્તિઓમાં પણ તેના ઉત્સાહ–આવડત ઊડીને આંખે વળગે તેવાં બધામાં આગળ જ હોય... આખો દિવસ હસતીને હસતી જ તેનો આનંદ આપણને પણ આનંદિત કરી જાય. પણ આવી હસતી ખેલતી નીરૂ એકાએક ટ્યુટોરિયલ વર્ગોમાં આવતી બંધ થઈ ગઈ અને એ પ્રશ્ન અમને સૌને વિચારતાં કરી મૂકે તેવો હતો. બીજા વિદ્યાર્થીઓ જોડે વાત કરતાં જણાયું કે આ વાતની તો વિગતે તપાસ કરવા જેવી છે.

શિક્ષકોએ નીરૂને ઘેર જઈ તપાસ કરી. તેની મા જોડે વાત કરતાં આખી હકીકતનો પૂરો ખ્યાલ આવ્યો.

વાત એમ બની હતી કે નીરૂના પપ્પા જે ફેક્ટરીમાં કામ કરતા હતા તે ફેક્ટરીમાં હડતાળ પડી. કામ બંધ થયું, પગાર પણ બંધ થયો. પ્રશ્ન એ આવ્યો કે આ છ–સાત વ્યક્તિઓનું પેટ કેમ ભરવું ? ઘર કેમ કરી ચલાવવું ? કોઈની પાસે ઉછીના પૈસા લેવા કે હાથ લંબાવવો ગમે નહી એવા સ્વમાની. બાપ ચિંતામાં પણ મા હિંમતવાળી અને ઈશ્વરનિષ્ઠ. કહે, "એમ કાંઈ હિંમત હારી ગયે ચાલશે ? ફેક્ટરી બંધ થઈ ગઈ તો શું થઈ ગયું ? આપણે બન્ને ખેતમજૂરીકરીશું. પરસેવો પાડીને છોકરાઓના ને આપણાં પેટ ભરીશું, પણ કોઈની પાસે હાથ નહીં લંબાવીએ "



પણ મા–બાપ બન્ને મજૂરીએ જાય, નીરૂ સ્કુલે – ટ્યુશનમાં જાય તો નાના ભાઈ–બહેનોની સંભાળ કોણ રાખે ? ડાહી દીકરી નીરૂ ૧૧–૧૨ વર્ષની નાની ઉંમરે પણ પરિસ્થિતિની ગંભીરતા પારખી ગઈ ભણતરથી આગળ વધી કાંઈ કાંઈ નવું કરી નાંખવાની બાળસહજ ઈચ્છાઓને હૃદયના એક ખૂણામાં બંધ કરી હસતા મોએ ભાઈ–બહેનોની સારસંભાળની બધી જવાબદારી પોતાના માથે લઈ મા–બાપના મનનો બોજ હળવો કરી નાંખ્યો.

કસોટીનો એક તબક્કો પૂરો થયો. નીરૂના પપ્પાની ફેકટરીની હડતાળ પૂરી થઈ, કામ ફરી શરૂ થયું, ખેતમજૂરી બંધ થઈ અને નાના ભાઈ– બહેનોની જવાબદારીમાંથી નીરૂ કાંઈક અંશે મુકત થઈ. ફરી સ્કુલમાં પણ જતી થઈ છે તેવા સમાચાર મળ્યા પણ હજુ ટ્યુશન ક્લાસમાં એ નહોતી આવતી. ફરી તેના ઘેર જઈ તપાસ કરી. તેની મા જોડે વાતો કરતાં ખ્યાલ આવ્યો કે બીજો એકબહુ વિકટ પ્રશ્ન હવે આવવાનો છે. નીરૂ આટલી મોટી થઈ ત્યાં સુધી તેની કાંઈ ચિંતા ન કરનાર તેનો આગળનો બાપ હવે તેને પોતાની સાથે લઈ જવા માંગે છે. રબારીની જ્ઞાતિમાં સાટે સાટે દિકરીઓ પરણાવાય. તેથી હવે પોતાના દીકરાને પરણાવવા, તેની વહુ લાવવા માટે નીરૂને સાટે આપવા તે તૈયાર છે તેની માના જ શબ્દોમાં જોઈએ તો "બેન, અત્યાર સુધીમાં કોઈ દિવસ તેના આગલા બાપે તેને એક ફરાકનું કપડુંય નથી આલ્યું. જીવે છે કે નહી તે જોવાય નથી આવ્યો અને હવે મોટી થઈ ત્યારે સાટું કરવા હું મારી દીકરીને કેમ કરીને દઉ ? મેં તેને આવડી મોટી એટલા માટે નથી કરી તેનો બાપ તેને હાથઝાલીને દોરી દે. અમે રોટલો ખાશું, પણ પૈસાની લાલચે હું જીવું છું ત્યાં સુધી તો દીકરીને નહી લઈ જવા દઉ," અને... બાકી શબ્દો આંખમાથી સરી પડયા.

અમે પૂછયું કે નીરૂને ભણાવવાના તો ખરાને ? અમારે ત્યાં મોકલવા માંડો પણ એની માને થાય કે ભણાવી–ગણાવીને પણ શું કરવાનું ? દીકરી જાતને તો જુઓને આમ જ જિંદગી પૂરી કરવાની.

જો કે નીરૂને વિશ્વાસ છે કે 'મારી બા ભલેને ના પાડે મારા પપ્પા તો જરૂર મને ભણાવશે. હું ભણવાની જ ' નીરૂનો આ વિશ્વાસ કેટલો સાચો ઠરશે? આ આખી પરિસ્થિતિમાં તેના મા–બાપ કેટલાં જવાબદાર? સમાજ કેટલો જવાબદાર? આ ખીલતી કળીઓ સમી કેટલીયે નીરૂ ખીલતા પહેલા જ મુરઝાઈ જતી હશે. આ કુમળી કળી મધમધતા પુષ્પો રૂપે ખીલે તે માટે આપણે સૌ વિચારીશું? કંઈક કરીશું ?

(ઓકટોબર ૧૯૯૭)

## ૨૬. દારૂનો ધંધો છૂટયો કેવી રીતે ?

ઝઘડીયા તાલુકાનું ઉંડાણનું છેલ્લું ગામ ઉમરખેડા. ગામનું છેલ્લું ફળિયું– ફળિયાનું છેલ્લું ઘર –ઘરનો એક અંધારો ખૂણો, એંધાણીએ તમે બચલભાઈને ઓળખી શકો.

આસપાસનું કુદરતી સૌંદર્ય, હૃદય–જીવનને સદાય છલકતું રાખે તેવું સમૃધ્ધ. ખુલ્લા ખેતરો, લીલાછમ ડુંગરો અને નીચે ખળખળ વહેતી નદી. ઘરમાં પ્રેમાળ પત્ની અને બે વહાલા બાળકો. બચલભાઈ મજુરી કરે અને સૌ સંતોષથી જીવે. જીવન પૂર્ણ હતું.

પણ અચાનક એક દિવસ આ સમગ્ર જગત બચલભાઈ માટે અંધકારમય બની ગયું. કોઈ ખાસ રોગ કે તકલીફ વગર જ બન્ને આંખોના દિપક ઓલવાઈ ગયા. જાણે ઘરનો મોભ જ તૂટી પડયો હવે ઘર ચાલશે કઈ રીતે ? બચલભાઈ ખૂબ ચિંતામાંઆવી પડયા. પત્નિ ખૂબ સમજદાર. તેમણે આવા મુશ્કેલીના સમયમા બચલભાઈને છોડી દેવાને બદલે આખા કુટુંબની આર્થિક જવાબદારી પોતાના માથે લઈ લીધી. આજે બચલભાઈ કહે છે, ''તેણે જ મારી ડૂબતી નાવને કિનારે પહોંચાડી છે,'' બે બાળકોને – ઘરને સાચવતી એ મજુરી કરવા પણ જાય. છતાં કયારેક એવો વખત આવે કે ઘરમાં કશું ખાવાનું ન હોય તો ઉછીનું–ઉધાર કરીને પણ અમને સૌને –ઘરને તેણે સંભાળ્યા છે. તેની હિંમત જબરી ''

પત્નીની આ દશા જોઈ બચલભાઈ પણ અંદરથી હલી જતા. અત્યાર સુધી મજુરી કરી રોટલો રળતા યુવાનને ખાટલામાં બેસી રહેવુ. કેમ ગમે ? પણ કામ શું કરવું? આંધળાને મજુરીએ કોણ રાખે? ખૂબ પ્રયત્નો છતાં જયારે કોઈ રસ્તો ન સૂઝ્યો ત્યારે મજબૂરીથી બચલભાઈએ દારૂ ગાળવાનો ધંધો શરૂ કર્યો. શરૂઆતમાં થોડો સંકોચ થતો પણ પછી ટેવાઈ ગયા. આ ધંધો જ પાપનો. અનિષ્ટના પૈસા ઘરમાં આવે પછી તે સુખ શાંતિ કયાંથી આવવા દે ? ધીમે ધીમે બચલભાઈ પણ દારૂના રંગે રંગાયા.

એક દિવસ સેવા રૂરલના અંધજન પુનર્વસન કાર્યક્રમના કાર્યકર મહેશભાઈ બચલભાઈના ઘેરે જઈ પહોંચ્યા. અંધત્વ આવવાનું કારણ, હાલની પરિસ્થિતિ, કામ વગેરે વિશે વાતો થઈ. મહેશભાઈએ કહ્યું, ''હવે આજનો જમાનો તો બદલાઈ ગયો છે. આજે તો આંધળા માણસો માટે પણ તાલીમ અને જુદી જુદી જાતના રોજગારની વ્યવસ્થા ઊભી થઈ છે. અમે પણ સેવા રૂરલ દ્વારા આવી તાલીમ અંધ ભાઈ બહેનોને આપીએ છીએ. તમે પણ તેમાં જોડાઓ તો ઘણો ફાયદો થઈ જશે'' પણ બચલાભાઈને બહુ વિશ્વાસ ન બેઠો. મહેશભાઈ અવારનવાર એમના ઘરે જતા રહે–



સમજાવતા રહે. આ તાલીમમાં જોડાવું હોય તો દારૂ ગાળવાનું– દારૂ પીવાનું તો છોડવું જ પડે. બચલાભાઈ માટે તે અઘરું.

એટલે સુધી કે શરૂઆતમાં અંધત્વનું સર્ટીફીકેટ મેળવવા માટે ફોટોગ્રાફ જોઈએ. તે પડાવવા વણખૂંટા બધા અંધજનોને ભેગા કરેલા. તે દિવસે પણ એટલો દારૂ પીધેલો કે તેના નશામાં ફોટા પડાવવાનું પણ રહી ગયું.

છેવટે આ બધુ પછી પણ બચલાભાઈ તાલીમ લેવા તૈયાર થયા. મહેશભાઈ તેમના ઘેરે જાય અને બચલાભાઈને પ્રાથમિક જરૂરિયાતો જેમ કે હરવું– ફરવું, પોતાની વસ્તુઓ ઓળખી લેવી, જાતે ખાવું–પીવું, દાઢી કરવી, ન્હાવું, બટન બંધ કરવા, માથું ઓળવું વગેરેની તાલીમ આપે. ધીમે ધીમે તેઓ પોતાનું બધું કામ જાતે કરતા થયાઅને તેમનો આત્મવિશ્વાસ વધ્યો.

ત્રણ મહિનાની પ્રાથમિક તાલીમ પછી બચલાભાઈના આર્થિક પુનર્વસનની વાત આવી. તે હંમેશા વ્યકિતની ઈચ્છા તથા આવડત પ્રમાણે કરવામાં આવે છે. બચલાભાઈની ઈચ્છા એક નાની દુકાન ખોલવાની હતી. પણ તેમની અપેક્ષા એવી કે આર્થિક સહયોગ સેવા રૂરલ દ્વારા મળે તો સારું. તાલીમ – તેનું ફોલોઅપ – એ બધું તો બરાબર પણ આટલી મોટી આર્થિક મદદ કરવાનું સેવા રૂરલ માટે મુશ્કેલ હતું. મહેશભાઈએ આ હકીકત બચલાભાઈને સમજાવી. બચલાભાઈના ગળે પણ આ વાત ઉતરી. પછી તો તેમણે જાતે જ આનો રસ્તો કાઢયો. તેમના સાળાની મદદથી ૮–૧૦ હજારનો ઉધાર માલ આપે, તેવો વેપારી શોધી કાઢયો.

ઉમરખેડા એટલું ઊંડાણનું– ડુંગરાળ પ્રદેશનું ગામ કે ત્યાં રસ્તા કે બસની સગવડ ન મળે. બચલભાઈ નેત્રંગથી જે માલ લાવે તે જેસપોર સુધી તો બસમાં આવે પણ ત્યાંથી માથે ઉચકી ને લાવવો પડે. જો કે હવે તેમના દિકરાઓ મોટા થઈ ગયા છે અને તે પણ આ કામમાં મદદ કરે છે.

બચલાભાઈએ ઘરમાં જ નાનકડી કરિયાણાની દુકાન શરૂ કરી. માલ જોખવાનું– પૈસા ગણવાનું વગેરે બધુ કામ શીખી ગયા. આજે દરરોજના ૬૦–૭૦ રૂપિયા કમાય છે.

દારૂ ગાળવાનું– દારૂ પીવાનું તો બંધ જ થઈ ગયું છે. આજે બચલાભાઈના ચહેરા પર આત્મવિશ્વાસનું તેજ દેખાય છે. એમને ખૂબ સંતોષ છે કે દારૂ ગાળવા જેવો ધંધો કરતા હતા તેના બદલે હવે પોતાની દુકાન ચલાવતા થયા છે.

પણ સવાલ એ થાય કે સમાજના દરેક અંધજન કાંઈ બચલભાઈ જેટલું હકારાત્મક વલણ ધરાવતા નથી. ઘણા અંધ વ્યકિતઓનો તો આ તાલીમ દરમ્યાન એ જ

સૂર હોય છે કે અમને આ બધુ શીખવવાની માથાકૂટ કરવાને બદલે મહિને ૨૦૦–૩૦૦ રૂપિયા આપી દોને?

કોઈને ઉંમરનો પ્રશ્ન તો કોઈને શારીરીક તકલીફ  કોઈની માનસિક કૃપણતા તો બહેનોને સામાજીક બંધનો

ત્યારે થાય છે કે આપણો ઉત્સાહ ખૂબ હોવા છતાં આપણી શકિત તો મર્યાદિત જ છે. આ પરિસ્થિતિમાં આટલા બધાં અંધ વ્યકિતઓને માટે આપણે શું કરી શકીએ ?

◈

(એપ્રિલ ૧૯૯૮)

## ૨૭. અમે સમજ્યા અને શીખ્યા :

સેવા રૂરલ એટલે શુભનિષ્ઠા અને તેને વરેલા કાર્યકરો. સંસ્થાનું એ મોટું સદ્‌ભાગ્ય છે કે શરૂઆતથી માંડી આજ સુધી આવા નિષ્ઠાવાન કાર્યકરો મળતા રહ્યા છે. તેમની ભાવનાથી જ આ સેવા કાર્યનો પીંડ બંધાયો છે અને તેણે એક ચોક્કસ આકાર ધારણ કર્યો છે.

દરેક કાર્યકરો પોતપોતાની આગવી દ્રષ્ટિ લઈને સંસ્થામાં જોડાય છે. કેટલાંક કાંઈ વિશિષ્ટ કામ કરવાના સ્વપ્નો સાથે આવે છે તે જાણવા – સમજવા અને પછી પોતાના વિસ્તારમાં એ પ્રમાણેનું કામ વિકસાવવાની શકિત અને અનુભવ મેળવવા આવે છે. તેઓ બે–ત્રણ વર્ષ અનુભવ લઈ જાય છે અને પોતાના વિસ્તારમાં યથાશકિત આવું અથવા આ પ્રકારનું કામ શરૂ કરે છે. એ શુભકાર્યમાં નિમિત્ત માત્ર બનવાનું પણ સંસ્થાને ગૌરવ છે.

અમુક કાર્યકરો સેવાના ભેખધારી થઈને જ આવે છે અને આખી જીંદગી પોતાની તમામ શકિત સંસ્થાને અને તે દ્વારા સમાજને સમર્પે છે. પોતાનું અલગ અસ્તિત્વ ઓગાળી સંસ્થામય બની જાય છે.

સંસ્થાની શરૂઆતમાં કેટલાંક સ્થાનિક યુવાનો જોડાયા અને સંસ્થાના રંગે એવા રંગાયા કે બહારની વધુ સારી નોકરીની તકો મળતી હતી તે જવા દઈને પણ સંસ્થાના આજીવન કાર્યકરો બની રહ્યા.

બીજા પણ એવા ઘણા વ્યકિતઓ આવ્યા કે જે માત્ર નોકરીની શોધમાં અહીં આવ્યા હતા અને પછી ભાવનાથી સંસ્થાના રંગે રંગાયા અને કાર્યકરો બન્યા. તો અમુક વ્યકિતઓ એવા પણ આવ્યા જે અહીં માત્ર 'નોકરી' માટે જ આવ્યા અને બીજે સારી, વધુ પગારવાળી નોકરી મળતા સંસ્થા છોડી ગયા.

આટલા બધા કાર્યકરો સંસ્થામાં આવ્યા, અમારી સાથે કામમાં ભળ્યા તેનો અમને ખૂબ આનંદ છે પણ સંસ્થા રહી થોડી મોટી એટલે હંમેશા 'આવન' ની સાથે 'જાવન' ની પ્રક્રિયા પણ ચાલતી જ રહી છે.



આ ભૌતિક વિકાસના જમાનામાં સૌની દોડ શહેરો ભણી, ભૌતિક સુખ સગવડો ભણી રહે તે સમજાય તેવું છે. એ પરિસ્થિતિમાં ભાવના સાથે ગામડામાં જઈ કામ કરવું એ પોતાની જાતને કસોટીએ ચડાવવા જેવું છે. ઘણીવાર એવું લાગ્યું છે કે સંસ્થામાં કામ કરવાની ખૂબ ભાવના હોવા છતાં કુટુંબ અને મા – બાપની જવાબદારી, વિશેષ આર્થિક જવાબદારી કે બાળકોના શિક્ષણનો પ્રશ્ન, આવા કોઈ કારણસર કાર્યકરોએ સંસ્થા છોડી જવું પડે છે.

સંસ્થાએ ક્વચિત્ પોતાનાં કાર્યમાં મૂલ્ય અને પ્રણાલીકામાં બાંધછોડ ન કરી શકવાને કારણે અમુક કાર્યકરોને છુટા કરવા પડયા હતા. તો વળી કોઈ કોઈ કાર્યપધ્ધતિ કરતા અલગ રીતે કામ કરવાની ઈચ્છાને લઈને અથવા કોઈ ગેરસમજને લીધે પણ સંસ્થા છોડી ગયા છે. એવા કેટલાક કિસ્સાઓમાં સમય જતા એવો પણ વિચાર કોઈકવાર આવે છે કે આપણે થોડો જુદો અભિગમ અપનાવ્યો હોત તો કદાચ એવા કાર્યકરોને આપણે સાચવી શકયા હોત. સંસ્થાને જેમ આવો વિચાર આવે તેમ જનાર કાર્યકરો પણ આવો વિચાર કરી કેટલીકવાર સંસ્થામાં પાછો ફરવાનો નિર્ણય કરે છે, અને બેએક વર્ષ બહારનો અનુભવ લઈ ફરી સંસ્થામાં જોડાય છે. તેનો અમને ખૂબ આનંદ છે તેમને પુરા દિલથી આવકારીએ છીએ.

કાર્યકરો સંસ્થા છોડી જાય તે બાબત જ એવી છે કે જાગૃત લોકોનું તે વિશે સતત મનોમંથન ચાલે.

શરૂઆતમાં કોઈ કાર્યકર સંસ્થા છોડી જાય ત્યારે મનમાં ઉચાટ, એક આચંકો જેવો લાગતો. એવી ચિંતા પણ થતી કે આટલી બધી ઉપયોગી વ્યકિત જાય છે તો હવે તેના કામનું શું થશે ? તે કેમ ગોઠવશે ? ફરી એવો કાર્યકર કયારે મળશે?

પણ હવે આ બાબતમાં વધુ સમજ કેળવાતી જાય છે. શરૂઆતના અને અત્યારના અભિગમ વચ્ચે થોડો તાત્વિક ફેર પણ છે. આજે હવે ધીમે ધીમે એવું વલણ ઘડાયું છે કે કોઈ કાર્યકર આવા કોઈ કારણોસર સંસ્થા છોડી જાય તો મનમાં તેના વિશે ખટક થતી નથી. અનુભવે એવું પણ લાગ્યું છે કે ઈશ્વરકૃપાએ લગભગ બધું કામ વહેલું મોડું ગોઠવાતું રહે છે. વ્યકિતની ખોટ તો પડે અને લાગે, પણ કામ અટકી પડતું નથી. કદાચ કાંઈ અટકી પડે તો પણ એ સંસ્થાના લાંબાગાળાના હિત માટે જે હશે તેવો વિશ્વાસ અને શ્રધ્ધા મક્કમ થઈ રહ્યા છે. જનાર કાર્યકર વિશે પણ મનમાં સહાનુભૂતિ, તેના જીવનમાં અને કામમાં પરોક્ષ રીતે પણ શકય તેટલી મદદરૂપ બનવાની ભાવના રહે છે. આખરે તો અહીં નહીં તો બીજે કયાંય પણ તેમાંના મોટાભાગનાં સમાજનું જ કામ કરવાનાં છે.

આ પ્રસંગે યાદ આવે છે થોડા વર્ષો પહેલાનો વાર્ષિક કાર્યક્રમ અને તેમાં એક શુભેચ્છકે ઉચ્ચારેલા શબ્દો : "સેવા રૂરલ વેરણછેરણ થઈ જાઓ." અર્થાત્ સેવા રૂરલના કાર્યકરો સમાજમાં પથરાઈ જાય. આ ઉચ્ચારો મહદ્અંશે સેવા રૂરલના કામો બીરદાવવાના ઉદ્દેશ્યથી બોલાયા હતા. પરંતુ કાર્યકરોના આવવા–જવાની પ્રક્રિયાનું ચિંતન કરીએ છીએ ત્યારે ઘણા પ્રશ્નો અને વિચારો સામે આવે છે. આ પ્રકારની આવનજાવન સ્વાભાવિક રીતે મોટાભાગની સ્વૈચ્છિક સંસ્થામાં થવાની અને એ બાબતને તે રીતે મુલવવી જોઈએ. વળી સંસ્થાને નવપલ્લિત બનાવવા, રાખવા માટે આ પ્રકારની આવનજાવન અમુક અંશે જરૂરી નથી ? "વસુધૈવ કુટુંબકમ્" ની ભાવનાને પચાવવી સહેલી નથી. જયારે વ્યકિત સંસ્થા છોડી અન્ય સંસ્થા યા સરકારમાં કે ખાનગી ધંધામાં પડે ત્યારે થોડું લાગી આવે છે. પણ ભલે આપણે વ્યકિતગત અને કુટુંબના વાડામાંથી કદાચ બહાર નીકળ્યા પણ સંસ્થાઓનાં વાડામાંથી પણ બહાર નીકળીને એનાથી મોટા, દેશ અને દુનિયાના પરિપ્રેક્ષ્યમા વિચારવાની દિશામાં ડગલાં માંડવાની પણ જરૂર નથી?

(જુલાઈ ૧૯૯૮)

## ૨૮. ચાલો શરૂ કરીએ ગાંધીજીના ભારતમાં ગ્રામોદ્યોગ

સને ઓગણીસ સો એકાણુમાં સેવા રૂરલમાં યોજાયો ગાંધીમેળો. ગાંધી વિચારધારાને પુરસ્કૃત કરતું સાહિત્ય ગાંધી વિચારને વરેલા મહાનુભાવો સાથે વિચારોનું આદાનપ્રદાન, પ્રવર્તમાન સમયમાં ગાંધી વિચારોની સુસંગતતા વગેરે અનેક વિષયો પર વિચાર–વિમર્શ અને ગોષ્ઠિ ચાલ્યાં. આ ગાંધીમેળા નિમિત્તે ગાંધીજીના વિચારો ફરી તાજા થયા. ગાંધીજીના વિચારોને અમલમાં મૂકી શકાય તેવું શું કરી શકીએ ? એવો પ્રશ્ન પણ ઉદ્ભવ્યો.

ગાંધીજી ગરીબોની સેવાના ચુસ્ત હિમાયતી હતા. ગામડામાં વસેલા ભારતની સાચી આબાદી ગામડાઓની આબાદીમાં જ સમાયેલી છે તેથી ગ્રામ પુનરૂત્થાન એ ગાંધીજીનો સંદેશ હતો. અમને થયું આપણે પણ ગામડામાં જ બેઠા છીએ ગ્રામોધ્ધારનો હેતુ લઈને જ કાર્યક્રમોની શરૂઆત કરી છે તો આપણે ગ્રામોદ્યોગનો કાર્યક્રમ શરૂ કરીએ તો કેવું ?

વિચાર આવ્યો અને અમલ કરવાનું નક્કી કર્યું. શંકા તો હતી જ. કામ અજાણ્યું છે, અઘરું પણ છે અનુભવનો અભાવ છે શું કરીશું? પણ વિચાર આવ્યો.... પ્રયત્ન તો કરીએ. કામ શરૂ કરીશું તો મદદ મળી જ રહેશે, ઈશ્વરેચ્છા હશે તો, બધું ગોઠવાઈ જશે. વિચાર્યું.... ગ્રામોદ્યોગથી આસપાસના ગ્રામજનોને પૂરક આવક મળશે જેથી આરોગ્યપ્રદ, શુધ્ધ, સાત્વિક માલ પણ મળશે વળી બેકારો –



ખાસ કરીને મહિલાઓને રોજી રોટી મળશે તો ઘરખર્ચમાં મદદરૂપ થશે.

આવા વિવિધ શુભાશયથી કામ શરૂ કર્યું. મગફળી અને તલના તેલ અને મસાલાથી ઉત્પાદન શરૂ થયું ને તેની સાથે જ ઘણા નાના–મોટા પ્રશ્નો પણ સામે આવવા માંડયા. બે ત્રણ વ્યકિતઓના સામૂહિક પ્રયાસોથી શરૂ કરીને, સમય જતાં વ્યકિતઓ મળી જ રહેશે એવી શ્રધ્ધા પરિપૂર્ણ ન થઈ. અર્થાત્ માનવશકિતની પ્રશ્નમ સમસ્યા ઊભી થઈ. પ્રયત્નો છતાં તજજ્ઞ વ્યકિતઓ ન મળી. કાચો માલ કયારે ખરીદવો? કેટલો ખરીદવો? કયાંથી ખરીદવો? નાણાં ચુકવણીની શરતો કેવી રાખવી? આ બધા પ્રશ્નોનો હલ કરી શકે તેવી તજજ્ઞ વ્યકિત જ ન મળી. કારણ ગામડું, બાળકોના શિક્ષણનો પ્રશ્ન, પ્રોફેશનલ સંતોષનો અભાવ.

વળી ઉત્પાદન માટે ખૂબ જ અનિવાર્ય તે ઊર્જાની પ્રાપ્યતા અને કિંમત, વીજકાપ કામને વારંવાર અટકાવે, ધાર્યું ઉત્પાદન થાય નહિ, ખર્ચાયેલ માનવ કલાકો અને થયેલ ઉત્પાદન વચ્ચે કોઈ તાલમેળ જળવાય નહિ. પરિણામે ખર્ચ વધુ આવે. સમસ્યાના ઉકેલ માટે જી.ઈ.બી. પાસેથી એકસપ્રેસ ફીડરમાંથી અમે કનેકશન મેળવ્યું પરંતુ એથી વપરાશકારોને માલ મોંઘો પડે. આ સમસ્યાનો કોઈ ઉકેલ ખરો?

વીજકાપની સાથેસાથે ટેકનીકલ, જાણકારીનો પ્રશ્ન પણ ઉદ્ભવ્યો. ગ્રામોદ્યોગ માટેના યંત્રો ઉત્પાદન ધીમું આપે અને ઉપજ ઓછી આવે જેમ કે મોટી તેલની મિલમાં મગફળીના દાણામાંથી આશરે બેતાળીસ ટકા તેલ મળે જયારે ગ્રામોદ્યોગની તેલઘાણી આશરે આડત્રીસથી ઓગણચાલીસ ટકા તેલ મળે. આ ઔદ્યોગીકરણના જમાનામાં આપણા વધુ સરળ ઓછું ઉત્પાદન આપતા સયંત્રો કામ આવે ખરા? એમાં સુધારાને અવકાશ છે? અને છે તો કોણ કરે? જે કરી શકે તેવા અનુભવીને નાણાંકીય પીઠબળ કોણ પૂરું પાડે ? ગ્રામોદ્યોગના હિમાયતીઓ? સંસ્થા કે પછી સરકાર?

આ તમામ પ્રશ્નોના શિરસમો પ્રશ્ન લોકશિક્ષણ, સમજશકિત કે આકર્ષક પેકિંગમાં આવતો હલકો માલ ખરીદવો કે ગ્રામજનોને ફાયદો કરાવતો, આરોગ્યની જાળવણી કરી આપતો, ગ્રામ્યજનોને રોજી રોટી આપતો, મોંઘો માલ ખરીદવો. વપરાશકારોને આ હકીકત કોણ સમજાવે? આમ સ્વાભાવિક રીતે જ ગ્રામોદ્યોગના ઉત્પાદનોને બજાર ન જ મળે અને શહેરના બજારમાં માલ મોકલવો પડે.

આમ અમે ગ્રામોદ્યોગ કાર્યક્રમના મૂળ અમે બરાબર ન નાંખી શકયા. દોષ અમારી બજારની નાડ પારખવાની અણઆવડતનો. અનુભવે અમે જોયું કે

ગ્રામોદ્યોગમાં નીચી ઉત્પાદકતા અને ઊંચી ઊર્જાશક્તિના પ્રશ્નો છે પણ તેના ઉકેલ માટે કોઈ વ્યવસ્થા નથી. ગ્રામોદ્યોગના તજજ્ઞોનો અમે સંપર્ક કર્યો તેમની પાસે પણ આનો કોઈ ઉકેલ હોય તેવું અમને ન લાગ્યું. આમ અમે જાણ્યે–અજાણ્યે નુકશાન પહોંચાડયું એક ઉત્કૃષ્ટ કાર્યક્રમને.

વિચાર અને તર્ક ગમે તેટલાં ઉત્કૃષ્ટ હોય પણ તે સાકાર ન કરી શકાય તેવાં હોય તો તેનો શો અર્થ ? તો પછી આ વિચારોનું મૂલ્ય સીમિત જ રહેવાનું ને ?

(જાન્યુઆરી ૧૯૯૯)

## ૨૯. અંધત્વ અભિશાપ નથી....

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાનુ સિનાડા ગામ. આ ગામના ગલબાભાઈ વસાવાના ઘરે છ સંતાનો. એમાની દીકરી લક્ષ્મી ભણવામાં ખુબ ઉત્સાહી. અને ગરબે ઘૂમવાનો તથા ભજનો ગાવાનોય ભારે શોખ. ગામની પ્રાથમિક શાળામાં લક્ષ્મી ચોથા ધોરણ સુધી ભણી. એ પછી વાલિયાની શાળામાં નવ ધોરણ સુધીનુ શિક્ષણ લીધુ. લક્ષ્મીને આગળ ભણવાનો ઘણો ઉમંગ હતો. પરંતુ મા–બાપની આર્થિક સ્થિતિ નબળી અને સામાજિક રૂઢિઓની ભીંસ પણ ખરી, એટલે લક્ષ્મી આગળનું શિક્ષણ ન લઈ શકી. સત્તર વર્ષની લક્ષ્મીને એના મા–બાપે અમદાવાદ મુકામે પરણાવી દીધી. એનો પતિ રવિશંકર રેલ્વેમાં પોસ્ટમાસ્ટર હતો.

ગામડાની ઓછુ ભણેલી લક્ષ્મી. આમ એકાએક અમદાવાદ જેવા શહેરમાં રહેતી થઈ ગઈ. નગર જીવનનાં મોજશોખ ભર્યા તરવરિયા વાતાવરણમાં એ ધીમેધીમે ગોઠવાતી ગઈ. પણ એના ભાગ્યમાં આ સુખ થોડીક પળો માટે જ નિર્માયેલુ હતુ. સુખી અને સંતોષી જીવન જીવતી લક્ષ્મીનાં ભાવિ ઉપર જાણે ભાગ્યદેવીની વક્ર દૃષ્ટિ ઉતરી પડી. લગ્ન થયાને માંડ ત્રણ મહિના વીત્યા અને ઓચિંતો એને માથાનો દુઃખાવો ઉપડયો. એનુ દર્દ ધીમે ધીમે અસહ્ય થતુ ગયુ. એવામાં લક્ષ્મીને આંખે દેખાતું જ બંધ થઈ ગયુ. અને એના હર્યા ભર્યા સુખી જીવનમાં અંધકાર છવાઈ ગયો. આંખના ડોક્ટરની પાસે એની આંખોની તપાસ કરવામાં આવી. ડોક્ટરે નિદાન કર્યુ કે ઝામરનાં પાણીને કારણે એની આંખે અંધાપો આવ્યો છે.

આમ લક્ષ્મી સત્તર વર્ષની કુમળી વયે જ આંધળી થઈ. એના દુઃખ અને આઘાતની કળ માંડ વળે તે પહેલા તો એક બીજી સામાજીક ઉપાધી એના શિરે ખડકાઈ. આંધળી બનેલી નવતર પત્ની એના પતિ રવિશંકરને આકારી થઈ પડી. એણે લક્ષ્મીને છૂટાછેડા આપવા માટેની કાર્યવાહી હાથ ધરી.

પતિએ છેહ દીધો એટલે છૂટાછેડા લઈ લક્ષ્મી લાચાર બની માબાપને ઘેર પાછી



આવી. લક્ષ્મીના માથે દુઃખનાં ડુંગર તુટી પડયા. છતા એણે મક્કમ મન કરીને જીવનની કડવી વાસ્તવિકતાનો સ્વીકાર કરી લીધો. મા–બાપના આશ્રય હેઠળ જીવી લેવાનો માર્ગ એણે અપનાવી લીધો. અ ામને આમ લક્ષ્મીના વર્ષો પસાર થવા લાગ્યા એ કાકી અને અંધ લક્ષ્મીએ પોતાની યુવાનીનાં પૂરા અઢાર વર્ષો આ પ્રમાણે વીતાવી દીધા.

આટલા વર્ષો બાદ વિધાતાને વળી લક્ષ્મીની દયા આવી. લક્ષ્મીના સિનાડા ગામમાં અંબાલાલ નામનો એક ભાઈ રહે. એની આંખે એટલુ બધુ ઝાંખું દેખાતુ કે એ અંધ જ ગણાય. એને વિચાર આવ્યો કે પોતાનાં ગામમાં લક્ષ્મી નામે એક અંધ ત્યક્તા યુવતી રહે છે. પોતેય અંધ અને લક્ષ્મી પણ અંધ. બન્ને સમદુખિયા જ કહેવાય. સમાજ જો બેઉનાં લગ્ન કરાવી આપે તો બન્ને એકમેકનાં હમદર્દ બની અંધત્વને કારણે લાચાર બનેલ જીવનને સંતોષથી પસાર કરી શકે. અંબાલાલે લક્ષ્મીનાં પરિવારજનો પાસે પોતાના મનની ઝંખના વ્યક્ત કરી અને સૌએ એનો પ્રસ્તાવ આનંદથી વધાવી લીધો. બધાંની સંમતિથી લગ્ન થયાં. અંબાલાલ ઝાંખુ ઝાંખુ, તોય કંઈક તો દેખી શકતો. એટલે તેવી થોડીઘણી મજૂરી કરી લેતો. એમાં એમનું રગશિયું ગાડું ગબડવા લાગ્યું.

આ ગાળામાં સેવા રૂરલ ઝઘડીયા દ્વારા વાલિયા તાલુકામાં અંધજન પુનર્વસન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ફરજ બજાવતા ફિલ્ડ વર્કર શ્રી બુધાભાઈ વસાવા સક્રિય અને ઉત્સાહી કાર્યકર હતા. અંધજનો પોતાનાં રોજિંદા કામકાજ સરળતાથી કરી શકે એ માટેની તાલીમ આ કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવે છે. અંબાલાલ તથા લક્ષ્મીને પણ આ તાલીમનો લાભ મળ્યો. અંબાલાલ પોતાનું મોટાભાગનું દૈનિક કામકાજ કરી લેતા થઈ ગયા. પરંતુ એનો ખરો લાભ લક્ષ્મીને મળ્યો. કારણ કે એ તો સંપૂર્ણ અંધ હતી. અંધજનોને મળતી તાલીમ મેળવીને લક્ષ્મીમાં નવા આત્મબળનો સંચાર થયો. એ પોતાના ઘરનું કામકાજ હવે વધુ સારી રીતે અને વધુ આત્મવિશ્વાસથી કરવા માંડી. સેવા રૂરલના સહકારથી આ અંધ દંપતિએ અંધત્વના પ્રમાણપત્ર પણ મેળવી લીધાં. તથા મફત મુસાફરી માટે અંધજનોને મળતા બસના ફ્રી પાસ પણ મેળવી લીધા. બસના ફ્રી પાસ મળતાં તેઓને આજીવિકા માટે કંઈક નાનકડો ધંધો માંડવાની અને એમ કરતાં સ્વનિર્ભર થવાની પ્રેરણા જાગી. બન્નેને લાગ્યુંકે શાકભાજી વેચવાનો ધંધો નાનાપાયે શરૂ કરવાનું તેઓને માટે અનુકૂળ રહેશે. અને એમણે એની શરૂઆત પણ કરી દીધી.

લક્ષ્મી – અંબાલાલ બન્ને અઠવાડિયામાં ત્રણ દિવસ શાકભાજી લેવા પોતાના ગામથી પચ્ચીસ કિ.મી. દૂર અંકલેશ્વર જાય છે. શાકભાજી લાવી પોતાના ગામમાં વેચે છે. અને હવે રોજ સરેરાશ ત્રીસ–ચાલીસ રૂપિયા નફો મેળવતાં થયાં છે. અંબાલાલ

શારીરિક રીતે સુદ્દઢ છે તો લક્ષ્મી બૌધ્ધિક રીતે સક્ષમ છે. અંબાલાલ શાકભાજીનું વજન ઉંચકી લે અને લક્ષ્મી ધંધાનો હિસાબ–કિતાબ બરાબર રાખે. શાકભાજી વેચવાના નાનકડા વ્યવસાયમાં બન્ને એકમેકની હૂંફ પામી સંતોષથી જીવે છે. એમના દિવસો પ્રવૃતિ અને પુરુષાર્થમાં વીતે છે એનો અમને આનંદ છે. હવે તેઓ અંધ હોવાને કારણે દુખી નથી. લાચાર કે હતાશ થઈને બેસી રહેવાનો કંટાળો અનુભવતાં નથી.

અંધત્વ જેવી અવાંછનીય પરિસ્થિતિથી ઘેરાયેલી ઘણી વ્યકિતઓ પોતાના ઉપર દુખના ડુંગર તૂટી પડયા હોય એવાં રોદણા રડયા કરે અને પોતાના અંધત્વ માટે નસીબનો વાંક કાઢતી બેસી રહે છે. આવી મનોવૃતિને કારણે બોજ રૂપ બની ગયેલું જીવન લાચાર અને નિરુપાય દશામા વેંઠ ઉતારતા રહે છે. વળી, પોતાની વિષમ પરિસ્થિતિની પ્રતિક્રિયાઓ આપવામાં તેઓ જીવનનોઅમૂલ્ય સમય વેડફી મારે છે.

સેવા રૂરલ જેવી સંસ્થાઓ સમાજમાં આવા વિકલાંગ માટે પ્રયત્નશીલ છે. પરંતુ જાગૃતિના અભાવે ઘણા બધા લાભાર્થીઓ અંધત્વ જેવી પોતાની વિકલાંગતામાંથી ઉગરવા કે એને સહ્ય બનાવવા પ્રયત્નશીલ થતા નથી.

લક્ષ્મી – અંબાલાલ જેવાં અંધજનોએ પોતાને મળેલી આપદ્ સ્થિતિનો સામનો કરવા મન મક્કમ કરી લીધું. પર્યાપ્ત સુઝ–સમજ કેળવી આત્મનિર્ભર થઈને પુરુષાર્થથી કમાવાનો નિર્ણય કર્યો. એમની મુશ્કેલીઓ સરળ થઈ અને એમને સુખશાંતિનો સમગ આવ્યો. અંધત્વને અભિશાપ માની રોદણાં રડવાનો દોષ એમણે વ્હોર્યો નહી. બલ્કે પુરુષાર્થનું ગૌરવ કર્યુ. જીવનને અણઘડ રીતે જીવી કાઢવાને બદલે એનું ભાવનાત્મક અને સર્જનાત્મક પ્રયોજન સિધ્ધ કર્યુ. લક્ષ્મી–અંબાલાલ નો આ કિસ્સો એમનાં જેવાં અન્ય વિકલાંગ ભાઈ – બહેનો માટે પ્રેરણાનો સ્રોત બની શકશે ખરો?

◈ (જુલાઈ ૧૯૯૯)

## ૩૦. દર્દીની હૃદય સમૃધ્ધિ

અંકલેશ્વરથી પાંચ કિ. મી. દૂર આવેલ નવા દીવા ગામે પટેલ ફળિયામાં નટુભાઈ રેશમભાઈ વસાવાનું આદિવાસી પરિવાર વસે. એકાદ માસ પહેલાં નટુભાઈના દસ વર્ષના દીકરા પરસોત્તમને સાંજના સમયે ઓચિંતા જ ખેંચ આવવા લાગી. અંકલેશ્વરમાં સરકારી અને ખાનગી દવાખાનાઓ ઘણાં. છતાં નટુભાઈ દીકરા પસાને તપાસ સારવાર માટે સેવા રૂરલ ઝઘડિયા લઈ આવ્યાં. એમને પૂછવામાં આવ્યું : તમને અંકલેશ્વર– ભરૂચના દવાખાનાંઓ નજીક પડે. તો અહી સુધી કેમ આવવું થયું ?



નટુભાઈએ જણાવ્યું કે એમના નાનાભાઈ વિનોદ વસાવાના દીકરાને પણ આ પ્રકારની જ ખેંચ આવતી હતી. તેઓ ગુમાનદેવ રહેતા એટલે ઝઘડીયા સેવા રૂરલમાં તપાસ માટે લઈ આવેલા. સારવાર થતાં ઝડપથી ઠીક થઈ ગયેલું. એણે સલાહ આપી કે તમારા પસાને પણ ઝઘડિયા જ લઈ જજો. એ શ્રધ્ધાથી પ્રેરાઈને નટુભાઈ, દીકરા પસાને સેવા રૂરલમાં લઈ આવ્યાં.

પસાને ખેંચ એવી આવેલી કે બોલે નહી, ચાલે નહી, ખાય નહી, પીએ નહી. એને ઊંચકીને જ લઈ આવવો પડેલો. એની મા સોમી અને બાપ નટુભાઈ ઘણાં ગભરાઈ ગયેલાં. એમને સાંત્વના અને હૂંફ આપી. પસાને ૧૯ દિવસ ઘનિષ્ઠ સારવાર કેન્દ્ર (I.C.U.) માં રાખવામાં આવ્યો. ત્રણ–ચાર દિવસ પછી પસાએ બોલવાનું શરૂ કર્યુ. પછી એને જનરલ વોર્ડમાં લાવ્યા. એ થોડું ઘણું હરતો–ફરતો અને ચાલતો થયો. જમવાનું પણ શરૂ કર્યુ, એ જોઈને એના માતા–પિતાના ચહેરા પર અવર્ણનીય આનંદ છલકાયો.

I. C. U. અને લેબોરેટરી તથા અન્ય ચાર્જ થઈ કુલ રૂા. ૧,૧૫૦/– ઈન્ડોર બીલ થયું. નટુભાઈએ સંકોચ સાથે કહ્યું : "સાહેબ, માફી કરો." બીલ માફ કેવી રીતે થાય ? એના કુટુંબની જાણકારી મેળવી. સોમી પાસેથી જાણવા મળ્યું : " છ વર્ષ પહેલાં અમારા ગામમાં નર્મદાની રેલ આવેલી. એ દિવસે અમે ઘણી–ઘણીથાણી મજૂરીએ ગયેલાં અમારી વસાહતમાં રેલનાં પાણી ઓચિંતા જ ફરી વળેલાં. મા–બાપ અને દીકરો બચી ગયાં. પણ એક દીકરી હતી તે ડૂબી ગઈ. મહામહેનતે એને શોધીને બહાર કાઢવામાં આવી. એને તાવ ચઢી ગયેલો. ચારે કોર પાણી જ પાણી, દીકરી મેલડી બે દિવસ જીવી અને શ્વાસ મૂકી દીધા. એકનો એક દીકરો જીવે છે. પતિની દવા ચાલે છે એને રકતપિત્તનો રોગ છે."

બધી મુસીબતો વચ્ચે પણ સોમીબેનના આનંદનો પાર નહોતો, કારણ કે ગરીબ મા–બાપનો મરવા પડેલો એકમાત્ર આધાર દીકરો પસો જીવી ગયો. સોમીબેન અને નટુભાઈની ગરીબ અવસ્થા જાણીને એનું બધુ બીલ માફ કરવામાં આવ્યું. નટુભાઈએ છેલ્લે સંકોચ અને હરખભર્યા સ્વરે કહ્યુ: "મારી ખુશીથી રૂા.૧૫૦/– આપ ન સ્વીકારો? " પ્રેમપૂર્વક યથાશકિત આટલી રકમ આપવા પાછળ એ ગરીબ આદિવાસી પરિવારમાં કૃતકૃત્યતાની લાગણી પ્રારંભી હતી. એમની પ્રેમભાવના નિહાળી એ રકમ સ્વીકારવામાં આવી.

આર્થિક પરિસ્થિતિ અંત્યંત નબળી હોવાને કારણે ગરીબ, પછાત તથા આદિવાસી પ્રજાનો અમુક વર્ગ પોતાના સ્વજનોની તબીબી સારવાર માટે કયારેક ઉદાસીન

પણ રહેતો હોય છે. આરોગ્ય સંસ્થાઓ દ્વારા આવા સંકોચભીરુ વર્ગમાં સારવાર મેળવવા અંગેની જાગરુકતા કેળવાય એ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. એટલું જ નહી, જરૂરતમંદ લાભાર્થી દર્દીઓ કટોકટીની ક્ષણે વિના સંકોચે સારવાર માટે પોતાની આરોગ્ય સંસ્થામાં ખેંચાઈ આવે એ પ્રકારની સુવાસ ફેલાવવી જોઈએ.

આરોગ્ય સંસ્થાઓ પાસે અત્યાધુનિક સાધન સુવિધાઓ હોય છતાં સાચી સેવાની ભાવના ન હોય તો સમાજમાં એવી સંસ્થાની શાખ વામણી અને ભ્રામક પુરવાર થાય છે.

વળી, કોઈપણ આરોગ્ય સંસ્થા દર્દીઓની કેવળ સારવાર કરીને જ સંતોષ માની લે એ પૂરતું નથી. દર્દીઓ સાથેનો અભિગમ ભાવનાત્મક, સહાનુભૂતિપૂર્ણ અને હૂંફભર્યો રાખવાનું મહત્વ પણ સારવાર જેટલું જ છે. આદિવાસીઓ, દલિતો, બાળકો અને સ્ત્રીઓની સારવારમાં થતી ઉપેક્ષાના દુઃખદ અનુભવો સાંભળવા મળે છે. આથી સમજાય છે કે સમાજના નીચલા વર્ગની તબીબી સારવારમાં ભાવનાત્મક અને સહાનુભૂતિપૂર્ણ અભિગમ રાખવાનો આદર્શ મુશ્કેલ બનતો ચાલ્યો છે. સદ્‌ભાવ અને સમજ સાથે ગરીબ દર્દીઓની સેવા કરવાની નિસબત ધરાવતી અને એ પ્રકારે લોકશિક્ષણ અને લોકજાગૃતિનો હેતુ પણ પાર પાડતી આરોગ્ય સંસ્થાઓનો વિકાસ થવો જોઈએ.

સેવા રૂરલના આવા પ્રયાસમાં આપ સૌ પણ સહભાગી થશોને ?

◈

(જાન્યુઆરી ૨૦૦૦)

## ૩૧. નાનાંઓની મોટાઈ

સ્થાનિક ગ્રામીણ મહિલાઓને રોજગાર મળી રહે એ હેતુથી સેવા રૂરલમાં ૧૯૮૫માં શારદા પાપડ કેન્દ્રની શરૂઆત કરી.... પાપડના ઉત્પાદન અને વેચાણની વ્યવસ્થા કેન્દ્રની બહેનોએ જ સુંદર રીતે ઉપાડી લીધી. શરૂઆતમાં આવા કામનો અનુભવ નહી એટલે ત્રણ–ચાર વર્ષ ખોટ આવી. પણ પછી ધીમે ધીમે અનુભવે માર્કેટીંગની વ્યવસ્થા ગોઠવાઈ જતાં સંસ્થા નફો કરતી થઈ. આ નફો પાપડ કેન્દ્રની બહેનોને જ રોકડ રકમ, પ્રતીક ભેટ અથવા પ્રવાસ ખર્ચ રૂપે સરખે હિસ્સે વહેંચી આપવો એવી વ્યવસ્થા સ્વીકારી હતી. આમ સ્વનિર્ભર ધોરણે ચાલતું શારદા પાપડ કેન્દ્ર અભણ તથા જરૂરતમંદ ઘણી મહિલાઓ માટે રોજગારીનું આશ્રયસ્થાન બની ગયું.



પણ છેલ્લા છ માસથી શારદા પાપડ કેન્દ્રને અડદની દાળ તથા મરીના ભાવ આસમાને પહોંચતા પાપડના ભાવમાં કમને વધારો કરવો જ પડયો અને ભાવ વધારાની અસર પાપડના વેચાણ પર થઈ. પાપડનું વેચાણ ઓછું થવા માંડયું. સોળ વર્ષમાં પહેલીવાર તા. ૧૨ થી ૨૫ જુલાઈ સુધી કુલ ચૌદ દિવસ પાપડ કેન્દ્ર બંધ રહ્યું.

આ વિષમ કટોકટીનો ઉકેલ લાવવા તા. ૨૪, જુલાઈએ ખારિયા ઝઘડિયાની મહિલાઓ અને સુપરવાઈઝર બહેનોની એક બેઠકનું આયોજન કર્યું. અડદની દાળ અને મરીના ભાવના કારણે બહેનોની સ્વરોજગારી ઠપ્પ થઈ ગઈ હતી. પાપડ કેન્દ્રની મહિલાઓ પાસેથી જ સમસ્યાનો ઉકેલ મળ્યો ભેળસેળ કરવી નહિ અને પાપડની ગુણવત્તા જાળવી જ રાખવી. અને એ માટે બહેનોએ જ મહેનતાણામાં રૂપિયો એક તથા બચત રકમમાં એક રૂપિયાનો ઘટાડો કરી સમસ્યાનો અંત આણ્યો.

આમ પાપડ કેન્દ્રના નિભાવ માટે ઊભી થયેલી કટોકટી બહેનોએ પોતાના મહેનતાણા તથા બચતના રૂા. બે ઓછા લઈને પણ શારદા પાપડ કેન્દ્રના નીતિનિયમો, મૂલ્યો તથા પાપડની ગુણવત્તાનું સાથે કોઈ સમાધાન ન કરવું એવા નિર્ણય માટે સૌને આનંદ હતો. ખાસ તો ગામડા ગામની અભણ મહિલાઓએ પોતીકી આંતરસૂઝ અને મોંઘવારીથી ઊભી થયેલી કટોકટીનો આપમેળે ઉકેલ શોધી કાઢયો. ખરેખર આ નાનકડી છતાં પ્રેરક ઘટના હતી.

વ્યાપક દ્રષ્ટિએ જોઈએ તો આઝાદીના ત્રેપન વર્ષો વિત્યા બાદ દેશમાં અનેક સ્તરે થયેલા વિકાસના સમાંતરે મોંઘવારી, ભેળસેળ, લાંચ રૂશ્વત જેવાં કેટલાય અનિષ્ટોએ માઝા મૂકી છે. દેશ ભલે ખાડામાં પડે પણ પોતાનું સાત ભવનું તરભાણું ભરી લઈને રાતોરાત લાખોપતિ – કરોડપતિ થઈ જવાની મેલી દાનત કહેવાતા નેતાઓ અને નોકરીયાતોમાં રોગના જંતુઓની પેઠે વકરતી ચાલી છે ત્યારે શારદા પાપડ કેન્દ્રની અભણ બહેનોએ પોતાની રોજીનો નાનકડો ભાગ જતો કરવાની ખુમારી રાજીખુશીથી સ્વેચ્છાએ બતાવી, પાપડની ગુણવત્તા જાળવવા નાનકડું બલિદાન આપ્યું. સાવ સામાન્ય લાગતી આ ઘટનામાં પ્રગટતી ભાવના અને નિષ્ઠા નાના–મોટા અનેક કર્મચારીઓ તથા ગૃહઉદ્યોગને માટે નમૂનારૂપ દાખલો બેસાડે એવી છે. પાપડ કેન્દ્રની બહેનોની ભાવના નિહાળીને શ્રી ઉમાશંકર જોશીની કાવ્ય પંકિતઓની યાદ આપી જાય : ''મોટાંઓની અલ્પતા જોઈને થાક્યો, હવે નાનાંઓની મોટાઈ જોઈને પ્રસન્ન થાઉ છું.''

◈

(એપ્રિલ ૨૦૦૦)

## ૩૨. અનોખો ઉકેલ

ઉમલ્લા પાસેના નાનકડા ટીંબામાં રહેતી ટીનીબેન ઈશ્વરભાઈ વસાવાનો કેસ તા.૨૩–૧૦–૨૦૦૦ ના રોજ સેવા–રૂરલમાં દાખલ થયો. અભણ અને વયમાં આવેલી ટીની માબાપને મજૂરીમાં મદદરૂપ થતી. એના કાકાની ત્યકતા દીકરીના કુસંગમાં ટીની ખોટા માર્ગે ચઢી ગયેલી. ડભોઈ નજીકના એક ગામેથી વાજાં વગાડવાના કામે ધંધાર્થે આવેલા એક શખ્શ સાથેના અવૈધિક સંબંધને કારણે ટીનીને દિવસો રહ્યા હતા. માબાપને ય ખબર પડી ગઈ. ગર્ભપાત કરાવી નાંખવા માબાપે ઝાડમૂળી જેવા ઊંટવૈદુંના ઊંધા ઉપાયો કરવા માંડયા. ચાંદીના સાંકળા ગિરવે મૂકીને પાણીની જેમ પૈસા વાપર્યા. છતાં ટીનીનું દુઃખ દૂર ન થયું. બલ્કે દુઃખાવો વધતો જ ગયો. તાલીમ પામેલી એક દાયણબાઈએ એને દવાખાને લઈ જવાની સલાહ આપી. આખરે ટીનીને એનાં માબાપ સેવા રૂરલમાં લઈ આવ્યા. સામાજિક શરમ અને આબરૂના ખોટા ખ્યાલમાં તણાઈને ટીનીના પતિ તરીકે કોઈને સાથે લઈ આવેલા. સંકોચને કારણે અવૈધ સંબંધની હકીકત છુપાવી અને ખોટી વિગતો નોંધાવવામાં આવી.

સમય પૂર્વે જ ટીનીની પ્રસુતિ થઈ ગઈ. એના બાળકનું વજન (૧.૦૧૧ કિ.ગ્રા.) ઓછું હતું. અવૈધ બાળકના જન્મની ખબર ફેલાઈ જાય તો સમાજમાં ટીની કુંવારી માતા તરીકે કલંકિત થાય. આથી એની માએ બાળકનો કબજો લઈ ઘરે જતા રહેવા તાલાવેલી આદરી. અપૂરતા વજનવાળા બાળકનો કબજો આપી ન શકાય. ઘણી સમજાવટ છતાં ટીનીની મા–એ રાતે ગામમાંથી દારૂ ઢીંચી આવી અને દવાખાનામાં ધમાલ મચાવી મૂકી. પણ કોઈએ એને જરાય મચક ન આપી. કાનૂની કાર્યવાહી કરવાની ધમકી આપી ત્યારે ટીનીને કફોડી હાલતમાં મૂકીને એનાં સગાં વહાલાં ચાલ્યાં ગયાં. એને દાખલ કરવા સાથે આવેલ ખોટા પુરાવાનો એ બનાવટી પતિ તો દેખાયો જ નહી

હોસ્પિટલના સ્ટાફ કાર્યકરોની સમજાવટથી ટીની અને એના બાળકની સારવાર ચાલુ રહી. ત્રણચાર વાર તો ખુદ ટીનીએ ત્યાંથી નીકળી ઘરે ચાલ્યા જવાની ભારે જીદ પકડેલી. પણ એની જીદ ગણકારવામાં ન આવી. ટીનીની અપાર મૂંઝવણ અને વ્યથા એ હતી કે આવા અવૈધ બાળકને સમાજ સ્વીકારશે? એક મહિનાની ખંતપૂર્વકની સારવાર બાદ વજન ૧.૩૬૩ કિ.ગ્રા. થતાં બાળક માતાને સોંપવામાં આવ્યું. અવૈધ સંબંધથી જન્મેલા આ બાળકને સામાજિક સ્વીકૃતિ મળવાનો પ્રશ્ન ટીનીને જ નહી, દવાખાનાના કાર્યકરોને પણ હતો. પણ સેવા રૂરલના કાર્યકરોના સજાગ અને સાવચેતીભર્યા પ્રયાસોથી આ સમસ્યા પણ હલ



થઈ જવા પામી. નવજાત શિશુને દત્તક લેવા ઈચ્છતા એક પરપ્રાન્તીય નિઃસંતાન દંપતીને પૂરી સમજ આપીને સ્વેચ્છાએ એનું બાળક સોંપી એ અંગેની કાનૂની વિધિ સંપન્ન કરી. પોતાના બાળકની સુરક્ષાની ચિંતામાંથી તો ટીની મુકત થઈ. ભ્રૂણ હત્યાના અપરાધમાંથી બચી ગયાનો આત્મસંતોષ પણ એને થયો. વળી, પેલું પરપ્રાન્તીય નિઃસંતાન દંપતી પોતાની ઝંખના પ્રમાણેનું નવજાત શિશુ વર્ષો બાદ મળ્યું, એની ધન્યતા અનભવતું હતું. એનું નામ મનીષ રાખવામાં આવ્યું. તાજેતરમાં જ સેવા રૂરલના કાર્યકર ઉપર બિહારથી એ દંપતીનો પત્ર આવ્યો છે.

"મનીષ અભી બહુત અચ્છા એવં સ્વસ્થ હૈ. ઉસકા વેઈટ ૧.૯૦૦ કિ.ગ્રા. કા હો ગયા હૈ, ઘરમેં સભી સદસ્ય ઉસકી સેવા કરતે હૈ, માધવીકા કયા કહેના ? વહ તો અપના સારા સમય મનીષ કે પીછે હી લગાતી હૈ હમલોગ બહુત ખુશ હૈ... પંડયા સાહબ, આપને જો હમ લોગો કે લિએ કિયા વહ યાદ કરને કે લાયક હૈ. આપકી સંસ્થા ફૂલે–ફલે યહી કામના હૈ. આપ લોગોકા પ્રેમ – પ્યાર ભુલાયા નહી જા સકતા.''

ગેરમાર્ગે દોરવાઈને જાતીય શોષણનો શિકાર બનેલી એક અભણ, અબુધ ગામડી યુવતીનો જીવ બચી ગયો. કફોડી દશામાં જન્મ આપ્યો છતાં એનું બાળક બચી ગયું. એટલું જ નહી, એના બાળકના જીવનની નિભાવ વ્યવસ્થા સન્માનપૂર્વક ગોઠવાઈ.

૧૯૯૯–૨૦૦૦માં યુનિસેફ તથા ગુજરાત સરકારે સેવા–રૂરલને ગુજરાતના સર્વપ્રથમ FRU ( First Referal Unit ) ની માન્યતા આપી. આથી અહીંની માતૃકલ્યાણ તથા બાળઉછેરની ઘનિષ્ઠ સારવારની પ્રવૃત્તિને અનેરું જોમ પ્રાપ્ત થયું. શહેર વિસ્તારમાં સહજ અને સત્વરે ઉપલબ્ધ બનતી અદ્યતન તબીબી સારવારની તકોને મુકાબલે ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક તબીબી સારવાર પણ મળવી દુર્લભ રહી છે . એકવીસમી સદીમાં પ્રવેશ કરવા છતાં... એક તરફ ભારતીય નારીઓ વિશ્વસુંદરી બની વરવાં અંગપ્રદર્શનો દ્વારા સૌંદર્યને બજારૂ બનાવતી રહી છે. તો બીજી તરફ, તળ ગામડાની અબુધ–અભણ નારી અને એનું બાળક પ્રસુતિ દશામાં યોગ્ય સારવારના અભાવે કે અન્ય રોગોમાં દવાના અભાવે, રિબાઈ રિબાઈને કષ્ટાય છે. એમાં કયારેક અટકાવી શકાય તેવા મરણ પણ થાય છે. સેવા રૂરલનું ધ્યેય રહ્યું છે તળ ગામડાંની માતાઓ, બાળકો અને વૃધ્ધોને યથાશક્તિ સમયોચિત સારવાર પૂરી પાડવાનું....સાત્વિક કાર્ય.....

(જુલાઈ ૨૦૦૦)

## ૩૩. વાર્ષિકોત્સવો – એક તટસ્થ મૂલ્યાંકન

આપણે સૌ ઉત્સવપ્રિય ખરા. ઉત્સવોને લઈને આપણામાં આનંદ ઉત્સાહ આવે છે. અને અસરપરસનો સંબંધ વધુ ગાઢ બને છે. વર્ષો વર્ષ આવતા તહેવારો, મેળાઓ, સામાજિક અને ધાર્મિક ઉત્સવો અને પ્રસંગો આપણને જીવંત રાખે છે. વળી આપણામાં ક્યારેક આવેલી હતાશા–નિરાશા અને એકાંગીપણાને દૂર કરવામાં આવા પ્રસંગો જાણેઅજાણે મહત્વનો ભાગ ભજવતા હોય છે.

સેવા રૂરલે પણ આ ભારતીય પરંપરા મહદ્અંશે જાળવી રાખી છે. વર્ષ દરમિયાન વિવિધ ધર્મના સંતો, રાષ્ટ્રીય પુરુષોના જન્મદિન તેમજ વિવિધ તહેવારોની ઉજવણી સ્ટાફ અને પરિવાર સાથ કરતા આવ્યાં છીએ. આ પ્રસંગો પૈકી 'સેવા રૂરલનો વાર્ષિકોત્સવ' એક આગવી ભાત ધરાવે છે. સેવા રૂરલની સ્થાપનાને બે દાયકા ઓક્ટોબર'૨૦૦૦માં પૂરાં થયા. આમ તો સંસ્થાની સ્થાપના પછી દર વર્ષે વાર્ષિકોત્સવ ઉજવતાં. પરંતુ ૧૫મા વાર્ષિકોત્સવ પછી અમે સૌએ નક્કી કર્યું હતું કે હવે દર વર્ષે વાર્ષિકોત્સવ ન ઉજવતાં જયારે સંસ્થાને ૨૦વર્ષ પૂરાં થશે ત્યારે પણ અમે અંદરોઅંદર ચર્ચાઓ કરેલી કે, 'શું આ પ્રકારના વાર્ષિકોત્સવ દર વર્ષે ઉજવવા જોઈએ? એ ઉજવણીની યથાર્થતા છે? આવા વાર્ષિકોત્સવનું આયોજન ઘણા સમય અગાઉથી કરવું પડે. ચાલુ પ્રવૃત્તિઓ અને જવાબદારીઓ વચ્ચે વાર્ષિકોત્સવ પાછળ સંસ્થાના ઘણાં કાર્યકરોએ પોતાની શકિત અને સમય આપવો પડે. આને લઈને હાથ પરની પ્રવૃત્તિઓ થોડી ઓછી થાય, ગતિ મંદ પણ પડે, શું આ યોગ્ય છે? સમય શકિતની સાથે સાથે વાર્ષિકોત્સવ પાછળ થતો ખર્ચ કેટલે અંશે વ્યાજબી લાગે? ખાસ કરીને જયારે સ્વૈચ્છિક સંસ્થાઓમાં દાન આધારિત પ્રવૃત્તિઓ થતી હોય ત્યારે આ ખર્ચ વ્યાજબી ગણી શકાય? આવા અનેક નાના–મોટા પ્રશ્નો– કાર્યક્રમની યથાર્થતા અંગે ઊભા થાય.

આ મર્યાદાઓ અને પ્રશ્નો વચ્ચે પણ અમને સૌને આ પ્રકારની ઉજવણી નવું બળ અને નવી દિશા પૂરી પાડે છે, તે નિર્વિવાદ છે. તમામ સ્તરના કાર્યકરોમાં એક પ્રકારનું સંઘબળ કેળવાતં જણાય છે. નાની –મોટી જવાબદારીઓ અદા કરતા કાર્યકરોને પોતાની સૂઝ–સમજ અને શકિત દર્શાવવાની તક સાથે નવો આત્મવિશ્વાસ જન્માવે છે તેવું અમે અનુભવ્યું છે.

તો વળી વાર્ષિક કાર્યક્રમમાં બહારથી બોલાવેલા સંતોના આશીર્વાદથી શું કિંમત ગણી શકાયો અમારા કાર્યમાં લાગણી ધરાવતા શુભેચ્છકો – મિત્રો વિગેરેને જયારે જયારે મળીએ ત્યારે તેઓ સૌ, 'તમારો વાર્ષિક કાર્યક્રમ કયારે આવવાનો છે?', આ વર્ષે તમારો વાર્ષિક કાર્યક્રમ નહોતો?' 'આવો પ્રસંગ રાખો ત્યારે આવીશું વિગેરે સંવાદો દ્વારા વ્યકત થતી લાગણીઓ અમારી મોટી મૂડી છે. વળી અ દર્શાવે છે કે એ બધાને પણ એનું મૂલ્ય છે. આવા વાર્ષિકોત્સવ પ્રસંગે આવતા આવા



શુભેચ્છકો–હિતચિંતકો, કર્મશીલો અન સ્વૈચ્છિક સંગઠનોના કાર્યકરોને મળીએ ત્યારે અમને પણ જાણે 'સૈનિક' મળતુ લાગે છે. આવા પ્રસંગો અમને હૂંફનો સ્પર્શ કરાવી જતા હોય છે. આ વાર્ષિકોત્સવ અમને સોને ચેતનવંતા અને ઉત્સાહી બનાવવામાં અગત્યનો ભાગ ભજવે છે તેમ લાગ્યું છે. સાથ સાથે આવા પ્રસંગને બહાને સંસ્થાના મકાનો તથા કેમ્પસની ઘનિષ્ઠ સફાઈ અને સુશોભન થઈ જાય છે, તો વળી કેટલાંક અધૂરાં કામો, ખાસ કરીને સિવિલ વર્ક વિગેરેને સમય મર્યાદામાં રહી પુરાં કરવાં માટે ફરજ પડે છે, આ પ્રકારના ફાયદા તો ખરા જ

આ પ્રસંગોએ અમે જે 'દરિદ્રનારાયણ' અને 'વંચિતો' માટે જે કામ કરીએ છીએ તેની સમાજ સમક્ષ વાત કરવાની તક પણ મળે છે અને વિચારોનું આદાન–પ્રદાન થાય છે. તેમાંથી પણ અમે ઘણું ઘણું મેળવીએ છીએ. વળી, મુખ્ય મહેમાનો અને શુભેચ્છકોએ કરેલા સુચન, ટીકા વિગેરેમાંથી નવા વિચાર મળતા હોય તો, અજાણ્યે અમારા કામનું મૂલ્યાંકન પણ થતું લાગે. કોઈ ટકોરથી અમે કંઈ ચુકી જતા હોય, વિલંબ થતો હોય તો તેમાં પણ સુધારો કરવાની તક મળે છે.

આમ, સરવાળે અમારા જેવી સ્વૈચ્છિક સંસ્થાઓને વર્ષોવર્ષ પછી જે સ્વાભાવિક ઝાંખપ લાગતી હોય છે તેમાં આવી ઉજવણીઓ મહદ્અંશે સંસ્થાને 'માંજવાનું'' કામ કરતી હોય છે.

આ અંગે આપણા વિચારો જણાવશો?

◈ (નવેમ્બર ૨૦૦૦)

## ૩૪. આવા ગરીબોનું હિત જ અમાર દિલો–દિમાગમાં રહે......

દરિદ્રનારાયણની સેવા જ સાચી પૂજા – એવી વિવેકાનંદ પ્રેરિત શ્રધ્ધા સાથે સેવા રૂરલ સંસ્થાએ

પોતાની સેવા પ્રવૃત્તિની શરૂઆત ભરૂચ જિલ્લાના આર્થિક રીતે પછાત વિસ્તાર ઝઘડીયામાં સને ૧૯૮૦માં કરી.

સેવા રૂરલના ઉપક્રમે છેલ્લાં વીસ વર્ષથી આરોગ્યલક્ષી અને ત્યારબાદ ક્રમશઃ વિકાસલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. ગામડાના છેવાડાની વ્યકિત સુધી આરોગ્યની સુવિધાઓ પહોંચાડવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન થઈ રહ્યો છે.

ઝઘડિયા જેવો અંતરિયાળ વિસ્તાર પસંદ કરવા પાછળનું મુખ્ય કારણ ગરીબ, આદિવાસી અને ગ્રામીણ વિસ્તાર , અને જયાં જેનું કોઈ નથી તેને એક યા બીજી રીતે મદદરૂપ થવું , એ માટે જરૂરી પ્રયત્ન કરવા. આ પ્રયત્નોમાં કયારેક મીઠા અને કયારેક કડવા અનુભવો પણ થયા છે, પરંતુ જયારે સાચા દરિદ્રનારાયણની સેવા કરવામાં નિમિત્ત બનવાનો અહેસાસ થાય છે ત્યારે આ પ્રવૃત્તિની સાર્થકતાનો

આનંદદાયક અનુભવ થાય છે.

ઝઘડીયાથી ૧૧૫ કિ.મી. દૂર મહારાષ્ટ્ર રાજયની સરહદમાં આવેલ નંદરબાર જિલ્લાના અકકલકુવા તાલુકામાં આવેલું વાણ્યાવિહિર ગામ આશરે બે હજાર લોકોની વસ્તી ધરાવે છે. ઊંડાણના એ આદિવાસી વિસ્તારમાં હજી આરોગ્યની પ્રાથમિક સુવિધાઓ પૂરતી પહોંચી નથી. ત્યાંના રહેવાસી ભનાભાઈ મનસુખભાઈ તડવી, ઉંમર વર્ષ ૪૫, ખેતમજૂરી કરીને ત્રણ દીકરા અને બે દીકરીઓનું પાલનપોષણ કરે. એક સાંધે ને તેર તૂટે એવી કફોડી દશામાં દીકરીને મોટી કરી સાસરે વળાવી. મોટો દીકરો લાખો સોળ વર્ષનો થતાં બાપુ ને ખેતમજૂરીના કામમાં મદદરૂપ થવા લાગ્યો. નાનો દીકરો પણ ગામના ઢોર ચારી મહિને રૂ. ૪૦૦ મેળવતો થયો. આમ જેમતેમ બે ટંકનો રોટલો રળી જીવન જીવતા ભનાભાઈને કંઈક રાહતનો દમ લેવાનો વારો આવ્યો. પણ મુશ્કેલીઓ એમનો પીછો છોડે એમ નહોતી.

લાખાને ભણવાનું તો જાણે ભાગ્યમાં હતું જ નહી. યુવાનીના ઉંબરે હજુ પગ મૂક્યો અને બાપની હાથલાકડી બન્યો ત્યાં તો એ ગંભીર માંદગીમાં પટકાયો. એની માંદગી લંબાતી ગઈ એટલે બાપની ચિંતા વધતી ગઈ. અકકલકુવા તથા નંદરબારના ડોકટરોને બતાવ્યું પણ લાખાનો રોગ પકડાયો નહી. લોકોની સલાહથી ગુજરાત રાજયના સાગબારા ગામના ખાનગી ડોક્ટરને પણ બતાવ્યું. પણ બિમારી કાંઈ કહેતા હટવાનું નામ લેતી નહોતી.

બાપ દીકરો શું કરે ? જોતજોતામાં લાખાને તો આંખે દેખાવાનું પણ બંધ થઈ ગયું. એટલે ફરી સાગબારા સરકારી દવાખાને લઈ ગયા. એને ત્યાં દાખલ કર્યો. ત્યાં પણ ડોક્ટર કંઈ ઈલાજ કરી ન શક્યા. આથી એમણે ભરૂચ કે ઝઘડીયા લઈ જવાની સલાહ આપી.

વધારે દૂરના સ્થળે દીકરાનો ઈલાજ કરવા લઈ જવાની ચિંતામાં ભનાભાઈની ઊંઘ હરામ થઈ ગઈ. આખરે તેઓએ તેમના શેઠને વાત કરી. શેઠ માણસ ભલા. લાખાને તરત જ ઝઘડીયા લઈ જવાની અને સાથે આવવાની તૈયારી બતાવી. શેઠ અને ભનાભાઈ લાખાનો હાથ પકડી સેવારૂરલની હોસ્પિટલે ૨૩મી એપ્રિલે આવ્યા.

લાખાની તપાસ થઈ અને નિદાન જોયું તો લાખાના બન્ને આંખે પાકો મોતિયો મોતિયાને કારણે જ લાખાના જીવનમાં અંધારું છવાયેલું. તેને દાખલ કરવામાં આવ્યો અને બન્ને આંખોનું ઓપરેશન વારાફરતી કરવાનું ડોક્ટરોએ નક્કી કર્યું.



ઓપરેશન પહેલાં લાખાના પેશાબની તપાસ કરવામાં આવી. અને આશ્ચર્ય પેશાબમાં 3+ સુગર (ખાંડ) નું પ્રમાણ દેખાયું. ફરી બીજા દિવસે સવારે ભૂખ્યા પેટે લોહી અને પેશાબની તપાસ કરવામાં આવી. ભોજન બાદ ફરી બે કલાકે તપાસ થઈ, આમ વારંવાર તપાસ કરતાં લોહીમાં સુગરનું પ્રમાણ ૪૦૩ મિ. ગ્રા. હોવાનું નિશ્ચિતપણે ધ્યાનમાં આવ્યું.

આવી કુમળી યુવાન વયે લોહીમાં સુગરનું આટલું બધું પ્રમાણ જોઈને હોસ્પિટલના સ્ટાફને આશ્ચર્ય થયું. દર્દીને કોણ જાણે કયારથી આ તકલીફ શરૂ થઈ હશે ડાયાબીટીસના રોગની ખબર તો ઊંડાણના ગામડાના આવા અભણ લોકોને કયાંથી હોય ?

લાખાને કાચી વયે મોતિયો થવાનું સીધું કારણ મળી ગયું. હવે લાખાની સારવાર શરૂ થઈ. બાળપણથી જ થતા જુવેનાઈલ ડાયાબીટીસનો એ દર્દી હતો એટલે ઈન્સ્યુલીનથી જ શરૂઆત થાય. લગભગ ૧૫ દિવસની સારવારના અંતે ડાયાબીટીસને નિયંત્રણમાં લાવી શકાયો. વારાફરતી બન્ને આંખોનાં ઓપરેશન કરી નેત્રમણિ મૂકવામાં આવ્યા. બે દિવસ બાદ તો લાખો સ્પષ્ટ દેખતો થઈ ગયો. તેના આનંદનો પાર ન રહ્યો. તેના બાપુ અને શેઠને તો કેમ ભુલાય અને સારવાર કરનાર અમારા તબીબી સ્ટાફને પણ ખૂબ આનંદ અને ગૌરવની લાગણી થઈ.

◈ (જાન્યુઆરી ૨૦૦૧)

## ૩૫. સામાન્ય માણસની સારપ

આપણા દેશના કેટલાયે વિકટ પ્રશ્નો આપણી સામે પડકાર સમા બનીને બેઠા છે. ગરીબી, શોષણ, બેરોજગારી, પીવાના પાણીની સમસ્યા, પ્રદૂષણ, મહિલાઓને થતા અન્યાયો, નિરક્ષરતા, ભ્રષ્ટાચાર આતંકવાદ... પ્રશ્નોની યાદીનો અંત આવે તેમ નથી. સ્વતંત્રતાના પાંચ દાયકાઓ બાદ પણ આમાંથી ઘણાનો ખાસ કંઈ ઉકેલ આવ્યો નથી. અન દુનિયાના મોટાભાગના અન્ય દેશો કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યા છે. આપણ ભવ્ય આધ્યાત્મિક વારસો, બેનમૂન સંસ્કૃતિ, અગાધ માનવબળ અને કુદરતી સ્ત્રોતો છતાં આપણો સમાજ અને દેશ લોકોની, મુખ્યત્વે ગરીબોની સ્થિતિમાં ખાસ ફેર લાવી શકયો નથી. વળી પીવાના પાણી જેવી પાયાની સગવડ પણ ઘણા વિસ્તારોમાં ઊભી કરી શકયા નથી. એકાદ વરસાદ ખેંચાય અને આપણી વ્યવસ્થાઓ અને યોજનાઓ હચમચી ઊઠે છે. આ અપાર વિટંબણાઓમાં હવે બીનજરૂરી ઉમેરો થયો કોમી રમખાણોનો.

શરૂઆતની ઘટના અને ત્યારબાદ થયેલા એક પછી એક બનાવો અત્યંત દુઃખદ, કમનસીબ, ક્રૂર અને અમાનુષી હતા. કાયદો અને વ્યવસ્થાની દેખરેખ રાખનારાઓ પણ જાણે અજાણ્યે એમાં જોડાયા હોય તેવું લાગે છે. ભલભલાને હતપ્રભ કરી દે તેવી ઘટનાઓ થઈ છે. આ ઘટના સંદર્ભમાં સમાજ અને રાજ્યનાં લગભગ બધા જ વિભાગોએ ચિંતન અને ચર્ચા કરી જરૂરી ફેરફારો કરવા ઘટે. અને રમખાણોના ભોગ બનેલા લોકોની અત્યંત કારમી અને વિકટ પરિસ્થિતિની તો શું વાત કરવી? અને આ વિકટ પરિસ્થિતિમાં ખાસ કંઈ ન કરી શકવાનો અફસોસ તો ઘણાંને હશે જ.

દેશ અને સમાજનાં લગભગ બધા ઘટકોએ આ અંગે કંઈને કંઈ કરવું જ જોઈએ, કરવું પડશે. પણ પરિસ્થિતિમાં હિંમત હારી જઈ, આ પ્રત્યાઘાતી બળો અને બનાવોથી શું માનવજાતમાંથી વિશ્વાસ ગુમાવી દેવો યોગ્ય છે? સામાન્ય માણસને તો આ ખૂનામરકીમાં કોઈ જ રસ નથી. એને તો રસ છે રોજી–રોટીમાં, પોતાના કુટુંબમાં, પોતાના બાળકોના શિક્ષણ અને ભવિષ્યમાં અને એ સામાન્ય માણસની આંતરસૂઝ અને તેની શ્રદ્ધા જ આમાંથી છેવટે રસ્તો કાઢશે. એનો અર્થ એ નથી કે બીજું કાંઈ જ ન કરવું. ઘણા બધા કંઈ ને કંઈ કરી રહ્યા છે અને એ કરવું આવશ્યક પણ છે. ઝઘડિયામાં કોઈ જ તોફાન ન થયું અને સેવા રૂરલે ભરૂચમાં શાંતિક્ષમા રેલીમાં ભાગ લઈ નજીવો સંતોષ માન્યો. એક યા બીજા કારણસર એનાથી વિશેષ કાંઈ ન કર્યું જે શક્ય હતું જ.

પણ સામાન્ય માણસની નિસ્બત, આંતરસૂઝ અને શ્રદ્ધા જ છેવટે તો આપણને આવી કામી પરિસ્થિતિમાંથી બચાવશે. અને આપણે પણ આ શ્રદ્ધા ગુમાવવાની નથી. એ જ બાબતની સાક્ષીરૂપ, પડઘા રૂપે એક પત્ર અમારી હોસ્પિટલની દાન પેટીમાંથી મળ્યો છે જેને અત્રે રજૂ કર્યો છે. ડોક્ટરો અન અન્ય સ્ટાફની કામગીરીનાં વખાણ કરતાં વધારે તો લખનારની શ્રદ્ધા, સરળતા, વિશ્વાસ જે સામાન્ય માણસની નિસ્બત અને શ્રદ્ધાનાં સૂચક છે તે અગત્યનું છે અનેતે આપણા હૃદયને સ્પર્શે છે. વળી તે જ બાબત માણસમાં શ્રદ્ધા રાખવા માટે આપણને સૌને બળ આપેછે જેની આજના સમયમાં આપણને સૌને તાતી જરૂર છે.

પત્રઃ

સેવા રૂરલ સંસ્થાના આગેવાનો તેમજ, નાનામોટા સખીદાતાઓ તેમજ નાના મોટા ડોક્ટરો તેમજ સિસ્ટરોનો સ્ટાફ તેમજ સફાઈ કામદાર વર્ગનો હું આભારી છું કે મારા કપરા દિવસોમાં મારા માટે મારા વાલી સૌનું આંખનું ઓપરેશન જરૂરી



હતું, અને છે. અત્યારે ડાયાબિટીસના કારણે કદાચ ન પણ થયું હોય અને મને એના કારણે જો રજા આપવામાં આવે તો પણ અને મારૂ કામ થઈ જાય તો પણ હું તમારા સેવા રૂરલના પૂરા સ્ટાફનો ઘણો આભારી છું. કારણ કે હું અહીંયા જેટલા પણ દિવસો રહ્યો એમાં મને તમારી મદદ અને સર્વિસ આપો છો તેનો ઘણો અનુભવ થયોછે. અને કોઈ પણ વાત એમ નથી બની કે મને સંતોષકારક ન હોય, અને ખાસ કરીને દશરથભાઈ અને ચીમનભાઈ અને ડોક્ટરોનું જે રીતે દર્દી સાથેનું વર્તન અને દર્દી ગમે તેવું હોય અને ગમે તે જાતિનું હોય પરંતુ એમની સાથે એમના પોતાના સમજીને કામ કરવું એનાથી હું ઘણો જ ખુશ અને આફરીન થયો. એનો મને આનંદ થયો. અને અંતમાં હું અલ્લાહને દુઆ કરું છું અને કરીશ કે અલ્લાહ સેવા રૂરલના બધા જ નાના મોટા સ્ટાફને એનો બદલો આપે. એ ઘણા સાચા દિલે હું અલ્લાહને દુઆ કરું છું. અને કરીશ. અને મારા બનતી કોશિશ કરીશ. બસ તમારો બધા જ સ્ટાફનો હું આભારી છું. અને મારા વતી અને મારા પિતા વતી તમને કોઈ તકલીફ પહોંચી હોય તો અમને માફ કરશો. બસ એ જ, મેં મારા શબ્દોમાં તમારા માટે મારી સમજ પ્રમાણે તમારા સ્ટાફને સમજવાની કોશિશ કરી છે. અલ્લાહ પાક તમને દુનિયા આખીરતમાં બેહતરીન બદલો આપે બસ એ જ,

ખુદા હાફેજ – રામ રામ
મુસ્તાક મહમદ મારીયાવાળા,
ગામ – પરીઅજ – ભરૂચ.

(જુન'૨૦૦૨)

◈

## ૩૬. ગ્રામ્ય મહિલાઓનું કાયમી કમાણીનું કપરૂ કામ

સેવા રૂરલ સંસ્થાને ઝઘડિયા તેમજ આસપાસના વિસ્તારોમાં ગરીબલક્ષી વિવિધ કાર્યક્રમો કરતા કરતા બે દાયકા થઈ ગયા. મહિલાઓને કેન્દ્રસ્થાને રાખી બહેનોના સંગઠન દ્વારા તેમના માતૃભાવને કાર્યરત કરવા, તેઓ શોષણમુક્ત થાય અને જરૂરી પ્રસંગોએ આર્થિક મદદ મળી રહે માટે જરૂરિયાતમંદ બહેનો વિવિધ કાર્યક્રમો દ્વારા આર્થિક રીતે સ્વનિર્ભર બનવા પ્રયત્ન કરી રહી છે.

બીજ વાવીએ ન તે પછી ધીમે ધીમે વિકાસ થાય. પહેલા છોડ અંકુરિત થાય અને પછી છેવટે વટવૃક્ષ બને. જેમ જેમ વૃક્ષ મોટું થતું જાય તેમ તેમ તેની શાખા પ્રશાખાઓ વધતી જાય. જેટલી વધુ માવજત કરીએ, સમયસર ખાતર–પાણી આપીએ એટલો જલ્દી વિકાસ થાય, સ્વસ્થ વિકાસ થાય. આ વિકાસમાં પ્રશ્નો તો આવે જ. પાપડ–મસાલા બનાવવાની બહેનોની આર્થિક પ્રવૃત્તિ તો ચાલુ જ હતી. હજી વધુ બહેનોને રોજગારીની જરૂર હતી તેથી ૧૯૯૯માં ગારમેન્ટ વિભાગની

શરૂઆત કરી અને જાણે કે એક વિશાળ આભ હાથમાં આવ્યું. બહેનોને રોજગારી અને સાથેસાથે તેઓનો વિકાસ, એ બંને મુખ્ય ધ્યેયોને મોટું ફલક મળ્યું. આ કાર્યક્રમ ત્રણ વર્ષમાં સરસ રીતે પાંગરી રહ્યો છે. તેમાં પ્રશ્નો તો ઘણાં આવે છે પણ સાથે બેસી એના ઉકેલો, રસ્તાઓ શોધતા રહીએ છીએ. તેમાંના કેટલાક પ્રશ્નોની આ વાત છે.

પહેલાંના સમયમાં ઘણી બહેનો સ્ત્રીઓ અને બાળકોના કપડાં સીવતી. બટન લગાડવાનું કે હાથ સિલાઈનું કામ કરતી. જ્યારે પુરુષોના કપડા સીવવાનું કામ મુખ્યત્વ ભાઈઓ કરતા. ગારમેન્ટ કાર્યક્રમ હેઠળ બહેનોમાં જે આવડત છે, કુશળતા છે તેનો ઉપયોગ કરી, તેને જરૂરી તાલીમ આપી શર્ટ–પેન્ટની સિલાઈનું કામ શીખવવાની શરૂઆત કરી. પ્રમાણમાં પેન્ટ કરતાં શર્ટ સીવવાના સહેલા તેથી મોટાભાગની બહેનો શર્ટ સીવવા તો જલ્દી શીખી ગઈ. પેન્ટ સીવવા થોડા અઘરા તેથી થોડી બહેનો જ સરસ પેન્ટ બનાવતા શીખી.

કંપનીના કામદારોના ગણવેશ સિવવાનો જે ઓર્ડર મળે તે તો પેન્ટ–શર્ટ બંનેનો સાથે જ મળે. હવે શું કરવું? વળી કંપનીને ટૂંકા સમયમાં ઓર્ડર તૈયાર પણ જોઈએ તેથી વચ્ચેનો રસ્તો કાઢી અત્યારે આજુબાજુના ગામના તથા સ્થાનિક ભાઈઓને પેન્ટ સીવવાનું કામ આપીએ છીએ. આ બાબત સતત મનમાં ખૂંચ્યા તો કરે જ છે. પ્રશ્ન થયા કરે છે કે આ કામચલાઉ શોધેલ રસ્તો બરાબર તો છે ને?

વળી આગલા ત્રણ વર્ષનો અનુભવ અને છેલ્લા ત્રણ મહીનાનો અનુભવ એકદમ અલગ છે. આગલા ત્રણ વર્ષોમાં એવું થતું કે બહેનો હોય તો તેમને માટે કામ પૂરતું ન હોય. ગારમેન્ટના બજારમાં સ્પર્ધાનો સમય હોઈ ટકી રહેવા માટે કારીગર બહેનોને વિવિધ પ્રલોભનો આપી ખેંચી લઈ જવામાં આવે છે. એવા સંજોગોમાં ઝઘડિયા જેવા સ્થળે જ્યારે કામ મળી શકે ત્યારે કારીગર બહેનો ન મળે એવી વિકટ પરિસ્થિતિ સર્જાતી હોય છે. ખૂબ મહેનતને પરિણામે છેલ્લા ત્રણ મહિનામાં કામ પણ સારું એવું મળ્યું અને બહેનો પણ નિયમિત. છતાં કેટલાક ઓર્ડરોમાં સામેથી ના પાડવી પડી અને અમુકમાં ઓર્ડર મુજબ માલ ઘણી વખત સમયસર ન આપી શકાયો. ફેક્ટરીના સંચાલકો સાથે કામ પાર પાડવાનું મોટો પડકાર બની રહે. ઓછો સમય આપી તેઓ કામ જલ્દી માંગે. આપણે ઊંચી ક્ષમતા અને સારી ગુણવત્તાવાળું કામ શક્ય એટલું જલ્દી આપીએ એવો પૂરેપૂરો પ્રયત્ન કરીએ છતાં મોડું થાય ને ના પાડવી પડે એવું થાય તો શું કરીએ? એનો સરળ ઉકેલ ક્યો? વધુ બહેનોને સામેલ કરીએ, એટલે કે બહેનોની સંખ્યા વધારીએ? નવાં મશીનો લાવીએ? હાલ જેટલાં મશીનો અને અન્ય સગવડો છે તેનો જ ઉપયોગ કરીને બે પાળીમાં કામ કરીએ? આ બધું જ કરવાની ઈચ્છા ને તૈયારી પણ ખરી, પરંતુ



આગલા ત્રણ વર્ષના અનુભવે એવું લાગે કે આ કામનું વાવાઝોડું તો ટૂંકા ગાળાનું પણ હોઈ શકે. અને તો પછી બધી જ બહેનોને એકધારું સતત કામ ન આપી શક્યા તો નવી બહેનોને તાલીમ આપીએ, બધી રીતે તૈયાર કરીએ ને કામ આવતું બંધ થઈ ગયું તો? વળી સ્થાનિક લોકોની રુચિ અને પરિસ્થિતિને ધ્યાનમાં લઈ એ બજાર પણ ઊભું કરવા ઈચ્છીએ છીએ. હાલની પરિસ્થિતિમાં તો કામચલાઉ ધોરણે ભાઈઓને કામ આપી આખા કાર્યક્રમને મજબૂત કરવાનું ધાર્યું છે. પણ ગ્રામીણ વિસ્તારનાં બહેનો પૂરતી આવક પ્રાપ્ત કરી શકે તેવો ગારમેન્ટ વ્યવસાય ગોઠવવો સહેલું તો નથી જ.

◈

(સપ્ટેમ્બર '૨૦૦૨)

## ૩૭. ત્યારે અમારી છાતી ગજગજ ફુલી

છેલ્લા બે દાયકાથી ગરીબલક્ષી આદિવાસી અને જરૂરિયાતમંદ લોકો માટે જુદીજુદી વિકાસની પ્રવૃત્તિઓ થઈ રહી છે, જેનાં કેન્દ્રસ્થાને છે બહેનો અને યુવાનો.

૧૯૮૫થી બહેનો અને બાળકો માટેની પ્રવૃત્તિઓ શરૂ થઈ. ૧૦૦થી પણ વધારે બહેનો પાપડ પ્રવૃત્તિમાં જોડાઈ સ્વનિર્ભર બની. પાપડ–ઉત્પાદનનું કામ દિલ દઈને કરી રહી છે તેથી ઉત્પાદન પણ વધ્યું છે. સાથે સાથે દૂર દૂરથી પાપડની માંગ આવવાથી તેને પહોંચી વળવા માટેની ક્ષમતા બહેનોએ કેળવી છે. ઉત્પાદન અને વેચાણ વધ્યું એટલે નફો પણ વધારે થવા માંડયો. થયેલ નફામાંથી બહેનોમાં રોકડ રકમની વહેંચણી વર્ષને અંતે કરવામાં આવતી ત્યારે બધી બહેનોએ ભેગાં થઈને પોતાની સૂઝ પ્રમાણે નફો પૂરેપૂરો વહેંચી ન લેતાં પાપડનું ઉત્પાદન વધુ થાય તે માટે જરૂરી નવાં સાધનો લાવવા, અને પ્રાપ્ત સાધનોની મરામત કરવા માટે જરૂરી નાણાં બાજુમાં રાખ્યા. વળી તૈયાર માલ (પાપડ) અને કાચા માલ (અડદની દાળ અને મરી) માટે પણ પૈસા તો રોકવા જ પડે; તે ઉપરાંત બજારમાં હરિફાઈ વધારે તેથી પાપડની ઉઘરાણી પણ સારી એવી બાકી રહેતી હોય છે. આ બધાનો સરવાળો કરતાં લગભગ રૂા. ૧૧ લાખ એક યા બીજી રીતે, એમ કહો કે, રોકાયેલા રહ્યા.

અત્યાર સુધી બહેનોના આર્થિક કાર્યક્રમો સેવા રૂરલના માર્ગદર્શન હેઠળ પણ બીનઔપચારિક રીતે શારદા મહિલા મંડળ દ્વારા ચાલતા હતા. વિવિધ કારણોસર આ બધાં કામો સેવારૂરલથી સ્વતંત્ર મહિલાઓ માટેની જ સંસ્થા દ્વારા કરવાનું વિચાર્યું. આ માટે જુદા જુદા સ્તરે વિવિધ પ્રકારની તૈયારીઓ શરૂ થઈ જેમાં બહેનોનો અનેરો ઉત્સાહ હતો. પણ તેમાં સારા એવા નાણાં ભંડોળની જરૂરિયાત હતી. જેમાં કાચા માલની ખરીદી, બહેનોને ચૂકવવાનું મહેનતાણું અને ઉઘરાણીની બાકી રહેતી રકમ વગેરેનો સમાવેશ થતો હોત.

બહેનોનો વિકાસ થાય, સમાજના વિકાસમાં બહેનોની ભાગીદારી વધે અને બહેનોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને ખિલવી સમાજોપયોગી કામ માટે માતૃશક્તિને વ્યાપક બનાવવા માટે બહેનોની સ્વાયત્ત, સ્વતંત્ર સંસ્થા સ્થાપવાના વિચારે મૂર્તરૂપ લીધું. વિચાર તો ઘણો સારો હતો પણ નવી સંસ્થા માટે જરૂરી સમય, શક્તિ ઉપરાંત નાણાં તો જોઈએ જ. નાણાંની વ્યવસ્થા ગોઠવવી કઈ રીતે?

મહિલા મંડળ દ્વારા અનૌપચારિક રીતે ચાલતા પાપડના કાર્યક્રમમાં એક યા બીજા સ્વરૂપે રૂ. ૧૧ લાખ  હતા જ. સ્વાભાવિક છે કે આ નાણાં નવી સંસ્થામાં પાપડ કેન્દ્ર માટે પણ ઉપયોગી નીવડી શકે. એટલે જુદાજુદા કાયદા અને ઈન્કમટેક્ષના નિષ્ણાતો સાથે વાતચીત કરી. નિષ્ણાતોએ સલાહ આપી કે જો પાપડનું કામ કરતી બહેનો આ ભંડોળ નવી સંસ્થા ઊભી કરવા માટે આપવાની સંમતિ આપે તો આ શક્ય બને. બહેનો આવી તૈયારી બતાવશે કે કેમ તેવી શંકા અને અન્ય જાતજાતના પ્રશ્નો નિષ્ણાંતોન થયા. સંસ્થાના કાર્યકરોએ અંદરોઅંદર ચર્ચા કરી ત્યારબાદ બહેનો સાથે પણ નિખાલસતાથી ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. માહિતી આપ્યા બાદ બધી લાભાર્થી બહેનોને કહેવામાં પણ આવ્યું કે, ''ચાલો આપણે બધા ૧૦–૧૦ હજાર રૂપિયા લઈ ઘરને સાજ સજાવીએ, ખાઈ–પી આનંદ કરીએ.'' ત્યારે એકી અવાજે બધી જ બહેનોએ ના પાડીને કહ્યું, ''અમને આ રૂપિયા નથી જોઈતા, અમને લાંબાગાળાની રોજીરોટી અને કામ મળે તેવી વ્યવસ્થા જોઈએ. આજે આ કાગળ (રૂપિયા) છે કાલે ઊડી જશે પછી અમારું શું ....?" અમે તેમને ઘણા લોભામણા રસ્તા બતાવી પૈસા લેવા માટે આગ્રહ કર્યો, પણ બહેનો ટસથી મસ ના થઈ. આટલી બધી બહેનોમાંથી એક પણ બહેનને પૈસા લેવાની ઈચ્છા ન થઈ. કેટલો વિશ્વાસ હતો પોતાના કામ પર, બહેનોના સંગઠન ઉપર અને સંસ્થા ઉપર... હસ્તે મોંએ, સમજી–વિચારી, જાણે કોઈ પ્રશ્ન જ નથી એમ માની દરેક બેન આગળ પર નવી બની રહેલી સંસ્થાને કાયમી ધોરણે નાણાં આપવાની કબૂલાત આપતી સહી કરવા માટે તૈયાર થઈ ગયાં.

છતાં બહેનોને વધારે સમય આપ્યો. ઉતાવળ કર્યા વિના વિચારીને સાથે મળી નક્કી કર્યા. પછી જ આટલી મોટી રકમ આપવાની ઈચ્છા હશે તો વિચારીશું એમ કહી ચર્ચા સમાપ્ત કરી... બીજી વખત ચર્ચા કરી પણ બધાં અડીખમ... વિચાર મક્કમ  સંસ્થા પર દૃઢ શ્રધ્ધા અંકબંધ. છેવટે બધી બહેનોએ નવી સંસ્થા સ્થાપવા માટેઆ નાણાં આપવાની મંજૂરી આપી, સહી કરી, દાખલો પૂરો પાડયો. આમ તો આ નાણાંએમના હકના, પરસેવાના હતા. એ પૈસા નવી સંસ્થાને ન આપતાં તેઓ જ લઈ લે તો પણ એમાં નૈતિક, કાયદાકીય, અથવા વ્યવહારિક રીતે કશું ખોટું ન હતું. પરંતુ સામૂહિક હિતનો વિચાર, દીર્ઘદૃષ્ટિ અને કોઠાસૂઝથી આ શક્ય બન્યું.



રોજબરોજ પેપરમાં અને ટી. વી. માં આપણે જોઈએ છીએ કે સહકારી બેંકોના કરોડોના કૌભાડો, સરકારમાં અને અન્ય જગ્યાએ નાણાંની ઉચાપત થતી રહે છે આ અભણ, અર્ધશિક્ષિત ગામની બહેનો, જેમની કમાણી માંડ મહિને ૧૦૦૦–૨૦૦૦ની હશે; જેઓ ૧૦,૦૦૦ની લાલચ સામે ન ઝુકી, તો એનું શું કારણ ? અત્યાર સુધી અનુભવ્યું છે અને આ કિસ્સામાં પણ એવું લાગે છે કે સામાન્ય માણસમાં સારપ છે, તેઓ સમજુ છે માટે અને તેમને હરામનો રોટલો ગળે નથી ઉતારવો માટે.

અને એટલે જ આવી બહેનો માટે આપણી સૌની છાતી ગજ ગજ ફૂલે છે. ગૌરવ થાય આવી બહેનો માટે... બલ્કે સમાજમાં પ્રેરણામૂર્તિ બની રહી છે આ બહેનો.

◈

(ડિસેમ્બર–૨૦૦૨)

## ૩૮. ગરીબોનું કામ : બધાની જરૂર

સેવા રૂરલની ઔપચારિક શરૂઆત એક અનોખા સ્થાનિક સહકારથી શરૂ થઈ. પરદેશથી સ્વપ્ન લઈને આવેલા યુવાનોને ઝઘડિયાના સ્થાનિક લોકોએ, ખાસ કરીને કસ્તુરબા મેટરનિટી હોમના સંચાલકોએ ઉષ્માભર્યો સહકાર આપ્યો. બે સંસ્થાના કાર્યકર્તાઓ વચ્ચે મુલાકાતો તથા ચર્ચાઓ બાદ સેવા રૂરલને હોસ્પિટલ સોંપવામાં આવી. ૧૯૮૦ સુધી ફકત ઓ.પી.ડી. ડિલિવરી અને સમયાંતરે ઓપરેશન કરતી હોસ્પિટલનો ધીમે ધીમે વિકાસ થતાં હાલ તો હોસ્પિટલ અને અન્ય અનેકવિધ કાર્યક્રમો તેમજ પ્રવૃત્તિઓથી સેવા રૂરલ ધમધમી રહ્યું છે.

હોસ્પિટલની વાત કરીએ તો હાલ ૭૫ પથારી, ઓપરેશન થિયેટરો, લેબોરેટરી, એક્ષ–રે, બ્લડ બેંક અને સોનોગ્રાફીની અદ્યતન સુવિધાનો લોકો લાભ લઈ રહ્યા છે. ડઝનથી પણ વધુ ડોક્ટરો હોસ્પિટલમાં કાર્યરત છે.  વર્ષે લગભગ ૬૦,૦૦૦ની ઓપીડી અને ૬૦૦૦ દાખલ દર્દી, તેટલી જ સંખ્યામાં ઓપરેશનો તેમજ લગભગ ૭૫૦ ડિલિવરીના કેસો દર્શાવે છે કે હોસ્પિટલ સ્થાનિક સમાજ માટે આશીર્વાદરૂપ નીવડી છે. છેલ્લાં દશેક વર્ષમાં આંખને લગતું કામ આખા જિલ્લામાં નમૂનેદાર બન્યું છે. જે હેઠળ દર વર્ષે ૫,૦૦૦ ઓપરેશનો થાય છે અને અદ્યતન સાધનોથી આંખના અન્ય રોગો માટે વિશિષ્ટ સેવાઓનું માળખું ગોઠવવામાં આવ્યું છે. ખાસ તો ગરીબ અને વંચિતો માટે સ્વામી વિવેકાનંદના વિચારો અને આદર્શ પ્રમાણે કામ કરવાની ખેવના આ સંસ્થાએ રાખી છે. યુવાનોને કેન્દ્રમાં રાખવાનો હરહંમેશ પ્રયત્ન કરીએ છીએ. તેને પરિણામે લગભગ ૩૫% ઓ.પી.ડી. અને ૬૦–૬૫% દાખલ દર્દીને હોસ્પિટલમાં વિનામૂલ્યે સારવાર અપાય છે.

હોસ્પિટલ ઉપરાંત કોમ્યુનિટી હેલ્થ પ્રોજેક્ટ, નેત્રરક્ષા અને અંધજન પુનર્વસન કાર્યક્રમો દ્વારા સંસ્થાના કાર્યકરો અને સ્વયંસેવકો ચારે તરફ ગામડાઓમાં ફરી આંખના રોગોની સંભાળ, અંધજનોનું પુનર્વસન, ડિલિવરી અને અન્ય આરોગ્ય અંગે શિક્ષણ અને માર્ગદર્શન પહોંચાડી રહ્યા છે. આ બંને કાર્યક્રમો દ્વારા ઊંડાણનાં ગામોમાં સુંદર કામ થઈ રહ્યું છે.

આરોગ્ય ઉપરાંત ગરીબ કુટુંબના બાળકો માટે પૂરક શિક્ષણની પ્રવૃત્તિ હાથ ધરી છે. આદિવાસી અને ગ્રામીણ યુવાનો, કે જેઓએ શાળા અડધેથી છોડી દીધી છે, તેમને સંસ્થાના ગુમાનદેવ સ્થિત વિવેકાનંદ ગ્રામિણ તકનીકી કેન્દ્ર દ્વારા જુદી જુદી વ્યવસાયી તાલીમ અપાઈ રહી છે. મહિલા વિકાસ કાર્યક્રમો હેઠળ ઘણી ગરીબ બહેનોને રોજગારીની તકો ઉપલબ્ધ થઈ રહી છે એમના શિક્ષણ અને સમજણમાં પણ વધારો થઈ રહ્યો છે. તકનીકી કેન્દ્રમાં અત્યાર સુધી લગભગ ૧,૦૦૦ યુવાનો તાલીમ લઈ રોજગારી મેળવવામાં સફળ થયા છે, જ્યારે મહિલા કાર્યક્રમ હેઠળ લગભગ ૧૫૦ બહેનો આર્થિક રીતે પગભર થઈ રહી છે.

બાવીસ વર્ષથી ગરીબલક્ષી વિવિધ કાર્યક્રમો કરતી સંસ્થામાં આરોગ્યનું કામ મુખ્ય રહ્યું છે. તેમાં સંસ્થાના પ્રથમ દિવસથી હોસ્પિટલની સેવાઓ પાયારૂપ બની રહી છે. છેવાડાના માણસને ટેકો કરવાનો નિર્ધાર, તેથી હોસ્પિટલના નિભાવખર્ચની જવાબદારી ઘણી મોટી. પૈસા અભાવે ભાગ્યે જ કોઈ હોસ્પિટલમાંથી પાછો વળ્યો હશે. હાલમાં હોસ્પિટલનો વાર્ષિક ખર્ચ લગભગ ૬૫–૭૦ લાખ રૂપિયા જેટલો રહે છે. દર વર્ષે આટલા મોટા પ્રમાણમાં વિનામૂલ્યે સારવાર થતી હોય એટલે વર્ષોવર્ષ નાણાંકીય વ્યવસ્થા લાંબાગાળાની ગોઠવવી પડે તે સ્વાભાવિક છે. ઈશ્વરકૃપા, સમાજની વ્યાપક સહાનુભૂતિ, દેશ પરદેશની ઘણી સંસ્થાઓ અને શુભેચ્છકોની મદદ તેમજ રાજ્ય સરકારના આરોગ્ય અને વહીવટી અધિકારીઓની આ નવતર પ્રયોગમાં સાનુકૂળતા કરી આપવાની તત્પરતાને પરિણામે સંસ્થાને ઘણી હૂંફ મળતી રહી. એમાં રાજ્ય સરકારનું અનુદાન, ઉર આશા જવેરી ફાઉન્ડેશન ( મુંબઈ) ની નોંધપાત્ર મદદ, ગરીબ દર્દીઓ માટેનાં રિઝર્વબેડ સામે મળેલ દાન વિ. મુખ્ય રહ્યાં. આમ બાવીસ વર્ષ ગરીબ આદિવાસી વિસ્તાર માટે વિનામૂલ્યે અથવા રાહત દરે સંસ્થા તરફથી મળતી સવલત લોકોને ખૂબ જ ઉપયોગી નિવડી.

વીસ વર્ષ બાદ મુશ્કેલીઓ હવે શરૂ થઈ છે. એક તરફ નિભાવ ખર્ચની ખોટ પૂરી કરવા બનાવવામાં આવેલ કોર્પસ ફંડનું વ્યાજ યુટીઆઈના ધબડકા અને બેંકના ઘટેલા વ્યાજને કારણે ઓછું થયું. તો બીજી બાજુ ઉદ્યોગમાં મંદી હોવાને લઈને



દાનમાં પણ થોડો ઘટાડો થયો પણ સૌથી અગત્યનું કારણ સરકારના અનુદાનનો મોટો ભાગ છેલ્લાં બે વર્ષ દરમ્યાન પ્રાપ્ત ન થઈ શક્યો. ગયા વર્ષની અને ચાલુ વર્ષની અનુદાનની મળવાપાત્ર બાકી રકમ રૂા. ચાલીસ લાખ મળી નહી. જેથી સંસ્થામાં અભૂતપૂર્વ નાણાંકીય કટોકટી ઊભી થઈ છે.

ગાંધીનગરની મુલાકાતો દરમ્યાન અધિકારી વર્ગ સાથે ગંભીર ચર્ચા અને રજૂઆત કરી સંસ્થાની ભૂમિકા અને હાલની મુશ્કેલીઓ સમજાવવાના ઘનિષ્ઠ પ્રયત્નો થયા. સરકારમાં વહીવટી વિભાગ અને હિસાબી વિભાગના પ્રતિભાવ વિરોધાભાસી રહ્યા. ગાંધીનગરમાં ઘણી વ્યક્તિઓ સંસ્થાનું મૂળ હાર્દ સમજી ન શક્યા. છેવાડાના વિસ્તારના ગરીબોને માટે ટેકારૂપ થતી હોસ્પિટલની સેવા પ્રવૃત્તિ માટે તેઓને ખાસ સહાનુભૂતિ ન હતી. અત્યાર સુધી હોસ્પિટલની ગ્રાન્ટ માટે આવો કોઈ પ્રશ્ન ન હતો. હવે આમ કેમ થઈ રહ્યું છે તે એક કોયડો જ છે. આ અંગે સક્રિય પ્રયત્નો તો ચાલુ જ છે. આ સંદર્ભે સરકારની નાણાંકીય મુશ્કેલીઓ જ મુખ્ય કારણ હશે એમ માનવું રહ્યું.

તે દરમ્યાન સંસ્થાના હિતેચ્છુઓને દાનની અપીલ મોકલવામાં આવી. એનો પ્રતિસાદ પ્રમાણમાં સારો મળી રહ્યો છે. બીજા ઉપાયો પણ વિચારવાં પડશે. જો સરકારી ગ્રાન્ટની આ પરિસ્થિતિ ચાલુ જ રહેશે તો બે દાયકાથી પણ વધારે સમયથી સ્થાનિક ગરીબ વર્ગને આશીર્વાદરૂપ નીવડેલી હોસ્પિટલના પાયાના માળખામાં ન છૂટકે કેટલાંક ફેરફારો કરવા પડશે. પણ તેનો ભાર તો સમાજના તળિયાના ગરીબ વર્ગને વેઠાવનો આવશે તેની કલ્પના કરતા અત્યંત દુઃખ થાય છે.

◈

( માર્ચ ૨૦૦૩)

## ૩૯. અમારી મર્યાદાઓ

સેવા રૂરલનું ઝઘડીયામાં કામ શરૂ કર્યાને નહી નહી કરતાં ૨૨ વર્ષ થઈ ગયા. શરૂઆતમાં ઠીક ઠીક મુશ્કેલીઓ પડી પણ ઈશ્વરકૃપાએ અને વ્યાપક સમાજની શુભેચ્છાઓને લઈને ધાર્યા કરતાં ઘણું સારૂ અને વ્યાપક કામ ગોઠવી શકાયું. કેન્દ્રમાં તો રહ્યાં ગાંધી વિવેકાનંદનાં દરિદ્રનારાયણ – ગરીબો અને વંચિતો. અને આ કામ કરતાં કરતાં, સ્વામી વિવેકાનંદની કલ્પના અને આદર્શ મુજબ, સ્વવિકાસ કરવાની પણ પૂરી તક મળી. એમ કહેવું ખોટું નથી કે અનેરો ધન્યતાનો અનુભવ થયો અને થતો રહ્યો.

સંસ્થા, કાર્યકરો, કાર્યકર્તાઓ, વહીવટ, નાણાંકીય આયોજન એ બધું પણ કામનું કદ વધતાં ગોઠવવાની આવશ્યકતા ઉભી થઈ. સ્વામી વિવેકાનંદ પણ પહેલી વખત અમેરીકા ગયા હતા ત્યારે પશ્ચિમના દેશોની વ્યવસ્થા શકિતથી ખુબ પ્રભાવિત થયા હતા અને એનો આપણાં દેશનાં વિવિધ ક્ષેત્રોમાં સમાવેશ થાય તેવી ઈચ્છા ધરાવતા હતા. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ જાહેરહિતનું કામ કરતી સંસ્થાઓ લાંબે ગાળે સ્પષ્ટ અને દ્રઢ મીશન કેન્દ્રમાં રાખી જુદી જુદી પ્રવૃત્તિઓનું સમુચિત આયોજન અને વ્યવસ્થા ગોઠવે એવી અગત્યતા અને આગ્રહ સેવાઈ રહ્યા છે. સામાન્ય બુધ્ધિથી પણ વિચારતાં એવું લાગે કે સંસ્થાઓ વ્યકિત આધારિત ન રહેતાં વિચાર અને વ્યવસ્થા આધારે વધારે ને વધારે બને તે લોકો, કાર્યકરો અને સંસ્થાનાં કાર્યકર્તાઓનાં લાંબા ગાળાનાં હિતમાં છે. વળી સંસ્થાનાં સંચાલન અને વહીવટમાં પારદર્શકતા રહે, એના હિતધારકોને (Stakeholders) તેનાથી મહદઅંશે સંતોષ રહે અને સંસ્થાએ સ્વીકારેલ ધોરણો અને મૂલ્યોની જાળવણી થતી રહે એવી અપેક્ષા વ્યાપક સમાજની રહે તે પણ સ્વાભાવિક છે. હમણાં હમણાં કેટલીક સંસ્થાઓમાં આ સંદર્ભમાં નાની મોટી ઢીલાશ જોવા મળે છે અને ત્યારે સમાજ, સરકાર અને મીડીયામાં આ અંગે ટીકા સાંભળવા મળે, જેનાથી થોડું દુઃખ તો થાય પણ એ ટીપ્પણીના વ્યાજબીપણાને જોતાં એની યથાર્થતા સ્વીકારવી જ રહી.

વ્યાપક સ્તરે સ્વૈચ્છિક સંસ્થાઓની વિશ્વસનીયતા અંગે માપદંડો રચવાનાં અત્યાર સુધીમાં બે ત્રણ પ્રયત્નો થયાં. આમ જોવા જઈએ તો ચીલાચાલુ કામ કરવાને બદલે એક મીશનને કેન્દ્રમાં રાખી અને વંચિત સમાજ માટે એક યા બીજા કાર્યક્રમો દ્વારા કામ કરવા નીકળેલી સંસ્થાઓ માટે અન્ય કોઈ માપદંડો બનાવે તેના કરતાં દરેક સંસ્થા જ પોતપોતાનાં માપદંડો પોતાને માટે બનાવે તે જ બધી રીતે યોગ્ય છે પણ કમનસીબે એવું થયું નથી, થતું નથી.

ગયા વર્ષે દિલ્હી સ્થિત VANI સંસ્થા દ્વારા અને ત્યારબાદ ગુજરાતની જનપથ સંસ્થા દ્વારા આના કેટલાક પ્રયત્નો થયા. બીનઔપચારિક રીતે અને સમયાંતરે થતી ચર્ચા–ચિંતનમાં આ બાબત અંગે સેવા રૂરલમાં નાનો મોટો પ્રયત્ન થતો રહ્યો. પણ ત્યારબાદ આ જ બાબતને કેન્દ્રમાં રાખી આખા દિવસની બે ત્રણ ચર્ચાઓ ગોઠવવામાં આવી જેમાં સંસ્થાના ટ્રસ્ટીઓ ઉપરાંત આખી પ્રક્રિયામાં મદદરૂપ થવા સંસ્થાનાં શુભેચ્છક, મિત્ર અમદાવાદ સ્થિત અનિલભાઈ ભટ્ટ પણ જોડાયા. એમનાં અનુભવની ઘણી વાતો કરી. એકંદરે આખી પ્રક્રિયા ખૂબ જ ઉપયોગી અને રસપ્રદ રહી. આ અંગેની વિશેષ માહિતી અને વિગતો આ અંકમાં જ સામેલ છે. મે મહિનામાં સંસ્થાનાં અન્ય કાર્યકર્તાઓ સાથે આ જ



બાબતની ચર્ચા વિચારણા– સંસ્થાની વિશ્વસનીયતા કેવી રીતે જાળવવી, એની અગત્યતા અને અગ્રિમતાનું સમયાંતરે કેવી રીતે સંવર્ધન કરવું વગેરે કરવામાં આવી. સૌના અભિપ્રાયો અને અવલોકનો ધ્યાનમાં લઈ સંસ્થાનાં અને તે દ્વારા ગરીબોનાં લાંબા ગાળાનાં હિતની જાળવણીનાં પ્રયત્નોનાં પાયા મજબૂત કરવા છે.

સંસ્થાના ઘણાં સારા પાસા અને બાબતોને બાજુએ રાખી, જેમાં સેવા રૂરલ થોડું પાછુ પડયું દેખાય છે તેવી બે ત્રણ બાબતો આ ચર્ચાઓમાં બહાર આવી. એનું એક કારણ તો સંસ્થાના મુખ્ય કાર્યકર્તાઓએ એ પ્રમાણેની દિશા ગોઠવી હોય તે પણ હોઈ શકે. સેવા રૂરલે વ્યાપક સમાજનાં અન્ય પ્રશ્નો અને સમસ્યાઓ અંગે વધારે સક્રિય થવું ઘટે. વળી પોતાનું કામ વ્યવસ્થિત ગોઠવવાનાં ઘનિષ્ઠ પ્રયત્ન અને પ્રક્રિયામાં સેવા રૂરલે અન્ય સંસ્થાઓ જોડે જીવંત સંપર્ક અને સંકલન ઘણાં ઓછા રાખ્યા છે. તે ઉપરાંત સંસ્થાના મીશન, અભિગમ વિ. અંગે સંસ્થામાં તથા સ્થાનિક વિસ્તારમાં સ્પષ્ટતા મહદ્અંશે છે પણ સમાજનાં અન્ય સ્તરે એ અંગે ગેરસમજ હોવાનો પૂરો સંભવ છે. વળી સંસ્થામાં થયેલા કામો અંગેનું દસ્તાવેજીકરણ પૂરતા પ્રમાણમાં થયું નથી. સેવા રૂરલે આ અંગે ચિંતન–ચર્ચા કરી, શક્ય હોય તો, જરૂરી ઉપાયો કરવા જોઈએ, એવું સતત અનુભવ્યું છે........

(જૂન ૨૦૦૩)

◈

## ૪૦. આણંદપુરા : ચરૈવેતિ... ચરૈવેતિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ

આણંદપુરાના સેવા રૂરલ સાથેના લગાવની તીવ્રતા દર્શાવતી ઘણી બધી બાબતોમાંથી બે પ્રસંગો નજર સમક્ષ આવે છે તે પરથી લગાવનાં ઊંડાણનો ખ્યાલ આવશે.

૧૯૮૫માં અનિલભાઈની તે વખતે જીવલેણ લાગતી બિમારી અને ઓપરેશન વખતે તેમણે મનોમન નક્કી કરેલું કે જો અનિલભાઈને કંઈ થાય તો સેવા રૂરલનાં કામને આંચ ના આવે માટે તે બાકીનું બધું કામ બાજુએ મૂકી સેવા રૂરલની પડખે આવી ઉભા રહેશે અને જરૂરી જવાબદારી સ્વીકારશે. જોકે ઈશ્વરકૃપાએ એની જરૂર ના પડી. તે જ પ્રમાણે ૧૯૯૨નાં અંતમાં અનિલભાઈ–લતાબેને સંસ્થામાં પોતાની જવાબદારી વિશિષ્ટ કારણોસર ઓછી કરવાનું વિચાર્યું ત્યારે આપદ્ધર્મ સમજી સંસ્થાની મેનેજીંગ ટ્રસ્ટી તરીકેની જવાબદારી સ્વીકારી. જો કે ત્યારબાદ લતાબેને પણ સંસ્થાના શુભેચ્છકોની લાગણી અને અન્ય કારણોને ધ્યાનમાં લઈ જવાબદારી ચાલુ રાખી અને મેનેજીંગ ટ્રસ્ટી તરીકેનું કામ સ્વીકાર્યું.

૧૯૭૪માં આણંદપુરા જી.આઈ.ડી.સી. માં અમદાવાદમાં વરિષ્ઠ હોદ્દા પર હતા ત્યારે અમેરિકાથી ભારતની મુલાકાતે આવેલા દિલીપભાઈ તેમને મળેલા. ત્યાર બાદ બધા મિત્રો ૧૯૭૯માં ભારત પાછા ફર્યા અને ભવિષ્યની પ્રવૃત્તિઓ માટે ઝઘડિયા અને આજુબાજુનો વિસ્તાર પસંદ થતાં અનેકવિધ તૈયારીમાં સેવા રૂરલનાં તે વખતનાં થોડા કાર્યકરો દોડાદોડ કરતા હતા. ઝઘડિયાની પસંદગીના વિવિધ કારણોમાં એક કારણ અંકલેશ્વર સ્થિત ઉદ્યોગો અને તજજ્ઞો સેવા રૂરલની ભવિષ્યની પ્રવૃત્તિમાં એક યા બીજી રીતે સહભાગી બને તે પણ હતું. ૨૬ ઓક્ટોબરે સંસ્થાની શરૂઆત કરતા કાર્યક્રમની તૈયારી અને દોડાદોડનાં ભાગરૂપે અંકલેશ્વરમાંથી ફોન કરવાની જરૂર જણાતા નજીકની યુનાઈટેડ ફોસ્ફરસ કંપનીની મુલાકાતમાં ત્યાં જ જનરલ મેનેજર તરીકે કામ કરતા આણંદપુરાનો અચાનક ભેટો થયો અને ત્યારથી જે સંબંધ બંધાયો તે એમનાં જીવન પર્યંત વધુને વધુ, દિન પ્રતિદિન ગાઢ બનતો રહ્યો. એમણે સંસ્થાનાં મિત્ર, શુભેચ્છક, ટ્રસ્ટી, મેનેજીંગ ટ્રસ્ટી વિ. તરીકે અનેકવિધ જુદાજુદા કામો કર્યા તેની ગણતરી અને વાતો કરવી લગભગ અશક્ય છે અને એનું પ્રયોજન પણ નથી. આણંદપુરા જ્યારે આપણા વચ્ચે નથી ત્યારે તેમનાં કદાચ ઓછા જાણીતા પાસા અંગે વાત કરવી છે.

સેવા રૂરલના મીશનમાં જે ત્રણ બાબતો સમાવવામાં આવી છે તેમાં છેવાડાનાં માણસ–કેન્દ્રિત પ્રવૃત્તિઓ અને મૂલ્ય આધારિત કામ ઉપરાંત કાર્યકરોનો સ્વવિકાસ રહ્યો છે. ગરીબોનું કામ કરતા કરતાં સ્વામી વિવેકાનંદે ચીંધેલ અભિગમ દ્વારા જે તે કાર્યકરની પોતાની અંદર રહેલ હીર... શકિત અને, વ્યાપક અર્થમાં, પૂર્ણતા બહાર આવે અને તે દ્વારા તે પોતે તો સંતોષ અને વિશિષ્ટ તૃપ્તિ અનુભવે જ પણ સાથે સાથે એનું કાર્ય પણ વધુને વધુ ઉદાત્ત અને ઉમદા બને અને અન્યને પ્રેરણા અને સાંત્વનારૂપ બની રહે. સંસ્થામાં જુદા જુદા પ્રકારનું કામ કરતા અનેકને આ પ્રક્રિયાનો નાનો મોટો અહેસાસ થયો છે. અને તેમાં આણંદપુરા મોખરે હતાં એમ કહીએ તો તે અતિશયોક્તિ નથી. ઊડીને આંખે વળગે એવું ઊંડું, વ્યાપક અને આશ્ચર્યજનક પરિવર્તન આણંદપુરામાં જોવા મળ્યું. તેમાં અન્ય પરિબળો અને કારણો હશે જ પણ સેવા રૂરલમાં તેમના કામ અને અન્ય આનુષંગીક કારણોએ સિંહફાળો ભજવ્યો છે. સંસ્થાનું દરેક કામ એમને વિશિષ્ટ આનંદ અને સંતોષ આપતું. એમનાં સુપુત્રો – હીતેન અને મનોજે પણ વારંવાર નોંધ્યું કે એમને સૌથી પ્રિય અને આનંદ આપતું કામ સેવા રૂરલનું રહ્યું હતું.

પ્રશ્ન એ થાય છે કે આણંદપુરા જ કેમ સ્વવિકાસમાં મોખરે રહ્યા? સંસ્થામાં કામ કરતા અને સંસ્થાને જુદી જુદી રીતે મદદરૂપ થતા ઘણા વ્યક્તિઓમાં આ સ્વવિકાસ



સંદર્ભમાં આણંદપુરા કેમ જુદા તરી આવે છે? શું આ પ્રક્રિયા બધાં માટે અસરકારક નહીં હોય? જવાબ કદાચ એમનાં જીવન, વ્યક્તિત્વ અને અભિગમમાં હોય તેવું લાગે છે અને એજ એમની વિશિષ્ટતા હતી. એજ બાબત આ પરિવર્તનમાં કારણભૂત બની લાગે છે. એમના જીવનના વિવિધ તબક્કાઓ–મેટ્રીક પણ ન થયેલા અને સુપરવિઝનનું સામાન્ય કામથી શરૂઆત કરી આગળ વધતાં વધતાં.. અભ્યાસમાં, સરકારમાં, જી.આઈ.ડી.સી. માં, ખાનગી ઉદ્યોગમાં, ઈન્ડસ્ટ્રીઝનાં એસોસીએશનમાં, સામાજીક સંસ્થાઓમાં અને છેલ્લે પોતાનાં આંતરિક અને આધ્યાત્મિક જીવનનાં ઉત્તરોત્તર સ્વવિકાસની મંજીલ ચાલુ જ રાખી. બલ્કે છેલ્લા દશેક વર્ષમાં તો સ્વવિકાસનો વિકાસ દર ઘણો જ ઊંચો... આ પહેલાં જણાવ્યું તેમ ઊંડો, વ્યાપક અને આશ્ચર્યજનક રહ્યો. ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં ચરૈવેતિ...ચરૈવેતિ – આગળ ચાલો, સ્થગિત ન થાઓ–ની વાત આવે છે. જાણ્યે–અજાણ્યે આણંદપુરા ચરૈવેતિમાં પ્રવૃત્ત હતા, રમમાણ હતા. તે આગળ ને આગળ ચાલતા જ રહ્યા, સ્થગિત ના થયા. આપણા સમાજના આ અનોખા અભિગમ, હિંદુ ધર્મનાં આ મોટાભાગનાથી ભુલાઈ ગયેલા આ સિધ્ધાંતનાં એ સુંદર ઉદાહરણ હતા. સેવા રૂરલનાં કાર્યકરો એમનાં જીવનનાં આ અતિ સુંદર અને વિસ્મયજનક પ્રક્રિયાનાં સાક્ષી બન્યા, રહ્યા...અમુક અંશે નિમિત્ત પણ બન્યા તે માટે આનંદ અને ગૌરવ અનુભવતા રહ્યા. આજે એમાંથી અમે પ્રેરણા લઈ રહ્યા છીએ.

◈

(ડિસેમ્બર ૨૦૦૩)

## ૪૧. હૃદયના મોંઘા ઓપરેશનો, સહૃદયી મિત્રોના સહકારથી

સેવા રૂરલને ભરૂચ જિલ્લાના ગ્રામીણ આદિવાસી વિસ્તારમાં વિવિધ કામો શરૂ કર્યાને ૨૩ વર્ષ પૂરાં થયાં અને થોડા સમય બાદ પચ્ચીસી પૂરી પણ કરશે. સેવા પ્રવૃત્તિના કાર્યક્રમોનો ઘણો ફેલાવો થયો. લાખો ગરીબ લોકોને એક યા બીજી રીતે મદદરૂપ થઈ શકાયું, સમાજના લગભગ બધા જ સ્તરો – દેશની સ્વૈચ્છિક સંસ્થાઓ અન સખાવતી ટ્રસ્ટો, સ્થાનિક લોકો, સરકાર, ઉદ્યોગ ગૃહો, આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓ, પરદેશના શુભેચ્છકો અને સંસ્થાઓ વગેરે તરફથી ઘણી મદદ અને માર્ગદર્શન મળ્યાં. આ બધી જ બાબતોનો સંતોષ તો છે જ. વળી ભૂતકાળની પ્રવૃત્તિઓ, પ્રત્યાઘાતો – પરિણામોનું ચિંતન કરતાં કરતાં ગહન આત્મનિરીક્ષણ પણ કરતા રહ્યા. સંસ્થાની મુલાકાતે આવેલા કેટલાક શુભેચ્છકોએ પણ અમને આત્મનિરીક્ષણ કરવા પ્રેર્યા છે.

ગયા વર્ષે 'સ્વૈચ્છિક સંસ્થાઓની વિશ્વસનીયતા માપદંડોમાં સેવા રૂરલનું સ્થાન'' અંગેની ચર્ચા દરમ્યાન ભૂતકાળની તથા સાંપ્રત પ્રવૃત્તિઓમાં શું ઉમેરવા યોગ્ય છે, શું સુધારવાપાત્ર છે એની સમીક્ષા થઈ. જેમાં સેવા રૂરલે ત્રણેક બાબતોમાં વધુ ધ્યાન આપી જરૂરી ફેરફાર કરવાની વાત હતી. જેમ કે વ્યાપક સમાજના અન્ય પ્રશ્નો અને સમસ્યાઓમાં સક્રિય થવું, અન્ય સંસ્થાઓ જોડે સંકલન અને સંપર્ક ઘનિષ્ઠ બનાવવા, સંસ્થાની સાચી ઓળખ અને છબી સમાજ સમક્ષ (ડિસેમ્બર'૨૦૦૩) આ ઉપરાંત પણ કાર્યક્રમોને લગતી કેટલીક બાબતો છે જે અંગે કંઈ ન કરી. શક્યાનો અફસોસ સેવા રૂરલને હંમેશા રહ્યા કરતો હતો. સંસ્થામાં આજે પણ આરોગ્યને લગતી પ્રવૃત્તિઓ કેન્દ્રમાં રહી છે તો તે સંદર્ભમાં એક મુદ્દાની વાત કરવી છે.

સેવા રૂરલનો કાર્યવિસ્તાર મહદ્અંશે આદિવાસી અને ગ્રામીણ. મોટાભાગના લોકો ગરીબ અને ઓછી આવક ધરાવે. એવાં બાળકો હોસ્પિટલમાં જોવાં મળતાં, જેમને જન્મજાત હૃદયની ખોડ હોય. જેને લઈને એમના શારીરિક વિકાસમાં થોડી ખામી રહેતી. તે ઉપરાંત ગળામાં ચેપ (Infection) લાગતાં અને સમયસર પૂરતો ઈલાજ ન કરાવી શકતા કેટલાક કિસ્સાઓમાં હૃદયના વાલ્વને નુકશાન પહોંચવાના દાખલા મળ્યા છે. બંને પ્રકારના દર્દીઓમાંના મોટાભાગના દર્દીઓ ઉંમર વધતાં, હૃદય પર અને શરીર પર બોજો વધી જતાં યુવાન વયમાં અકાળ મૃત્યુ પામે છે. જો કે આવા દર્દીઓની સંખ્યા ઓછી હતી છતાં તેઓની સ્થિતિ દયનીય હતી. કારણ કે ઓપરેશન દ્વારા એનો સંપૂર્ણ ઈલાજ શક્ય હતો. ઓપરેશન બાદ આ પ્રકારના દર્દીઓ તદ્દન તંદુરસ્ત થઈ શકે. આવી તબીબી સુવિધા આ દર્દીઓને મળી નથી ; કે સેવા રૂરલ એ માટે વ્યવસ્થા ગોઠવી શકી નથી. આ સારવાર ખૂબ ખર્ચાળ, એકાદ લાખ રૂપિયા યા એનાથી પણ મોંઘી અને શહેરની અદ્યતન થોડીક હોસ્પિટલોમાં જ પ્રાપ્ત છે. હોસ્પિટલમાં આ પ્રકારના દર્દીઓ નાની ઉંમરમાં જ એક પછી એક મૃત્યુ પામતા રહેવાથી સંસ્થાના સભ્યોએ અત્યંત દુઃખ અને અસહાયતા અનુભવી છે. બે એક હોસ્પિટલોમાં પ્રયત્નો કર્યા પણ તેમાં સફળ ન થતાં આ પ્રકારના દર્દીઓ માટે કસમયનું મૃત્યુ એ જ એકમાત્ર દુઃખદ વિકલ્પ બની રહ્યો.

હવે આ પરિસ્થિતિ રહી નથી. કેમ કે અમદાવાદની ક્રિષ્ના હોસ્પિટલ આ પ્રકારના દર્દીઓને વાહરે આવી છે. અમેરિકામાં હૃદયરોગના નિષ્ણાંત (Cardiologist) તરીકે ધીકતી પ્રેક્ટીસ કરતા ડો. અતુલભાઈ ચોક્સી અને તેમના મિત્રો અન સાથીઓના સહિયારા સ્વપ્ને ક્રિષ્ના હોસ્પિટલને જન્મ આપ્યો. ત્રણેક વર્ષમ



હોસ્પિટલનું કામકાજ વ્યવસ્થિત ગોઠવાયું છે. ડો. તેજસભાઈ, ડો. સુકુમારભાઈ અન ડો. રાજેશભાઈ જેવા નિષ્ણાંત ડોક્ટરોની સેવા પણ પ્રાપ્ત થઈ છે. તેમાં વળી સેવા રૂરલ અને ક્રિષ્ના હોસ્પિટલની સંયુક્ત અપીલનો અમેરિકામાં વસતા ભારતીય ભાઈ–બહેનોનો નાણાંકીય સહાય માટે સારો પ્રતિભાવ મળી રહ્યો છે.

આવા પ્રયત્નોના ફળસ્વરૂપ, સેવા રૂરલના આ પ્રોજેક્ટ વિસ્તારના આ પ્રોજેક્ટ વિસ્તારના લગભગ ૨૦ દર્દીઓનાં ઓપરેશન ક્રિષ્ના હોસ્પિટલમાં કરવામાં આવશે. જે પૈકીનાં ઘણાં દર્દીઓ બાળવયના તથા કિશોરાવસ્થાના અને યુવાન પણ છે, જે સૌને નવું જીવન પ્રાપ્ત થશે.

ગ્રામ વિસ્તારના લોકોના અનેક પ્રશ્નો અને સમસ્યાઓ છે આમ તો સરકારની જવાબદારી આ પ્રકારના પ્રશ્નોમાં ઘણી વિશેષ રહે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ કેટલું કરી શકે ? અને એ જ બાબત સેવા રૂરલને પણ લાગુ પડે છે. એવા કેટલાયે પ્રશ્નો અને સમસ્યાઓ છે કે તેઓ માટે કંઈ ન કરી શકવાનો અફસોસ, અસહાયતા અને અજંપો રહેતો હોય છે. પણ એમાંથી એક સમસ્યા અંગે કંઈક નક્કર કરી શકવાનો સંતોષ થયો જો કે આ પ્રકારના દર્દીઓ તો રાજ્યમાં અને દેશમાં ઠેરઠેર હશે તેનું શું ?... તે પ્રશ્ન તો છેલ્લે રહે જ છે.....

(માર્ચ'૨૦૦૪)

◈

## ૪૨. દીકરો જ જોઈએ : આવુ ક્યાં સુધી?

ઝઘડિયાથી ૪૦ કીલોમીટર દૂર આવેલ વાંકોલ ગામ. લગ્ન સિઝનમાં ઢોલ વગાડવાનું અને બાકીના મહીનાઓમાં ખેતમજૂરીનું કામ કરતાં કાલીદાસભાઈ વસાવાનું કુટુંબ. કુટુંબમાં પત્ની જાનુબેન. ઉંમર આશરે ૩૫ વર્ષ. ચાર છોકરીઓ, પાંચમી સુવાવડમાં મૃત બાળકનો જન્મ અને હવે આવી છે આ બહેનની છઠ્ઠી સુવાવડ. બહેનને સુવાવડનો દુઃખાવો ઉપડ્યો. કાલીદાસભાઈએ ગામની દાયણ બહેનને બોલાવ્યા. દાયણબેન બાળક ઊંધુ અને હાથ પણ બહાર આવી ગયેલા જોઈ પરિસ્થિતિની ગંભીરતા સમજી ગયા. તરત જ દર્દીને હોસ્પિટલમાં લાવ્યા. પણ થાય શું ? ભગવાન જાણે જાનુબેનની પરીક્ષા લેવા બેઠા હોય એમ લાગ્યું. હોસ્પિટલમાં આવ્યા ત્યારે બહેનોના રોગોના નિષ્ણાત ડોક્ટર નહીં. મેડીકલ ઓફિસરે તપાસ કરી જાનુબહેનને બીજી હોસ્પિટલમાં લઈ જવા એમના પતિને જણાવ્યું. શહેરની હોસ્પિટલમાં જવાનું એટલે પૈસા તો જોઈએ.

જે કાલિદાસભાઈ ઘરમાં હતા એટલા ૪૦૦ રૂા. સાથે લઈ આવેલા. હવે તેમને ચિંતા થવા લાગી. અડધા કલાકમાં પૈસાની વ્યવસ્થા સાથે આવું છું એમ કહીને ગયા. પણ.. બે કલાક થયા તો પણ દેખાયા નહીં. આ બાજુ બહેનની તબિયત વધારે નાજુક થવા લાગી. જલ્દી બીજી હોસ્પિટલે ન પહોંચાડીએ તો બાળકના મૃત્યુનો ભય. ડોકટર અને નર્સ બન્ને વ્યથિત અને ચિંતિત હતા. એવામાં સંસ્થાના સ્ટાફના બે ભાઈઓ રસોડામાં જમી હોસ્પિટલ તરફથી આંટો મારી ઘરે જવા નીકળેલા. તેમને આ વાતની ખબર પડી એટલે તેઓ બંને તરત જ ભરૂચ જવા તૈયાર થઈ ગયા. દર્દીને લઈ જવાનું એટલે એમ્બ્યુલન્સ તો જોઈએ. તે પણ આ સમયે બીજા દર્દીને લઈ બહાર ગયેલી. સ્ટાફના આ બે ભાઈઓએ હિંમત કરી બહેનને પોતાની સાથે લઈ ઝઘડીયા ચાર રસ્તે લાવ્યા. ટ્રક દેખાતા ટ્રક ડ્રાઈવરને પરિસ્થિતિની ગંભીરતાની જાણ કરી. એટલે ટ્રક ડ્રાઈવરે માનવતા દાખવી આગળ બેઠેલા પૅસેન્જરને પાછળ બેસવા જણાવ્યું. જાનુબેનને આગળ બેસાડયા. આમ કરતાં ૧૫ કી.મી. દુર આવેલ ઝાડેશ્વર પહોંચ્યા. ત્યાં રીક્ષા ચાલકને સમજાવી સારા–ખરાબ પાંચ કી.મી.ના રસ્તા પાર કરી ભરૂચની રંગુન હોસ્પિટલ આવ્યા. રંગુન હોસ્પિટલના ડોકટરને અગાઉથી દર્દી આવવાની જાણ હોવાથી તેઓ રાહ જોતાં જ હતા. ડોકટરે સ્ટાફ ભાઈઓ જે બહેનને સાથે લઈ ગયેલા તેમને મળ્યા, વાતચીત કરી અને બહેનને ઓપરેશનમાં લઈ બહેનનું સીઝરીયન ઓપરેશન કરી બાળક અને માતા બંનેને બચાવી લીધા. જ્યારે બે ભાઈઓ ઝઘડિયા આવ્યા ત્યારે તેમને ખબર પડી કે બહેનની ડીલીવરી થઈ ગઈ છે અને બાળક તેમજ માતાની તબિયત સારી છે. એવું જાણીને ખુશ ખુશ થયા. થોડા સમય બાદ જાનુબેનનાં પતિ કાલિદાસભાઈનો પણ ફોન આવ્યો કે પૈસાની વ્યવસ્થા થઈ છે અને હું આવુ છું. ત્યારે તેમને તેમણે ઈચ્છિત બાળક પુત્ર આવ્યાના સમાચાર આપી ભરૂચમાં રંગુન હોસ્પિટલે સીધા પહોંચી જવા જણાવ્યું. તેમની ખુશીનો પણ પાર ન રહ્યો. બાળક અને પત્નિને મળી પાછા આવ્યા ત્યારે બધી હકીકત જાણી. સ્ટાફના ભાઈઓ અને નર્સ બહેનોને મળી કૃતજ્ઞતા સાથે કહ્યું કે અમારા જેવા લાચાર અને ગરીબો માટે તો તમે ભગવાન જેવા છો. ભગવાન તમને ખૂબ ખૂબ શકિત આપે.... અને તેમની આંખોમાંથી આનંદના આંસુ વહેતા થઈ ગયા....

આ થઈ છેક છેવાડાના માણસની વ્યથાને મળેલી વાચા. પણ આવા તો કેટલાય પ્રસંગો બનતા હશે તેનું શું ? અને તે પણ ઝઘડિયા તાલુકામાં જ નહીં પણ દેશભરમાં ઠેર ઠેર. આ પ્રસંગમાંથી બે ત્રણ મુદ્દા આપણી સમક્ષ આવે છે.

- આવા કેટલાય કુટુંબો છે કે જે છોકરાની રાહ જોવામાં ને જોવામાં શારીરિક, માનસિક અને આર્થિક રીતે પાછળ પડી રહ્યા છે. હજુ આ છોકરા–છોકરીનો ભેદ શા માટે ? અને ક્યાં સુધી?
- સુવાવડમાં છેક અણીનો સમય આવે ત્યાં સુધી જરૂરી પૈસાની જોગવાઈ પણ હજુ મોટા ભાગના લોકો કરતા નથી. શું તેમને માહિતીનો અભાવ છે કે પછી બીજું કંઈ કારણ છે?



- અને આવા વંચિત સમાજ માટે કોણ? એ માટે જરૂર છે ઊંડાણના વિસ્તારની નજીકમાં ઉપલબ્ધ હોય એવા ઠેરઠેર યોગ્ય સાધન સગવડવાળા આરોગ્ય કેન્દ્રની અને તેમાં સક્ષમ ડોકટરો અને અન્ય સ્ટાફ.

(જૂન ૨૦૦૪)

## ૪૩. પણ... અમે ટૂંકા પડયા

સેવા રૂરલમાં ત્રણ ચાર વર્ષ પહેલાં એક મુલાકાતી એમના પત્ની, મિત્ર વગેરે સાથે ઝઘડિયા આવેલા. અમેરિકામાં પીએચ.ડી. થયેલા અને જે થોડાં કુટુંબો વર્ષો પહેલાં અમેરિકાથી ભારત પરત આવેલાં તેમાના એક, પાછા આવ્યા બાદ પોતાના ક્ષેત્ર અને ધંધામા સફળ થયા હતા. સંસ્થાના શુભેચ્છક તો ખરા જ અને એક યા બીજે રીતે મદદરૂપ થવા પણ તત્પર. વિવિધ કાર્યક્રમો અને વિભાગોને જોયા બાદ વાતચીત દરમ્યાન અચાનક પૂછ્યું, "બધું જોઈને આનંદ થયો. પણ જો આજે જ ફરીથી સેવા રૂરલની શરૂઆત કરવાની હોય તો તમે આવું જ કરતે ? કે પછી કંઈક વધારે અથવા જુદી રીતે?" તે વખતે અપાયેલ જવાબનો સ્પષ્ટ રણકો હતો .... વધારે કરી શકાત, વધારે કરવાની જરૂર તો હતી . પણ કદાચ ટૂંકા પડયા ... બીન ઔપચારિક વાત દરમ્યાન ત્વરિત નીકળેલો પ્રતિભાવ હતો. જાણે કે ટૂંકાણમાં ત્વરિત રીતે પોતાથી જ થઈ ગયેલું સ્વમૂલ્યાંકન.

મૂલ્યાંકનની, સમીક્ષાની જરૂર તો છે જ. કામ કરતાં કરતાં અનેક વખત એ થતું પણ રહે છે. પછી તે સંસ્થાને ૧૦ વર્ષ પૂરાં થયેલાં ત્યારે નાના ગૃપમાં દરિયા કાંઠે શાંત રમણીય વાતાવરણમાં.... શું થયું ? કેટલું કર્યું ? .... હવે શું ? વગેરે હોય કે પછી ૨૦ વર્ષ બાદ સંસ્થાના બધા જ કાર્યકરો જોડે બેસીને કરેલું વ્યવસ્થિત મૂલ્યાંકન હોય. આમ પણ લગભગ દરેક વિભાગના આખા વર્ષ દરમ્યાન થયેલ કામની જુલાઈ મહિનાની આસપાસ પણ ચર્ચા વિચારણા થતી રહે છે. અને તે સાથે હવે પછી કરવા ધારેલ કામનું આયોજન. જેમાં વિભાગના બધાં ભાઈ–બહેનો જોડાય અને થોડા અન્ય વિભાગોના બે એક અગત્યના કાર્યકરો. વળી અન્ય સંસ્થામાંથી જે તે વિષયના નિષ્ણાંતને વિનંતી કરતા આ મિત્રો પણ સમીક્ષા કરવામાં અગત્યની મદદ કરતાં હોય છે. દા.ત. કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટનું ૧૯૯૦ ના અરસામાં થયેલ રીવ્યુ, વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રની ૨૦૦૨માં થયેલ સમીક્ષા કે પછી હાલ જ થઈ ગયેલ દસકાથી પણ વધારે સમયનું સરકાર દ્વારા સોંપાયેલ ઝઘડીયાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કામની સમીક્ષા. આ અંગે વિમોચન થયેલા પુસ્તક અંગેની વિગતો આ અંકમાં આપેલી છે. પણ તેની સાથે કેટલીક બાબતો સામે આવે છે જે આવા મૂલ્યાંકનો કરતી વખતે ધ્યાનમાં રાખવા યોગ્ય લાગે છે.

પહેલી વાત તો એ કે મૂલ્યાંકન કરતી વખતે આપણે સૌ વધારે પડતા ટીકાત્મક .... Self Critical બનતા રહીશું તો જાણે અજાણ્યે અને વહેલા મોડા Cynic, પ્રત્યેક બાબતમાં દોષ જોતા બનીશું. તે જ પ્રમાણે વધારે પડતા પ્રશંસનીય .... Self Congratulatory, આપણે સૌ એકબીજાને જાણે થાબડતા જ રહીએ એવા પણ ન બનીએ. બલ્કે સંસ્થાના મીશનને કેન્દ્રમાં રાખી આ પ્રકારના પ્રમાણમાં કપરા કહી શકાય એવા સમીક્ષાના કામને પર્વતારોહણ સમયની પ્રક્રિયા સાથે સરખાવતા રહીએ. શિખર દૂર છે .... ધ્યેય પણ, પહોંચ્યા નથી એ સાચું અને ત્યાં પહોંચવાનું છે..... તે માટેના અવિરત પ્રયત્ન .... કઠીનતા અને દિશાને ધ્યાનમાં રાખતા રાખતા આગળ વધીએ. વળી એટલું જ અગત્યનું એ કે વચ્ચે વચ્ચે પાછળ પસાર થઈ ગયેલા, પગ નીચેથી સરી ગયેલા માર્ગ અને અંતરને પણ જોતા રહીએ. જેથી આગળની યાત્રા માટે જે સંતોષ, બળ અને પરિપૂર્ણતાના અંશ પામવાની જરૂર છે તેનું ભાથું પણ ભેગું કરતા રહીએ.

એટલે વાત કરતા હતા કે પ્રયત્નોમાં ટૂંકા પડયા. એ વાત તો સાચી .... અને સારી પણ. પરંતુ એ અસંતોષ બળપ્રદ રહે .... હતાશા ન પ્રેરે. એવું જાણે અજાણ્યે ન બને એ પણ ધ્યાનમાં રાખતા રહીએ. સંસ્થાનાં મીશનને જેમ કેન્દ્રમાં રાખવાનું અગત્યનું છે લગભગ તે પ્રમાણે જ.

(સપ્ટેમ્બર ૨૦૦૪)

◈

## ૪૪. ગ્રામ કાર્યકરની જાગૃતિ

ગ્રામસ્તરે કોમ્યુનિટી હેલ્થ પ્રોજેક્ટ હેઠળ ઝઘડિયા તાલુકાના ૧૬૮ ગામોની ૧,૮૧,૦૦૦ વસ્તી આવરી લેતો "પ્રથમ સંદર્ભ એકમ" (First Referral Unit) પ્રોજેક્ટ લગભગ બેએક વર્ષથી કાર્યરત છે. બીજા અનેક ઘટકો ઉપરાંત પ્રોજેક્ટમાં આરોગ્ય અંગે જનજાગૃતિનું અગત્યનું પાસું છે. તેમાં સરકારી આરોગ્ય સંકુલ અને કાર્યકરો સાથે સંકલન, અનુભવોનું આદાનપ્રદાન અને માહિતીની આપ-લે વગેરે નિયમિતપણે કરવામાં આવે છે. લોકભાગીદારી દ્વારા આરોગ્ય મેળાઓનું આયોજન કરી લોકોને આરોગ્ય પ્રતિ સભાન કરવામાં આવે છે. જ્યારે આરોગ્ય કાર્યકર અને એ જ વિસ્તારના સરકારના મેડીકલ ઓફિસર, પ્રાઈવેટ ડોક્ટર્સ વગેરે સાથે અવારનવાર વાર્તાલાપ ગોઠવી ગ્રામ્યસ્તરે સરળતાથી આરોગ્ય સેવાઓ આપવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ પ્રકારનો પ્રયોગ કદાચ દેશમાં પ્રથમ હશે.

સરકારના આરોગ્ય ખાતા દ્વારા ગ્રામીણ સ્તરને મળતી અસંતોષકારક સેવાઓ અને તે માટે સમાજને સહન કરવાના પ્રસંગો આપણી જાણમાં છે. આરોગ્ય ખાતાનાં પોતાના પ્રશ્નો પણ હશે. આ કાર્યક્રમ દરમ્યાન કસ્તુરબા હોસ્પિટલમાંથી



સરકારી આરોગ્ય કાર્યકરોને સતત મળતું પ્રોત્સાહન એ જ આજે આપણી સમક્ષ પ્રેરણારૂપ વલોણું બની ગયું છે. તો ચાલો એની વાત કરીએ.....

હોસ્પિટલથી ૧૬-૧૭ કિલોમીટર દૂર આવેલ ઝઘડિયા તાલુકાના કાંટીદ્રા ગામની વાત છે. ગામનાં જ સ્થાનિક બહેન સુમિત્રાબહેન વસાવા ઘણાં વખતથી સંકલિત બાળવિકાસ યોજના (ICDS) હેઠળ કાંટીદ્રા ગામની આંગણવાડીનું સંચાલન કરે છે. તેઓ છેલ્લાં પાંચ-છ વર્ષથી સંસ્થાના FRU પ્રોજેક્ટ હેઠળ આરોગ્ય જાગૃતિ કાર્યક્રમમાં પણ જોડાયા છે.

સુમિત્રાબેન સગર્ભા અને બાળકોનું આરોગ્ય સારું રહે, તેમને સમયસર આરોગ્ય સેવાઓ મળે એ માટે તબીબી સેવાઓનો લાભ લેતા લોકોને સેવાઓ માટે સતત સમજાવે. તે માટે ઘરે ઘરે મુલાકાત કરી લોકોનો સંપર્ક પણ કરવાનું થાય. એવી જ એક મુલાકાતમાં ગામની સગર્ભા બહેનો તરફથી જાણવા મળ્યું કે લગભગ બધી બહેનોને લોહતત્વની ગોળી અને ધનુરની રસી મળી નથી તથા તેમની તપાસ પણ થઈ જ નથી. છેલ્લા ઘણા બધા વખતથી નર્સબહેન ગામમાં આવતા જ નથી. સુમિત્રાબહેન મનોમન વિચારવા લાગ્યાં: ગામની સગર્ભાબહેનો આરોગ્ય સેવાથી વંચિત રહે તે મને કેમ ખપે? આ સેવાઓ ગ્રામીણસ્તરે મળવી જ જોઈએ એવો વિચાર એમને આવ્યો. તે માટે ગમે તે પ્રયત્નો કરવા પડે, જરૂર પડે તો થોડી ઘણી તકલીફ વેઠવાના નિર્ધાર સાથે સુમિત્રાબહેને કમર કસી.

ભાલોદ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને જાણ કરવા તેમણે કેન્દ્રનો ફોન નંબર મેળવ્યો. આરોગ્ય અધિકારીને હિમ્મતપૂર્વક વાત કરી. નવાઈની વાત એવી કે તુરત જ આરોગ્ય અધિકારીએ લાગતા વળગતા નર્સબહેનને જાણ કરી તેમની ગામની મુલાકાત ગોઠવી. કાંટીદ્રા ગામની લગભગ બધી સગર્ભા બહેનોની તપાસ થઈ. લોહતત્વની ગોળીઓ મળી. ધનૂરની રસી અપાઈ. નાના બાળકોને જુદાજુદા રોગો સામે રક્ષણ મળે તેવી રોગ પ્રતિકારક રસીઓ પણ મળી. નર્સબહેન અને આંગણવાડી બહેનના સંકલનથી આરોગ્ય સેવાઓ મળતાં લોકોમાં પ્રસન્નતાની લાગણી ફેલાઈ. સંતોષની વાત એ છે કે ત્યારથી નર્સબહેન ગામમાં નિયમિત આવતા થઈ ગયા.

સામાન્ય ગણાતા અને ઓછું ભણેલા કોઈ આંગણવાડી કાર્યકર કોઈ અસામાન્ય દાખલો સમાજ સામે પૂરો પાડે ત્યારે સૌ કોઈને તેમના માટે માન અને ગૌરવ થાય એ સ્વાભાવિક જ છે.

આ પ્રસંગનું આજે પણ મંથન કરવા જેવું, વાગોળવા જેવું છે, કદાચ આવા અનુભવો અન્યને પણ થયા હશે.

ગ્રામીણ અને અન્ય ગરીબ વિસ્તારોમાં સરકારના માળખા દ્વારા અપાતી આરોગ્યની સેવાઓ ક્યાંતો પહોંચતી નથી યા સંતોષકારક નથી. તે જ પ્રમાણે સરકાર દ્વારા અપાતી શિક્ષણ તેમજ અન્ય એવી ઘણી સગવડો અને સેવાઓ અંગે લોકોને ખૂબ અસંતોષ છે. બીજી તરફ દુનિયાના વિકસિત અને ધનાઢ્ય દેશો અનેક શોધો કરી આગળ વધી રહ્યા છે, પોતાના દેશના સામાન્ય પ્રજાની સુખાકારીમાં વધારો કરી રહ્યા છે. આપણા દેશમાં પણ નવીન શોધો અને નુસ્ખાઓનું આકર્ષણ વધ્યું છે અને તેને વિકસાવવાને માટે સંશોધનો ચાલતા રહે છે. નવા સંશોધનો અને ટેકનોલોજીને આધારે નવી નવી સવલતો શરૂ કરવા માટે ઉત્સાહ અને કોઈક વાર ઉતાવળ પણ દેખાય છે. તો બીજી બાજુ હાલના સરકારી માળખામાં જે અનેકવિધ મુશ્કેલીઓ અને મર્યાદાઓ છે તે માટે વિશેષ પ્રયત્નો યા સુઝાવ અંગે કોઈ સ્તરે વ્યાપક એવું ખાસ કંઈ થતું નથી. સરકારી માળખાના તાલુકા અને ગ્રામ સ્તરમાં કામ કરનાર માણસ અને વ્યવસ્થામાં ફેરફાર થાય તો જ નવી શોધો અને ટેકનોલોજી પ્રજા માટે કારગત નીવડે. પછી તે પ્રાથમિક શાળાનો શિક્ષક હોય, આંગણવાડી બહેન યા આરોગ્ય કાર્યકર હોય અથવા તો તલાટી હોય. કાંટીદ્રા ગામના આંગણવાડી કાર્યકર સુમિત્રાબહેન જેવા સેવાભાવી બધા કાર્યકરો હોય તો વિવિધ સેવા અને સગવડોમાં આસમાન જમીનનો ફેર પડી જાય. પછી તે ગરીબ વિસ્તારની પ્રજાના કોઈ પણ કામને લગતી વાત કેમ ન હોય

(ડિસેમ્બર ૨૦૦૪)

## ૪૫. ડ્રાઈવરની માનવતા

ઊંડાણનાં ગામડામાં થતી સુવાવડ આમ જોવા જઈએ તો પ્રમાણમાં સામાન્ય. જેને કુદરતી પ્રક્રિયા પણ કહી શકાય. છતાં એમાં અનેક પ્રશ્નો જુદા જુદા સ્તરે આવી શકે અને ઘણાંની મદદની જરૂર પડે. આ મુશ્કેલીભરી પરિસ્થિતિમાં ઘણાનો ટેકો અને મદદ મળી રહે તો બધું સાંગોપાંગ ઊતરે. નહી તો સગર્ભા બહેનનો જાન પણ જઈ શકે. આમાં દાયણ, નર્સબહેન, ડોકટર, સગર્ભા મહિલાના મા–બાપ, પડોશી વગેરેમાં હાજર રહેલા વાહનના ડ્રાઈવરના સહકારનો પણ સમાવેશ થાય છે. આવા સંદર્ભે એક ઘટનાની વાત છે.

ઝઘડિયાથી ૫૦ કિ.મી. દૂર આવેલ ડેબાર નામનું ગામ. રંગીબહેન વસાવાને સુવાવડનો સમય. પંદરેક દિવસ બાકી હશે અને પોતાની સાસરી નેત્રંગથી રંગીબહેન પિયર ડેબાર આવ્યા. સુવાવડ ત્રીજી હતી પણ હજુ સુધી કોઈ સારવાર કે તપાસ થઈ ન હતી. બહેનને પગે સોજા અને હિક્કાશ તો હતાં જ. ઝઘડિયા તાલુકાનું ગામ તેથી કોમ્યુનિટી હેલ્થ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવતું. પરંતુ આરોગ્ય સખી કે સેતુ કાર્યકરની મુલાકાત હજુ થઈ ન હતી. તે જ પ્રમાણે



રંગીબહેનને સુવાવડની કોથળી પણ મળી ન હતી. રંગીબહેનની સ્થિતિ નાજુક. લોહીની હિક્કાસ અને પગે સોજા. સુવાવડના દુઃખાવા બાદ બીન તાલીમી દાયણબહેને પરંપરાગત રીતથી સુવાવડ કરાવી હતી. દાયણબહેન સગામાં હતાં. બાળકનું વજન ઓછું ૧.૭૫૦ ગ્રામનું.

અઠવાડિયા બાદ પ્રોજેક્ટના સુપરવાઈઝરે નજીકના ગામનાં આરોગ્ય સખી જોડે મુલાકાત લીધી. રંગીબહેન પથારીવશ, હિક્કા, ભાન ઓછું, વર્તન વિચિત્ર અને બાળક પણ ઠીક નહી. ગંભીરતાનો ખ્યાલ આવતાં ભાડે રીક્ષા કરી, કુટુંબીજનોએ રંગીબહેનને નેત્રંગના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરી. ડોકટરે બેએક દિવસ સારવાર આપી. સુધારો ન જોતાં તેમને મોટી હોસ્પિટલમાં જવાની જરૂરિયાત જણાતાં ભાડાની જીપમાં સેવા રૂરલની હોસ્પિટલમાં લાવી દાખલ કરાયા. જીપના ડ્રાઈવર નટવરભાઈ વસાવાએ પણ જરૂરી સહકાર તુરત આપ્યો હતો. દાખલ થતાં સુધીમાં બહેન બેભાન અને સ્થિતિ ગંભીર. લોહીની જરૂર પડતાં સંસ્થાના કાર્યકર ઉપરાંત પિતાએ લોહી આપ્યું અને જીપના ડ્રાઈવરે જીપ દોડાવી ભરૂચથી બે બોટલ લોહી લાવી દીધું. છેવટે બધા પ્રયત્નો બાદ રંગીબહેન બચી ગયા.

આખા પ્રસંગમાં વિવિધ સ્તરે રંગીબહેનનાં કુટુંબીજનોથી માંડીને હોસ્પિટલના ડોકટરો સુધી ઘણાંએ મહત્વનો ફાળો આપ્યો અને કુદરતી પ્રક્રિયા જેવી રંગીબહેનની ત્રીજી સુવાવડ બાદ પણ પરિસ્થિતિને પહોંચી વળી જાણે જાન બચાવ્યો. ધીરે ધીરે સ્પષ્ટ થઈ રહ્યું છે કે પ્રોજેક્ટમાં થતી જોખમી સુવાવડમાં ઘણીવાર વાહનના ડ્રાઈવર ભાઈઓનાં પ્રદાનથી બહેનોનો જીવ બચે છે. રંગીબહેનનો જીવ બચાવવામાં જીપના ડ્રાઈવર નટવરભાઈનો ફાળો અગત્યનો હતો. એ ડ્રાઈવર ભાઈઓને માણસાઈનું કામ કરવાનું ગમે તો છે જ. પણ પ્રોજેક્ટનાં વિવિધ કામોમાં તાલુકાના જીપ અને ટ્રક ડ્રાઈવર ભાઈઓ જોડે મિટીંગ અને વાર્તાલાપ ગોઠવી જોખમી સુવાવડનાં ભયસ્થાનો અને સમયસર વાહનના ઉપયોગથી દર્દીને તાકીદે હોસ્પિટલમાં લાવવું અને પરિણામે દર્દીના જાનની સલામતી વગેરે બાબતો વિસ્તારપૂર્વક સમજાવવામાં આવી. ભૂતકાળના દૃષ્ટાંતોમાં બહેનના બચેલા જાનની પણ વાત થતી જેથી અન્ય વાહન સંચાલકોને એમાંથી પ્રેરણા મળે અને એમની મદદથી કેટલો બધો ફેર પડી શકે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે.

રંગીબહેનનો બનાવ વાહનોના ડ્રાઈવર ભાઈઓનું પ્રદાન સ્પષ્ટ તો કરે જ છે. જેમાં ડ્રાઈવરભાઈની માણસાઈ પણ ડોકિયાં કરે છે. વળી આવા નાના પ્રયોગો અને પ્રદાનો (Innovation and Inputs) ગ્રામીણ આરોગ્ય અને માતામૃત્યુ જેવા અગત્યનાં પણ જટિલ પ્રશ્નમાં મહત્વનો ભાગ ભજવે છે.

(માર્ચ ૨૦૦૫)

## ૪૬. અમારા મીશનના પ્રેરણાસ્તોત્ર : ગાંધી  વિવેકાનંદ

સેવા રૂરલના પચ્ચીસ વર્ષ ઓકટોબર ૨૦૦૫માં પૂરા થતા હતા તે નિમિત્તે અન્ય કાર્યક્રમોની સાથે આદરણીય નારાયણભાઈની ગાંધીકથા યોજવાનું ગોઠવી રહ્યા હતા, પણ તે જ દરમ્યાન ભરૂચની અન્ય સંસ્થાઓએ આ કથાનું આયોજન કર્યું હતું ત્યારે અમે સૌ પણ એમાં ઉમંગથી જોડાયા. ગાંધીકથાના આઠ દિવસ પણ અનેક રીતે અવિસ્મરણીય રહ્યા.

એ અને એવી જ વાતો મનમાં રમતી હતી અને સેવા રૂરલમાં થોડા વર્ષો પહેલા ઈન્ટર્નશીપ કરી ગયેલા એક ભાવનાશાળી યુવાન ડોકટર જોડે ફોન પર વાત થઈ. સેવા રૂરલ સાથેનો એનો ઘનિષ્ઠ સંપર્ક અને રામકૃષ્ણ, વિવેકાનંદ ભાવધારાથી રંગાયેલો તથા ગાંધીજી પ્રત્યે પણ એને અનેરૂ આકર્ષણ અને અહોભાવ. એ કહેતો હતો : કોઈ કોઈ વાર મને ગાંધીજી તરફ વધારે ખેંચાણ અનુભવાય છે. કદાચ બાળપણ અને યુવાન વયમાં સામાન્ય દેખાતા માણસમાંથી નિરંતર વિકાસ કરતા કરતા મહામાનવ.... મહાત્મા બનેલા તે એમની આત્મકથામાં જોએલું તેથી આવું આકર્ષણ હશે. ખેર, ઉર્ધ્વગામી વિકાસયાત્રાની બધી જ દિશા આવકારદાયક હોય છે.

સેવા રૂરલના કાર્યો અંગે ગાંધી – વિવેકાનંદ વિચારધારા સંદર્ભમાં ઘણાને અનેક વિચારો આવ્યા હશે. કેટલાકને અમારા કામોમાં ઘણો વિરોધાભાસ દેખાતો હોય તો નવાઈ નહી. અમે પણ ઘણીવાર આ અંગેના વિચારો, ચર્ચા, નિર્ણયો વગેરેમાં જાણે અજાણ્યે ખેંચાયા છીએ. બલ્કે ઓછા વધતા અંશે એ અંગે સભાન રહીએ છીએ. સેવા રૂરલની રજતજયંતિના સમયે લેખાજોખાં, થોડું પ્રગટ ચિંતન, અમારી મર્યાદા અને નહિવત્ લાયકાત છતાં, કરવાનું ધાર્યુ છે.

એ તો દેખીતું છે કે સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીજીના વિચારો, ભાવના અને જીવનની બાબતો જે આપણે સેવા રૂરલમાં અને અંગત જીવનમાં સમાવી શક્યા નથી, કરી શક્યા નથી, તેની યાદી ખૂબ ખૂબ લાંબી છે. એ રીતે ગાંધી – વિવેકાનંદના આપણે સાચા અર્થમાં અનુયાયી ન જ ગણાઈએ. સન્યાસ, ભગવા કપડાં, અપરિગ્રહ, અદ્વૈતના ચઢાણો, ખાદી, ગ્રામોદ્યોગ, સાદગી, ઉપવાસ, ૨૪ કલાક ઈશ્વર સ્મરણ..... એવા અનેક પાસાઓ છે જે આપણે આત્મસાત કર્યા નથી, બલ્કે એમાંની કેટલીક બાબતો અંગે આપણને ઓછા વધતા અંશે પ્રશ્નો છે. એટલે કોઈ સેવા રૂરલ પરિવારના સભ્યને કહે કે તમને આ અંગે કંઈ કહેવાનો અધિકાર નથી તો તે મુદ્દામાં જરૂર વજુદ છે જ. આપણે સૌએ એનો નમ્રતાપૂર્વક સ્વીકાર કરવો રહયો. છતાં એ પણ હકીકત છે કે એ બંને મનીષીઓનાં જીવન અને કાર્યમાંથી સેવા રૂરલના કાર્યકરોએ પ્રેરણા લીધી છે અને એ બંનેની અમુક બાબતોને પોતાના કાર્યમાં અને શક્ય તેટલા, જીવનમાં વણી લેવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરતા આવ્યા છે. એના પહેલા પગથિયા સ્વરૂપે કેટલીક બાબતોને સેવા રૂરલના



મીશનના ત્રણ તત્વો તરીકે સ્વીકાર્યા છે, સમજ્યા છે અને એ ધ્યાનમાં રાખી કામની તે પ્રમાણે ચર્ચાઓ પણ કરી છે. આમ, આ યુગપુરુષોની, સમજો કે, પસંદ કરેલી શીખને આપણે આપણા સેવા રૂરલના કામોમાં વણવાનો પ્રયત્ન કર્યો છે.

પરંપરાગત સન્યાસ ધર્મને તદન નવું અને જુદુ સ્વરૂપ આપણા દેશના ગરીબને દરિદ્રનારાયણનું નામ આપીને કર્યું અને તે પ્રમાણે તેનું કામ સ્વામી વિવેકાનંદે યોજયું. એ જ દિશાને ગાંધીજીએ એમની પોતાની આગવી રીતે વ્યાપક સ્વરૂપ આપ્યું. સમાજ અને સંસ્કૃતિના અભ્યાસીઓ કહેશે જ એ બંને મોડ અપ્રતિમ અને અજોડ હતા. છેલ્લાં શતક દરમ્યાન ગરીબ અને વંચિતોના કામો માટે યુવાવર્ગને એક કરતા વધારે દિશામાંથી પ્રેરણા મળી રહી હતી. વળી પરદેશમાંથી ધર્મ કેન્દ્રિત પ્રેરણા ઉપરાંત કાર્લ માર્કસ અને અન્ય પશ્ચિમના વિચારકોમાંથી પણ પ્રેરણા લઈ ઘણાં કામો શરૂ થયા. આમ તો પરંપરાગત ધર્મ કેન્દ્રિત એક યા બીજા સ્વરૂપે અને વિવિધ કારણોસર અનેક સંસ્થાઓ અને સંપ્રદાયો હવે છેલ્લા ઘણા વર્ષોથી જાહેર કામ હવે કરી રહ્યા છે. પણ સેવા રૂરલે એનું નાનું શું કામ ગાંધી – વિવેકાનંદના જીવન અને કાર્યોમાંથી પ્રેરણા લઈ ત્રણ ધ્યેયો (મીશન) – ગરીબો કેન્દ્રિત મૂલ્ય આધારિત કામ જેમાં ક્રમશઃ કાર્યકરોનો આંતરિક વિકાસ થાય – ને કેન્દ્ર બનાવી કામો ગોઠવવાનો પ્રયત્ન કર્યો છે. ગાંધી – વિવેકાનંદ વિચારધારાઓમાં સમાયેલા ઘણા અન્ય કામો અમારે માટે કરવા શક્ય ન હતા અને કેટલાક સમાજની બદલાયેલી પરિસ્થિતિમાં કદાચ કરવા જેવા ન હતા. પણ ત્રણ મુખ્ય બાબતોને સાચવવા શક્ય તેટલા પ્રયત્નો કર્યા અને હજુ પ્રયાસો કરી રહ્યા છીએ.

પહેલું તો, ગરીબો અને વંચિતોનાં કામ કરવા અંગે કોઈ પ્રશ્ન યા ચર્ચા હોઈ ન શકે તે સ્વાભાવિક છે. પરંતુ ગરીબોના જ કેટલાક અન્ય કામો કરવા જેવા ચોક્કસ જ હતા છતાં તે વિષયના જાણકાર વ્યકિતના અભાવે ન કર્યા. તે બધા કાર્યક્રમોને અમારી પૂરતી સમજ, સહમતિ અને શકિતના અભાવે અન્યાય કરવાનું યોગ્ય ન લાગ્યું. મૂલ્યો જાળવવાનું કામ શરૂઆતમાં મુશ્કેલ હતું અને હવે વ્યાપક સમાજની કથળતી પરિસ્થિતિમાં એની અગત્યતા અને યથાર્થતા અનેક ગણી લાગે છે. કાર્યકરોના સ્વવિકાસની બાબત સ્વતંત્ર રીતે ગમતી તો ખરી જ પણ આડકતરી રીતે પહેલા બે ધ્યેયોને વધારે ને વધારે આકર્ષક, આવશ્યક અને ઉપયોગી બનાવતી લાગતી. અમારા લાંબા સમય સુધી કરેલા જે તે કાર્યક્રમોને પરિણામે થતો વ્યાપક સમાજમાં નજીવો ફેરફાર નિરાશ અને થાકની ગર્તામા ત્રીજા ધ્યેયને કારણે જ અમને સૌને ધકેલી દેતો ન હતો. આ ત્રણે બાબતો માટે અમને સૌને ગાંધી – વિવેકાનંદના વિચારોની સ્પષ્ટતા અને દ્રઢતા હજુ પણ શ્રદ્ધા અને ધન્યતા આપી રહ્યા છે – બંને મનિષીઓની બીજી અનેક બાબતો અંગે કંઈ ન કરી શક્યા છતાં.

(સપ્ટેમ્બર ૨૦૦૫)

## ૪૭. નાના નાના ઉપાયોનું મહત્વ

ઝઘડિયાથી લગભગ ૪૨ કિ.મી. દૂર વાલીયા તાલુકાના દાજીપુરા ગામની ગીતાબહેન વસાવાને પહેલીવાર મહિના રહ્યા હતા. પિયરથી તેના પિતા પોતાની પુત્રીને પગે સોજા અને શ્વાસની તકલીફ વગેરે કારણોસર ઝઘડિયા કસ્તુરબા હોસ્પિટલમાં લાવ્યા. બેનને ૮મા મહિને આદિવાસીઓમાં થતા સીકલસેલ રોગની ખબર પડી. આમ પણ બેન ફીક્કી અને તેમાં સીકલસેલે એનો વધારો કર્યો. હોસ્પિટલમાં આવી ત્યારે એને લોહી આપવાની તાતી જરૂર જણાઈ. અત્યાર સુધી કોઈ તપાસ કે સારવાર કરવામાં આવી ન હતી. હોસ્પિટલમાં બે બોટલ લોહી અને અન્ય સારવારની વ્યવસ્થા થઈ ગઈ. સગામાંથી લોહી આપવા માટે સમજાવવા છતાં કોઈ તૈયાર ના થયું.

કોમ્યુનીટીહેલ્થ પ્રોજેકટના નજીકના ફુલવાડી ગામનું ધ્યાન રાખતા સુપરવાઈઝરને લોહીની જરૂરિયાતની જાણ કરતાં તેમણે તે જ ગામના યુવાન ભદ્રેશભાઈનો ફોન પર સંપર્ક સાધ્યો. એમનો સંપર્ક ના થયો પરંતુ ભદ્રેશભાઈને આ બાબતની પાછળથી જાણ થઈ ત્યારે તેમણે દુ:ખ સાથે જણાવ્યું કે, ''મારો મોબાઈલ ગુમ થવાથી બહેનને લોહી આપવામાં ગામના યુવાનોની મદદ આપી શક્યા નથી". સાથે અન્ય નંબર મોકલ્યો જેથી સતત સંપર્ક રહે અને ભવિષ્યમાં મદદરૂપ થઈ શકે.

ગામડામાં આરોગ્યનું કામ કરતાં કરતાં રોજબરોજ આવી નાની નાની બાબતો બનતી રહે છે. પ્રથમ નજરે પ્રમાણમાં એ ક્ષુલ્લક લાગતી હોય છે પણ તેની પાછળ સાંપ્રત સમસ્યા એનું વરવું સ્વરૂપ લઈને ડોકિયા કરતી હોય છે તે પછી આદિવાસીઓમાં થતો સીકલસેલ રોગ હોય, બ્લડ બેંકની વાત હોય, લોકભાગીદારીનો પ્રશ્ન હોય કે લોહીની ફિક્કાશ – કુપોષણ – ગરીબી અને શોષણનું વિષચક્ર હોય. આ સૂક્ષ્મ (Micro) અથવા વ્યાપક (Macro) પ્રશ્ન હોય એના ઉકેલ માટે ઘણી બાબતોની જરૂર રહે છે. તેમાંના એકની વાત આપણા ગીતાબેનને બહાને કરવી છે.

ગીતાબહેનની બીમારીમાં ઘણા પરિબળો સમાયા છે. જેમાંના કેટલાક કુદરતી અને બાકીના માનવસર્જીત હશે. અમુક કારણો માટે વ્યાપક સામાજીક અથવા મોટા માળખાકીય બદલાવની જરૂર પડતી રહે છે. જ્યારે ઘણા આપણે આપણી કક્ષાએ–વ્યકિતગત કે કૌટુંબિક કે સંસ્થાકીય– રીતે ઉકેલી શકાય તેવા હોય પણ આ બધામાં અમે જોયું કે નાના નાના ઉપાયો ઘણી બાબતોમાં અગત્યનો ભાગ ભજવતા હોય છે. આવા નાના ઉપાયોને અગત્યના ન ગણવા, ધ્યાનમાં ન લેવા, એ શહેરોમાં થતી સેમીનારોમાં ચર્ચામાં એ સામાન્ય બન્યું છે. સંશોધન અને અભ્યાસ કરનાર વ્યકિતઓને કહેવાતી સાબિત થઈ ગયેલ બાબતોમાં જાણે રસ



નથી. સમજો કે નવું નવું ચર્ચવાની બાબત જ અગત્યની ગણાતી લાગે છે. ગામડાના આરોગ્ય જેવા બીજા અનેક પ્રશ્નોમાં ઘણું બધું પાયાનું, અગત્યનું છે જેમ કે સરકારની નીતિ, સામાજીક ભાગીદારી, સંશોધન, માળખાકીય સગવડો વગેરે. પણ તે ઉપરાંત રોજબરોજના પ્રશ્નો, કિસ્સાઓ અને પડકારોમાં આ અમલીકરણની પ્રક્રિયા દરમ્યાનની નાની નાની, ઝીણી ઝીણી બાબતો... વ્યકિતઓ...ઉપાયો પણ અગત્યના બની રહે છે.

સેવા રૂરલના અનેક કામોમાં રોજબરોજ આ બાબતની ઉપયોગીતા વધારે ને વધારે સ્પષ્ટ બનતી રહેતી. હોસ્પિટલમાં દાખલ થયેલ ગીતાબહેનની ફીક્કાશ, લોહીની જરૂરિયાત, સુપરવાઈઝરનો લોકસંપર્ક, ફુલવાડી ગામના યુવાનોનો લોકસહકાર, ભદ્રેશભાઈનો મોબાઈલ, મોબાઈલ સમયસર કરવો અને લોહી આપનાર યુવાનનું હોસ્પિટલમાં સમયસર પહોંચવું, આ બધુ જ અગત્યનું છે. કોઈપણ નવો વિચાર, ઉપાય યા અભિગમ ગમે તેટલો ઉત્કૃષ્ટ કેમ ના હોય, આ બધા ઉપાયો....નાના નાના ટેકાઓ જો સંતોષકારક ના હોય તો તે વિચાર યા અભિગમ સફળ નથી થતો. બલ્કે જાણે અજાણ્યે નવા વિચાર કે ઉપાયને અન્યાય કરી બેસીએ છીએ.

સેવા રૂરલના વર્ષોવર્ષ થતા રહેતા ગરીબોના કેટલાક કામોમાં સુધારાને અવકાશ જરૂર છે. પરંતુ પ્રમાણમાં સારા અને સંતોષકારક થઈ રહેલા કામોનાં ઘણાં કારણોમાંનું એક કારણ આ નાના નાના ઉપાયો... Inputs છે. આ પ્રકારના ઉપાયો વ્યવસ્થિત અને સંતોષકારક રીતે રોજબરોજ અને વર્ષોવર્ષ કર્યા વિના કોઈ પણ કામમાં સફળતા અને સંતોષ મળતો નથી. સુંદર વિચાર પાછળ વિગતવાર ઝીણી બાબતોનું ધ્યાન ના રાખવામાં આવે તો એ વિચાર અંતે અસફળ નીવડે છે. છેલ્લે તો : The devil is in detailing.

(ડિસેમ્બર ૨૦૦૫)

## ૪૯. અર્જુનનો યુધ્ધ વિરામ

ઝઘડિયાથી પચાસેક કીલોમીટર દૂર આદિવાસી ગામ ગાલીબા. ત્યાંના ઉત્સાહી અને મહેનતુ યુવાન, અર્જુનની વાત છે. કુટુંબની ત્રણ એકરની નાની ખેતી અને પાંચ ભાઈઓ તેથી આર્થિક સ્થિતિ ગરીબ. ગામની પ્રાથમિક શાળામાં ભણી નજીકના સામરપાડાની આશ્રમશાળામાં આઠ ધોરણ સુધી અભ્યાસ કર્યો. ઈચ્છા હોવા છતાં સગવડ અને પૈસાના અભાવે વધારે અભ્યાસ તો શક્ય નહતો. ઘરમાં પણ મોટાભાગના પોતાના અને અન્યના ખેતરમાં મજુરી જ કરતા હતા.

એના સંબંધી દ્વારા ગુમાનદેવના વિવેકાનંદ ટેકનીકી કેન્દ્રમાં તાલીમ માટે તક છે

એવું જાણી ગુમાનદેવ આવ્યો. અર્જુનની બધી જ લાયકાત જોતાં ફીટર–વેલ્ડર ટ્રેડની ૧૦મી બેચની તાલીમમાં દાખલ થયો. જોતજોતામાં તાલીમ પૂરી કરી અંકલેશ્વરના બેએક યુનીટમાં કામ કરી મહિને ૨૧૦૦નો પગાર મેળવતો ત્યાંના જ જલારામ એન્જીનીયરીંગમાં લગભગ સ્થિર થઈ ગયો. કામનો સારો અનુભવ અને વેલ્ડીંગની આવડત એણે બે વર્ષમાં મેળવી લીધી.

ઉત્સાહી, મહેનતુ, અનુભવી અને આવડતવાળો. પોતાના ગામની આસપાસ પોતાનું નાનું યુનિટ કરવા માટે ઉત્સુક. ગાલીબાથી દશેક કિલોમીટર જ દૂર બેડા ગામમાં, અન્ય લગભગ એવા જ બે યુનીટ ઉપરાંત, પોતાનું નાનું યુનીટ શરૂ કર્યું. અમે પણ સ્વરોજગાર માટે જરૂરી લોન આપી. વેલ્ડીંગ, ડ્રીલ અને ગ્રાઈન્ડરના મશીનો આવી જતાં અર્જુને ઉત્સાહમાં કામ શરૂ કરી દીધું. દર મહિને ૪૦૦ ભાડાના અને ૨૦૦ વીજળીના ઉપરાંત ઘરના ખર્ચની સામે મહિને આવક રૂા. ૧૦૦૦–૧૨૦૦ જેટલી રહેતી. દોઢ વર્ષ મહેનત, ઉત્સાહ અને આશામાં ખેંચી કાઢ્યા પણ પછી ખર્ચમાં પહોંચી ન વળતા અર્જુને દુઃખી દિલે અને ના છુટકે પોતાનું યુનીટ બંધ કર્યું. ધંધો કરવાનો અનુભવ હાથવગો હતો તેથી ગામમાં નાની કરીયાણાની દુકાન બે એક વર્ષ ચલાવી પણ એમાં પણ અર્જુનને બરકત ન આવી, એ પણ બંધ કરવી પડી, પણ આ અર્જુને એનું સ્વપ્ન ન છોડયું અને એણે જરૂરી લડત ચાલુ રાખી.

બેડા ગામ નાનું, ઘરાકી ઓછી જ્યારે ડેડિયાપાડા તાલુકા મથક અને મોટું તેથી ઘરાકી વધારે સમજી ત્યાં અર્જુને વર્કશોપ બીજીવાર શરૂ કર્યું. સમજો કે એના સ્વપ્ન અને યુધ્ધનો ત્રીજો પ્રયત્ન. મોટુ ગામ તેથી ભાડુ વધારે, બીજા યુનીટો ખરા તેથી હરિફાઈમાં ટકવું સહેલું નહી. જો કે વર્કશોપ સારૂં ચાલતું હતું અને મહિને દહાડે રૂા. ૪૦૦૦થી વધુની ઘરાકી રહેતી. તે દરમ્યાન સંજોગો બધી રીતે સાનુકૂળ થતાં તેણે લગ્ન પણ કર્યા. અર્જુન ખુશમાં હતો પણ, સમજો કે, નસીબ બે ડગલાં પાછળ. માંદગી આવી અને તે પણ લાંબી ચાલી. દેશી દવા–ભુવાના ઉપચારમાં ચાર મહિના નીકળી ગયા. અર્જુન તો સારો થયો પણ એનું યુનીટ માંદુ પડયું અને છેવટે બંધ કરવું પડયું.

ત્યારબાદ અર્જુનને ઘરે રહેવા સિવાય ઉપાય ન હતો અને ખેતમજૂરીમાં એક ટંક જમવાનું અને રોજના ૨૫ રૂા. એમ એક વર્ષ કાઢયું. છેલ્લા દોઢેક વર્ષથી પોતાના ગામથી દશેક કી.મી. દૂર આવેલા નેત્રંગનાં એક વેલ્ડીંગ યુનીટ, મારૂતી રોલીંગ સેન્ટરમાં, રૂા. ૪૫ ના રોજે કામ કરી પોતાની પત્ની અને ત્રણ બાળકોનું ગુજરાન કરે છે.

હાલ પણ એના જીવનનું સ્વપ્ન જીવંત છે પણ એની લડતનો યુધ્ધ વિરામ છે. આ કથની છે અંતરિયાળ વિસ્તારના વંચિત સમાજના ગરીબ યુવાનની. જે ઉત્સાહી,



મહેનતુ, સાહસિક અને વારંવાર પ્રયત્નો અને પ્રયોગોમાં પછડાયા છતાં પ્રયત્નશીલ છે. યુવાનની આ વિશિષ્ટતાઓ સામે અનેક કુદરત અને સમાજ સર્જીત પ્રતિકૂળ સંજોગો છે. બે અત્યંત અસમાન બળ અને પરિસ્થિતિઓ વચ્ચેની આ લડત છે. એ યુધ્ધ અમને સૌને એક તરફ કરૂણા તો બીજી તરફ સતત પ્રેરણા –પ્રયત્નો માટે બળ આપે છે. અમારા સેવા રૂરલના મિશનની યથાર્થતા અને જરૂરિયાત પૂરા પાડે છે.

(માર્ચ ૨૦૦૬)

## ૪૯. છેવટે અમે પહોંચી વળ્યા......

સામાન્યતઃ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ ટાઈમ એટલે કહ્યું હોય તેનાથી થોડું મોડું એવી વ્યાપક સમજ બધે જ જોવા મળે છે. હવે જો કે સૌને સમયપાલનની કિંમત સમજાઈ તો છે, પણ અહી સમયથી પણ પહેલાં કામ કરીને જે આનંદ અને ગર્વ અમે અનુભવ્યો, તેની વાત કરવી છે.

વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર (વિગ્રટેકે)ના ટ્રેનિંગ કમ પ્રોડકશન સેન્ટર (ટીપીસી)માં ફીટર– વેલ્ડર ટ્રેડના વિદ્યાર્થીઓને ઘનિષ્ઠ પ્રેક્ટિકલ તાલીમ મળે તે હેતુથી બાળક્રીડાંગણનાં સાધનો, સ્કૂલ ફર્નિચર, કીચન રેક તથા ઘર ગૃહસ્થીની નાની મોટી જરૂરિયાત મુજબ ફેબ્રિકેશનનાં કામો કરવામાં આવે છે. તે માટે ગામડાંઓ અને ઉદ્યોગો સાથે સતત સંપર્કમાં પણ રહેવાનું બને છે. તેમાં નવા નવા પ્રયોગો પણ કરીએ છીએ. એમાં જો કે, બજારમાં હરીફાઈ, વપરાતા માલની ગુણવત્તા અને બીલનો આગ્રહ જેવાં મૂલ્યોના આગ્રહ વચ્ચે ઉદ્યોગો પાસેથી કામ મેળવવું અને કરવું – જેવા અનેક પ્રશ્નો છે. અંકલેશ્વરના કેટલાક ઉદ્યોગો જેમને અમારા કામ અને તેના ઉદ્દેશ્ય માટે ભારોભાર લાગણી છે તેમાં "ગુજરાત રીકલેમ એન્ડ રબ્બર પ્રોડકટ પ્રા. લિ." કંપની તથા "વિશાલ મેલીએબલ્સ" – અંકલેશ્વરનો સમાવેશ થાય છે.

હાલમાં ગુજરાત રીકલેમ એન્ડ રબ્બર પ્રોડકટ પ્રા. લિ. કંપનીની જરૂરિયાત મુજબ ફેબ્રિકેટેડ પેલેટ બનાવવાનો ઓર્ડર મળી રહ્યો છે. તેના ભાગરૂપે તા. ૧૦ જુલાઈ ૦૬ના રોજ ૬૫ નંગ પેલેટ બનાવવાનો ઓર્ડર મળ્યો, જે ૭ ઓગષ્ટ ૦૬ સુધીમાં બનાવીને આપવાનો હતો. એ પ્રમાણે ટી.પી.સી.માં કામનું આયોજન થઈ ગયું હતું. ભૂતકાળના અનુભવ પ્રમાણે ઓર્ડર સમયસર પૂરો થઈ શકતે તેવું લાગતું હતું. પરંતુ કંપનીને પોતાના કામ અને સંજોગોને લઈને આ પેલેટો તાત્કાલિક જોઈએ છે. એટલે કે તા. ૨૦–૭–૨૦૦૬ સુધીમાં એવી વિનંતી કરવામાં આવી.

હવે, અહીં તો અમારૂં બધું જ આયોજન આ પેલેટો અગાઉની સમય મર્યાદાને

## ૫૧. ગ્રામ્ય સમાજના સામાન્ય લોકોની સારપ

સેવા રૂરલમાં બધા જ કાર્યક્રમો અને કામોનું મુખ્ય હાર્દ રહ્યું છે : છેવાડાના માણસને એક યા બીજી રીતે બેઠો કરવો, મજબૂત કરવો. ૨૭ વર્ષથી થઈ રહેલા કામ માટે વ્યાપક સમાજના ઘણાં ક્ષેત્રો અને વ્યક્તિઓ તરફથી જરૂરી ટેકો મળી રહ્યો છે. સામાન્ય લોકોને પણ આ કામો ઉપયોગી લાગી રહ્યાં હોય તેમ લાગે છે, જેની પ્રતીતિ લોકોની વાતો અને જુદા જુદા કાર્યક્રમોના વિવિધ પ્રકારના આંકડામાંથી મળે છે. બદલાઈ રહેલ સમાજનું ચિત્ર, વૈશ્વિકરણ, ગળાંકાપ હરીફાઈ વગેરે વચ્ચે આવું કામ કરતા રહ્યાનાં સંતોષ અને ધન્યતા તો અમને સૌને રહે જ છે. હજુ સુધારાને અવકાશ હશે જ, બલ્કે છે જ.

આ બધાં વચ્ચે એક યા બીજાં કામોની ચર્ચા કરતાં હોઈએ ત્યારે કોઈ વાર સ્વાભાવિક પ્રશ્ન થાય કે જે ગરીબ...... છેવાડાના માણસને કેન્દ્રમાં રાખી કામો ગોઠવીએ છીએ અને કરતા રહીએ છીએ તો એ સૌમાં આ ભાવ અને ભાવના કેટલે અંશે પહોંચી હશે? ગ્રામ્ય સમાજમાં ગરીબ અને અતિ ગરીબ વચ્ચે કોઈ બાબત નક્કી કરવાની આવે ત્યારે તેઓ અંદરો અંદર અગ્રીમતા કેવી રીતે નક્કી કરતા હશે? અમારા વર્ષોવર્ષના પ્રયત્નો અને વાતચીતની એ બધા ઉપર કંઈ અસર થતી હશે? આ બાબત વિશે પ્રકાશ ફેંકતા વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રના અમારા એક અનુભવની વાત કરીએ.

ઝઘડિયાથી ૮૫ કિ. મી. દૂર આવેલ જંબુસર તાલુકાના વેડચના યુવાનોની વાત છે. દર વર્ષની માફક મે–જૂન મહિના દરમ્યાન વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રની ૨૩મી બેચ માટેની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. તેના ભાગરૂપે પ્રથમ ઈન્ટરવ્યુમાં પસંદ કરાયેલા વિદ્યાર્થીઓની અભિરુચિ કસોટી થઈ. ત્યારબાદ અંતિમ પસંદગી માટેના ઈન્ટરવ્યુમાં સામાન્ય રીતે એક જ ગામમાંથી બેએક વિદ્યાર્થી લેવાના હોય છે. પણ હા, અમો જરૂરિયાતમંદને પહેલી તક આપવાનું ન ચુકાય એવા ખ્યાલ સાથે વિદ્યાર્થીઓની પસંદગીમાં સંખ્યા બાબતે સ્થાનિક વિસ્તાર માટે જે તે સમયે ફેરફાર કરતા રહીએ છીએ.

વેડચ ગામના ૯ યુવાનો અભિરુચિ કસોટીમાં પસંદગી પામ્યા હતા જે બધી લાયકાત ધરાવતા હતા. હવે અમે મુંઝાયા. એવું શું કરીએ જેથી તે ગામના ૨–૩ વિદ્યાર્થીઓની જ છેવટે પસંદગી થાય? બધા વિદ્યાર્થીઓને એક સાથે બોલાવી તેઓ સાથે વાત કરી, દરેકની જરૂરિયાત સમજવા પ્રયત્ન કર્યો. એ બધાંને અમારા અભિગમ અને સાથે સાથે અમારી મુંઝવણની પણ વાત કરી જણાવ્યું, 'છેવટે અમારે તમારામાંથી ત્રણને જ પસંદ કરવાના છે તો અમે શું કરીએ?'



તેઓ પણ પહેલાં અમારી જેમ ગુંચવાયા. પછી તેઓને જ અંદરઅંદર નક્કી કરવા ૧૫–૨૦ મિનિટનો સમય આપ્યો. દરેકની જરૂરિયાત ધ્યાનમાં લઈ અંદરોઅંદર ચર્ચા કરી વિદ્યાર્થીને પસંદ કરવાના હતા.

થોડા સમય બાદ અમારી સમક્ષ ઊભા રહી તેઓએ ત્રણ વિદ્યાર્થીઓનાં નામ આપ્યાં. બાકીના છ વિદ્યાર્થીઓએ કહ્યું, "સાહેબ, અમને આ તક ન મળે તો ચાલશે પણ આ ત્રણને તો રાખો જ."

અમે આશ્ચર્યમાં ડૂબ્યા કે આટલા ટૂંકા સમયમાં આ ગ્રામ યુવકોએ આ કોયડાનો તોડ કેવી રીતે કાઢ્યો! નવું શીખવાની તક, બાંધી આવકનું ભવિષ્ય વગેરેનો ત્યાગ કરી અન્યને એ લાભ આપી દેવાની તૈયારી જોઈ અમે વિચારમાં પડી ગયા. વળી અમે ધાર્યું ન હતું કે અમારા પ્રશ્નનો આટલો સરળ અને ત્વરિત જવાબ મળશે.

બાકી રહેલા છ વિદ્યાર્થીઓમાંથી દરેકે પોતપોતાની રીતે ભવિષ્યમાં પોતાને અન્ય કઈ તક છે અને તેમાં પોતે કેવી રીતે શું કરવું તે બધું વિચારી લીધું હતું. વેડચ ગામના જ એમણે પસંદ કરેલા ત્રણ યુવાનોને પોતાના કરતાં વધારે જરૂરિયાત છે તે જાતે સ્વીકારી પોતાને મળતી તક જતી કરી. અમને સૌને આ ગરીબ ગ્રામીણ યુવાનોની સમજ, સમર્પણભાવના અને સંસ્કાર સ્પર્શી ગયા.

તે સાથે બે બાબતો પણ સ્પષ્ટ થઈ. પહેલું, અમારો અભિગમ પસંદગીમાં છેવાડાના માણસને અગ્રિમતા આપવાની બાબત. આ યુવાનો..... આ સમાજ ઠીક ઠીક અંશે આ અભિગમ સમજતો અને સ્વીકારતો લાગે છે. બીજું, ગ્રામ્ય સમાજના સામાન્ય લોકોની સારપ બધું જ પોતે પ્રાપ્ત કરી લેવાને બદલે અન્યની જરૂરિયાત પોતા કરતાં વધારે હોય તો એને એ તક લેવા દેવી. આજના ખાસ કરીને શહેરી વાતાવરણની બજારૂ હરીફાઈ જેમાં અન્યનું જે થાય તે પણ પોતાનું હિત અંકે કરી લેવાની સરખામણીમાં આ ગરીબ છેવાડાના સમાજમાં વધારે ખાનદાની અને ખુમારી લાગ્યાં, પોતાના વિકટ સંજોગોમાં હોવા છતાં.

(સપ્ટેમ્બર ૨૦૦૭)

## ૫૨. અમારી લાચારી

આજે તો વારંવાર મુંઝવતા એક પ્રશ્નની વાત કરવી છે. આવી વિટંબણા બીજાને પણ થતી જ હશે. નામો લખવાનું ટાળ્યું છે પણ ઘટના છે સાચી અને તેની પીડા વારંવાર અમને સૌને પજવતી રહી છે.

સેવા રૂરલના ઘણા ભાઈબહેનો સંસ્થાએ જ પ્રેરિત શારદાકુંજ સોસાયટીમાં, જ્યાં નાત, કોમ, ધર્મ કે આવકની વાડ વિના રહે છે. થોડાક સંસ્થાના મકાનો છે જ્યારે

મોટા ભાગના પોતાના છે જેમાં સંસ્થા તરફથી જમીન વગેરે જેવી સગવડ ગોઠવવામાં આવી છે. સોસાયટીની નજીકમાં જ ખુબ જરૂરીયાતમંદ કુટુંબોનો વસવાટ છે જેનાં સભ્યો એક યા બીજા પ્રકારનું કામ કરી જીવનનિર્વાહ કરે છે. ત્યાં પણ સંસ્થાની એકાદ–બે પ્રવૃત્તિઓ લોકસહકારથી ચલાવવાનો પ્રયત્ન થાય છે.

સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના શક્ય તેટલા વિચારોને આધારિત કામો છેલ્લા ૨૭ વર્ષ દરમ્યાન સંસ્થામાં થઈ રહ્યા છે જેમાં વ્યાપક સમાજના મોટા ભાગના અંગો અને વ્યકિતઓ તરફથી ટેકો મળી રહ્યો છે. ગરીબોના કામ એ બધાનાં ગૌરવ અને ગરિમા જાળવીને કરવા, કામ કરતાં કરતાં મુલ્યોમાં બાંધછોડ ના કરવી, સાથે કામ કરતા કાર્યકરોનો વ્યાપક અર્થમાં સ્વવિકાસ, સર્વધર્મ સમભાવ, સ્ત્રી–પુરૂષ સમાનતા વગેરે જેવા આદર્શોને અમારા સમજ– શકિત– સંજોગોને અનુરૂપ વિકસાવવાના પ્રયત્નો કરતા રહ્યા છીએ. એના એક ભાગરૂપે મહિલાઓની જ સ્વતંત્ર સંસ્થા – શારદા મહિલા વિકાસ સોસાયટી – શરૂ થયેલ જેના પાંચ વર્ષ પણ પૂરા થયા.

આમ, આ ભાવ અને ભાવનામાં રાચતા અને કામમાં વ્યસ્ત અમને પજવતો પ્રશ્ન – આમ તો, એક રીતે જોવા જઈએ તો, નાનો અને કદાચ કેટલાક લોકોને પ્રશ્ન પણ ન લાગે એવો છે. અમને એ પીડતો રહે છે કારણ કે એમાં અમારી એ ભાવના અને વિષમ તથા કપરી વાસ્તવિકતા વચ્ચે, સમજો કે, એક ટકરાવ જેવો રહ્યો છે.

નજીકના ગરીબ અને જરૂરીયાતમંદ કુટુંબોમાંથી એક બહેન અમારા થોડાકના ઘરે ઘરકામ કરવા આવે. પોતાનું કામ જાતે કરવાની આદત નથી, કદાચ એ શકય પણ નથી એટલે એ મર્યાદા સ્વીકારીને અમે સૌ પોત પોતાનું કામ કરતા રહ્યા છીએ. આમ તો એ બહેન બેએક ઘરે કામ કરવાની હતી પણ બહેનની આવક વધારે થાય, એને બીજે કશે કામ કરવા ન જવું પડે, કુટુંબને બધી અનુકુળતા મળે સમજીને બીજા બેએક અન્ય ઘરે પણ ઘરકામ ગોઠવ્યું. બહેન સમજુ, કામગરી અને વ્યવસ્થિત. થોડા સમયમાં સરસ ગોઠવાઈ ગઈ. મહિને હજારથી પણ વધારે કમાતી થઈ. સામાજીક પ્રસંગ, માંદગી કે કોઈ પ્રશ્ન હોય તે સમયે બધા સમજતા અને એને તે પ્રમાણે રજા કે અન્ય મદદ પણ કરતા રહેતા.

અમારા વિચાર અને ભાવનાને અનુરૂપ સંસ્થામાં તો કામ કરતા રહીએ પણ સાથે સાથે અમારી સહિયારી થયેલ બહેન અને એના કુટુંબને પણ એનો લાભ મળે તે લાગણીને પરિણામે એ બહેન જોડે એક યા બીજા પ્રસંગે વાર્તાલાપ, થોડી સમજાવટ વગેરે કરતા રહેતા પરંતુ તેના પર અમારી વાતની કંઈ અસર થતી ના દેખાતી. એ બહેનનો તો શો વાંક ગણવો? એ કદાચ અમારી વાત સમજતી હશે પણ લાચાર હશે. પોતે, ફળિયાના લોકો, કુટુંબીજનો અને સમાજ સામે, મનમા સમજતી



હોય, છતાં શું અને કેટલું કરી શકે? એની કરૂણ વાસ્તવિકતાની વાત વિગતે કરીએ.

અમે એની માસિક આવક પ્રમાણમાં સુધરી માટે અમે એને બચત કરી બેંકમાં ખાતુ ખોલવાની વાત કરી. પરિણામે જરૂર પડે એને ઉધાર લેવા ના પડે અને લાચારીથી કોઈની આગળ હાથ લાંબો ના કરવો પડે. ત્રણેક વર્ષ થયા હજુ એમાં અમે સફળ થયા નથી. એ પોતે યા એના ઘરમાં માંદગી આવે ત્યારે અમે ખાસ રસ લઈ વાત કરીએ. મોટાભાગના અમારામાં ડોકટરો એટલે એને સમજાવીએ કે કોઈ ખર્ચ નહીં થાય અને અમારી સલાહ મુજબ દવા લે. પણ એ તો ખાનગી ડોકટરને ત્યાં જઈ બાટલા અને ઈન્જેકશનનો જાદુઈ ઈલાજ જ સ્વીકારે! એનો પતિ કંઈ કામ ના કરે, દારૂ પીએ અને એની કમાણી પર જ નભે. અમે એના પતિને જરૂરી કામ આપવાની વાત કરી ઘણીવાર સમજાવી. બેન એના પતિને સમજાવે પણ બંદા માને તો ને! દારૂની લત છોડાવવા બધે સ્વીકારાયેલા વિશિષ્ટ ઉપાય કરવાનો અમને વિચાર આવે.....એની સ્પેશિયલ સારવારની વ્યવસ્થા પણ કરી શકાય. પણ એમાં એ ભાઈની તૈયારી આવશ્યક હતી. એ તૈયાર ના હોય તો એમાં કંઈ ન કરી શકાય. વાત અહીં નથી અટકતી. દારૂની અસર હેઠળ બેનને એટલી મારે કે એ પથારીવશ થઈ જાય અને ડોકટર પાસે લઈ જવી પડે. આ બેસુમાર અત્યાચાર, આઘાત કે અન્યાય જાણવા છતાં કોઈ ઉપચાર કે ઉપાય અમે કરી શકતા નથી.

અમારી ગરીબોનું કામ કરવાની મનિષા, મુલ્યના આગ્રહ, સ્ત્રી સ્વાતંત્ર્ય અને સશકિતકરણ બધું જાણે કે બોદુ અને બુઠ્ઠું થઈ ગયું. આ અને આવી ઘણી વીટંબણા અમને રોજ રોજ પીડા આપી રહી છે.

(ડિસેમ્બર ૨૦૦૭)

## ૫૩. કમાલ કરી તમે બહેનોએ

આમ તો આપણા સમાજમાં મહિલાઓને અબળા સમજવામાં આવી છે. જો કે સમય જતાં એમાં થોડો ફેર પડી રહ્યો છે. પરંતુ સૌએ લાંબી મજલ કાપવાની બાકી છે. ઘણી બહેનોમાં અન્ય માટે ઘસાઈ જવાની, કંઈ કરી છુટવાની ભાવના રહેલી હોય છે. અમને અનુભવવા મળેલ એ ઘસાઈ જવાની ભાવનાની એક વાત છે.

જઘડિયાથી આશરે ૧૨ કિ. મી.ના અંતરે ગોવાલી ગામ છે. ગામ મોટું અને બધી કોમના લોકોનો વાસ. વિવિધ પ્રવૃત્તિઓમાં એક મહિલા મંડળની પ્રવૃત્તિ પણ ખરી.

આ બહેનો ગામની અંદર થા નજીક પૈસા ભેગા કરી કોઈ સારા કામ માટે નાની મોટી મદદ ઘણા સમયથી કરે. ૨૦૦૩ની સાલમાં દિવાળી પહેલાં પોતાના ગામના ગરીબ લોકો માટે સેવા રૂરલ દ્વારા આંખની ટીમની મદદથી આઈ કેમ્પ ગોઠવેલ. તે માટે મહિલા મંડળે રૂા. ૪,૦૦૦નો ફાળો આપેલો. વળી કેમ્પનો પ્રચાર ફક્ત બહેનોએ જ ગામમાં ઘરેઘર ફરી કરેલો. આમ પણ ગોવાલી ગામ ઝઘડિયાથી નજીક તેથી હોસ્પિટલમાં ગરીબ દર્દી માટે થતાં નાનાં મોટાં કામોથી માહિતગાર હશે જ.

એ જ મંડળની બહેનો બેએક મહિના પહેલાં હોસ્પિટલના વ્યવસ્થાપકને ખાસ મળવા આવી અને કહેવા લાગી, અમારે આંખનો અંધાપો દૂર કરવા રૂા. ૧,૦૫૧ આપવા છે પછી બંને બહેનોએ પૈસા કેવી રીતે ભેગા કર્યા તે વિગતવાર કહ્યું. એમના જ શબ્દો:

'અમારે હોસ્પિટલના આંખના કામ માટે દાન તો આપવું હતું પણ તે માટે શું કરીએ એ વિચારતા હતા. ઝઘડિયાથી ચારેક કિ.મી. દૂર ગુમાનદેવ મંદિર છે. ત્યાં અવારનવાર અમારું જવાનું થાય. મંદિરમાં એક પ્રકારના ઘાસનાં આસન જોયાં. પૂછપરછ કરતાં જાણ્યું કે નજીકના ગામ રાણીપરાની એક બહેન બનાવે છે. એના ઘરે જઈ એની સાથે વાત કરતાં ખ્યાલ આવી ગયો કે એની રોજીનો આધાર આ આસન બનાવવા પર છે, માટે બહેનની ઈચ્છા આ અંગેની માહિતી આપવાની નથી. અમે નિરાશ થયા પરંતુ અમારા મંડળના એક મોટી ઉંમરનાં વડીલ બહેન હિંમત ન હાર્યા : એ હતાં ઉત્સાહી અને નિર્ણયમાં અડીખમ. પરિણામે અમે બધી બહેનો મંડી પડી. જ્યાં એ ઘાસ થાય ત્યાં જઈ મહેનત કરી, બધી તકલીફ વેઠી એ ઘાસ લઈ આવ્યા. અમારાં વડીલ બહેનને ઘાસ કાપતાં હાથમાંથી લોહી નીકળ્યું, હાથે ફોલ્લા થયા, ડોકટરે આવું ઘાસ કાપવાની મનાઈ કરી પણ અમારાં વડીલ બહેનનો મક્કમ નિર્ધાર. આમ પણ આસન બનાવવામાં ઓછી તકલીફ ન હતી. દરેક વખત ઘાસ પાણીમાં ધોયું, એને છુંદયું અને પછી શણની દોરીથી બાંધીને આસનો તૈયાર કર્યા :

આસનો તો તૈયાર થયાં પણ તેના વેચાણનું શું ? જે કોઈ આસન ખરીદવા આવે તે બધાંને કહ્યું કે જે પૈસા ઉપજશે તે ભેગા કરી આંખના ઓપરેશન માટે સેવા રૂરલમાં દાન કરી દેવાના છીએ. એ સાંભળીને કોઈએ ૫૧, કોઈએ ૧૧ અને બીજા કોઈએ ૨૫ આપ્યા. એ બધા ભેગા કરી એમાં ઉમેર્યા, અમારા પોતાના પૈસા જે અમે વર્ષો દરમ્યાન રક્ષાબંધન, ભાઈબીજના પર્વે અમારા ભાઈઓએ આપ્યા હતા અને જે ભેગા થયા હતા. એ બધા મળીને રૂા.૧૦૫૧/– ભેગા થયા છે. તો આ દાન સ્વીકારી તેનો ઉપયોગ ગરીબ દર્દીઓનાં મોતિયાનાં ઓપરેશન માટે વાપરજો. અમારે નથી જોઈતી રસીદ કે નથી જોઈતું કોઈ નામ.



દાન આપીને જતી બહેનોને અમારાથી સહજ પૂછાઈ ગયું, તમારા થેલામાં એકાદ આસન હોય જે હું ખરીદી શકું ? જવાબ મળ્યો: આ થેલામાં ૧૦ મીટર કાપડ છે જેમાંથી ધોતિયું અને કફની બનાવી ઝઘડિયા નજીક નર્મદા કિનારે મઢીમાં આવતા પરિક્રમાવાસીને આપવાનું છે.

આ બનાવના સાક્ષી હોસ્પિટલના વ્યવસ્થાપક મયંકભાઈ પંડયાનો પ્રતિભાવ એમના શબ્દોમાં: આખી ઘટના, બધા વાર્તાલાપ અને બહેનોની ગરીબો માટેની લાગણી જોઈને વિચારમાં પડી જવાય. ગામની બહેનોની મહેનત અને ઉત્સાહ જોઈને સહેજે વિચાર કરતા કરી મૂકે છે કે કયાં આજે દુનિયામાં હરણફાળ હરીફાઈ ચાલે છે જેમાં પૈસા કમાવવાના ભાતભાતના નુસ્ખાઓ અને કીમિયાઓ લોકો અપનાવે છે અને એની સરખામણીએ કયાં ગામમાં ખૂણે છુપાયેલી આ લાગણીઓ અને સામાજિક ઋણ અદા કરવાની આ ન્યારી રીત ! મારા મનમાં જ બોલાઈ ગયું કે, આ દાનની કિંમત લાખ રૂપિયા જેટલી, બલ્કે એનાથી પણ વધારે... અમૂલ્ય કહી શકાય.

( માર્ચ ૨૦૦૪ )

## ૫૪. સહિયારો સેવાયજ્ઞ

સેવા રૂરલ ઝઘડિયામાં ૧૯૮૦થી મુખ્યત્વે આરોગ્યની પ્રવૃત્તિઓથી શરૂઆત થઈ. અને ધીમે ધીમે નિષ્ઠાવાન કાર્યકરો અને નિષ્ણાતોનું જોડાણ થવાથી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. ઝઘડિયા તાલુકામાં આંખની પ્રવૃત્તિઓ શરૂ કરતાં પહેલાં સર્વે કરી તેના આધારે મહિનામાં ૨ થી ૩ વખત બહારથી નિષ્ણાતોની મદદ લઈ આંખ વિભાગની પ્રવૃત્તિ હોસ્પિટલમાં શરૂ કરી. ૧૯૯૨–૯૩માં અનુભવોના આધારે આંખનો ઘનિષ્ઠ કાર્યક્રમ ઝઘડિયા અને વાલિયા તાલુકામાં સાઈટ સેવર્સ ઈન્ટરનેશનલ, યુ. કે. ની આર્થિક મદદથી શરૂ કરવામાં આવ્યો.

સાઈટ સેવર્સ એ સમગ્ર વિશ્વમાં આંખ ઉપર કામ કરતી સંસ્થાઓને ફંડ પૂરું પાડતી સંસ્થા છે. તેઓ ખાસ ગરીબો માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને મદદ આપે છે. આવી મદદ દેશ વિદેશના મિત્રો, શુભેચ્છકો દ્વારા પણ મળી રહી છે. આ અનુભવોનો લાભ ઘણી સંસ્થાઓને કાર્યક્રમ શરૂ કરવામાં અને વેગવંતી બનાવવામાં મદદરૂપ થઈ રહ્યો છે. તે માટે વિવિધ પ્રકારના મુલાકાતીઓ સેવા રૂરલમાં અવારનવાર આવે છે. એવા જ એક મુલાકાતી આયર્લેન્ડના મિસ્ટર ક્રિસ્ટી કે જેઓ દેશની બસ કંપનીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે, તેઓ સેવા રૂરલમાં આવેલા અને સંસ્થાની પ્રવૃત્તિઓને નજીકથી નિહાળી. સાથે અંધજન પુનર્વસન કાર્યક્રમ હેઠળ

વાલિયા તાલુકાના દોલતપુર ગામના બુધાભાઈ (ટાટાવાડી ફળસામાં તાલીમ મેળવી પોયતની જમીન પર ખેતી કરે છે), કેલ્વીકુવા ગામની વનિતાબેન (કરિયાણાની દુકાન ચલાવે છે), ઉમલ્લા ગામના રાજુભાઈ (ફૂલહાર વેચે છે) અને રાજપીપલામાં રહેતાં જશુબેન (પાપડી બનાવી તેનું વેચાણ કરે છે) ને મળ્યા અને તેઓને સ્વનિર્ભર બનેલા જોઈ ખુબ આનંદ થયો. હર્ષઘેલા થયેલા મિસ્ટર ક્રિસ્ટીએ કહ્યું, "આ પ્રકારનું જુદા જુદા ક્ષેત્રમાં સેવા રૂરલમાં જે કામ થઈ રહ્યું છે તે જોઈ હું ધન્ય બની ગયો છું અને બધાનો આભાર માનું છું. હું જે સાઈટસેવર્સ માટે ફંડ એકત્ર કરવામાં મદદ કરું છું તે ખરેખર જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચી રહી છે. આ કામ જોયા પછી ફંડ ભેગું કરવા માટેનો ઉત્સાહ બેવડાયો છે". અને વાત કરતાં કરતાં તેમની આંખોમાંથી આનંદ અને ખુશીનાં આંસુ વહેવા લાગ્યાં. તેઓએ આગળ કહ્યું કે, "આ મુલાકાત હું જીવનમાં ક્યારેય ભૂલીશ નહી. મારા હૃદયમાં સદા માટે આ અનુભવ અંકિત રહેશે. આથી મારા જીવનને નવી દિશા મળી છે." એમણે જતાં જતાં ૪૦૦ યુરો–લગભગ ૨૮,૦૦૦ રૂા. દાનમાં આપ્યા તથા વતન પરત ગયા બાદ અહીના અનુભવો વિશે એક લેખ પણ લખ્યો જેમાં આ કામગીરીના ભારે વખાણ કર્યા છે.

આવા જ અનુભવો અન્ય ઘણા મુલાકાતીઓ પણ અનુભવે છે. જે અમારામાં રોજ નીતનવો ઉત્સાહ જગાડે છે અને છેવાડાના માણસ માટે કામ કરવા અમારામાં પ્રાણ પૂરે છે, એથી એ વિશેષ આવા મહેમાનોને મળવાનો આનંદ તો ખરો જ! સેવા રૂરલના આ કાર્યકરોને પણ ધન્યવાદ આપવા ઘટે કે જેઓ દાતા કે ફંડીંગ એજન્સીનાં નાણાં છેવાડાના માણસ સુધી સખત પરિશ્રમ કરી પહોંચાડે છે અને માટે જ વર્ષોવર્ષ સમાજમાંથી આ પ્રકારની મદદ મળી રહી છે.

એવા ઘણા દાતાઓ સ્વૈચ્છિક સેવા રૂપે, તો કોઈ પોતાના નામ કે ઠામ વગર, કોઈ વસ્તુરૂપે કે કોઈ નાણાંકીય સહયોગ આપી આ સેવાયજ્ઞને પ્રજવલિત રાખવામાં મદદરૂપ થઈ રહ્યા છે. એક પ્રકારનું જાણે સામાજિક ઋણ અદા કરવાનો કીમિયો જ ન મળી ગયો હોય તેવું લાગે છે. આવા સૌ દાતા, સખાવતી ટ્રસ્ટો અને સદ્‌ગૃહસ્થોને આ વંચિત સમાજના મુંગા આશીર્વાદ તો મળશે જ !

◈

(જૂન ૨૦૦૮)

## ૫૫. અમારા વડીલ હિતેચ્છું પ્રિયવદનભાઈ

આવા ભણેલા યુવાનો ક્યાંથી મળે ? ઝઘડિયા ગામમાં કસ્તુરબા મેડીકલ એઈડ સોસાયટીની ૧૯૭૪ની ૧૪ એપ્રિલે મળેલી મીટીંગમાં સ્પષ્ટવક્તા સોસાયટીના મંત્રીએ પ્રશ્ન કર્યો. સોસાયટીના વડીલ સભ્યો અંદરોઅંદર ચર્ચા



કરી રહ્યા હતા કે પ્રસુતિગૃહનો કારભાર અમેરિકાથી પાછા ફરી ઝઘડિયામાં રહી ગરીબોનું કામ કરવા આવવાની યુવાનોની દરખાસ્તને પરિણામે વર્ષોથી કામ કરતુ પ્રસુતિગૃહ અજાણ્યા યુવા જુથને સોંપવું કે નહીં? ઘણા વર્ષો પહેલા શરૂ થયેલી સંસ્થાની આગેવાની અને તેનો હોદ્દો છોડવાની કોઈની તૈયારી ન હતી ત્યારે કે. એમ. એ. સોસાયટીના મંત્રીએ વતન પરત આવવાની વાત કરતા જુથને પ્રસુતિગૃહ સોંપવાની વાત કરતા હતા. પ્રસુતિગૃહને ચલાવવા માટે નાણાંની સગવડ, ડોકટરોની પ્રાપ્યતા જેવા પ્રશ્નો સતાવતા હતા ત્યારે આ વડીલને આ બધા પ્રશ્નોનો નવી દરખાસ્તમાં ઉકેલ દેખાતો હતો. એમનું નામ હતુ : પ્રિયવદનભાઈ મગનલાલ શાહ.

પ્રસુતિગૃહનો શરૂઆતનો ઈતિહાસ જાણવા જેવો છે. ઝઘડિયા અને આજુબાજુના ગામોમાં સગર્ભા બહેનોને ડીલીવરી સમયે ઘણી તકલીફ હતી, જો દાયણ સુવાવડ ના કરાવી શકે તો, વળી સીઝેરીયનની જરૂર છે કે નહી તે જાણવું અગત્યનું અને તાકીદનું હતું. તે ઉપરાંત સીઝેરીયનની જરૂર પડે તો તે માટે ૨૫ કી.મી. દૂર ભરૂચ સુધી જવું પડે. આ યાતના ૫૦ના દાયકાની શરૂઆતમાં ગામના આગેવાનોને ઘણી લાગી. તેમાં અગ્રેસર હતા પ્રિયવદનભાઈ જે સ્વાતંત્રની લડાઈ અને રાજપીપળાના રાજા સામે પણ લડી ચુક્યા હતા. બહેનોની રોજની યાતના એમનાથી ના જોઈ શકાઈ. આમ ૧૯૫૧માં કસ્તુરબા મેડીકલ એઈડ સોસાયટીની સ્થાપના થઈ જેના નેજા હેઠળ પ્રસુતિગૃહ બાંધવાનું ગોઠવાયું. પ્રિયવદનભાઈ અને વડીલોએ ખુબ મહેનત અને ઘરેઘરે તથા ગામે ગામ ફાળાની ટહેલ નાંખી. ઝઘડિયા અને આજુબાજુના ગામોના આગેવાનો મદદે આવ્યા. જેમાં બે મુખ્ય હતા. પહેલા હતા ઝઘડિયાના ગાંધી પરિવારના ડૉ. ચીમનભાઈ જે મુંબઈમાં સારી પ્રેકટીસ ધરાવતા હતા. વળી પ્રસુતિગૃહના બાંધકામ માટે એમના જ ભાઈ નંદકૃષ્ણભાઈ ગાંધી, જે એન્જીનીયર હતા, તે કે. એમ. એ. સોસાયટી અને ગામની વહારે ધાયા. આમ ઝઘડિયા અને આજુબાજુના ગામોના ઘણાં લોકોની મદદને પરિણામે કસ્તુરબા પ્રસુતિગૃહ ૧૯૫૩માં આકાર પામ્યું. પ્રસુતિગૃહની જમીન માટે મુંબઈ રાજયના ભરૂચના તે સમયના કલેક્ટર અને સરકારના વનવિભાગનો પૂરતો સહકાર મળ્યો. '૬૦ના દાયકા દરમ્યાન ગુજરાત રાજયના હકારાત્મક વલણને પરિણામે રોજબરોજના વાર્ષિક ખર્ચમાં ગણનાપાત્ર ગ્રાન્ટની વ્યવસ્થા ગોઠવાઈ. કસ્તુરબા પ્રસુતિગૃહથી લોકોને ખુબ જ રાહત રહી પરંતુ ડોકટરો મળવાની તથા અન્ય એક યા બીજી તકલીફો ચાલુ રહી.

પ્રસુતિગૃહ સોંપ્યા બાદ ઘણી મુશ્કેલીઓની વચ્ચે જયારે જયારે સેવા રૂરલને જરૂર પડી ત્યારે પ્રિયવદનભાઈએ જરૂરી ટેકો આપ્યો. અને પરિણામે નવા

પ્રદેશ અને લોકો વચ્ચે તથા મુશ્કેલીઓ વચ્ચે સેવા રૂરલના કાર્યકરો લોકોપયોગી કામ કરી શક્યા. સેવા રૂરલે જ્યારે ૨૫ વર્ષ પૂરા કર્યા ત્યારે સંસ્થાની ગરીબ કેન્દ્રી અને મૂલ્યલક્ષી કામગીરી ધ્યાનમાં લઈ કે. એમ. એ. સોસાયટીનું વિલીનીકરણ સેવા રૂરલમાં કરવા માટે પહેલ, પૂરી જહેમત અને દોડાદોડી પ્રિયવદનભાઈએ કર્યા. વળી વિલિનીકરણ કરવા માટે કોઈ આગ્રહ યા શરત ના કર્યા પરંતુ ફકત લોકહિતને જ એમણે હૈયે રાખ્યું. છેવટે ચેરીટી કમીશ્નર અને ગુજરાત રાજ્યની મંજુરી આ પગલાં માટે મળી ગઈ. આ પ્રમાણમાં કપરા કામમાં પણ વડીલ પ્રિયવદનભાઈનો સિંહફાળો હતો. આજે જ્યારે પ્રિયવદનભાઈ આપણી સાથે નથી ત્યારે તેમના કોઠાસુઝ, દીર્ઘદષ્ટિ, નવા કામો કરતા રહેવાની ધગશ જેવા ગુણોમાંથી પ્રેરણા લઈએ.

(ડિસેમ્બર ૨૦૦૮)

## ૫૬. અમારા ગૌરવવંતા યુવાનો

સેવા રૂરલની પ્રવૃત્તિઓમાં એક છે વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્ર. દર વર્ષે ભરૂચ અને નર્મદા જિલ્લાના લગભગ ૧૦૦ ગરીબ ગ્રામીણ આદિવાસી યુવાનોની વિવિધ ટ્રેડમાં તાલીમ ગોઠવવામાં આવે છે. આ યુવાનોએ ક્યાં તો શાળા અડધેથી છોડી દીધી હોય છે અથવા માંડ ધોરણ ૧૦ સુધી પૂરી કરી હોય છે.

વિવિધ ટ્રેડમાંનો એક છે ઈલેક્ટ્રિશ્યન ટ્રેડ. તાલીમના ભાગ રૂપે કામનો સીધો અનુભવ મળે તેથી આજુબાજુના ગામોમાં વાયરીંગનું કામ આ તાલીમાર્થીઓ કરતા. વાયરીંગનો સામાન ઘર માલિકે લાવવાનો રહે જ્યારે વાયરીંગનું કામ ઈન્સ્ટ્રક્ટરના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ વિના મૂલ્યે કરતા. આ સંબંધમાં એક અનુભવની વાત છે.

ઝઘડિયા તાલુકાના ગોવાલી ગામમાં અશોકભાઈ પટેલનું ઘર. ઈલેક્ટ્રિશ્યન ટ્રેડના ત્રણ વિદ્યાર્થીઓએ, દિનેશ બેદલાર, સુમન વસાવા અને વનરાજ વસાવા, તા. ૧૬ થી ૨૪ જાન્યુ.'૦૯ દરમ્યાન આખો દિવસ કામ કરી, સંતોષથી વાયરીંગનું કામ પૂરું કર્યું.

છેલ્લા દિવસે ઘરમાં અશોકભાઈ ન હતા પણ એમના દીકરી અને દીકરો હતા. તેઓએ વાયરીંગ ચેક કરી લીધું. વાયરીંગ બરાબર છે એવું કહીને એઓએ વિદ્યાર્થીઓનો આભાર વ્યકત કર્યો. પછી દરેક વિદ્યાર્થીને એક એક કવર આપ્યા. વિદ્યાર્થીઓએ કોઈક આમંત્રણ માટેનું કવર હશે એમ માન્યું. પણ ખોલીને જોયું તો



અંદર રૂપિયા હતા! બધા ખચકાયા અને એકબીજા જોડે ચર્ચા કરી કે અમારાથી આ રૂપિયા ન લેવાય કારણ કે વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રમાંથી આપણને તો સ્વાનુભવ માટે મોકલ્યા છે. કામના અનુભવના બદલામાં મજૂરી પેટે વળતર લેવાનું નથી. આવી અંદરોઅંદર વાત કરી, પૂરી સમજ સાથે રૂપિયાવાળા કવરો પરત આપ્યાં ઘરના બધાએ તેમજ પડોશમાં જ રહેતા વડીલે પણ ખૂબ આગ્રહ કરી કવરો લેવા જણાવ્યું અને કહ્યું કે આ તમારા બધાની મહેનતના પૈસા છે. અમે તમારા સાહેબને જણાવીશું નહી પણ વિદ્યાર્થીઓ એકના બે ન થયા. તેઓ મનથી મક્કમ રહ્યા અને લલચાયા વિના નમ્રતા સાથે કવર પરત કરી તાલીમ કેન્દ્રમાં આવ્યા.

આ વિદ્યાર્થીઓ હતા ગરીબ. એમના માબાપ ખેત મજૂરી કરતા હતા. ઊંડાણનાં ગામડાઓમાંથી તાલીમ માટે વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રમાં દાખલ થયા હતા. આવી કપરી પરિસ્થિતિમાં આટલી સ્પષ્ટતા, પ્રામાણિકતા અને દ્રઢતા માટે એ છોકરાઓનાં ઘરના સંસ્કાર જવાબદાર હશે વળી તાલીમ કેન્દ્રના વાતાવરણ અને સ્ટાફના વ્યવહારની અસર થઈ હશે. વર્ષ દરમ્યાન જીવન ઘડતર માટેના વિવિધ વાર્તાલાપો અને પ્રયત્નોએ અગત્યનો ભાગ ભજવ્યો હશે. સેવા રૂરલની કાર્ય પ્રણાલીએ પણ કંઈક ભાગ ભજવ્યો હશે. અમને સૌને આનંદ અને ગૌરવ થયું કે જાણે-અજાણ્યે મૂલ્યોને જાળવીને કામ કરવાના સેવા રૂરલના ઉત્સાહ અને પ્રયત્નોએ આ વાતાવરણ અને આવું પરિણામ માટે કંઈક ભાગ ભજવ્યો હશે.

## ૫૭. ઉકેલ માંગતો કોયડો

ટૂંક સમયમાં સેવા રૂરલને ભરૂચ જિલ્લામાં કામ કરતાં કરતાં ત્રણ દાયકા પૂરા થશે. છેવાડાના માણસને કેન્દ્રમાં રાખી ઘણાં કામો અને કાર્યક્રમો કરવામાં આનંદ અને ગૌરવ અમને સૌને મળ્યાં. મૂલ્યોને મહદ્અંશે જાળવી શકવાનો સંતોષ પણ રહ્યો. વળી સમાજના વિવિધ અંગો અને સ્થાનિક લોકોનો ઘણો સાથ સહકાર મળતો રહ્યો.

કામ કરતાં કરતાં જેમ જેમ વિવિધ મુશ્કેલીઓ અને પડકારો આવતા રહ્યા તેમ તેમ તેના ઉકેલો ઘણે અંશે કાઢી શક્યા. જેમ કે હોસ્પિટલની શરૂઆતમાં નર્સબહેનો ન મળતાં નર્સિંગના કામને લગતા ભાઈ-બહેનો તૈયાર કર્યા. સંસ્થાના કેટલાક સ્ટાફને પોતાના બાળકોના શિક્ષણ ભરૂચ- અંકલેશ્વર કરાવવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી વાહન વ્યવસ્થા ગોઠવી.

ઝઘડિયામાં ઉદ્યોગો આવતાં ઘરનાં ભાડાં ઘણાં જ વધી ગયાં હતાં અને સ્ટાફનાં ઘણાં ભાઈ-બહેનો દૂરના વિસ્તારનાં હતાં. સદ્નસીબે સ્થાનિક સંસ્થાએ પ્રમાણમાં

સસ્તાભાવે જમીન આપી જેમાં સેવા રૂરલે પાયાની જરૂરિયાતો ઊભી કરી અને તેમાં પોતાની માલિકીનાં ઘર સ્ટાફનાં ઘણા ભાઈ–બહેનો બાંધી શક્યાં. આમ જેમ જેમ જરૂરિયાતો વર્તાતી ગઈ તેમ તેમ તેની સગવડ ઊભી કરી શકાઈ. એવા જ એક પ્રશ્નની વિગતે વાત કરવી છે.

આપણે સૌ જાણીએ છીએ કે ઉચ્ચ અભ્યાસ માટે છેલ્લાં થોડાં વર્ષોથી સ્વનિર્ભર (Self financed) શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. વિવિધ કારણોના પરિણામે સમાજ અને સરકારને આ પ્રથાનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી. આ વ્યવસ્થા હેઠળ વિદ્યાર્થીએ પોતાના અભ્યાસ માટે ઘણી ઊંચી ફી ભરવાની થાય છે તે ઉપરાંત હોસ્ટેલ અને ઈતર ખર્ચો જુદો.

સેવા રૂરલના વધારે ને વધારે સ્ટાફના ભાઈ–બહેનોને પોતાનાં બાળકો માટે આ મોટા ખર્ચાનો સામનો કરવાનો થઈ રહ્યો છે. કુટુંબનો ટેકો, બેંક લોન વગેરે પ્રયત્નો દરેક પોતપોતાની રીતે કરતા રહે છે. પરંતુ મોટાભાગના સ્ટાફને માટે આટલા મોટા ખર્ચને પહોંચી વળવાનું ઘણું મુશ્કેલ છે.

સંસ્થાના હાલના પગાર ધોરણમાં અને મોંઘવારીની વચ્ચે સહેલું તો નથી જ. આ સંજોગોમાં શું કરી શકાય? એ ચિંતન ચાલ્યા કરતું હતું. શહેર તેમ જ અન્ય વ્યાવસાયિક તકને બાજુમાં મુકી સેવા રૂરલના કામમાં જોડાઈને ઉત્સાહ ત્યા મહેનત કરતા ભાઈ–બહેનો માટે કંઈક કરવુ અત્યંત જરૂરી લાગ્યું. બીજી તરફ એ ઉકેલ અને વ્યવસ્થા મોટું ભંડોળ માંગી લે છે એ પણ સ્પષ્ટ છે. સ્વનિર્ભર કોલેજમાં દાખલ થયા બાદ વિદ્યાર્થી જે તે અભ્યાસ પૂરો થાય તેટલાં વર્ષ વ્યવસ્થા કરવાની રહે છે.

આમ જોવા જઈએ તો આ સેવા રૂરલના ગજા બહારની બાબત હતી છતાં એ કારણ પાછળ રહેલ હાર્દ સમજીને વંચિત સમાજ માટે કામ કરતા કાર્યકરની વિટંબણા સ્વીકારી અમારા નિકટના મિત્રો અને હિતેચ્છુઓ સેવા રૂરલની વ્હારે ધાયા છે. તેમણે આ જ કારણ અને કાર્ય માટે મોટી રકમ સેવા રૂરલને આપી છે. કયા કાર્યકરના બાળક માટે, કયા પ્રકારના અભ્યાસ માટે અને કેવી રીતે મદદ કરવી વગેરે બાબતો ઉદારતાથી સેવા રૂરલ ઉપર જ છોડી છે. જો કે હાલ એવા જ કોર્સ પસંદ કર્યા છે જેમાં સેવા રૂરલને ભવિષ્યમાં પોતાના કામ માટે તેવા ટેકનિકલ વ્યક્તિઓની જરૂર પડે. દા.ત. બી.એચ.એમ.એસ, ફાર્માસિસ્ટ, મિકેનિકલ એન્જીનિયર, માસ્ટર ઓફ સોશ્યલ વર્ક વિગેરે. વળી આ વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ બાદ થોડાં વર્ષો સેવા રૂરલમાં જ કામ પણ કરશે એવી સમજ છે.

નીચે નામાવલિવાળા બધા જ મહાનુભાવ સેવા રૂરલના કાર્યો માટે વર્ષો વર્ષ મદદ કરતા જ આવ્યા છે. આ વિશિષ્ટ સથવારા માટે તેઓના નામ રજૂ કરવાની છૂટ



લઈએ છીએ.

૧. લીલાવતી આર. શાહ મેડીકલ રિલીફ ટ્રસ્ટ (મુંબઈ)
૨. પિયૂષભાઈ દેસાઈ, વાઘ–બકરી ચા (અમદાવાદ)
૩. ડો. સુનીતભાઈ અને પ્રજ્ઞાબેન પરીખ (પુના)
૪. ઉર આશા જવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ, (મુંબઈ)

સમસ્ત સેવા રૂરલ પરિવાર આ માટે એ સર્વેના ઋણી રહેશે.

## ૫૮. ગામડાનો યુવા સાહસિક

(માર્ચ ૨૦૦૯)

ગુજરાતમાં શહેરો, તેની આસપાસના વિસ્તારો અને વિવિધ ઉદ્યોગો વિકાસ તરફ ગતિ કરી રહ્યા છે. ભણેલા અને બોલકા લોકોની આજીવિકામાં ગણનાપાત્ર વધારો થઈ રહ્યો છે. જો કે છેલ્લા વર્ષની મોંઘવારી મોટાભાગના લોકોને પીડી રહી છે. ગ્રામ્ય વિસ્તારની પ્રજા, ખાસ કરીને શાળા અભ્યાસથી આગળ ન ભણેલા અને પોતાના ગામોમાં ખેતમજૂરી કે એવું નાનું મોટું કામ કરતા યુવાનો અને એના કુટુંબોની સ્થિતિ કફોડી તો હતી જ, પરંતુ કથળી ગયેલું શિક્ષણ, તકનો અભાવ અને વધી રહેલી મોંઘવારીને પરિણામે પરિસ્થિતિ વધારે ને વધારે બગડી રહી છે. એવા યુવાનો અને એના કુટુંબોને પગભર કરવા, બેઠા કરવા એ અત્યંત કપરું રહ્યું છે. સરકાર પણ એની રીતે ગરીબ ગ્રામીણ યુવાનોને વ્યાવસાયિક તાલીમ આપીને મદદરૂપ થવા પ્રયત્ન કરતી રહે છે. પરંતુ એમાં ઘણી મર્યાદાઓ રહેલી છે. આવી દારુણ પરિસ્થિતિમાં સફળ થયેલા અને વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રમાં તાલીમ પામેલા એક યુવાનની વાત છે.

ઝઘડિયા તાલુકામાં ઊંડાણના વિસ્તારનું ગામ જેસપોર. રાજપારડી અને નેત્રંગને જોડતા રસ્તા પર આવેલું છે. રોડ પર જ શુકલભાઈ વસાવાની સાયકલ રિપેરની નાની દુકાન. એમના દીકરા દિનેશે નાનપણથી પોતાના પિતાને સાયકલ રીપેર કરતા જોયા હતા. ધોરણ ૧૨ પાસ થયા બાદ ૨૧મી બેચના ભુતપૂર્વ વિદ્યાર્થી મારફત માહિતી મળતાં કોલેજ કરવાને બદલે દિનેશે ટેકનિકી કેન્દ્રની ૨૩મી બેચમાં ટુ વ્હીલર રિપેરીંગ ટ્રેડમાં પ્રવેશ મેળવ્યો. તાલીમ બાદ પિતાની સાયકલ રિપેરીંગની દુકાનમાં જ પોતાનો નાનો મોટર સાયકલ રિપેરીંગનો સ્વરોજગાર શરૂ કર્યો. આમ તો મોટાભાગના તાલીમાર્થીઓ નજીકના ભરૂચ– અંકલેશ્વર કે ઝઘડિયામાં સીધી સાદી નોકરી મેળવીને સંતોષ માનતા હોય છે. જો કે એ વાસ્તવિકતા પણ સમજી શકાય તેવી છે કારણ કે આવી જગ્યાઓએ ઉદ્યોગોમાં કામ મળવું મુશ્કેલ હોય છે અને

સ્વરોજગાર તો અત્યંત મુશ્કેલ. દિનેશના કિસ્સામાં થોડા સાનુકૂળ સંજોગો હતા. એના પિતાનો પોતાનો જ નાનો શો ધંધો, જાણે કે એના લોહીમાં જ ધંધાકીય સાહસિકતા! રોડ પર જ દુકાન એટલે મોટર સાયકલ રિપેરીંગના સ્વરોજગાર માટે મોકાની જગા, વ્યવસ્થિત તાલીમ. પરિણામે દિનેશે તાલીમ બાદ તરત જ પોતાના નાના ધંધામાં ઝંપલાવ્યું. દુકાન પણ સારી ચાલી રહી છે. રોજની અનેક મોટર સાયકલ પર એક યા બીજું કામ કરવાનું મળ્યા કરે. રોજના આશરે રૂા. ૨૦૦/–ની કમાણી.

સરકાર પણ તાલુકા પંચાયત દ્વારા વિવિધ રોજગારી વધારવાના તાલીમ વર્ગો વખતોવખત ચલાવતી હોય છે. ઝઘડિયા તાલુકા પંચાયત દ્વારા નજીકના માલપોર ગામમાં ઓછું ભણેલા આદિવાસી યુવાનો માટે ટુ વ્હીલર રિપેર કરવાની તાલીમ શરૂ કરવામાં આવી. ૪ મહિના માટે રોજ સાંજે ૪–૦૦ થી ૬–૦૦ દરમ્યાન તાલીમ ગોઠવાઈ. નોંધાયેલા ૫૦ યુવાનોમાંથી લગભગ ૩૦ નિયમિત આવે. રોજની બે એક મોટરસાયકલ રિપેર થાય. રિપેરીંગનો જરૂરી સામાન ઘરાક પોતે લાવે. આમ સ્થાનિક લોકો અને બેરોજગાર ગરીબ યુવાનો બંનેને ફાયદો. તાલીમ આપનાર યુવાનને મહિને રૂા. ૨,૫૦૦/– પગાર. આમ જોવા જઈએ તો આ નાનો શો પ્રયત્ન પ્રમાણમાં સારો નીવડી રહ્યો છે.

આ નાનકડા તાલીમ વર્ગનો તાલીમ આપનાર યુવાન તે જેસપોર ગામનો પોતાની ટુ વ્હીલરની દુકાન ધરાવતો આપણો જ દિનેશ શુકલભાઈ વસાવા. અમને સૌને અમારી વર્ષોની મહેનત ફળ્યાનો અનેરો સંતોષ અને આનંદ મળ્યાં.

(ડિસેમ્બર ૨૦૦૯)

## ૫૯. સૌના સથવારે થઈ રહેલું ગરીબોનું કામ

સેવા રૂરલ એના ગરીબો – કેન્દ્રિત વિવિધ કામો કરતાં કરતાં ૩૦ વર્ષ થોડા મહિનામાં પૂરાં કરશે. ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા, વ્યાપક સમાજનો સરાહનીય ટેકો અને કાર્યકરોની મહેનત તથા ઉત્સાહને પરિણામે આ શક્ય થયું. આજે જ્યારે છેલ્લા ત્રણ દાયકા ઉપર નજર નાખીએ છીએ ત્યારે અનેક ઉતાર ચઢાવ સામે આવે છે. પરંતુ કામ કર્યાની અને કરતા રહેવાની અનેરી ધન્યતાની લાગણી અનુભવાઈ રહી છે. એક રીતે જોવા જઈએ તો પ્રમાણમાં આ નાનું જ કામ કહેવાય. જ્યારે આપણે આખા રાજ્ય કે દેશનો વિચાર કરીએ ત્યારે વળી હજુ એવા ઘણા કામો છે કે સમજો કે, શરૂ જ નથી કરી શક્યા.

આ બધાં કામો કરવા માટે નાણાંની પણ જરૂર પડવાની. સેવા રૂરલને ગરીબોના વિકાસનાં કામો માટે વ્યાપક સમાજના બધાં જ અંગો તરફથી મદદ મળી છે. તે



પછી સ્થાનિક લોકો હોય, ઉદ્યોગો હોય, ચેરીટેબલ સંસ્થા, વ્યકિતગત દાન, સરકાર કે પછી પરદેશની મદદ. જ્યાં સુધી આપણે મુલ્યો જાળવી શકીએ ત્યાં સુધી બધાંની મદદ આવકારદાયક છે. વળી ડોનેશન આપનાર વ્યકિતના પણ વિવિધ કારણો હોઈ શકે. અમુક વ્યકિતઓની ભાવના પ્રેરણાદાયી હોય છે જે અંગેના થોડા કિસ્સા ઘણા રસપ્રદ છે. નામ અને રકમને અધ્યાહાર રાખી ઘટના પાછળની ભાવના અને કારણ જ કેન્દ્રમાં રાખવાનો પ્રયત્ન છે.

ઝઘડિયાની નજીક આવેલા મહાનગરમાં એક યાર્નના વેપારી છે. સેવા રૂરલમાં માનદ્ સેવા આપતા ડોકટરના નિકટના મિત્ર અને સંસ્થાના કામના પ્રસંશક છે. એ દંપતી આમ જોવા જઈએ તો રિટાયરમેન્ટની ઉંમરના છે પરંતુ દર વર્ષે અનોખી રીતે પોતાની વર્ષગાંઠ ઊજવે છે. છેલ્લાં પાંચેક વર્ષથી પોતાના વર્ષગાંઠ નિમિત્તે પોતાના વિસ્તારમાં સારું કામ કરતી આશરે ૫૦ જેટલી સંસ્થાને ધ્યાનાપાત્ર દાન આપીને વિશિષ્ટ રીતે ઊજવે છે. એમાં સેવા રૂરલનો પણ સમાવેશ થતો રહે છે.

એ જ પ્રમાણે કેનેડાથી સેવા રૂરલમાં આવી ગયેલ એક બહેને પોતાના લગ્ન સંદર્ભમાં ઉજવણીની અગત્યની તારીખે આવનાર મહેમાનોને વિનંતિ કરી કે વસ્તુની ભેટને બદલે રોકડ રકમ યાદગીરી માટે આપે. એ રકમ ભેગી કરી એ નોંધપાત્ર રકમ સેવા રૂરલને મોકલી; થોડાં વર્ષો પહેલાં સંસ્થામાં પસાર કરેલા અનુભવના સંભારણા પેટે.

થોડા યુવા ભાઈ બહેનોએ પોતાના અભ્યાસ બાદ કામ કરવાનું શરૂ કર્યું. ત્યારબાદ પોતાના પ્રથમ પગારમાંથી નાની મોટી રકમ ઝઘડિયામાં થઈ રહેલા ગરીબોના કામ માટે મોકલી. પરદેશમાં સુંદર કામ કરતા અમારા એક નિકટના યુગલ મિત્રોની પુત્રીના સત્કાર સમારંભમાં દરેક મહેમાનને સેવા રૂરલની ટૂંકી ઓળખ કલાત્મક રીતે આપી તેમાંથી ભેગા થયેલા નાણાં સેવા રૂરલને મોકલી સંતોષ અનુભવ્યો.

વળી મુંબઈમાં વસતા એક ધનાઢ્ય યુગલ, જે દેશની ખ્યાતનામ કંપનીના ભાગીદાર છે, તેઓ ઝઘડિયા સંસ્થાનું કામ જોવા આવેલા. તે સમયે પાપડ કેન્દ્ર સેવા રૂરલના નેજા હેઠળ હતું. વળી તે હોસ્પિટલના જૂના પતરાના ગેરેજમાં કાર્યરત હતું. અમને એ પ્રકારની વ્યવસ્થા કઠતી હતી પણ ઘણી મોટી રકમની જરૂર હોવાથી એ દિશામાં અમે કંઈ કરી શકતા ન હતા. મુલાકાતે આવેલા મહેમાને પતરાના શેડમાં ચાલતા પાપડ કેન્દ્રને જોઈ પૂરા મહિલા કેન્દ્રના બાંધકામ માટે માતબર દાન આપ્યું. વળી એ માટે પોતાનું કે પોતાના કુટુંબના કોઈ સભ્યનું નામ કે તકતી મુકવાની સામે ચાલીને ના પાડી!

વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રના મકાનોની હાલત ખરાબ હતી જે અમને ખટકતી હતી. જૂનાં મકાનો કાઢી મોટાપાયે નવાં મકાનો બનાવવા, જૂની મશીનરી બદલવી અને અન્ય સગવડો, જે અમે નાણાંના અભાવે શરૂઆત કરેલી ત્યારે કરી નહોતા શકયા, આ બધાંનો ખર્ચ ખુબ જ મોટો હતો. અમેરિકાના અમારા વર્ષો જૂના મિત્રના નિકટના સાથી પાસેથી મોટી રકમનું દાન અનાયાસે પ્રાપ્ત થયું. તેમાં વળી ગુજરાત રાજ્યની ટ્રાયબલ વિભાગની વનબંધુ યોજના હેઠળ ઘણી મોટી ગર્વમેન્ટ ગ્રાન્ટ મળી. પરિણામે વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રને નવું કલેવર પ્રાપ્ત થશે. આ પહેલાં આવુ કંઈ શકય બનશે એની કલ્પના કે સંભાવના પણ નહતી.

તે જ પ્રમાણે મુંબઈ સ્થિત બે ફેમિલી ટ્રસ્ટો જેની સાથે બે દાયકા પહેલા સંપર્ક થયેલો, જે હવે વર્ષોવર્ષ ગણનાપાત્ર ટેકો અમારા કામને પૂરો પાડી રહ્યાં છે તે જ મહાનગરના એક કુટુંબના સભ્યો દર વર્ષે નાની મોટી રકમ ભેગી કરી ગુજરાતમાં સારું કામ કરતી સંસ્થાઓને મદદ કરતા રહે છે. એ કુટુંબના મોભી દર વર્ષે સેવા રૂરલના આંખના કેમ્પમાં મદદ ઉપરાંત ખાસ હાજરી આપીને અનેરો સંતોષ મેળવતા રહે છે. આંખના દર વર્ષે લગભગ ૧૦૦ જેટલા શિબિર યોજાય છે. જેમાં સ્થાનિક સમાજનો બહોળો સહકાર અનેક રીતે મળી રહ્યો છે. તે જ પ્રમાણે વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રના નિભાવ ખર્ચ માટે ભરૂચ – અંકલેશ્વરના ઉદ્યોગો અને શુભેચ્છકો તરફથી વર્ષોવર્ષ મદદ મળી રહી છે. એને પરિણામે ભરૂચ – નર્મદા જિલ્લાના અનેક ગરીબ કુટુંબો ગરીબી રેખાની ઉપર આવી રહ્યા છે. હોસ્પિટલના અનેક ડોકટરો કયાં તો નજીવા વળતરે કે તે વિના ખૂબ અગત્યની મદદ કરી રહ્યા છે જેમાંના કેટલાક તો ૨૦૦–૨૫૦ કિ. મી. દૂરથી આવવાની તકલીફ લે છે. જયારે કોઈક તો વળી માનદ્ સેવા આપવા ઉપરાંત દર વર્ષે મોટી રકમનું દાન આપતા રહે છે. બીજા એક કન્સલ્ટન્ટ બાજુના રાજયમાંથી થોડા મહિના કામ કરી ગયા. એમને તો વર્ષોવર્ષ કામ કરતાં રહેવું હતું. એમાં એમનાં પત્ની પણ પુરા ભાવથી જોડાયેલા. સંજોગો એવા ઊભા થયા કે એમને પોતાના વતન જવું પડયું પણ ત્યાં રહીને એ એમનો પ્રેમ ન્યોછાવર કરતા રહે છે, નાણાંકીય મદદ તો ખરી જ.

આમ વ્યાપક સમાજમાંથી ઘણી દિશાઓ, સંસ્થાઓ અને વ્યકિતઓ તરફથી અનેક મદદ પ્રાપ્ત થઈ રહી છે. સમાજમાં બધાંને સાથે રાખીને કામ કરવાની હોંશ અને સ્વપ્ન સાર્થક થયાનો આનંદ રહ્યો છે. તે જ પ્રમાણે સમાજની દરેક વ્યકિતની સારપ પણ દેખાઈ રહી છે. દરેકના દિલમાં એક ખૂણો એવો હશે, જે બીજા માટે ઘસાવાની ઝંખના ધરાવે છે તેની ખાત્રી પણ વખતોવખત મળતી રહી છે.

(માર્ચ ૨૦૧૦)

◈



## ૬૦. સરકારનું પશ્ચિમનું આંધળું અનુકરણ

આપણા દેશની સ્થાનિક વાસ્તવિકતા સમજયા વિના સરકાર દ્વારા પશ્ચિમના દેશોનું આંધળું અનુકરણ કરવાની એક વાત છે જે ગામડાંના અંતરિયાળ પ્રદેશની ગરીબ માતાઓ અને અન્ય લોકોના જાન વિના કારણે જોખમમાં મુકી રહી છે.

ત્રણ દાયકા પૂરા કરી રહેલ સેવા રૂરલનું કસ્તુરબા હોસ્પિટલ પ્રથમ પગરણ હતું. ૧૦૦ ડિલીવરીમાંથી ૧૦–૧૫ બહેનોને ઓપરેશન (Cesarean section) કરવાની સામાન્યતઃ જરૂર પડતી હોય છે. વળી બહેનો કે ભાઈઓને કુપોષણને લઈને એમનું લોહી સંતોષકારક ન હોય (Anemia) ખાસ કિસ્સામાં લોહી આપવાની જરૂર પડે છે. આવી કુપોષણ અને Anemia વાળી બહેનોને ડિલીવરી વખતે યા ડિલીવરીના કોમ્પ્લીકેશન યા એમના સિઝેરીયનનાં ઓપરેશન સમયે ઘણીવાર લોહી આપવાની (Blood transfusion) જરૂર પડે છે. વળી આદિવાસી વિસ્તારમાં એ લોકોમાંથી ઘણાને વારસાગત સીકલસેલ ડિસીઝ થયો હોય છે ત્યારે અમુક સંજોગોમાં લોહી આપવાની તાતી જરૂર હોય છે. એ ન મળે યા સમયસર ન મળે અથવા પૂરતા પ્રમાણમાં લોહી ન મળે તો જાન પણ જોખમાય છે. આ જરૂરિયાતને પરિણામે ઘણાં શહેરોમાં અલગથી બ્લડ બેંક હોય છે. જયારે અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારમાં આવી બ્લડબેંક શકય હોતી નથી. આવા વિસ્તારની હોસ્પિટલમાં આવેલ લેબોરેટરીમાં બ્લડબેંકની વ્યવસ્થા થતી હોય છે.

આવી જ વ્યવસ્થા ઝઘડિયા સ્થિત કસ્તુરબા હોસ્પિટલમા ૧૯૯૯થી બ્લડ બેંક શરૂ કરી હતી. જેનું લાયસન્સ કમિશ્નર, ફૂડ અને ડ્રગ એડમિનિસ્ટ્રેશન ગુજરાતમાંથી મળેલ. આટલાં વર્ષો દરમ્યાન ૪૦૦૦થી વધારે બ્લડ બોટલ જરૂરિયાત પ્રમાણે સમયાંતરે એકત્ર કરી લગભગ એટલી જ માત્રામાં દર્દીઓને બ્લડ બોટલ અપાઈ. ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારના લોકોમાં જાગૃતિ આવે તથા તંદુરસ્ત પુખ્ત વયનાં લોકો એક બોટલ લોહી આપે તો તેમાં કોઈ જોખમ નથી. તેની લોકોમાં જાગૃતિ માટે લગભગ ૫૦ કેમ્પો વિવિધ ગામોમાં કરીને એ દિશામાં પ્રયત્નો કર્યા. વિશેષ પ્રયત્નો કર્યા વિના હાલ હોસ્પિટલ બ્લડ બેંકમાં લગભગ ૫૦૦ સ્વૈચ્છિક દાતાઓ (Voluntary blood donors) જરૂર પડે ગમે ત્યારે લોહી આપવા તૈયાર હોય છે.

આમ હોસ્પિટલ અને બ્લડબેંકનું કામ સંતોષકારક ચાલી રહ્યું હતું. જો કે લોહીની વાર્ષિક જરૂરિયાત પ્રમાણમાં ઓછી હતી પરંતુ હવે ડિલીવરીની સંખ્યા ૨૦૦૦ની નજીક પહોંચી રહી છે. ગ્રામ્ય વિસ્તારની બહેનો ડિલીવરી અને તેને લગતી અન્ય જરૂરિયાત માટે પહેલાં કરતાં વધારે સંખ્યામાં આવી રહી છે. પરિણામે હોસ્પિટલમાં બ્લડ બેંકની ઉપલબ્ધિ અગત્યનું પાસું બની રહ્યું છે અને પહેલાંનાં વર્ષો કરતાં હવે દર વર્ષે વધારે લોહીની જરૂર પડશે એવું લાગે છે.

ગ્રામ્ય સમાજ અને ગરીબ લોકોને આશીર્વાદરૂપ નીવડી રહેલી પરિસ્થિતિમાં છેલ્લાં થોડાં વર્ષોથી ન સમજાય કે સ્વીકારાય એવી સ્થિતિ કેન્દ્ર સરકારના ફૂડ અને ડ્રગ વિભાગમાં પશ્ચિમના દેશોના આંધળા અનુકરણને પરિણામે સર્જાઈ રહી છે. પરદેશના ઘણા દેશોમાં એમની સંસ્કૃતિ અને રહેણીકરણીના પરિણામે AIDS જેવાં રોગનો ફેલાવો થઈ રહ્યો છે. એનો શરૂઆતમાં કોઈ વિશેષ ઈલાજ ન હતો. વળી અજ્ઞાનતા, ગરીબી, બીનસાવચેતી અને આરોગ્ય સગવડોના અભાવે આફ્રિકાના અનેક દેશોના લોકો AIDS ના શિકાર બન્યા છે. શરૂઆતનાં વર્ષોમાં ભારતમાં પણ AIDS નું પ્રમાણ વધારે બતાવવામાં આવ્યુ. વિશ્વ આરોગ્યના આંકડા પ્રમાણે ભારત અને ચીન જેવા દેશોમાં AIDSનું પ્રમાણ (Prevalence) પહેલાં ધાર્યું હતું તેના કરતાં હવે ઓછું બતાવાઈ રહ્યું છે. ભારતમાં AIDS થી પીડાતા લોકોની સંખ્યા WHO ના આ છેલ્લા આંકડા કરતાં ઓછી સાબિત થાય તો નવાઈ નહી.

આપણા દેશના અમુક વિસ્તારોને બાદ કરતાં AIDS નું પ્રમાણ એટલું કે એથી વધારે લાગતું નથી. પરંતુ AIDS ની બુમરાણ, પ્રચાર, ગ્રાન્ટ વગેરેને પરિણામે ભારત સરકાર પણ એમાં સપડાઈ છે. જેને પરિણામે ઘણા નીતિવિષયક નિર્ણયો લેવાઈ રહ્યા છે. જેમાંના ઘણા યોગ્ય પણ છે. પરંતુ એ નિર્ણયો લેતી વખતે દેશની પરિસ્થિતિ, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની વાસ્તવિક પરિસ્થિતિ ધ્યાનમાં લેવાતી નથી.

કુપોષણ, મેલેરીયા, ટી.બી. અને માતામૃત્યુ, નવજાત શિશુમરણ જેવા મોટા પ્રશ્નો હજુ ઉકેલાયા નથી. એમાં ગણનાપાત્ર સુધારો થયો નથી. પરદેશની સંસ્થાઓના દબાણ, પ્રચાર અને ગ્રાન્ટના ભાર હેઠળ જે પ્રશ્ન હાલના પ્રવર્તમાન પ્રશ્નો કરતાં નાનો હોવા છતાં એમાં વધારે પૈસા તથા તાલીમ ફાળવામાં આવે છે. તે ઉપરાંત પહેલાંના વિકરાળ પ્રશ્નોને વધારે વિકટ બનાવે તેવા નીતિવિષયક નિર્ણયો, કાયદા અને નિયમો બનાવાઈ રહ્યા છે. ભૂતકાળમાં જે નિયમોમાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ થોડી મોકળાશ સ્વીકારાઈ હતી તેમાં AIDS ના હાઉને કારણે વિપરિત સંજોગો હોવા છતાં નિયમોનું આંધળું અનુસાશન ગોઠવાઈ રહ્યું છે. કસ્તુરબા હોસ્પિટલની વર્ષોથી કાર્યરત, અનેક ગરીબોને રાહતરૂપ નીવડેલી અને ઘણી માતાઓનું જીવન બચાવી ચુકેલ બ્લડ બેંક સરકારના એ આંધળા અનુકરણ અને અનુશાસનનો ભોગ બની છે.

એનું કારણ પણ વિચિત્ર છે! હોસ્પિટલે મોટાભાગના નિયમોને પરિણામે મોટો ખર્ચ કરી નવાં ઘણાં સાધનો વસાવ્યાં. હવે નાનાં અને ક્ષુલ્લક કારણસર હોસ્પિટલની બ્લડબેંક નિયમોનું ઉલ્લંઘન કરે છે એવું જણાવે છે! દા.ત. બ્લડબેંકમાં જે સ્વૈચ્છિક દાતા આવે તેને કોફી–બિસ્કીટ અને ૫–૧૦ મિનિટના હળવા આરામ માટે A/C ધરાવતી રૂમ જોઈએ! વળી હાલ જે હોસ્પિટલના રજિસ્ટ્રેશન, ડોકટરના તપાસનો રૂમ, ઓટોકલેવ રૂમ વગેરે સહિયારા (Common) છે તે જુદા જોઈએ. ગ્રામ્ય વિસ્તારની ગરીબો માટે જ કામ કરતી ૧૦૦ પથારીની હોસ્પિટલમાં બ્લડબેંક માટે હોસ્પિટલની લેબોરેટરી કરતાં વધારાની અલગ લેબોરેટરી જોઈએ. વધારાની લેબોરેટરી ઊભી ન થાય, તે કાયદાનું ઉલ્લંઘન મનાયું છે. હાલની બ્લડબેંકમાં આવશ્યક તપાસ અને સાવચેતી તો ૧૦૦% સચવાય જ છે પણ આ Infrastructureની મોટી ખામીને પરિણામે હોસ્પિટલની બ્લડ બેંકનું લાયસન્સ જે ૨૮ વર્ષથી હતું તે પરત કરવું પડશે. જો કે સુરત રકતદાન કેન્દ્રની સરાહનીય મદદ અને ભરૂચની રેડક્રોસ બ્લડ બેંકની મદદથી પ્રશ્ન હળવો કરવા પ્રયત્ન કરી રહ્યા છીએ. છતાં કેટલાક કિસ્સામાં ગરીબ દર્દીનું, ખાસ ડીલીવરી માટે આવેલ માતાનું જીવન જોખમાશે એમાં શંકા નથી.

પશ્ચિમના દેશોનું આંધળુ અનુકરણ કરવાને બદલે આપણી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ગુણવત્તાને જોખમમાં મુકયા વિના આપણે આપણા કાયદા અને નિયમો ન બનાવી શકીએ?

(જુન ૨૦૧૦)

**"ઈર્ષ્યા અને ખોટું ગુમાન છોડો**
**બીજાના ભલા માટે સાથે મળીને**
**કાર્ય કરતાં શીખો; આ આપણા**
**દેશની મોટી જરૂરિયાત છે."**

સ્વામી વિવેકાનંદ

## જીવન અંજલી થાજો

જીવન અંજલી થાજો, મારું જીવન અંજલી થાજો !

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો,
દીનદુઃખિયાનાં આંસુ લોતાં, અંતર કદી ન ધરાજો !
મારું જીવન અંજલી થાજો !

સતની કાંટાળી કેડી પર, પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી, અમૃત ઉરનાં થાજો !
મારું જીવન અંજલી થાજો !

વણથાક્યા ચરણો મારાં નિત, તારી સમિપે ધાજો,
હૈયાનાં પ્રત્યેક સ્પંદને, તારું નામ રટાજો !
મારું જીવન અંજલી થાજો !

વમળોની વચ્ચે નૈયા મુજ, હાલકડોલક થાજો !
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે હોલવાજો !
મારું જીવન અંજલી થાજો !

કરશનદાસ માણેક

**જીવીએ ત્યાં સુધી શીખીએ.**

શ્રી રામકૃષ્ણ


–:: સંપર્ક ::–

સેવા રૂરલ, ઝઘડિયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ (ગુજરાત)

ફોન : ( ૦૨૬૪૫ ) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮

ફેક્ષ નં. ( ૦૨૬૪૫ ) ૨૨૦૩૧૩

**E-mail : sewarural@ymail.com**

**Website : www.sewarural.org**